# 'સંતશિષ્ય'ની જીવન સરિતા

( સ્વ. કવિવર્ય પં. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજનું જીવનચરિત્ર )

પ્રેરક: મુનિશ્રી ચુનીલાલજી મહારાજ 'ચિત્ત'

લેખક: પ્રતાપકુમાર જ. ટોલિયા



# સંતશિષ્યની જીવનસરિતા

[ સ્વ. કવિવર્ય પં. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજનું જીવનચરિત્ર ]

પ્રેરક

મુનિશ્રી ચુનીલાલજી મહારાજ 'ચિત્ત'


લેખક

પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા

એમ. એ. (હિન્દી), એમ. એ. (અંગ્રેજી), સાહિત્યરત્ન

પ્રિન્સિપાલ: જૈન ટ્રેનિંગ કોલેજ, બેંગલોર

વિઝિટિંગ પ્રોફેસર: સેન્ટ જોસેફ કોલેજ, બેંગલોર



પ્રકાશક

મનહરલાલ પી. સંઘવી

પ્રમુખ, કવિશ્રી નાનચંદ્રજી મહારાજ સ્મારક ટ્રસ્ટ

C/o મનુભાઈ અમૃતલાલ શેઠ, જન્મભૂમિ ચેમ્બર્સ,

કોટ, મુંબઈ-૧.


ડિસેમ્બર ૧૯૭૨

સર્વહક પ્રકાશકને સ્વાધીન

કિંમત રૂ. ૫-૦૦

**પ્રકાશક :** મનહરલાલ પી. સંઘવી : પ્રમુખ, કવિશ્રી નાનચંદ્રજી મહારાજ સ્મારક ટ્રસ્ટ, મુંબઈ.

**મુદ્રક :** ધીરુભાઈ દેસાઈ : સ્ટેટ્સ પીપલ પ્રેસ, ઘોઘા સ્ટ્રીટ, કોટ, મુંબઈ–૧.



સ્વ. પૂજ્ય ગુરુદેવ પંડિત કવિવર્ય મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ

જન્મ : સંવત ૧૯૩૩ માગશર શુદ ૧ દીક્ષા : સંવત ૧૯૫૭ ફાગણ શુદ ૩

કાળધર્મ : સંવત ૨૦૨૧ માગશર વદ ૯

[પાલખી માગશર વદ ૧૧ જે દિવસે પુણ્યતિથિ ઉજવાય છે]

# આમુખ

કવિશ્રી નાનચંદ્રજી મહારાજ સ્મારક ટ્રસ્ટ તરફથી તેમનું આ જીવનચરિત્ર પ્રકટ કરતાં અમો ધન્યતા અને કૃતજ્ઞતા અનુભવીએ છીએ. આ જીવનચરિત્ર સાથે પૂજ્ય ગુરુદેવનાં લખાણો અને કાવ્યોમાંથી પસંદગીનાં લખાણો અને કાવ્યો જોડવા ઇચ્છા હતી. પણ તેમ કરતાં ગ્રન્થ મોટો થઈ જાય તેથી વિચારદોહનરૂપે એક બીજા પુસ્તકથી તે પ્રકટ કરવાનો નિર્ણય કર્યો છે.

આ જીવનચરિત્ર ભાઈશ્રી પ્રતાપ ટોલિયાએ શ્રી ચુનીલાલજી મહારાજના સહકારથી અને તેમની દેખરેખ નીચે તૈયાર કર્યું છે. તે બન્નેનો આ તકે ટ્રસ્ટવતી અમો હાર્દિક આભાર માનીએ છીએ.

કવિશ્રી નાનચંદ્રજી મહારાજે તેમના પ્રભાવશાળી વ્યકિતત્વથી અને પ્રગતિશીલ વિચારોથી સેંકડો-હજારો જૈન-જૈનેતર ભાઈઓ અને બહેનોને પ્રભાવિત કર્યાં છે અને તેમનો જીવનપંથ ઉજાળ્યો છે. વીસમી સદીની શરૂઆતમાં ધર્મ અને સમાજકલ્યાણની સમન્વયકારી વિશાળ જીવનદૃષ્ટિ વિરલ હતી. એવે સમયે માનવસેવા એ પરમ ધર્મ છે એની પ્રેરણા આપી, સમાજકલ્યાણનાં ઘણાં કાર્યો અને સંસ્થાઓને વેગ આપ્યો. જૈન ધર્મ નિવૃત્તિપ્રધાન ગણાય છે. પણ તેમાં રહેલ અનુકંપા અને અહિંસાનું વિધેયાત્મક સ્વરૂપ - પ્રેમ, કરુણા અને મૈત્રી તેમનો જીવનમંત્ર હતો. તેમના બધા ઉપદેશમાં નાતજાતના ભેદભાવ વિના માનવતા મધ્યબિન્દુમાં હતી.

યુગધર્મને પિછાણી, સ્ત્રીઉત્કર્ષ માટે તેમની પ્રેરણાથી મહિલા મંડળોની સ્થાપના થઈ હતી. તેવી જ રીતે, આમજનતા તેમનાં વચનામૃતોનો લાભ મેળવે તે માટે તેઓ રાત્રિપ્રવચનો કરતા જેમાં મોટી સંખ્યામાં જૈનેતર ભાઈ-બહેનોની હાજરી રહેતી.

મધુર કંઠ હતો, કવિત્વશકિત હતી અને અસરકારક વ્યાખ્યાનશૈલી હતી તેથી વિશાળ જનતા ઉપર તેમનો ભારે પ્રભાવ પડતો. સંખ્યાબંધ ભાઈઓ અને બહેનોનો તેમના પ્રત્યે ઊંડો ભકિતભાવ હતો અને તેમના સમાગમથી પોતાનું જીવન ધન્ય થયું એમ તેઓ અનુભવતા.

તેમનું આ જીવનચરિત્ર દીર્ઘકાળ સુધી જૈનસમાજને પ્રેરણા આપશે એવી મને દૃઢ શ્રદ્ધા છે.

મુંબઈ,

તા. ૧૫-૧૨-૧૯૭૨

ચીમનલાલ ચકુભાઈ

ટ્રસ્ટીમંડળવતી

# મનોમંથન યાને અનુચિંતન

પ્રાતઃસ્મરણીય પૂજ્ય ગુરુદેવ કવિવર્ય મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજ દિવ્યગતિને પામ્યા પછી, તેઓના અનુરાગીવર્ગને, ભકતમંડળને અને સેવકવર્ગને, તેઓશ્રીની સ્મૃતિ કાયમ બની રહે એટલા માટે, તેઓશ્રીનું જીવન પુસ્તકારૂઢ થયેલું જોવાની તીવ્ર અભિલાષા રહે એ સ્વાભાવિક છે.

એક દૃષ્ટિએ વિચારીએ તો માનવમાત્રનું અવસાન એ નિશ્ચિત વસ્તુ છે; એની નોંધ કે પ્રસિદ્ધિની જરૂર હોતી નથી. હજારો-લાખો બલકે કરોડો માનવો જન્મે છે અને મરે છે એમાં કંઈ આશ્ચર્ય નથી. પરંતુ જે માનવે પોતાના જીવન દરમિયાન ઉચ્ચ કોટિનો ગુણવિકાસ કરેલ હોય અને જેનું જીવન પરોપકારપરાયણ હોઈ લોકોત્તર થયું હોય તેવા મહામાનવોનું જીવનદર્શન પ્રેરણાત્મક હોવાથી, ઊગતી પેઢીને માટે તે ઉપકારક નીવડે છે. એટલા માટે એવા મહાપુરુષનું જીવનચરિત્ર પ્રસિદ્ધ કરવું જરૂરી બને છે.

પરંતુ એવી પ્રસિદ્ધિ કરે કોણ? અને એવો વિશેષ અધિકાર હોય કોને? એ પ્રશ્ન વિચારવા જેવો છે...હકીકતમાં એવા આત્મનિષ્ઠ પુરુષો પોતે જ પોતાની જીવનગાથા લખી શકયા હોય તો એ સર્વોત્તમ વસ્તુ ગણાય. પરંતુ જીવનકાળ દરમિયાન એવું લખવાનું મોટે ભાગે કોઈ મહાપુરુષથી બનતું નથી. એમનું પોતાનું જીવતુંજાગતું જીવન જ ખુલ્લું જીવનચરિત્ર હોય છે—જો એ વાંચવાની દૃષ્ટિ હોય તો. વસ્તુતઃ જીવન દરમિયાન પ્રસિદ્ધિનો મોહ એવા પુરુષને સ્પર્શી શકતો નથી. એટલે પછી જે જે વ્યકિતઓ તેઓના ગાઢ સંપર્કમાં આવેલ હોય છે તે--પછી ભલે તે શિષ્ય હોય, સેવક હોય કે અંતેવાસી હોય—તે જ એવા પુરુષને પોતાની શકિત પ્રમાણે આલેખી શકે—પ્રકટ કરી શકે—પરંતુ એમાં ય અધિકારભેદ હોઈ શકે. અસ્તુ.

આપણા પૂજ્ય ગુરુદેવ માટે પણ એવું જ બન્યું છે. સ્વર્ગવાસ પછી દિવસો અને મહિનાઓ વીતવા લાગ્યા ... આખરે મારા જેવા મંદ શકિતવાળા ઉપર એ લખવાની ફરજ આવી પડી. સ્વ. પૂજ્ય ગુરુદેવે પોતાના જીવન-સંબંધી એવી કોઈ નોંધ કરી ન હતી. માત્ર છેલ્લા વર્ષમાં, તેઓના સંસારપક્ષે ભત્રીજા શ્રી અમૃતલાલ જીવરાજ સાયલાકરને પ્રસંગોપાત્ત જીવનપ્રસંગોની નોંધ લખાવી હતી એટલે જ્યારે હું લખવા બેઠો ત્યારે મારે એનો આધાર લેવો પડયો છે. ઉપરાંત પૂજ્યશ્રીનો અને મારો ગુરુ-શિષ્ય તરીકેનો લગભગ ૩૭ વર્ષનો અવિચ્છિન્ન પરિચય અને સહવાસ હોવાથી જ્યારે હું એમનાં અનેકવિધ જીવન-પાસાંઓનું અવલોકન કરવા લાગ્યો અને પછી આલેખવા બેઠો ત્યારે મારી મૂંઝવણનો કોઈ પાર રહ્યો નહિ. કઈ વસ્તુ લેવી અને કયો પ્રસંગ છોડી દેવો એની કોઈ ગમ પડતી ન હતી.

મહાપુરુષનું જીવન ઉદાત્ત, ભવ્ય અને વિરાટ હોવાથી એવા જીવનને મારા જેવો અલ્પ આત્મા કેવી રીતે સ્પર્શી શકે? તેમ છતાં પણ યથામતિ, યથા-

સ્મૃતિ અને યથાશકય એવું જે કંઈ મને સમજાયું તેવું નોંધરૂપે હું લખતો ગયો અને તેને ભાષાનો ઓપ આપવા માટે મને પ્રાધ્યાપક શ્રી પ્રતાપભાઈ ટોલિયા જેવા સંસ્કારી લેખક મળી ગયા. પરિણામે જે કંઈ બની શકયું તે આ જીવન-ચરિત્રમાં અંકિત થયું છે. જો શ્રી પ્રતાપભાઈનો સદ્‌ભાવયુકત સહકાર ન મળ્યો હોત તો આ રીતે આ પ્રસિદ્ધ થયું ન હોત.

બનવાજોગ છે કે આમાં ઘણી વિગતો રહી જવા પામી હોય, રજૂઆત કરવામાં મારી કયાંક સ્ખલના પણ થઈ હોય, મારા મતિદોષને લીધે હું એમને પૂરો ન્યાય પણ ન આપી શકયો હોઉં. તેમ છતાં પણ એટલું તો હું આત્મવિશ્વાસ-પૂર્વક કહી શકું છું કે ભકતજનો, શિષ્યો કે પ્રેમીજનો આ ચરિત્રના વાચન-મનનથી પોતાના ગુરુદેવનો અપૂર્વ પરિચય થવા-પામવા જેવો સંતોષ જરૂર અનુભવશે.

ટૂંકામાં, મહાપુરુષના જીવનવિસ્તારને અંત નથી હોતો એટલે ભવિ-ષ્યમાં કોઈ ભકતઆત્મા પૂજ્ય ગુરુદેવના સર્વતોમુખી જીવનનું પ્રકટીકરણ કરવાની અભિલાષા રાખે તો એના માટે પૂરો અવકાશ છે.

૨

જીવનચરિત્ર તૈયાર કરવા માટે સ્મારક ટ્રસ્ટના પ્રમુખ શ્રી મનુભાઈ સંઘવીએ, ત્રણેક વર્ષ પહેલાં, અમદાવાદમાં અમારા ચાતુર્માસ હતા ત્યારે મારી પાસે વિનંતિ કરી હતી. મારે એકલા હાથે આ બધું તૈયાર કરવાનું હતું. ઉપરાંત સાધુ-જીવનની વ્યાવહારિક પ્રવૃત્તિઓ અને મર્યાદાઓ હોવાથી જોઈએ તેવો અવકાશ મેળવી શકતો નહિ. તેમ છતાં પણ આંતરે-આંતરે શ્રી પ્રતાપભાઈને અમુક સમય રોકીને આ કાર્ય બે વર્ષે પૂર્ણ થયું અને આખું ચરિત્ર ટ્રસ્ટી મંડળના માનનીય ટ્રસ્ટી શ્રી ચીમનલાલ ચકુભાઈએ સંપૂર્ણ અવલોકન કરીને જ્યારે પસંદ કર્યું ત્યારે એના પ્રકાશનનો પ્રશ્ન ઊભો થયો. આમ તો આ જીવનચરિત્ર છપાવવા માટે બીજા સંઘો અને વ્યકિતગત ભાઈઓની પ્રબળ ભાવના હતી. પરંતુ મારા મનમાં એમ કે, જો સ્મારક ટ્રસ્ટને આ લાભ લેવો હોય તો પહેલી તક એમને આપવી. પરિણામે પત્રવ્યવહારથી, મને સંતોષ થાય એ રીતે છપાવવાનું, ટ્રસ્ટના પ્રમુખશ્રીએ સ્વીકાર્યું હતું એટલે પછી જીવનપરિચયની સંપૂર્ણ સામગ્રી મેં પ્રમુખશ્રી મનુ-ભાઈને સુપરત કરી. ત્યાર બાદ તેઓને યોગ્ય લાગ્યું તે રીતે ટ્રસ્ટી મંડળે આ સુંદર પ્રકાશન કર્યું છે.

આશા છે કે ઘણા સમયથી જેની પ્રતીક્ષા કરાતી હતી એ પૂજ્ય ગુરુ-દેવના જીવનચરિત્રનો ભાવિક જનો અવશ્ય લાભ લેશે અને સ્મારક ટ્રસ્ટી મંડળ ઉદાર દિલે દરેક અનુરાગીને આ જીવનચરિત્ર પહોંચાડવાની કાળજી રાખશે.

તા. ૧૫-૧૨-'૭૨
સંવત ૨૦૨૯ના માગસર શુદ ૧૧ શુક્રવાર
ખોડપરા - જેતપુર.

મુનિશ્રી ચુનીલાલજી સ્વામી–'ચિત્તમુનિ'

# સરિતા–તીરે....

**સ્વ.** ગુરુદેવ કવિવર્ય પં. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ 'સંતશિષ્યનું' આ જીવનચરિત્ર રજૂ કરતાં એક તરફથી આનંદ તો બીજી તરફથી ક્ષોભ અને સંકોચ અનુભવું છું. ક્ષોભ-સંકોચ બે દષ્ટિએ: એક તો જેમનું જીવન વિશાળ સરિતા જેવું છે તેમને ચરિત્ર-આલેખનના સ્થૂળ શબ્દોના સાંકડા બંધિયાર રૂપમાં બાંધવાનો મારો અલ્પનો આ પ્રયાસ, મારી યોગ્યતા ન હોવાને કારણે, અસ્થાને છે; અને બીજું એ કે સરિતા-શા આ પાવન પુરુષે મારા પર જે ઉપકાર કર્યો છે અને મારી અલ્પતા હોવા છતાં મારા પર કેવળ નિષ્કારણ કરુણાબુદ્ધિએ પોતાનો જે પ્રેમપ્રવાહ વહાવ્યો છે તેનાથી મેં તેમની એટલી બધી વત્સલતા, ઉપકારિતા અને આત્મીયતા અનુભવી છે કે તેમને શબ્દોમાં બાંધવાના આ પ્રયાસમાં મને ઔપચારિકતા ને અનધિકૃત ચેષ્ટા જણાય છે.

આ બે દષ્ટિઓથી વિચારતાં એક બાજુથી મારા ક્ષોભ-સંકોચ મને સકારણ દેખાય છે, તો બીજી બાજુથી આનંદ પણ થાય છે. તે એટલા માટે કે તેમના જીવન-આલેખન માટે હું પ્રવૃત્ત થયો, મને પ્રવૃત્ત કરાયો અને પ્રવૃત્ત થતાં મને આ ઉપકારી પુરુષના પાવન જીવનનું સ્મરણ–અનુશીલન કરવાનો ને તેમના અંતર-સ્વરૂપની નિકટ પહોંચવાનો અવસર મળ્યો. આમ કરતાં જે सुखान्तः सुख પામ્યો, વર્ષો વીતી જવા છતાં અને સ્થૂળદેહે તેઓ દૂર વસવા છતાં તેમની જે નિકટતા, જે પ્રેમ-વત્સલતા પુનઃ માણી શક્યો, તેનો આનંદ-અનુભવ ને તેમના ચરિત્ર-લેખનના નિમિત્ત બનવાનો લાભ મારા માટે અપૂર્વ છે. આ જીવન-ચરિત્ર—કહો, 'જીવનઝાંખી'—ના આલેખનમાં સ્વ. ગુરુદેવના સમર્પણશીલ, સજાગ, સત્યશોધક, સરલ અંતેવાસી પૂ. મુનિશ્રી ચુનીલાલજી મહારાજ 'ચિત્ત'ની સતત પ્રેરણા ને સહાયતા જ પ્રધાન રહી. હકીકતમાં આ સર્જન પાછળ ચિત્ત તો તેમનું જ છે, હાથ જ મારો છે અને એ પણ જાણે સ્વયં સ્વ. ગુરુદેવે જ પકડીને ચલાવ્યે રાખેલ છે. આ લેખનકાર્યમાં જેમ જેમ હું યોજાતો ગયો અને તેમાં રમમાણ થતો ગયો તેમ તેમ હું આ બાબત સ્પષ્ટ અનુભવતો ગયો. ચરિત્રલેખનકાળ દરમિયાન જાગૃતિમાં ને સ્વપ્નમાં આ પ્રતીતિ મને સતત થતી રહી છે. તેથી સ્વ. ગુરુદેવનું સતત સામીપ્ય અનુભવતો અને વિપરીત સંજોગોમાં પણ લેખનનું ળબ

મેળવતો હું ધન્ય થયો છું. તેમણે વિદેહસ્થ રહીને પણ પરોક્ષરૂપે મારો જે હાથ ઝાલ્યો તે લેખનનો આરંભ થવાથી માંડીને અંત થતાં સુધીમાં અદ્‌ભુતપણે ચાલતો રહ્યો છે. અન્યથા લેખનના આરંભ પછી થયેલાં મારાં અનેકવિધ બાહ્યાંતર પરિવર્તનો, સ્થાનાંતરો, વડીલ બંધુના અકસ્માત મૃત્યુથી સર્જાયેલ અનેક અકલ્પિત, અસાધારણ અવરોધો ને અગ્નિપરીક્ષાઓ—આ બધાં વચ્ચેથી આ લેખન પૂરું થવું અસંભવ જ હતું. તેમની પરોક્ષ કૃપા મારા માટે જાણે પ્રત્યક્ષ થઈ. લેખનકાળ દરમિયાનના કેટલાય અનુભવો અને સ્વપ્ન-દર્શનો આ બાબતની વિશેષ સાખ પૂરે છે. આ કાળ દરમિયાનની મારી આવી ધન્યતાની એક સાક્ષી આ રહી—મારી ડાયરીને પાને નોંધાયેલ એક પરોઢના સ્વપ્ન-દર્શનરૂપે :

"૧૮મી મે ૧૯૭૦ ને સોમવાર :

"પ્રાત : સાડાત્રણથી ચારનો સમય :

"ગત રાત્રે ધ્યાનાન્તે સૂતા પછી નિઃસ્વપ્ન નિદ્રાને અંતે એક અદ્‌ભુત સ્વપ્ન ચાલી રહ્યું છે. કદાચ ગઈ કાલના સારા યે દિવસના સ્વ. ગુરુદેવના સતત સ્મરણનું એ પ્રતિફલન હતું ...

"સંભળાય છે ઘેરો ઘનગંભીર ભજનઘોષ અને દેખાય છે સમૂહ સાથે આગળ રહી ગાતા ગાતા, અમરેલીની બજારમાં થઈને ચાલ્યા જતા ગુરુદેવ! એ પડછંદ કાયા, એ મસ્તીમાં ડોલતું મસ્તક, એ બંધઉઘાડ થતાં નેત્રો, એ દિવ્ય ભકિતમાં ગવાનું ગાન ... કોઈ અજબ મસ્તીનું દર્શન છે. હાથમાં ઓઘો-ચરવળો રહી ગયો છે, સાથે અન્ય સાધુજનો છે : સ્થાનકવાસી પણ, મંદિરમાર્ગી પણ : જાણે એ સૌના સમન્વયની ગુરુદેવની જ ઝંખનાના પ્રતીક-શા! ... અને એ સૌની પાછળ પાછળ ચાલી રહ્યો છે ભકતોનો સમૂહ.

"આ જોઈ, સાંભળી, માણી આનંદોલ્લાસ અનુભવતો હું ગુરુદેવનાં ચરણોમાં પડતો તેમની સમીપે ઊભો રહી જાઉં છું—ચુપચાપ તેમનાં અમીભર્યાં અનિમિષ નેત્રોમાં નેત્ર પરોવતો, આ દર્શનથી ધન્ય થતો! ન હું કાંઈ બોલી શકું છું, ન ગુરુદેવ ... જાણે પ્રેમનો ઉદ્રેક થઈ રહ્યો છે. આંખો જ વાતો કરી લે છે. પ્રેમ ઠાલવતી ને અમીનિર્ઝરતી ગુરુદેવની એ આંખો જાણે પૂછી રહે છે—પ્રેમકુશળ વાંચ્છતી : 'ઘણાં વર્ષો પછી આપણે મળ્યાં ... હવે શાંતિ, હવે સ્થિરતા, હવે આનંદ...' અને તેમનો આશીર્વાદ આપતો પ્રેમાળ હાથ મારા નત્-મસ્તકે ફરી રહે છે. ફરીને ભજનઘોષ સંભળાય છે અને સ્વપ્ન પૂરું થતું સરી જાય છે...! હું ઊઠીને ધન્ય થતો શેષ રાત્રિ ધ્યાન-ચિંતનમાં ગાળી લેખનકાર્યમાં લાગું છું..."

આગમસૂત્રો અને અનુભવી જનોની સંકેતવાણી, કે 'પ્રાતઃકાળે આવેલું સ્વપ્ન શુભ ને સાર્થક હોય છે, અમુક સમયમાં એ સાકાર થાય છે,' મારા આ લેખનની બાબતમાં સાચી પુરવાર થઈ રહી છે. આ ચરિત્રરૂપે એ સ્વપ્ન પ્રત્યક્ષ, સાકાર બની રહેલ છે. સ્વ. ગુરુદેવના જ આશીર્વાદ, કૃપા ને પ્રેરણારૂપ તેમનું આ સંક્ષિપ્ત જીવનચરિત્ર મારા ક્ષુદ્ર હાથે લખાઈ પ્રત્યક્ષ રૂપ ધારણ કરે છે.

આ બધું વિચારું છું ત્યારે મને થાય છે કે મેં આમાં શું લખ્યું છે? આ તો જેનું છે અને જેમણે લખાવ્યું છે તેમને જ તેમનું અર્પણ થાય છે: તેમ કરતાં મારું શું શેષ રહે છે?

मेरा मुझमें कछु नहि है, जो कछु है सो तेरा,
तेरा तुझको सौंपते, क्या लगेगा मेरा ?--कबीर

એટલે જેમનું છે તેમને જ આ અર્પણ કરી અને આ લોકોત્તર સરિતાના તીરે તીરે વહેતા રહીને અપાર આનંદ-પાન કર્યાનું સ્મરણ કરી, આનંદની સાથે સાથે એક ઊંડી વેદના સાથે વિરમું છું, અને તે એ કે આ સરિતા સંગે, સરિતામાં એકરૂપ થઈ હું વહી ન શકયો, માત્ર તેને તીરે તીરે જ હું સંચરતો રહ્યો. જો એમાં હું વહી શકયો હોત તો આ આલેખનનું સ્વરૂપ કંઈ ઓર જ હોત! પણ એ બધું તો હવે અતીતની ગર્તામાં સમાઈ ગયું!!

આ અંતરસંવેદન છતાં અને મારી મર્યાદાઓ-અપૂર્ણતાઓ છતાં અને ઉપર લખી એવી મારી બાહ્યાંતર ઊથલપાથલો છતાં તેમ જ મારાં ક્ષોભ ને સંકોચ છતાં ઉપર્યુકત સ્વાત્મ સુખ-સ્વાન્તઃ સુખના આનંદ સાથે આ નાનકડું આલેખન મારા જેવાં અનેક તરસ્યાંની તૃપ્તિ અર્થે સ્વ. ગુરુદેવનાં જ ચરણોમાં જેવું છે તેવું મૂકી કૃતાર્થતા અનુભવતો ને તેમના મહાન આત્માને મારી ભાવ-વંદનાઓ પાઠવતો વિરમું છું.

તા. ૧૫-૧૨-'૭૨,
'અનંત': ૧૨, કેમ્બ્રિજ રોડ,
અલ્સૂર, બેંગલોર - ૮.

પ્રતાપકુમાર જ. ટોલિયા

# સંતશિષ્યની જીવનસરિતા

## * અનુક્રમ *

**૧. પ્રથમાવસ્થા :** બાળપણ અને સાંસારિક જીવન : ૧થી ૨૪

વર્ષ સં. ૧૯૯૩-સં. ૧૯૫૭


| | |
|---|---|
| જન્મભૂમિ : સાયલા ...... ! | પૃષ્ઠ ૩ |
| સાયલાની સૂકી ધરતીમાં પ્રગટેલી સરવાણી | ૪ |
| સ્નેહનો સ્રોત સુકાયો ...... ! | ૬ |
| જીવનસરવાણીનો નવો વળાંક | ૧૦ |
| શાળાની કેદ અને સાંકળીમાંના સ્નેહ-સંસ્કાર | ૧૦ |
| '......વિરલાને એમાં રસ આવે !' | ૧૨ |
| સંગનો રંગ | ૧૪ |
| વળી એક વજ્રપ્રહાર | ૧૭ |
| વ્યવસાયનો આરંભ અને મોંઘીભાભીનું આગમન | ૧૯ |
| ધંધાર્થે ભાવનગર | ૧૯ |
| સંગત : સંતની અને સંગીતની ... | ૨૦ |
| ત્રીજો વજ્રપહાર : મળેલો માળો વીંખાયો ... | ૨૧ |
| ભાભીનો ભ્રમ ભાંગ્યો | ૨૩ |
| ત્યાગધર્મની પ્રતીતિ અને આજીવન બ્રહ્મચર્યવ્રત | ૨૫ |
| સદ્ગુરુની શોધ...... | ૨૬ |
| સંબંધ–વિચ્છેદ | ૩૦ |
| સહનશીલતાની પરાકાષ્ઠા | ૩૨ |
| સદ્ગુરુના શરણમાં | ૩૫ |
| સ્વજનોની વચ્ચે | ૩૯ |
| સર્વસંગપરિત્યાગ ભણી | ૪૨ |
| એ અપૂર્વ અવસર...... | ૪૩ |
| સ્વજનોની અંતિમ વિદાય ... | ૪૪ |

**૨. યૌવનાવસ્થા :** સાધકજીવનની સંયમયાત્રા : ૨૫થી ૪૯

વર્ષ : સં .૧૯૫૭-૧૯૮૧


| | |
|---|---|
| સંવત ૧૯૫૭ : દેશકાળની પૃષ્ઠભૂમિ | ૪૯ |
| યાત્રારંભ : સ્થા. જૈનપરંપરાની વચ્ચે | ૫૨ |
| પ્રથમ દસ ચાતુર્માસો | ૫૩ |
| લીંબડીમાં ગુરુસેવાર્થે નવ વર્ષ | ૫૭ |
| સ્વાધ્યાય, સાહિત્ય-સર્જન અને સંસ્થા-નિર્માણ | ૬૪ |
| સાધુજનો અને સમાજની વચ્ચે અસંગયાત્રા | ૬૭ |
| સેવાભાવી મુનિનો યોગ : મુનિ હર્ષચંદ્રજી | ૭૦ |
| મુંબઈભણી પ્રથમ વિહાર | ૭૧ |


**૩. પ્રૌઢાવસ્થા :** સ્વ-પર શ્રેયરત જીવન : ૫૦થી ૬૧

વર્ષ : સં. ૧૯૮૨-૧૯૯૩


| | |
|---|---|
| યુગચિંતન | ૭૫ |
| મુંબઈમાં | ૭૭ |
| પ્રતિબોધિત બે જિજ્ઞાસુઓ | ૭૮ |
| પુનઃ ગુજરાત ભણી | ૮૧ |
| પ્રથમ દીક્ષિત : ભાઈશ્રી ચુનીલાલ | ૮૨ |
| બીજા દીક્ષિત : ભાઈશ્રી શિવલાલ | ૮૪ |
| અજમેર સાધુસંમેલનમાં | ૮૬ |
| આગ્રાના ચાતુર્માસ | ૮૯ |
| શિષ્ય-પરિવાર સાથે ઘાટકોપરના બીજા ચાતુર્માસ | ૯૦ |
| ગુરુ-શિષ્ય વચ્ચે વિચારભેદ | ૯૩ |
| પૂજ્ય ગુરુદેવની મહાનુભાવતા | ૯૫ |
| ધરમપુરના ચાતુર્માસ | ૯૬ |
| સાધકોની જીવનપરિવર્તનકારી બે વિરલ ઘટનાઓ | ૯૭ |
| હરિપુરા કોંગ્રેસ અધિવેશનમાં | ૧૦૦ |

૪. **ઉત્તરાવસ્થા:** આત્મ-લક્ષ્ય ઝંખતું જીવન : ૬૨થી ૮૮ વર્ષ :
સં. ૧૯૯૪–૨૦૨૦–૨૧

આત્મલક્ષીની અભીપ્સા ૧૦૭
'પ્રકૃતિ'–પરાવર્તનકારી નર્મદાના પ્રશાંત પ્રકૃતિ-તીર્થે ૧૦૮
દીર્ઘદર્શિતા અને દરિયાદિલી ૧૧૧
પ્રવૃત્તિયોગનો ઉદય: ભ. મહાવીરના સેનાની ૧૧૫
ભાવનગરના 'ભકિતબાગ'માં-જ્યાં ભકિતની મસ્તી જાગી ! ૧૨૦
નિવૃત્તિયોગમાંનો પ્રવૃત્તિયોગ: જ્ઞાનપરબનું મંડાણ ૧૨૪
અમદાવાદમાં વ્યવહાર-શુદ્ધિની પ્રેરણા ૧૨૮
મુંબઈમાં ઉપસર્ગ અને કસોટી ૧૩૨
મધ્યમવર્ગી સમાજની વચ્ચે ૧૩૫
નિવૃત્તિયોગ અને સાયલામાં સ્થિરવાસ ૧૩૮
અંતે અજ્ઞાત સાગરભણી ...... ૧૪૩

૫. **ચોસઠ વર્ષના દીર્ઘ દીક્ષાપર્યાય દરમિયાન કરેલ ચાતુર્માસો**
ક્ષેત્રો-ગામોમાં ચાતુર્માસ કર્યાની સાલવાર યાદી ૧૫૩

૬. **ચાતુર્માસોની સંક્ષિપ્ત નોંધ** ૧૫૫

૭. **શિષ્ય-શિષ્યાઓની અંજલિઓ** ૧૮૧

# ૧

# પ્રથમાવસ્થા

## બાળપણ અને સાંસારિક જીવન

### ૧થી ૨૪ વર્ષ : સં. ૧૯૩૩-૧૯૫૭

# જન્મભૂમિ

સાયલા....!

પુણ્યભૂમિ સૌરાષ્ટ્રમાંના અન્ય પ્રદેશોની સરખામણીમાં સૂકા ગણાતા ઝાલાવાડમાં આવેલું આ નાનકડું ગામ 'ભગતનું ગામ'ના નામથી વધુ જાણીતું છે. લાલા ભગતથી પ્રભાવિત થયેલ જનતાએ પાછળથી મૂળ નામને ગૌણ કરવા એક રૂઢ માન્યતા દ્વારા 'સાયલા'ને બદલે 'ભગતનું ગામ' એ પ્રમાણે નામ પ્રચલિત કર્યું. સાયલા જવા માટે સુરેન્દ્રનગરની પાસેના જોરાવરનગરથી 'બાપુની ગાડી'ની યાદ આપતી એક ટ્રેઈન જાય છે.

સાયલામાં આજથી સોએક વર્ષ પહેલાં એક જૈન વણિક કુટુંબ રહેતું હતું. પૈસેટકે સાધારણ, પરંતુ ખાનદાનીમાં બહુ ઊંચું. જેચંદભાઈ જસરાજ આ કુટુંબના વડાનું નામ. તેમને પાંચ પુત્રો. સૌથી મોટા પિતાંબરભાઈ, બીજા અમરચંદભાઈ, ત્રીજા લક્ષ્મીચંદભાઈ, ચોથા પાનાચંદભાઈ અને પાંચમા નીમચંદભાઈ. પાંચેય ભાઈઓ જુદો જુદો ધંધો કરે. કોઈ પ્રામાણિકપણે કરિયાણાનો, તો કોઈ જાતમહેનતથી હાથીદાંત યા લાકડાનાં ચૂડી-ચૂડા બનાવતા સંઘાડિયાનો.

ચોથા પાનાચંદભાઈ કરિયાણાનો ધંધો કરતા. પાંચમા નીમચંદભાઈ પણ એમની જ સાથે કામ કરતા અને રહેતા. પાનાચંદભાઈનાં ધર્મપત્નીનું નામ રળિયાતબાઈ અને નીમચંદભાઈનાં ધર્મપત્નીનું નામ સાંકળીબાઈ. જેવો પરસ્પર સ્નેહભાવ ભાઈઓ વચ્ચે હતો, તેવો જ આ બે જેઠાણી-દેરાણી વચ્ચે પણ હતો.

પાનાચંદભાઈ અને રળિયાતબાઈ બન્ને વિરલ દંપતી ગણાતાં. જેવા પાનાચંદભાઈ ધર્મપરાયણ અને નીતિનિષ્ઠ, તેવા જ રળિયાત-

બાઈ દયાળુ, ભદ્રહૃદયા અને ભક્તિપ્રધાન. આર્થિક સ્થિતિ બહુ સારી ન હોવા છતાં બીજાનાં દુઃખ દૂર કરવા માટે તેઓ બને તે કરી છૂટતાં.

રળિયાતબાઈની કૂખે એક પુત્ર થયેલો: નામે જેસિંગભાઈ. જેસિંગભાઈ છ વર્ષની ઉંમરના હશે ત્યારે રળિયાતબાઈની ભક્તિ, દયા ને ધર્મની ભાવના ઉત્તરોત્તર વિકસતી ગઈ હતી. આવી મંગલ અવસ્થામાં, કોઈ શુભ ઘડીએ, એક ભવ્ય જીવનું અવતરણ રળિયાતબાઈની કુક્ષિમાં થયું.

## સાયલાની સૂકી ધરતીમાં પ્રગટેલી સરવાણી

સંવત ૧૯૩૩નો શિયાળો સળવળી રહ્યો હતો. એના મંદ મંદ મંડાણના સમયે, માગશર માસના પ્રથમ દિવસે જ, ભક્તિસભર રળિયાતબાઈના બીજા કુક્ષિરત્નનો જન્મ થયો. સાયલાની સૂકી ધરતીમાં એક સરવાણી પ્રગટી. લાલા ભગતની ભક્તિભૂખી ભૂમિમાં ભવયાત્રા કરતી એક ભક્તભાગીરથી ભૂલી પડી—ભવસાગરને પેલે પાર રહેલા અસીમ અનંત ચેતનાસાગરમાં ભળવા સર્જાયેલી! આ સંભાવનાની ખાતરી એના બાલમુખે ચમકતા પૂર્વસંસ્કાર અને એની બાલસહજ ચેષ્ટાઓમાંથી ચળાઈને આવતાં 'પારણાનાં લક્ષણ' કરાવી રહ્યાં હતાં. આવા પનોતા પુત્રના જન્મથી આખા કુટુંબમાં હર્ષની લાગણી છવાઈ ગઈ. અનુક્રમે શુભ લક્ષણો જોઈને માતા-પિતાએ આ બીજા પુત્રરત્નનું નામ નાગરદાસ પાડ્યું.

આ બાજુ બીજા ભાઈ નીમચંદભાઈને ત્યાં સાંકળીબાઈને પણ બે પુત્રો થયા હતા—એકનું નામ જીવરાજ અને બીજાનું નામ નાગરદાસ. કાકા-ભાઈજીનાં આ બાળકો લગભગ સમાન વયનાં હતાં; પરસ્પર સ્નેહસંપ પણ સારો હતો; પરંતુ 'નાગર' નામધારી બે થયા, એટલે ઓળખવામાં સરળતા ખાતર 'મોટો નાગર' અને

'નાનો નાગર' એવો સંકેત ગોઠવાયો. રળિયાતબાઈનો નંદન તે 'મોટો નાગર.'

રળિયાતબાઈ અને સાંકળીબાઈ બન્ને ખૂબ ઠરેલાં, સંસ્કારી અને ધાર્મિક વૃત્તિવાળાં હતાં. આથી દરેક પ્રસંગે તેઓ બન્ને સાથે હળીમળીને રહેતાં અને પાડોશીઓ તથા ગામલોકોની નિઃસ્વાર્થભાવે સેવા કરતાં. પરિણામે, તેમનાં બાળકોમાં પણ આ જાતના સંસ્કારોનું સિંચન થતું ગયું. આમ સાધારણ છતાં ધર્મ, નીતિ, ભક્તિ અને દયાની ભાવનાઓમાં શ્રેષ્ઠ એવા આ કુટુંબમાં નાગરદાસ પોતાના પૂર્વસંસ્કારોમાં વૃદ્ધિ કરતાં કરતાં ઊછરવા લાગ્યા. નાગરદાસ(મોટા નાગર) પર પિતા કરતાં યે માતાની દયા, ભક્તિ અને ધર્મની ભાવનાનો જબરો પ્રભાવ હતો. પિતાનો અને મોટા ભાઈ જેસિંગ-ભાઈનો અપાર સ્નેહ તેમના બાલમનને ભર્યુંભર્યું રાખતો. આવા એક સંસ્કાર અને સ્નેહથી સંપન્ન પરિવારની છાયામાં, આવા મીઠા કુટુંબમાળામાં, નાગરદાસનું બાળપણ વયે અને ગુણે વર્ધમાન થવા લાગ્યું.

આજથી લગભગ એક સૈકા પહેલાંનો જમાનો અને સાયલા જેવું નાનું ગામ. આથી ત્યાં જીવન સામાન્ય રીતે સાદું, મહેનતુ અને ભક્તિપરાયણ હતું. કુટુંબનો પરંપરાગત ધર્મ સ્થાનકવાસી જૈનનો હોઈને ગામમાં અવારનવાર થતાં સાધુ-સાધ્વીજીઓનાં આગમન સમયે સૌ ઉપાશ્રયે જતાં અને સંતસમાગમનો લાભ લેતાં. કિશોરવયના 'બન્ને નાગરો' પણ પોતાની માતાઓ સાથે ઉપાશ્રયે જતા. જન્મજાત જિજ્ઞાસુવૃત્તિવાળા મોટા નાગરદાસ કુતૂહલપૂર્વક સાધુઓની બધી પ્રવૃત્તિઓ, રીતો અને પહેરવેશ જોયા કરે અને માતાને પૂછયા કરે કે, "બા! મહારાજસાહેબ આવાં કપડાં કેમ પહેરે છે?.... હાથમાં ચોપડી લઈને શું વાંચે છે?...." વગેરે. ત્યારે તેમનાં માતુશ્રી રળિયાતબા તો વ્યાખ્યાન-શ્રવણમાં લીન રહેવાને કારણે ચૂપ રહે, પરંતુ સાંકળીબા જરા વધારે

સમજદાર હોવાથી તેમની બાલસહજ જિજ્ઞાસાને ટાળવાને બદલે બાળકની રીતે તેમને ખુલાસો કરી સમાધાન કરે. આમ બન્ને વડીલ માતાઓના પુનિત સહવાસથી કુટુંબમાં, પાડોશમાં જે મીઠાશ, જે કોમળતા, જે સેવાભાવના, જે સંસ્કારિતા પોષાતાં હતાં તે આ પાંચ વર્ષના કિશોરના જીવનમાં પાંગરવા લાગ્યાં. સ્નેહ, ભક્તિ ને સંસ્કારિતાનો આ સ્રોત કિશોર નાગરની જીવનસરવાણીને વહેતી રાખી રહ્યો.

## સ્નેહનો સ્રોત સુકાયો ...!

પરિવર્તનશીલ પ્રકૃતિમૈયા કહો કે પુદ્ગલપરાવર્તન કહો, પ્રત્યેક પ્રવાહને, પ્રત્યેક પદાર્થને, પ્રત્યેક વસ્તુને અને પ્રત્યેક ભાવને તે નિતનવા ઘાટ આપ્યા જ કરે છે. તે પ્રમાણે કિશોર નાગરદાસની જીવનસરવાણીને પણ નવો વળાંક આપવાની; નવો પાઠ, નવો ઘાટ, નવું રૂપ આપવાની પ્રકૃતિએ તૈયારી કરી—સૌમ્ય બનીને નહિ, રુદ્ર-ક્રુદ્ધ-ક્રૂર બનીને!

પાનાચંદભાઈના ઘરથી માંદગી લગભગ દૂર જ રહેતી. તેમના કુટુંબના શ્રમપ્રધાન સાદા જીવનને કારણે ભાગ્યે જ કોઈ માંદું પડતું.

પણ એક દિવસની વાત છે.

એ નીરોગી અને નરવા ઘરમાં અચાનક, અણધાર્યો ખાટલો નખાયો છે. હમેશાં ક્રિયાશીલ, ચપળ અને સ્ફૂર્તિભર્યાં રહેનારાં ને દોડી દોડીને કામ કરનારાં માતુશ્રી રળિયાતબા તેના પર સૂઈ રહ્યાં છે. તેમનું સદાયે હસતું રહેતું મુખ કાં તો વિલાઈ ગયેલું દેખાય છે, કાં આંસુઓમાં ડૂબેલું!

પાસે સાંકળીબા બેઠેલાં છે. બીજી બાજુ પાંચ વર્ષનો કિશોર એવો મોટો નાગર અને જીવરાજ બાલક્રીડા કરી રહેલ છે. નાગર જીવરાજને પૂછે છે:

"ભાઈ! બા આજે ખાટલામાં કેમ સૂતાં છે? એ કામ કેમ કરતાં નથી? પાસે જઉં છું તો માથે હાથ ફેરવીને હેત કરતાં કરતાં એ રડી કેમ પડે છે?"

તેની આ ભાવભરેલી કાલી કાલી બોલી સાંભળી સાંકળીમા તેને ધીમે ધીમે સંભળાય તેમ 'ગુપચુપ'ની ભાષામાં કહીને ફોસલાવવા મથે છે:

"બેટા! તારી બાને તાવ આવ્યો છે એટલે જરા ઢીલાં પડી ગયાં છે અને ગરમીને લીધે આંખમાં પાણી આવી જાય છે. એને હમણાં સારું થઈ જશે અને પછી તને રમાડશે હોં!...."

પણ નાગરનું મન માનતું નથી.

એ 'ગુપચુપ'ની ભાષા....એ ગમગીની....એ ગંભીર વાતાવરણ નાગરના કિશોરચિત્તમાં પ્રશ્નોના પ્રશ્નો જગાવે છે જે કોઈ શાંત કરતું નથી. નાગર જેવા અનેક બાલકિશોરોના પ્રશ્નો વધુ સમજદાર હોવાનો દાવો કરનારા મોટેરાઓ (તેમણે માનેલી 'હિત'ની ધારણાને લઈને!) સદાય ટાળતા જ આવ્યા છે ને!

બાપડા મૂંઝાયેલા કિશોર નાગરને એવું તે કોણ અને શી રીતે સમજાવે કે તારી વહાલસોયી બાની આ છેલ્લી માંદગી છે, આ દેહ અણધાર્યો જ છોડીને મોટી યાત્રાએ જવાની એની તૈયારી ચાલી રહી છે. અને એટલે, તારા પ્રત્યેના અપાર વાત્સલ્યભાવને લીધે, તારી ભાવિ ચિંતાને લીધે એ રડે છે........!

અને આખરે........

આખરે પોતે રડતી રહીને, નાગર-જેસિંગને સદાને માટે રડતા રાખીને અને મોટેરાની ફોસલામણીઓ ખોટી પાડીને મા રળિયાતબા ચાલી નીકળી....એક એવી યાત્રાએ કે જ્યાંથી કદી યે કોઈ પાછું ફરતું નથી, ફર્યું નથી!

શરીર છોડીને અગમપ્રદેશની યાત્રાએ ચાલી નીકળેલ રળિ-

યાતબાનો મૃતદેહ ખાટલામાંથી નીચે મુકાયો છે.... એક ખૂણામાં પિતાશ્રી પાનાચંદભાઈ પાસે જેસિંગભાઈ આંસુ સારતા ઊભા છે.... બીજા ખૂણામાં સાંકળીમા અને અન્ય બૈરાંઓની વચ્ચે બંને નાગર અને જીવરાજ પહેલાં નહિ જોયેલો એવો આ બનાવ જોતાં દિગ્મૂઢ બનીને ઊભા છે....

સમય થયો. વિધિ પતાવી સૌ રળિયાતબાના મૃતદેહને ઉઠાવી જવા લાગ્યા. મોટા નાગરથી રહેવાયું નહિ. વિદ્રોહ કરતો તે પોકારી ઊઠયો :

“બાને બાંધીને આમ ક્યાં લઈ જાઓ છો ?”

વડીલ અમીચંદના ગુજરી જવાના પ્રસંગે પ્રશ્નો પૂછતા કિશોર વયના શ્રીમદ્ રાજચંદ્ર જેવી કિશોર નાગરની આ જિજ્ઞાસા હતી. ને તેમાંય વિશેષમાં અહીં હતી સ્નેહના સ્રોત સમી સગી માની જ વિદાય!

સૌ નાગરને સમજાવવા, ફોસલાવવા, શાંત પાડવા લાગ્યા. પરંતુ નાગરનું સમાધાન થયું નહિ. જીવરાજ તેને પોતાની રીતે ચોખવટ કરતાં કહેવા લાગ્યો :

“બા મરી ગયાં....ભગવાનને ઘેર ગયાં....”

એટલામાં સાંકળીમાએ નાગરને તેડી લીધો. રડતો રડતો તે તેમને પૂછી રહ્યો :

“બા ભગવાનને ઘેર કેમ ગઈ? એ પાછી આવશે કે નહિ? ‘ભગવાનનું ઘર’ ક્યાં આવ્યું? આપણે ભગવાનને ઘેર બાની પાસે ન જઈ શકીએ?”

તેનાં આંસુ પોછતાં અને તેને છાતીસરસો ચાંપતાં સાંકળીમાએ તેને વહાલથી સમજાવ્યું કે,

“બા તો ભગવાનનું માણસ હતી. તે માંદા લોકોની ચાકરી કરે, ગરીબોને કપડાં ને ભૂખ્યાંને ખાવાનું આપે, સૌ પ્રત્યે પ્રેમ

રાખે, સવારસાંજ અપાસરે(ઉપાશ્રયે) જાય એટલે ભગવાને તેને બોલાવી લીધી!"

સાંબીકમાની આ સમજૂતી પરથી કાંઈક હાથ લાગ્યું હોય તેવા ભાવથી નાગરે તેમને પૂછ્યું:

"તો તો આપણે પણ તેવું કરીએ તો ભગવાન આપણને પણ બોલાવી લે અને આપણે બા પાસે જઈ શકીએ ને?"

જેમતેમ કરીને નાગરને શાંત પડતો જોઈને તેને વધુ કશું ન કહેતાં તેને "હા, બેટા!" એટલું જ સાંકળીમાએ કહ્યું અને તેને ઘરની અંદર લઈ ગયાં.

સાંકળીમાના આ ખુલાસાથી બીજી એક વસ્તુ અજ્ઞાતપણે બની રહી. નાગરના જિજ્ઞાસુ અને દુઃખી એવા બાલચિત્ત પર સેવા અને ધર્મના સંસ્કારપાઠની પૂર્વછાયા દૃઢરૂપે પડી રહી.

પણ જન્મ આપનારી રળિયાતબા પાસેથી મળનાર એક 'મા'નો સંસ્કાર અને સ્નેહનો સ્રોત તો સદાને માટે સુકાઈ ચૂકયો જ હતો.... ગામ બહારની સ્મશાનભોમમાં એની કાયા ભડભડ બળી રહી હતી.... જયાંથી કોઈથી કદી પાછું ન ફરી શકાય અને જેના વિશે કોઈને પૂછી ન શકાય એવી અગમપ્રદેશની યાત્રાએ એ ચાલી નીકળી હતી:

ઉતીથૈં કોઈ ન આવઈ, જાકૂં બૂઝૌં ધાઈ,
ઈતથૈં સબૈ પઠાઈયે, ભાર લદાઈ લદાઈ.[૧]

— કબીર

(માત્ર અહીંથી જ બધા ભાર ભરી ભરીને જઈ રહ્યા છે, જયારે ત્યાંથી, એ અગમપ્રદેશમાંથી, કોઈ આવતું નથી કે જેને જઈને પૂછી શકું!)

---

[૧] 'कबीरग्रंथावली': ना. प्र. सभा. काशीः पृ० ३१.

## જીવનસરવાણીનો નવો વળાંક

"કો'ક કો'ક વાર વળી રમ્મત વચાળે
મારા કાનમાં ગણુ ગણુ થાય,
હુતુતુતુની હડિયાપાટીમાં
માનો શબ્દ સંભળાય,
મા જાણે હીંચકોરતી વઈ ગઈ
હાલાનાં સૂર એ વેરતી ગઈ"[૧]

મા ગઈ. માની શીતળ છાયા ગઈ. રહી એના વિરહની વેદના અને મીઠી સ્મૃતિ. પાંચ વર્ષનો માવિહોણો કિશોર નાગર એ સ્મૃતિને સતત સંભારવા લાગ્યો. માના મીઠા શબ્દોનું ગુંજન એના અંતરમાં ચાલવા લાગ્યું. જાગૃતિમાં ને સ્વપ્નમાં માના ભણકારા એને સંભળાવા લાગ્યા.

સદ્‌ભાગ્યે એના દિલમાંની જનેતાના વિરહની આ વ્યથા સાંકળીમા બરાબર સમજી ગયાં હતાં. એટલું જ નહિ, આ માવિહોણા બાળને એમણે પોતાનાં બન્ને સંતાનોની જેમ અપનાવી લીધો હતો અને ઉછેરવા લાગ્યાં હતાં. નાગરને પણ સાંકળીમા પ્રત્યે મૂળથી જ મમત્વભાવ હતો, તેમાં રળિયાતબાના અવસાન પછી તેઓ એના પ્રત્યે જાણે પોતાના સઘળા વાત્સલ્યની ધારા વહાવતા હતા. આથી રળિયાતબાના અવસાન બાદ થોડો સમય પોતાને મોસાળ દિગસર ગામે રહી આવીને એ પાછો સાંકળીમા પાસે સાયલામાં ઊછરી રહ્યો હતો.

સાંકળીમાના સાન્નિધ્યમાં તેની જીવનસરવાણી નવો વળાંક લઈ રહી હતી અને કંઈક અંશે રળિયાતબાની ખોટ પુરાઈ રહી હતી.

## શાળાની કેદ અને સાંકળીમાના સ્નેહ-સંસ્કાર

હવે નાગરદાસનો વિદ્યાભ્યાસ શરૂ થયો હતો. બ્રિટિશ શાસનના પ્રભાવ નીચે દબાયેલા એ નાનકડા રાજ્યમાં રાજાશાહી અને

---

૧ 'રવીન્દ્રવીણા' : શ્રી રવીન્દ્રનાથ ઠાકુર : શ્રી ઝવેરચંદ મેઘાણી

અમલદારશાહીના દમામ નીચે ત્યારે મુકત વાતાવરણને તથા આર્યસંસ્કૃતિના પ્રાણને ગૂંગળાવનારી યંત્રવત્ કેળવણી—કારકુનની કેળવણી અપાયે જતી હતી! 'ખીલું ખીલું' કરતાં અનેક માસૂમ ફૂલો ત્યારે ક્રૂર શિક્ષકો—શિક્ષક 'જેલરો'—ના કાતિલ હાથની નીચે કારાગાર જેવી શાળાઓમાં ખડકાઈ ગોંધાતાં-કરમાતાં, રોળાયે જતાં હતાં!

નાગરદાસને પણ સાયલા ગામની આવી જ એક શાળા—તાલુકાશાળા—માં દાખલ કરવામાં આવ્યા. મુકિતના આકાશમાં શ્વાસ લેવા સર્જાયેલ ભવિષ્યના આ પંખીને જાણે શાળારૂપી 'કેદખાના'માં પૂરવામાં આવ્યું. સાયલાની એ ગામઠી પ્રાથમિક શાળામાં કિશોર નાગરદાસને બંધનનો તેવો અનુભવ થવા લાગ્યો, જેવો કલકત્તાની શહેરી ને સંપન્ન અંગ્રેજી સેમિનાર સ્કૂલમાં કિશોર રવીન્દ્રનાથને થયો હતો! એ અનુભવના પ્રત્યાઘાતોએ રવીન્દ્રનાથના અંતરમાં ભાવિના મુકત શિક્ષણતીર્થ 'શાંતિનિકેતન'ના સર્જનનું બીજ વાવ્યું હતું, તો નાગરદાસના અંતરમાં ભાવિ મુકત જીવનના જંગમતીર્થ એવા પરિવ્રાજક સ્વરૂપનું! આમ માના સ્નેહઝરણથી વંચિત બનેલા કિશોર નાગરદાસના અંતરપ્રદેશમાં કારકુનીના 'ગુલામજીવન'ના શિક્ષણનાં સંસ્કારબીજ નહિ, પરંતુ મસ્તીનાં, 'મુકતજીવન'નાં સંસ્કારબીજ સંઘરાવા લાગ્યાં. અર્થાત્ યંત્રવત્ શિક્ષણથી કંટાળેલ એ બાળવિદ્યાર્થી જ્યારે ઘરના પ્રસન્ન વાતાવરણમાં આવતો ત્યારે સાંકળીમાના સ્નેહસંસ્કાર અને તેની દ્વારા સાધુસંતોની સત્સંગસેવાથી એને જુદું અને અનેરું સિંચન મળવા લાગતું.

આ સિંચનની શરૂઆત બહુ સહજ અને અજ્ઞાતપણે થવા લાગી. ત્યારે એમ બનતું કે કૌટુમ્બિક અને ધાર્મિક જીવનમાં સ્વાભાવિક રીતે જ સંપ્રદાયગત વલણો હોવાથી નાગરદાસને સાંકળીમા સાથે ઉપાશ્રયે જવાનું ચાલુ રહેતું ને સાધુસાધ્વીઓનો પરિચય થતો રહેતો. વિશેષમાં સાંકળીમાના સેવાપ્રધાન અને પરગજુ સ્વભાવને લીધે તેઓ સાધુસંતો તેમ જ સૌકોઈની સેવામાં

લીન રહેતાં. કોઈને પણ દુઃખી હાલતમાં તેઓ જોઈ ન શકતાં. કોઈ માંદું પડયું હોય તો સાંકળીમા સૌથી પહેલાં ત્યાં પહોંચી જતાં અને સેવા કરતાં. સરળ અને ભદ્ર પ્રકૃતિના નાગરદાસના હૃદયમાંનાં પેલાં સંસ્કારબીજ આ શુદ્ધ સેવાના સંસ્કારજળથી અજાણપણે સિંચાયે જતાં. આમ સાંકળીમા જ તેમને ઘડતી એક સાચી શાળા બની રહ્યાં.

## વિરલાને એમાં રસ આવે!

એક વખત એક સાધુજી બીમાર પડયા. એમની બાહ્ય સેવા માટે ઉપાશ્રયે ગયેલાં સાંકળીમાએ તેમની દવા વગેરેની વ્યવસ્થા કરાવી આપી. નાગરદાસ આ બધું નિરીક્ષણ કરી રહેલા હતા. ફરીવાર તેઓ સાંકળીમા સાથે ઉપાશ્રયે ગયા તો જોયું કે સાધુજીને ઝાડાઊલટી થઈ ગયાં છે અને પાસે બીજો કોઈ શિષ્ય પણ નથી. નાગરદાસના મનમાં ત્યારે સહજભાવે, આપોઆપ લાગણી થઈ આવી અને બોલી ઊઠયા:

"માજી! સાધુને હું સાફ કરું?"

સ્ત્રીજાતિથી સાધુને—પુરુષજાતિને—અડી ન શકાય તેવી સાધુ-જીવનની મર્યાદા અને સમજ હોવાથી તેમણે નાગરદાસને રાજી થઇને હા કહી. નાગરદાસે તેમની સૂચનાઓ મુજબ બધું બરાબર સાફસૂફ કરી, સાધુને ધોયેલ કપડાં પહેરાવી, હોંશે હોંશે તેમની આ સેવાનો લાભ લીધો અને અંતરમાં સંતોષ અનુભવ્યો. કામ પત્યા પછી સાંકળીમા સાથે ઘેર પાછા જતી વખતે તેમણે તેમને પૂછયું:

"માજી! બીજા માણસો આ મહારાજની સેવા કેમ નથી કરતા? શું બીજાઓને આવું કામ કરતાં સૂગ ચડતી હશે?"

નાગરદાસની જિજ્ઞાસાવૃત્તિને શરૂથી સંતોષવા પ્રયત્ન કરતાં રહેલાં સાંકળીમાએ તેમનું સમાધાન કરતાં તદ્દન સાદી રીતે સમજાવ્યું:

"બેટા! આવું ગંદકીવાળું કામ કરવામાં તેવા લોકો જ રસ અને આનંદ લઈ શકે કે જેમણે પૂર્વજન્મમાં પુણ્ય કર્યાં હોય!—એવાને જ આવું સૂઝે, બાકી ભારેકર્મી જીવોને આવું સૂઝે જ નહિ. એ બધા તો ખાવાપીવામાં અને મોજમજામાં જ પોતાનું જીવન વિતાડે!...."

આ ઉત્તર સાંભળીને ભદ્રિક નાગરદાસના દિલને ખૂબ સમાધાન થયું. તેમના સેવાના પાઠ દૃઢ થવા લાગ્યા. અવારનવાર ઉપાશ્રયે જઈને તેઓ વ્યાખ્યાનમાં પણ બેસે અને સામાયિક પણ કરવાની રાખે, પરંતુ જન્મજાત જિજ્ઞાસાવૃત્તિને કારણે જે કાંઈ જુએ અને કરે તેની સમજણ મેળવવા પ્રયત્ન કરે. 'ઉપાશ્રય' અને 'સામાયિક' અને સાધુજીવન વિશે વળી તેઓ પૂછે કે, "માજી! ઉપાશ્રયે શા માટે જવું?....'સામાયિક' શા માટે કરવી?....આ લોકો સાધુ શા માટે થાય છે?" વગેરે.

સાંકળીમા ત્યારે સ્નેહ અને ઉલ્લાસભેર તેમને સમજાવે કે, "મનને નિર્મળ અને શાંત કરવા ઉપાશ્રયે જવાનું હોય છે. ત્યાં એકાંત અને શાંતિ હોય છે એટલે આપણું મન 'સામાયિક'માં જલદી સ્થિર થાય છે અને આપણે જે કાંઈ ખોટું કામ કરેલ હોય તેને સંભારીને, તેનો પશ્ચાત્તાપ કરીને, એક કલાક સારું વાચન કરવાથી કે સદ્ગુરુની વાણી સાંભળવાથી આપણું મન નિર્મળ થાય છે....સાધુપણું તે જ લઈ શકે છે કે જે માણસમાં સારા સંસ્કાર હોય, આ જગતનાં દુઃખ જોઈને જેને દુઃખ થતું હોય, પારકાં દુઃખ જેને પોતાનાં જણાતાં હોય!....આમ બીજાનાં દુઃખ દૂર કરવા ને પોતાની જાતને શુદ્ધ કરવા લોકો સાધુ થતા હોય છે!"

આવી રીતે સો શિક્ષકોની ગરજ સારતાં સાંકળીમાની છાયામાં નાગરદાસ ઘડાવા લાગ્યા. તેમના સહવાસ ને સંસ્કાર-સિંચનથી તેમનું જીવન સેવાભાવી, જિજ્ઞાસુ, સત્યશોધક અને ધર્મપરાયણ બનવા લાગ્યું. પરિણામે જ્યારે જ્યારે ગામમાં કોઈ

સાધુ-સાધ્વીજી પધારે ત્યારે નાગરદાસ સાંકળીમા સાથે કે પોતાના પિતરાઈ ભાઈ જીવરાજ સાથે ઉપાશ્રયે જતા. ત્યાં વ્યાખ્યાન વગેરેના શ્રવણથી અને સાધુઓનાં આચરણનાં દર્શન-પ્રભાવથી તેમના સંસ્કારબીજને વૈરાગ્યરસનું તેમ જ સાધુસેવા દ્વારા સેવાભાવનાનું સિંચન મળ્યા કરતું. આના પરિણામે તેમના અંતરમાં ઊંડે ઊંડે એક સંસ્કાર ઘૂંટાઈ ગયો, જે તેમનું એક અનુભવપૂત પદ બનીને ભવિષ્યમાં પ્રગટયો.

આતમ-દરશન વિરલા પાવે, દિવ્ય પ્રેમ વિરલા પ્રગટાવે
એ મારગ સમજે જન વિરલા, વિરલાને એમાં રસ આવે.... [૧]

## સંગનો રંગ

"એક ઘડી, આધી ઘડી, આધી મેં પુનિ આધ,
તુલસી સંગત સાધકી, કટે કોટિ અપરાધ."

આપણે અહીં સુધી જોયું તેમ કેદખાના જેવી નિશાળ કરતાં સાંકળીમા અને તેમના દ્વારા થતો સાધુસંતોનો સહવાસ નાગરદાસના જીવનને વધુ ઘડી રહેલ હતો. બીજી બાજુથી પિતાશ્રી પાનાચંદભાઈ કે મોટાભાઈ જેસિંગભાઈ સાથે તેમની દુકાન પર જવાનું થયા કરતું. પરંતુ તેમના હૃદયપટ પર ધંધા-રોજગારના સંસ્કાર કરતાં સત્સંગના સંસ્કાર જ વધુ ઊંડા અંકાઈ રહ્યા હતા. માની વિદાયની સાથે સુકાયેલી તેમની સ્નેહસરવાણીને એક સાંકળીમા અને બીજા સાધુ-સાધ્વીઓ સિવાય અન્યત્ર કયાંયથી નવસિંચન મળે તેમ હતું નહિ. આથી તેમનો સાધુજનો સાથેનો સંગપ્રસંગ સ્વાભાવિક જ વધતો-વિકસતો રહ્યો.

એક દિવસની વાત છે. નાગરદાસની તેરચૌદ વર્ષની ઉમ્મરના અરસામાં સ્થા. જૈન મુનિશ્રી ચતુરલાલજી મહારાજ તથા મહારાજશ્રી

---

૧ 'પ્રાર્થનામંદિર'

જીવણજી મહારાજ સાયલા પધારેલા. એ વખતે નાગરદાસ પોતાના પિતરાઈભાઈ જીવરાજ સાથે નિયમિત વ્યાખ્યાન સાંભળવા જતા અને કોઈ કોઈવાર સામાયિક પણ બાંધતા. દિવસો વીતતા ગયા, પરિચય વધતો ગયો, સંગનો રંગ ચડતો ગયો....પરિણામે બન્ને ભાઈઓમાં વૈરાગ્યની ભાવનાનો સંચાર થયો અને સંસારની અટપટી માયાજાળ તથા કપટ-ખટપટ નહિ જાણનાર એવા આ બન્નેનાં અંતરમાં ઊંડે ઊંડેથી એક સંકલ્પ પ્રગટયો. એને અનુસરીને, પરસ્પર ખૂબ વિચાર કરીને બન્નેએ કોઈ શુભ પળે એક ગુપ્ત નિર્ણય કર્યો:

"આપણે સંસારમાં નથી પડવું. આ મહારાજ અહીંથી વિહાર કરે ત્યારે આપણે કોઈને પણ કહ્યા સિવાય તેમની પાછળ પાછળ નીકળી જવું અને પછી દીક્ષા લેવી...."

મનમાં આ ગાંઠ વાળ્યા પછી તેઓ બન્ને મહારાજશ્રીના વિહારના દિવસની રાહ જોવા લાગ્યા અને એક દિવસ બન્ને સાધુ-મહારાજો જ્યારે સાયલાથી વિહાર કરીને ચાર ગાઉ દૂરના રામપરા ગામે પધાર્યા ત્યારે નાગરદાસ અને જીવરાજ તેમની પાછળ પાછળ ગુપ્તપણે પગે ચાલીને રામપરા પહોંચી ગયા!

માના વિયોગ અને સત્સંગના રંગથી નાગરદાસને નાની ઉંમરથી જ સંસારની ક્ષણભંગુરતાની ઝાંખી થવા લાગી, પૂર્વસંસ્કાર તેમાં બળ પુરાવતા રહ્યા અને આમ તેમની ભીતરનું વૈરાગ્યઝરણું જાગી ગયું. ઉપાદાનને નિમિત્તનો સાથ સાંપડયો અને તેમના સંસ્કારનો સ્રોત ફરી વહેતો થયો....

આ બે છોકરાઓ તેમની પાછળ પાછળ આવશે એવી રામપરા પહોંચેલા બન્ને સાધુમહારાજોને લગીરે કલ્પના પણ ન હતી. આથી નાગરદાસ અને જીવરાજ ત્યાં આવ્યાની જાણ થતાંવેંત જ તેમણે તેમને પૂછયું કે, "તમો અહીં આવ્યા છો એ વાતની તમારા માતાપિતાને ખબર છે કે નહિ?"

જવાબમાં બંને બોલી ઊઠયા :

"ના જી, ખબર નથી. અમારે સંસારમાં નથી રહેવું અને આપની પાસે દીક્ષા લેવી છે એટલે માબાપને કહ્યા વગર છાની રીતે ચાલ્યા આવ્યા છીએ........" આ કિશોરોના આવા ભાવ જાણી મહારાજશ્રીએ તાત્કાલિક તો નિરાશ નહિ કરતાં તેમને સાંત્વન આપ્યું, પરંતુ પછીથી તેમનાં માતપિતાને જાણ કરવા ગોઠવણ કરી.

આ બાજુ સાયલામાં સવારે ભોજન વખતે બેમાંથી કોઈ પણ આવ્યા નહિ હોવાથી અને બપોર સુધી પણ કાંઈ સમાચાર મળ્યા નહિ હોવાથી સાંકળીમા ચિંતામાં પડયાં. ચોતરફ તપાસ થઈ રહી. અંતે કોઈએ કહ્યું કે, "સીમમાંથી બે સાધુમહારાજ રામપરા તરફ પધારતા હતા ત્યારે દૂર તેમની પાછળ પાછળ વેપારીના દીકરા જેવા બે છોકરા ચાલ્યા જતા હતા."

આટલી ભાળ મળતાં નાગરદાસના મોટાભાઈ જેસિંગભાઈ અને સાંકળીમાના જેઠના દીકરા નથુભાઈ ઉતાવળે ઉતાવળે રામપરા પહોંચ્યા. ત્યાં મહારાજશ્રીની પાસે બન્ને ભાઈઓને જોયા. વડીલ તરીકે બન્નેને ઠપકો આપી, સમજાવી-ફોસલાવીને પાછા લઈ જવા તેઓ પ્રયત્ન કરવા લાગ્યા. પણ બેમાંથી એકેય માને તો ને! અંતે મહારાજશ્રીએ નાગરદાસ-જીવરાજ બન્નેને સમજાવીને શાંત કર્યા અને જેસિંગભાઈ-નથુભાઈની સાથે બન્નેને સાયલા પાછા મોકલી આપ્યા કારણકે બન્નેની સમજ વધુ પાકી થાય અને માતાપિતાની પ્રેમપૂર્વક સંમતિ મળે પછી જ તેમને સાથે રાખવા તેઓ ઇચ્છતા હતા. બન્ને ભાઈઓ ઘર પર પાછા તો આવ્યા, પરંતુ નાગરદાસનો સંકલ્પ ઊંડે ઊંડે તેવો ને તેવો રહી ગયો. સંગનો રંગ તેમને બરાબર લાગી ચૂકયો હતો.

## વળી એક વજ્રપ્રહાર

આગળ જણાવ્યું તેમ નાગરદાસના પિતાશ્રી પાનાચંદભાઈના પરિવારની સ્થિતિ સાધારણ હતી. સાંકળીમા સિવાય પરિવારમાં કોઈ સ્ત્રીવર્ગ ન હતો. સાંકળીમાની પૂરતી સંભાળ છતાં નાગરદાસના મનમાં સ્વજન તરીકે માતાની ઊણપ સાલ્યા જ કરતી. આથી પિતાશ્રી પાનાચંદભાઈ, નાગરદાસના મોટાભાઈ જેસિંગભાઈના લગ્નની કોશિશ કરી રહ્યા હતા. અંતે ૧૯ વરસની ઉંમરના જેસિંગભાઈનું વેવિશાળ, તેમણે સાયલા પાસેના નળીઆ ગામના એક ખૂબ સુશીલ, સંસ્કારી અને સાધારણ સ્થિતિના છતાં ખાનદાન એવા કુટુંબની કન્યા મોંઘીબાઈ સાથે કર્યું.

પરંતુ કુદરત પોતાનાં પાનાં જુદી રીતે પલટાવી રહી હતી. નાગરદાસના જીવનવિકાસ માટે, તેમના સંસ્કારસ્રોતના વહેણને ગતિ આપવા માટે, વળી એક કઠોર વજ્રપ્રહાર દ્વારા કુદરતે તૈયારી કરી.

જેસિંગનું વેવિશાળ કર્યા બાદ પિતાશ્રી પાનાચંદભાઈ અકળ-પણે બીમાર પડ્યા. બીમારી વધતી ગઈ અને નીમચંદભાઈ, સાંકળીમા, જેસિંગભાઈ તેમ જ અન્ય સ્વજનોની સેવાચાકરી, દવા-ઉપચાર છતાં કંઈ ફેરક પડયો નહિ. સમજણા થયેલા ચૌદપંદર વરસના નાગરદાસની પણ માનસિક ચિંતાનો પાર ન હતો. અંતે જે બનવાનું હતું તે બનીને જ રહ્યું .... માતા રળિયાતબાના અવસાન પછી નવેક વર્ષે એક સવારે છત્રછાયા શા પિતા પણ ચાલી નીકળ્યા – અનંતની યાત્રાએ, એકલા! ક્ષણભંગુર સંસારમાં એકાકીપણાનો નાગરદાસને આ વખતે દૃઢ અનુભવ થઈ ગયો: "બસ, આમ જ બધાને ચાલ્યા જવાનું છે!" એવો અવ્યક્ત નિઃસાસો નાગરદાસના દિલમાં ઊગીને શમી ગયો.

પાનાચંદભાઈએ દેહ છોડતાં અગાઉ સાંકળીમાને પાસે બોલાવી નાગર–જેસિંગને તેમના હાથમાં સોંપ્યા અને આંખમાં આંસુ સાથે બોલ્યા:

"આ બન્ને બાળકોને સારા સંસ્કાર આપવાની અને મોટા કરવાની જવાબદારી મારી હતી, પરંતુ મને લાગે છે કે હવે હું

બચી શકીશ નહિ....તમે બન્નેને ઉછેરવા માટે તમારાથી થાય તેટલું બધું કર્યું છે....હજુ થોડાં વર્ષ સુધી બન્નેની દેખરેખની જરૂર હોઈને તેમને હવે તમારા હાથમાં સોંપીને જાઉં છું....”

અને પાનાચંદભાઈએ હાથ જોડયા. ઋણાનુબંધ પૂરા થયા. સૌ આંસુ સારી રહ્યાં. કુમળી વયમાં અનુભવેલા આ બીજા જબ્બર વજ્રપ્રહારે નાગરદાસને સંસારની ક્ષણભંગુરતા તેમ જ દુઃખમયતા અને જીવાત્માની અસહાયતા તેમ જ એકલતાનો દૃઢ અનુભવ કરાવ્યો. તેમની રગરગમાં એકત્વભાવના વ્યાપી ગઈ:

स्वयं स्वकर्म निर्वृत्तं, फलं भोक्तुं शुभाशुभम् ।
शरीरान्तरमादत्ते एक: सर्वत्र सर्वथा ।। [१]

(આ સંસારમાં આ આત્મા એકલો જ તો પોતાનાં પૂર્વકર્મોનાં સુખદુઃખરૂપી ફળોને ભોગવે છે અને એકલો જ બધી ગતિઓમાં એક શરીરમાંથી બીજું શરીર ધારણ કરે છે.)

संयोगे विप्रयोगे च संभवे मरणेऽय वा ।
सुखदु:खविधौ वास्य न सखान्योऽस्ति देहिन:।। [२]

(સંયોગના પ્રસંગમાં કે વિયોગ વેળાએ, જન્મ વખતે કે મરણ વખતે તેમ જ સુખદુઃખની લાગણી ભોગવતી વખતે આ જીવને કોઈ મિત્ર કે બંધુ સાથ આપતા નથી, અર્થાત્ એ બધી ઘટનામાં આત્મા અસહાય અને એકાકી બની એકલો જ બધું ભોગવે છે.)

નાગરદાસના અંતરમાં આ ભાવના સ્વાનુભવપૂર્વક ઘૂંટાઈ ગઈ. નાની વયમાં માતાનું મૃત્યુ, સત્સંગનો રંગ અને પાછું પિતાનું મૃત્યુ. આ બધાંના પરિણામે તેમનામાં આવેલી સંસાર પ્રત્યેની ઉદાસીનતા અને જેસિંગભાઈને લાગેલો દુઃખનો આઘાત સાંકળીમાએ જે રીતે વાળવા ને શમાવવા પ્રયત્ન કર્યો તે કદાચ કોઈ કરી ના શકત. તેમણે એક સગી માની જેમ બન્ને ભાઈઓને સતત ખૂબ આશ્વાસન આપતાં રહીને સ્વસ્થ અને શાન્ત કર્યા—હિંમત આપી.

---

[१] 'ज्ञानार्णव' : श्री शुभचन्द्राचार्य ।

[२] ज्ञानार्णव: : श्री शुभचन्द्राचार्य ।

## વ્યવસાયનો આરંભ અને મોંઘીભાભીનું આગમન

પિતાનો ધંધો હવે જેસિંગભાઈએ સંભાળી લીધો હતો અને નાગરદાસ પણ અંતરમાં માતાપિતાના વિયોગનું દુઃખ અને સત્સંગના રંગમાંથી લાધેલ અનુભવને સંઘરી રાખીને તેમને મદદ કરવા દુકાને બેસવાનું રાખતા. આ દરમિયાન તેમનો સાત ગુજરાતી સુધીનો શાળાનો અભ્યાસ પૂરો થયો હતો.

થોડો સમય વીત્યા બાદ પિતાશ્રી પાનાચંદભાઈએ કરેલ વેવિશાળ મુજબ સાંકળીમાએ કુટુંબીજનોની મદદથી જેસિંગભાઈનાં લગ્ન મોંઘીબાઈ સાથે કર્યાં. ઘરને પોતાનું ગણનાર આર્યબાળાઓ ઘણા ય સામાન્ય માનવીઓને જીવન જીવવામાં ખરેખર આધારભૂત બની રહે છે તેમ મોંઘીબાઈ પોતાના પતિની બધી કાળજી રાખવા ઉપરાંત દિયર નાગરભાઈને પણ વત્સલભાવથી સંભાળી લેનારા એક સ્નેહાળ ભાભી નીવડયાં. માબાપવિહોણા નાગરદાસના સુકાતા જીવન-ઝરણાને સ્નેહ અને સંસ્કારોથી સિંચતાં રહ્યાં સાંકળીમા. તો તેને પછીથી સાચવતાં-સંભાળતાં રહ્યાં મોંઘીભાભી. નાગરદાસના સાંસારિક અને સાંસ્કારિક જીવનના ઘડતરમાં, શ્રદ્ધા, ધર્મ, સ્નેહ અને સેવાના સંસ્કાર-સિંચનમાં, આ બન્નેનો ફાળો ખૂબ મોટો છે. 'પ્રથમ ગુરુ માતા' એ ન્યાયે રળિયાતબાનું અવસાન થયું ત્યારથી સાંકળીમાએ એ સ્થાન દિપાવ્યું અને હવે તેના રક્ષણ માટે મદદમાં મોંઘીભાભી આવી રહ્યાં.

## ધંધાર્થે ભાવનગર

મોટાભાઈ જેસિંગભાઈને હવે સાયલાની દુકાનના સામાન્ય ધંધામાંથી જીવનનિર્વાહમાં ખેંચ પડવા લાગી. આથી નાગરદાસે સાત ચોપડી પછી આગળ અભ્યાસ કરવાનું માંડી જ વાળ્યું અને મોટાભાઈને વધુ ઉપયોગી કેમ થવાય તેની ચિંતામાં પડયા.

જીવરાજભાઈ પણ એજ ચિંતામાં હતા. વિચારતાં વિચારતાં કોઈ મોટા શહેરમાં જઈને રળવાના નિર્ણય પર બન્ને જણા આવ્યા. પરિણામે સંવત ૧૯૫૧ની સાલમાં મોટાભાઈ જેસિંગભાઈને સાયલાની દુકાન સોંપીને નાગરદાસ કામધંધો શોધવા ભાવનગર ગયા અને જીવરાજભાઈ મુંબઈ ગયા. આ વખતે નાગરદાસની ઉંમર માત્ર અઢાર વર્ષની થઈ હતી.

ભાવનગર જઈ થોડો સમય ઉમેદવારી કર્યા પછી તેઓ નોકરીમાં જોડાઈ ગયા. અહીં પણ કુદરત તેનું કામ કરી રહી હતી. બહારની દૃષ્ટિએ પોતે નોકરી કરતા હતા, પરંતુ અંદરનું ઉપાદાન જુદા પ્રકારનો ઘાટ ગોઠવી રહ્યું હતું. નોકરીને કારણે થતા અનેક પ્રકારના જનસંપર્કમાં તેમના સંસ્કાર તેમને સહજપણે એક સંતના સંપર્ક ભણી ખેંચી ગયા....

## સંગત : સંતની અને સંગીતની

ભાવનગરમાં તે સમયે બરવાળા સંપ્રદાયના સ્થા. જૈન મુનિશ્રી ઉમેદચંદ્રજી મહારાજ બિરાજતા હતા. મહારાજશ્રીની વ્યાખ્યાનશૈલી પણ છટાદાર અને કંઠકળા પણ આકર્ષક ને સુમધુર. નાગરદાસ તેમના પ્રત્યે આકર્ષાયા અને પ્રસંગે-પ્રસંગે તેમના સાન્નિધ્યમાં આવવાજવાનું ચાલુ થયું. નાગરદાસનો કંઠ પણ ઘણો જ સુમધુર હતો અને સંગીત તથા સાહિત્યનો તેમને શોખ હતો. પરંતુ બારેક વરસની ઉંમરે વાંકાનેરની નાટકમંડળીનો જોગ મળી આવતાં મળેલ થોડા વેગ સિવાય સાયલામાં અત્યાર સુધી તેના વિકાસની કોઈ તક સાંપડી ન હતી. તેમની આ સંગીત પ્રત્યેની રુચિ જાણીને મહારાજશ્રી અહીં કોઈ કોઈ વાર ભજન, પદ કે ગીત ગાવાની તેમને તક આપતા અને તેમને પ્રેમપૂર્વક ઉત્તેજન આપતા. આના પરિણામે તેમની કંઠકળા ધીમે ધીમે કેળવાતી ગઈ, સંગીતનું શાસ્ત્રીય

જ્ઞાન મેળવવાની ઝંખના વધતી ગઈ અને સાથેસાથ મહારાજશ્રીના ચારિત્ર્યબળ અને ઉપદેશશૈલીથી તેમને સંસારનું સ્વરૂપ સમજાવા લાગ્યું. અંતરમાં ઊંડે સંઘરાયેલા વૈરાગ્યના સંસ્કાર અને વેદનાના અનુભવ વધુ ઘેરા રંગ ધારણ કરવા લાગ્યા. આમ તેમનો અંતર–સ્રોત નિર્ધારિત દિશામાં વેગપૂર્વક વહેવા લાગ્યો.

સંતોના સંગની અને સંગીતની ધૂનના રંગની અસર નાગરદાસના જીવનવહેણને અજાણ ભૂમિમાં વહેવડાવતી ગઈ. ગળાની કુદરતી બક્ષિસ અને હલક હોવાને લીધે ધંધાકીય દૃષ્ટિએ પણ એનો વિકાસ કરવાનું તેમને મન થયું, એટલે એક સુરદાસ બાવાની ઓળખાણ થતાં તેમની પાસેથી તેઓ શાસ્ત્રીય સંગીત શીખવા લાગ્યા અને અનુકૂળ તક મળતાં એક નાટક કંપનીમાં પણ જોડાયા!.... આ અનુભવમાંથી ટૂંક સમયમાં જ તેમને સંસાર-નાટકનું નાટકીપણું વધુ સ્પષ્ટ સ્વરૂપે દેખાઈ આવ્યું અને આ વિશ્વરૂપી મહાનાટકના પોતે પણ એક સ્વતંત્ર પાત્ર છે તેવું તેમને સમજાવા લાગ્યું.

## ત્રીજો વજ્રપ્રહાર : મળેલો માળો વીંખાયો...

ભાવનગર આવ્યા પછી નોકરીની સાથેસાથે સંગીત, સત્સંગ ને વૈરાગ્યના લાગી રહેલા રંગોની વચ્ચેથી પણ નાગરદાસ કૌટુંબિક જવાબદારી ભૂલ્યા ન હતા. નોકરી-ધંધામાં પોતે ત્યાં સ્થિર થયા કે તુરત જ તેમણે સાયલાથી જેસિંગભાઈ અને મોંઘીભાભીને ભાવનગર બોલાવી લીધાં હતાં અને જેસિંગભાઈને પણ સારી નોકરીએ લગાડી ત્યાં ઘર કરીને સૌ રહેવા લાગ્યાં હતાં.

પાંચ વર્ષની બાળવયે માતાનું અવસાન અને ત્યારબાદ લગભગ તેર વર્ષની કિશોરવયે પિતાનું અવસાન—ઉપરાઉપરી થયેલા આ બે દુઃખોના વજ્રપ્રહારથી નાગરદાસને જે અંતરવેદન થયું હતું તેમાં વળી અણધાર્યો જ ત્રીજો વજ્રપ્રહારનો ઉમેરો થયો. ભાવનગરમાં

તેમનો કુટુંબમાળો સરખો બંધાય – ન બંધાય ત્યાં તો વડીલબંધુ જેસિંગભાઈ અચાનક બીમાર પડયા. નાગરભાઈ અને મોંઘીબેને તેમની સેવાચાકરી, દવાદારૂ કરવામાં પાછી પાની ન કરી, પરંતુ રોગ અસાધ્ય બની ગયો હતો. ભાવનગરથી સૌ સાયલા પાછા આવ્યા. નિયતિની પૂર્વકર્મની રચના વિચિત્ર અને અકળ હતી. નહિ ધારેલો એવો આ વજ્રાઘાત થયો અને જેસિંગ-ભાઈનું જીવન સમય પહેલાં જ, અકાળે, માત્ર ૨૬ જ વર્ષની વયે સંકેલાયું....રહ્યોસહ્યો કુટુંબમેળો થોડા સમયમાં જ વીંખાઈ ગયો! આટલી નાની ઉંમરમાં પોતાના ઉપર આવેલા એક પછી એક અસહ્ય દુઃખોની પરંપરાએ અને મોંઘીભાભી પર આવેલા વૈધવ્યે નાગરદાસને સંસારસ્વરૂપ-ચિંતનના ઊંડાણે ધકેલી દીધા અને તેમાંથી તેમને પ્રશ્નો પર પ્રશ્નો ઊઠવા લાગ્યા :

"શા માટે આ દુઃખો?....શા માટે આ સંયોગ ને વિયોગ? શા માટે આ જન્મ, જીવન ને મૃત્યુ? એનો ઉપાય શો? એ માટેનું શરણ કયું? જીવાત્મા સંસારમાં ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે? પોતે કોણ અને શું આ બધું?"

આ ચિંતન દ્વારા અંતરના ઊંડાણે ડૂબકી લગાવીને બહાર આવતાં નાગરદાસે જોયો તેમનો વીંખાયેલો કુટુંબમાળો! એ સાક્ષી પૂરતો હતો માનવના ભગ્ન થયેલા ભવભવાંતરોની અને આંગળી ચીંધતો હતો સંસારની ક્ષણભંગુરતા ભણી!!....આ અનુભવ થતાં જ તેમના જાગી ઊઠેલા અંતરાત્માએ, તેમના જાગી ચૂકેલા જીવન-ઝરણાએ, મહાસંકલ્પ કરી લીધો—એક ધસમસતો પ્રવાહ બનીને પ્રચંડ વેગથી વહેતાં વહેતાં, આ ક્ષણિક સુખોના નિબિડવનની પેલે પાર રહેલા શાશ્વત સુખોના સાગરને — આનંદસાગરને — શોધવાનો અને તેમાં જઈને ભળવાનો!

આમ અંદરથી તેમનો સંકલ્પ દૃઢ થયો, પરંતુ બહારથી કર્તવ્યને છોડીને તત્કાળ નાસી જવાને બદલે યોગ્ય અવસરની રાહ

જોતાં તેઓ પોતાના પ્રાપ્ત કર્તવ્યોને વળગી રહ્યા. તેમના કુટુંબ-માળામાં હવે મુખ્યત્વે માતાસમા વત્સલ મોંઘીભાભી અને સાંકળીમા રહ્યાં હતાં. સાંકળીમાને તેમના પિયેર રહેવાનું થયેલ હોઈને મોંઘી-ભાભીને સાથે લઈને નાગરદાસ નોકરીધંધાર્થે ફરી ભાવનગર આવીને રહ્યા.

દુઃખોમાંથી સાર અને સમજ શોધવાની પ્રક્રિયાને અંતે નાગરદાસને હવે એટલું તો સમજાઈ ગયું કે આ બધા પાછળ કુદરતનો કોઈ ગૂઢ સંકેત છે.

એ સંકેતો પ્રત્યે સજાગ રહીને તેઓ કર્તવ્યમાં ગૂંથાયેલા રહ્યા. સાધુમહારાજોનો સમાગમ ચાલુ જ રહેતો એટલે તેમના અંતરના અનુભવ, સંકલ્પ અને વૈરાગ્યરંગને લગીરે ઝાંખપ આવતી નહિ. જરૂરી કર્તવ્યો પૂરા કરવા સિવાય સંસારના કોઈ વ્યવહારમાં તેઓ બહુ રસ લેતા ન હતા તેથી ભાભી મોંઘીબાઈનું મન કચવાતું હતું. તેઓ પોતાના પુત્ર યા નાના ભાઈ જેવા દિયર નાગરભાઈ માટે ચિંતિત રહેતાં હોઈને તેમની ઉદાસીનતાનો ઉપાય શોધવા લાગ્યા.

## ભાભીનો ભ્રમ ભાંગ્યો

વિચાર કરતાં કરતાં મોંઘીભાભીને એક ઉપાય સૂઝી આવ્યો. પોતાના સાંસારિક વ્યામોહને લીધે તેમને એમ લાગ્યું કે જો નાગરભાઈનાં લગ્ન કરવામાં આવે તો તેઓ જીવનમાં કંઈક સ્થિર થાય. આવા હેતુથી તેમણે સગાંસ્નેહીઓમાં આ વાતને વહેતી મૂકી અને નાગરભાઈની અંતરદશાનો અણસાર પણ પામ્યા વિના તેમના વેવિશાળ માટેનાં ચક્રો સૌએ ગતિમાન કરી દીધાં ! વઢવાણ કૅમ્પ—સુરેન્દ્રનગર—માં રહેતા નાગરભાઈના બનેવી(કાકાની દીકરી બેનના પતિ) શ્રી હેમજીભાઈ દેસાઈએ આ વાત મન ઉપર લીધી.

તેમણે સુદામડામાંથી એક કન્યા શોધી કાઢી. સુદામડાના બેચરભાઈ અને પાર્વતીબાઈની આ પુત્રી સમજુબાઈનું તેમણે પહેલાંથી નક્કી કર્યું. તે પછી આ બાબતની કશી જાણ વિનાના નાગરભાઈને સમજાવીને કન્યા બતાવવા પરાણે સુદામડા લઈ ગયા.

કન્યા બતાવાઈ.

નાગરભાઈનું તો સંસારમાં પડવાનું જ મન ન હતું ત્યાં પસંદગી-નાપસંદગીનો પ્રશ્ન જ ક્યાં?

પરંતુ સંબંધીજનોએ અનેક ઉપાયો અજમાવી તેમને વિવિધ પ્રકારે સમજાવ્યા અને અંતે સંવત ૧૯૫૫ના શ્રાવણ શુદ ૧૫ના દિને તેમનું સગપણ કર્યું.

તે પછી નાગરભાઈ ભાવનગર પાછા ફર્યા. થોડો સમય વીત્યા બાદ તેમને આંચકો આપતા સમાચાર મળ્યા કે સમજુબાઈ નામે જે કન્યા સાથે તેમનું સગપણ કરવામાં આવ્યુ છે તે નાની છે અને જે કન્યા બતાવવામાં આવેલ છે તે મોટી છે. આવી ખોટી કન્યા બતાવવાની પ્રપંચક્રિયા જાણવામાં આવતાં મૂળથી જ ઉદાસીન, નિર્લેપ અને સંવેદનશીલ એવા નાગરદાસને 'પ્રથમગ્રાસે મક્ષિકા'ના ન્યાયે સંસારની સ્વાર્થ ને કપટમય બાજીનું વધુ સ્પષ્ટીકરણ થયું. આથી તેમના અંતરમાંનો વૈરાગ્યનો ભારેલો અગ્નિ જાણે ભભૂકી ઊઠયો અને રાગ-મોહ-મમત્વનાં સઘળાં બંધનોની માયાજાળને બાળીને ભસ્મીભૂત કરવા તેઓ અંતરથી કટિબદ્ધ થઈ ગયા. બીજા શબ્દોમાં કહીએ તો તેમના જાગેલા અંતરઝરણાને પ્રચંડ વેગથી વહેનારો ધસમસતો પ્રવાહ બનવાનો મહાસંકલ્પ પાર પાડવાનો અવસર આવી મળ્યો. નાગરભાઈનું સગપણ થયું ત્યારે મોંઘીભાભી ખૂબ હર્ષમાં આવી ગયાં હતાં, પણ આ જાતનો ઘટસ્ફોટ થયાનું અને નાગરભાઈની વિરક્તિ ખૂબ વધી ગયાનું જાણતાં તેઓ હતાશ થઈ ગયાં. લગ્ન કરવા અંગે હવે વધુ કાંઈ દલીલ કરવાનું

મોંઘીભાભી માટે રહ્યું નહિ. તેમનો વ્યામોહપૂર્ણ ભ્રમ હવે ભાંગવા લાગ્યો.

નાગરદાસ હવે શોધમાં હતા એક 'અપૂર્વ અવસર'ની!

## ત્યાગધર્મની પ્રતીતિ અને આજીવન બ્રહ્મચર્યવ્રત

સં. ૧૯૫૫નું વર્ષ ચાલતું હતું. આ વખતે નાગરદાસની ઉંમર લગભગ ૨૧–૨૨ વર્ષની હતી. તેમની વિરક્તિ દિવસે દિવસે વધવા લાગી હતી. આવી સ્થિતિમાં પૂર્વોક્ત મુનિશ્રી ઉમેદચંદ્રજી મહારાજના શિષ્ય, સંગીતજ્ઞાતા, સુવક્તા મુનિશ્રી હર્ષચંદ્રજી મહારાજનું ભાવનગરમાં આગમન થયું. નાગરદાસને યોગ્ય સમયે જ આ સહારો મળી ગયો. તેમનો પરિચય વધતાં તેમની વિરક્તિને બળ મળવા લાગ્યું. મહારાજશ્રીના ઉપદેશથી અને સંસારની સ્વાર્થભરી લીલાના ઉપરાઉપરી થઈ રહેલા અનુભવોથી તેમને પ્રતીતિ થઈ ચૂકી કે આ બધાથી બચવા માટે, પોતાના સાચા 'સ્વરૂપ'ને પરખવા માટે, જીવનના સારને શોધવા માટે અને શાશ્વત સુખને પામી અન્યોનાં દુઃખોને વાસ્તવમાં ટાળવા માટે વીતરાગપ્રણીત ત્યાગપ્રધાન નિર્ગ્રંથ સાધનાની 'જૈન પ્રવજ્યા' એ જ સર્વોત્તમ માર્ગ છે અને અરિહંતનું શરણું જ એ માટે તરણોપાય છે.

આવી સમજ થતાં તેમની વિરક્તિ ચિરવર્ધમાન થઈ રહી અને જૈન પ્રવજ્યાના ત્યાગમાર્ગ ભણી જવાના પ્રથમ પગથિયા રૂપે કોઈ ભવ્ય પળે તેમના અંતરેથી એક પ્રબળ ભાવના પ્રગટી— આજીવન બ્રહ્મચર્યના સ્વીકારની, સ્વૈચ્છિક ને સ્વયંસ્ફૂરિત સ્વીકારની! અને .... બીજી એક ધન્ય પળે વિદ્વાન મુનિરાજના સુયોગનો લાભ લઈ તેમની ઉપસ્થિતિમાં તેમણે આ ભાવનાને સાકાર કરતી જિંદગીભરના બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી!! બસ; તેમનું જાગેલું અંતરઝરણું હવે એક ધસમસતો પ્રવાહ બની અનંતના, આનંદના મહાસાગરને શોધવા અજ્ઞાત પ્રદેશોમાં પૂરજોશથી વહી નીકળ્યું....

## સદ્‌ગુરુની શોધ

બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.

સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે; શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે; અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. બાકી તો કાંઈ કહ્યું જાય તેમ નથી અને આમ કર્યા વિના તારો કોઈ કાળે છૂટકો થનાર નથી; આ અનુભવપ્રવચન પ્રામાણિક ગણ.

એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ.[1]

– શ્રીમદ્ રાજચંદ્ર

...બોધબીજની પ્રાપ્તિ થયે, નિર્વાણમાર્ગની યથાર્થ પ્રતીતિ થયે પણ તે માર્ગમાં યથાસ્થિત સ્થિતિ થવાને અર્થે જ્ઞાની પુરુષનો આશ્રય મુખ્ય સાધન છે; અને તે ઠેઠ પૂર્ણ દશા થતાં સુધી છે; નહિ તો જીવને પતિત થવાનો ભય છે, એમ માન્યું છે, તો પછી પોતાની મેળે અનાદિથી ભ્રાંત એવા જીવને સદ્‌ગુરુના યોગ વિના નિજ સ્વરૂપનું ભાન થવું અશક્ય છે. એમાં સંશય કેમ હોય? નિજ સ્વરૂપનો દૃઢ નિશ્ચય વર્તે છે તેવા પુરુષને પ્રત્યક્ષ જગદ્-વ્યવહાર વારંવાર ચૂકવી દે એવા પ્રસંગ પ્રાપ્ત કરાવે છે તો પછી તેથી ન્યૂન દશામાં ચૂકી જવાય એમાં આશ્ચર્ય શું છે? પોતાના વિચારના બળે કરી, સત્સંગ-સત્શાસ્ત્રનો

---

[1] પત્રાંક ૧૯૪/૭૬.

**આધાર ન હોય તેવા પ્રસંગમાં આ જગદ્વ્યવહાર વિશેષ બળ કરે છે અને ત્યારે વારંવાર શ્રી સદ્ગુરુનું માહાત્મ્ય અને આશ્રયનું સ્વરૂપ તથા સાર્થકપણું અત્યંત અપરોક્ષ સત્ય દેખાય છે."** [૧]

– શ્રીમદ્ રાજચંદ્ર

નાગરભાઈએ લીધેલ આજીવન બ્રહ્મચર્યવ્રતની પાછળથી જ્યારે મોંઘીભાભીને જાણ થઈ ત્યારે તેમને ખૂબ જ આઘાત લાગ્યો. પરંતુ આખરે નાગરભાઈના દૃઢ મનોબળ પાસે તેમને લાચાર બનવું પડ્યું.

હવે તો નાગરભાઈના જીવનમાં ભારે પલટો આવ્યો હતો. ત્યાગધર્મનો સ્વીકાર કરવાની તેમનામાં ઊંડે ઊંડે જાગેલી વૃત્તિ હવે જોર કરી રહી હતી. એક બાજુ તેઓ ભાભી મોંઘીબાઈને ધીમે ધીમે શાંત કરતા હતા, તો બીજી બાજુ સર્વસંગપરિત્યાગના ને સંયમના માર્ગે જવામાં કોને જીવન સમર્પણ કરી ગુરુપદે પ્રતિષ્ઠિત કરવા એ પ્રશ્ન પણ ચિંતવી રહ્યા હતા કારણકે નિર્વાણમાર્ગની સાધનામાં સદ્ગુરુનું માહાત્મ્ય તેમને સમજાઈ ચૂક્યું હતું. આના પરિણામે તેમનું અંતઃકરણ સુયોગ્ય સદ્ગુરુની તલસી તલસીને શોધ ચલાવી રહ્યું :

આત્મ અવિચળ સુખ મેળવવા કદી હોય મરજી તારી–
કર સદ્ગુરુનો સંગ રંગથી, વાત માનજે તું મારી. ટેક૦
(ચલતી)–જેણે દીઠું હશે ગામ, પહોંચાડશે તે ધામ;
કરી દેશે બધું કામ, શાને અથડાવું આમ?
આ અપાર ભવમાં સાધ્ય વિનાના, રોગ તણું વૈદું કરવા-
તત્ત્વજ્ઞાનના વૈદ વિવેકી, સમય જાણીની કર પરવા. ૧
(ચલતી)–પામે રોગ કેરો પાર, વ્યાધિ રહે ન લગાર;
આવે નહિ ફરી વાર, તેનું ઔષધ શ્રીકાર.

[૧] પત્રાંક ૪૫૫/૫૭૫.

જે રાગદ્વેષરૂપી મળ જામ્યા, તાવ કેમ ઘટશે તેથી-
પરમ જ્ઞાનની પાય પડીકી, જ્વર સઘળો જાશે જેથી. ૨

(ચલતી) – રહ્યા રોગમાં રડેલ, પોતે પીડામાં પડેલ;
આખા શરીરે સડેલ, ખાટ મોતનો ઘડેલ.

તે કહો મટાડે કેમ રોગને, ભણતર વૈદતણું ન ભણ્યા
બહુ ફરે બગવા સમ બાવા, ભેખધરી ભવવૈદ તણા. ૩

(ચલતી) – કોઈ મળે મહાસંત, માયાળુ ને મતિવંત;
તોડી નાખે બધો તંત, આવી જાય ભવ અંત.

જો કરી પાળતાં કુશળ થયો તો, ઘટમાંથી ઘટશે વ્યાધિ
'સંતશિષ્ય' થઈ સરલ થયો જે શિવનગરી એણે સાધી.[1] ૪

×

સદ્‌ગુણના સિંધુ શોધ સંતને,
શરણે રાખી શોક હરે....સદ્‌ગુણ.

આશા ને તૃષ્ણા અલગ કરે એવા (૨)
મનને જીતેલા મહંતને શરણે.–સદ્‌૦ ૧

મોહદશાથી જે મુક્ત થયેલા રે (૨)
માયા તજેલા મતિવંતને શરણે.–સદ્‌૦ ૨

આધિ ને વ્યાધિ ઉપાધિ તજાવે રે (૨)
તોડી નાખે ભવતંતને શરણે.–સદ્‌૦ ૩

પરમજ્ઞાનનો પાય છે પિયાલો રે (૨)
ઓળખાવી દે અરિહંતને શરણે.–સદ્‌૦ ૪

અંતરઘટમાંહે કરી અજવાળું રે (૨)
આણે અવિદ્યાના અંતને શરણે.–સદ્‌૦ ૫

---

[1] 'પ્રાર્થનામંદિર' આ. ૧૬, પૃષ્ઠ ૧૬૦

'સંતશિષ્ય' કહે સંતની સંગતિ રે (૨)
ભેળો કરી દે ભગવંતને શરણે.–સદ્દ્૦ ૬

×

સદ્ગુરુની શોધના ઉપક્રમમાં, ઈ. સ. ૧૯૫૫માં થયેલ સગપણના પ્રપંચપૂર્ણ અનુભવ પછી, જેમની પાસે નાગરભાઈએ આજીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું તે મહારાજશ્રી હર્ષચંદ્રજી મહારાજ પાસે દીક્ષા લેવાની તેમની ભાવના થઈ હતી.

આ અરસામાં જ લીંબડીના શેઠકુટુંબના શ્રી પોપટભાઈ હંસરાજનો તેમને ભેટો થઈ ગયો. તેઓ ધાર્મિક લાગણીવાળા હતા એટલું જ નહિ, પરંતુ જે જે સાધુપુરુષો તે સમયે સ્થાનકવાસી સમાજમાં બિરાજમાન હતા, તે બધાથી ઓછાવત્તા અંશે સુપરિચિત હતા. આથી નાગરભાઈએ પોતાની ત્યાગભાવના એમની પાસે પ્રગટ કરી અને યોગ્ય ગુરુ માટે સલાહ માગી. પોપટભાઈએ સદ્ભાવપૂર્વક એક સ્નેહી તરીકે સલાહ આપતાં તેમને કહ્યું કે, "જુઓ, ભાઈ! આ તો જિંદગીભરની વાત છે. એટલે ખૂબ દીર્ઘદૃષ્ટિથી વિચાર કરી, આપણું મન જ્યાં ઠરે ત્યાં દીક્ષા લેવી એ વધારે સલાહભર્યું છે. અત્યારે કાઠિયાવાડમાં જુદા જુદા ઘણા સ્થાનકવાસી સાધુઓ છે. બધા જ કાંઈ જ્ઞાન, ક્રિયા, ભક્તિ કે તપત્યાગમાં સરખા નથી હોતા. માટે સૌનો થોડો થોડો પરિચય કરી જ્યાં સ્વભાવનું સામ્ય વધુ જણાય અને હૈયું ઠરે ત્યાં પોતાનું જીવન જોડવું. મને પૂછતા હો તો લીંબડી સંપ્રદાયના શ્રી દેવચંદ્રજી મહારાજ છે તે મને બધી રીતે સુયોગ્ય સાધુ જણાય છે. તેઓની પાસે તમારી ઉંમરના નાના શિષ્યો પણ છે. જો તમારું મન થતું હોય તો તમને તેઓશ્રીનો પરિચય કરાવવા સારુ તેમની પાસે લઈ જવાનો અને સાથ આપવાનો હું પ્રયત્ન કરું."

આમ કહીને જુદા જુદા સાધુજીઓમાં શી શી વિશેષતાઓ અને શી શી મર્યાદાઓ કે ક્ષતિઓ છે તે પણ પોપટભાઈએ તટસ્થ

બુદ્ધિથી સમજાવીને શ્રી દેવચંદ્રજી મહારાજનો સમાગમ કરી જોવા સલાહ આપી. નાગરભાઈને પણ પોપટભાઈની સલાહ ગમી ગઈ. નિજસ્વરૂપનિષ્ઠ સદ્‌ગુરુની શોધમાં નીકળેલા નાગરભાઈ શ્રી દેવચંદ્રજી મહારાજને મળવા તલસી રહ્યા. એવા સુયોગ્ય સદ્‌ગુરુનું શરણું ધરીને સર્વસંબંધનું બંધન છેદવા તેમનો જીવનપ્રવાહ આગળ ને આગળ ધસમસી રહ્યો :

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો;
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો?

અપૂર્વ અવસર૦

–શ્રીમદ્ રાજચંદ્ર

## સંબંધવિચ્છેદ

'या दिने विवज्या, सा दिने प्रवज्या ।' : 'यदा विरजेत्, तदा प्रवजेत्' એવી ત્યાગમાર્ગની પ્રવ્રજ્યા માટેની ઉત્કટતાને કારણે નાગરદાસને લાગી રહ્યું કે જો બ્રહ્મચર્યવ્રત લીધું જ છે અને ત્યાગધર્મ પણ સ્વીકારવો જ છે, તો પછી કરેલા સગપણને તત્કાળ વિધિપૂર્વક ફોક કરવું જોઈએ. આથી તેઓ સાયલા આવ્યા. ત્યાંથી એક સ્નેહીજનને સાથે લઈ સુદામડા ગયા. નાગરદાસના હાથમાં એક થેલી હતી અને થેલીમાં એક ચૂંદડી લીધી હતી.

સુદામડામાં નાગરદાસની ત્યાગભાવનાની ગંધ કન્યાપક્ષવાળાને આવી ગઈ હતી જ એટલામાં નાગરદાસ સુદામડા આવ્યા અને એ સૌને સ્પષ્ટપણે પોતે જ એ વાત જણાવી. કન્યાના સંબંધી જનોના ચહેરાઓ પર ચિંતાની રેખાઓ ઊપસી આવી. એક તો કન્યાવાળા અને બીજું પ્રપંચપૂર્વક નાગરભાઈને પાંજરામાં પૂરવા

દાવ અજમાવી ચૂકેલા! આથી તેમને સૌને તો આ વાત ગળે કેમ ઊતરે?

નાગરભાઈએ એ સૌના મનોભાવને પામી જઈને કહ્યું:

"આપ જરા કન્યાને બોલાવશો? એની સાથે પણ હું વાત કરી જોઉં....!"

સૌ સંમત થયા. કન્યાના પિતા બેચરભાઈએ અંદરથી કન્યાને બોલાવી. થોડી જ વારમાં બેચરભાઈનાં ધર્મપત્ની પાર્વતીબાઈ અંદરથી એક કન્યાને લઈને બહાર આવ્યાં. સગપણ વખતે પ્રપંચપૂર્વક જે મોટી કન્યા બતાવાયેલી તેને હવે લાવ્યેથી ચાલે તેમ ન હતું. નાગરભાઈએ જોયું તો બતાવાયેલી મોટી કન્યાને બદલે જેને સંસારનો કશોય ખ્યાલ નથી તેથી માત્ર દસ વર્ષની નાની કન્યા સામે તેની મા પાસે ઊભી છે. તેઓ બધો ભેદ પ્રત્યક્ષ સમજી ગયા હતા. કન્યાનાં માતાપિતા પણ 'હવે શું થશે?' તેની ચિંતા કરતાં મૂગાં ઊભાં હતાં. નાગરભાઈએ તુરત જ બધાની વચ્ચેથી કન્યાને નજીક બોલાવી સાચા ભાવથી કહ્યું:

"સમજુબેન! આજથી તું મારી બહેન........એની નિશાની-રૂપે ભાઈ તરીકે મારા તરફથી આ ચૂંદડી......."

–આમ કહીને પોતાની થેલીમાંથી ચૂંદડી કાઢી તેને ઓઢાડી દીધી અને સગપણથી મુક્ત થયા. એ સંબંધ સમાપ્ત થયો. સૌ દિગ્મૂઢ બનીને જોતા ઊભા રહી ગયા. કુદરતે પ્રપંચ રચનારાં માતપિતાને જાણે પાઠ ભણાવ્યો. જ્યારે ભોળી અણસમજુ કન્યાની સ્થિતિ શી હશે એ તો એ જ જાણે!

આ વખતે નાગરભાઈની ઉંમર ત્રેવીસ વર્ષની હતી. સમજુ-બાઈનું પાછળથી વિ. સં. ૧૯૬૦માં તેર વર્ષની વયે અવસાન થયું.

આમ નાગરભાઈએ આ મુખ્ય સંબંધનો વિચ્છેદ તો દૃઢતા-પૂર્વક અને શીઘ્ર કરી લીધો, પરંતુ જીવનમાં માના સ્થાને રહેલા

ભાભી મોંઘીબાઈ અને સાંકળીમાના સંબંધનાં બંધનને તોડવા હજુ સહેલાં ન હતાં—

"પડેલી બેડીઓને તોડતાં બહુ વાર લાગે છે
ભલે ને હોય ફૂલોની પણ એને તોડતાં વાર લાગે છે !"

ભાભી મોંઘીબાઈનો નાગરભાઈ પર વત્સલભાવે અપાર સ્નેહ હતો એટલે જેમ જેમ તેમનો વૈરાગ્યરંગ દૃઢ થતો ગયો તેમ તેમ ભાભીનું દુઃખ વધતું ગયું. પરંતુ પોતે બીજું કંઈ કરી શકે તેમ ન હતું. દરમિયાન પોપટભાઈ સાથેનો નાગરભાઈનો સંપર્ક ચાલુ હતો. ભાવનગરથી બધું સંકેલીને પોતે હવે સાયલામાં આવ્યા હતા અને સાધુજીવનની મુશ્કેલીઓ, કઠિનતા વગેરેનો અનુભવ કરીને ત્યાગમાર્ગની પૂર્વતૈયારી કરવા લાગ્યા હતા. દીક્ષા લેવી હોય તો કુટુંબમાં જે વડીલ હોય તેની આજ્ઞા મેળવવી જોઈએ. આ વખતે નાગરભાઈનાં નજીકનાં સગાંઓમાં વડીલ તરીકે તેમના ભાભી મોંઘીબેન અને સાંકળીમા હતાં, એટલે એમની આજ્ઞા લેવાની હતી. પરંતુ તેઓ અતિ લાગણીશીલ બની જતાં હોઈને હૃદયના કોમળ, દૂરદર્શી અને સૌજન્યસંસ્કારયુક્ત એવા નાગરદાસે ધીરજપૂર્વક કામ લેવાનું અને પોતાનો દૃઢ સંકલ્પ પાર પાડવાનું વિચાર્યું. આ અરસામાં જ તેમનામાં રહેલા તીવ્ર વૈરાગ્ય, અદ્ભુત સહિષ્ણુતા અને દૃઢ મનોબળનો પરિચય કરાવતો એક કિસ્સો બન્યો.

## સહનશીલતાની પરાકાષ્ઠા

ત્યાગમાર્ગની પૂર્વતૈયારી દરમિયાન સાધુજીવનની કઠિનતાના વિવિધ અનુભવો લેતાં લેતાં નાગરદાસને એક કપરો અનુભવ પણ કરી લેવાનું સૂઝયું. સાધુજીવનમાં વાળના લોચની પ્રક્રિયા અસહ્ય હોય છે એમ તેમણે સાંભળેલું. આથી તેમના મનમાં થયું કે, "સાધુપુરુષો લોચ કરે છે તે મારાથી થઈ શકશે કે કેમ ? માથા-

માંથી એકબે વાળ ખેંચીએ છીએ તો પણ નથી સહેવાતું ત્યારે આખા માથાના વાળ ખેંચી કાઢવા એ કેટલું મુશ્કેલ હશે! તેથી દીક્ષા લેવાની હોય તો તેનો અનુભવ દીક્ષા લેતાં પહેલાં હમણાં જ કરી લેવો જોઈએ...."

આમ વિચારીને પોતાની કસોટી પોતે જ કરવાનું નક્કી કર્યું અને કોઈને પૂછ્યા વગર એ તો સીધા ઉપાશ્રયે ગયા. તે વખતે ત્યાં એક સાધુજી બિરાજતા હતા. નાગરભાઈએ તેમને નમ્રતાપૂર્વક વિનંતિ કરી કે, "મહારાજ! આપ મારા માથાનો લોચ કરી આપશો ને?" આ સાંભળી પ્રથમ તો સાધુજીને નાગરભાઈની હિંમત અને દૃઢ મનોબળ જોઈને ખૂબ નવાઈ લાગી, પણ પછી તેમણે તેમને કહ્યું કે, "જો ભાઈ, લોચ તો અમે કરી શકીએ, પરંતુ અમારી મર્યાદા એવી છે કે સાધુ પુરુષો સાધુજીનો જ લોચ કરી શકે. સાધુથી કોઈ સંસારીને લોચ કરી શકાય નહિ...."

આ સાંભળીને નાગરદાસ સહેજ નિરાશ થયા, પરંતુ એમ તેઓ હિંમત હારે તેવા ન હતા. કોઈને પૂછ્યા વગર એ તો ત્યાંથી સીધા ચાલ્યા હજામ પાસે. જઈને કહ્યું, "ભાઈ! મારા વાળ ખેંચી કાઢ ને....?"

હજામ તો વિચારમાં પડી ગયો. નવાઈ પામીને બોલ્યો: "વાળ ખેંચાય શી રીતે? કહો તો અસ્ત્રાથી મૂંડી આપું, અથવા કાતરથી કાતરી આપું, પણ વાળ ખેંચવા શા માટે જોઈએ?"

નાગરદાસ તો હિંમત અને દૃઢતાપૂર્વક બોલ્યા કે, "તમારે એનું શું કામ છે? હું કહું તેમ કરો. હાથથી ન ફાવે તો તમારી પાસે ચીપિયો તો છે ને? બસ, ચીપિયા વડે પકડીને માથામાંથી વાળ ખેંચી કાઢો...."

હજામ સમજતો હતો કે આ કંઈ છોકરાની રમત થોડી જ છે કે એકબે વાળ ખેંચ્યા એટલે પત્યું? આ તો આખા માથાના

વાળ ખેંચવાના છે. આમ વિચારીને તેણે ફરી કહ્યું : "ભાઈ, વાળ ખેંચતી વખતે તમને કેવી પીડા થશે તેનો ખ્યાલ છે....?"

ત્યારે નાગરદાસે દઢતાપૂર્વક કહ્યું, "તમે એની ચિંતા ન કરો. હું આ બરાબર બેઠો છું.... તમે તમારું કામ ચાલુ કરો......."

ભવિષ્યમાં મહામાનવ થનાર આ યુવાન પુરુષની કેવી અજબ શક્તિ....કેવી દઢતા....કેવી સહનશીલતા!

બસ. પછી લાચારીથી હજામે તો ચીપિયો લઈ વાળ ખેંચવા માંડ્યા....એક....બે....પાંચ....દસ કરતાં કરતાં આખું યે માથું મૂંડી નાખ્યું, પરંતુ ત્યાગ, વૈરાગ્ય અને તિતિક્ષાવૃત્તિની તીવ્રતાએ પહોંચેલા નાગરદાસે જોનારને પણ અરેરાટી છૂટે એવો આ ક્રૂર પ્રયોગ પ્રસન્નતા, સહનશીલતા અને હિંમતપૂર્વક સહન કર્યો. કામ પત્યું એટલે આવ્યા સીધા ઘેર.

બારણું ખોલતાંવેંત મોંઘીભાભી તો જોઈને હેબતાઈ જ ગયાં. આંખમાં આંસુ લાવી એ બોલી ઊઠયા : "અરે, નાગરભાઈ! આ શું કર્યું?...." વધુ બોલવા જાય તે પહેલાં તો તેમને ગળે ડૂમો ભરાઈ આવ્યો અને રડી પડયાં. મહામહેનતે શાન્ત થયા પછી તેમને થયુ કે આવી સ્થિતિમાં માથું કેવું બળતું હશે, કેવું દુઃખતું હશે! આના માટે હવે શો ઉપચાર કરવો?

કોઈને ખબર ન હતી કે લોચ કર્યા પછી શું કરાય. વધુ પરિષહ સહન કરવાનો હશે એટલે કોઈએ વળી એવો ઊલટો ઉપાય બતાવ્યો કે, "માથે સૂંઠ ભભરાવો એટલે શાન્ત થઈ જશે!" ખબર નહિ હોવાથી જલદી પીડાશમન કરવાના હેતુથી સ્નેહવત્સલ મોંઘીભાભીએ તો આ ઉપાય માની લઈને નાગરભાઈના આખા માથા પર તુરત સૂંઠ ભભરાવી દીધી! બસ થઈ રહ્યું. પછી તો એવી બળતરા ઊઠી કે ન પૂછો વાત! પરંતુ જે માર્ગે જવું છે તેના સંભવિત કષ્ટોને પહેલાંથી અનુભવવા માટે વૈરાગ્યની તીવ્રતામાં નાગરદાસે એ વેદના ચુપચાપ, પ્રસન્ન રહીને સહી લીધી....

આવા અનેક પ્રયોગો એ વખતે કરીને નાગરદાસ પોતાની ત્યાગ-તપ-તિતિક્ષા ને સહનશીલતાની પરાકાષ્ઠાએ પહોંચી રહ્યા હતા. ક્યારેક તેઓ ઉપવાસ કરતા, તો ક્યારેક લૂખા ભોજન પર દિવસો વિતાવતા. ક્યારેક ભારે ઉનાળામાં ગરમ થયેલાં પતરાં ઉપર કે તપેલી રેતી ઉપર સૂઈને આતાપના લેતા, તો ક્યારેક શિયાળાની કડકડતી ઠંડીમાં ખુલ્લા શરીરે પડ્યા રહેતા. આવા પ્રયોગથી સહન-શીલતાની કસોટી થઈ ખડતલપણું આવે એ ખરું, પરંતુ એની પ્રતિક્રિયા કેવી વિષમ ઊઠે છે એનો ખ્યાલ એમને પછીથી સાધુ-જીવનમાં આવ્યો હતો. પરંતુ આ વખતે તો ત્યાગધર્મ સ્વીકાર-વાની લગની લાગી હતી એટલે એ આવેગમાં તેઓ કશુંય કેમ ગણકારે ?

તેમની સહનશીલતાની પરાકાષ્ઠા સૂચવતા આ પ્રયોગોની ત્યારે એક અસર થઈ અને તે એ કે તેમની મક્કમતા જોઈ સંબંધીજનો, મુખ્યત્વે મોંઘીભાભી, નરમ થયાં અને તેમને દીક્ષા માટેની મંજૂરી આપવા તત્પર થઈ ગયાં....

## સદ્‌ગુરુના શરણમાં

"માનાદિ શત્રુ મહા નિજછંદે ન મરાય,
જાતા સદ્‌ગુરુ શરણમાં અલ્પ પ્રયાસે જાય...."[1]

×

"પ્રત્યક્ષ સદ્‌ગુરુપ્રાપ્તિનો ગણે પરમ ઉપકાર,
ત્રણે યોગ એકત્વથી વર્તે આજ્ઞાધાર...."[2]

×

---

[1] 'આત્મસિદ્ધિશાસ્ત્ર'

[2] 'આત્મસિદ્ધિશાસ્ત્ર'

જ્ઞાની પુરુષનાં ચરણને વિશે મન સ્થાપ્યા વિના ભક્તિ-માર્ગ સિદ્ધ થતો નથી જેથી ફરી ફરી જ્ઞાનીની આજ્ઞા આરાધવાનું જિનાગમમાં ઠેકાણે ઠેકાણે કથન કર્યું છે. જ્ઞાની પુરુષનાં ચરણમાં મનનું સ્થાપન થવું પ્રથમ કઠણ પડે છે, પણ વચનની અપૂર્વતાથી, તે વચનનો વિચાર કરવાથી તથા જ્ઞાની પ્રત્યે અપૂર્વ દૃષ્ટિએ જોવાથી મનનું સ્થાપન થવું સુલભ થાય છે. [1]

**–શ્રીમદ્ રાજચંદ્ર**

સંવત ૧૯૫૬.

આગળ જોયું તેમ સદ્ગુરુની જેમ શોધ કરતાં કરતાં શ્રી દેવચંદ્રજી મહારાજને મળવા તલસી રહેલા નાગરભાઈ હવે એ ગુરુ મહારાજનાં પ્રત્યક્ષ દર્શન, પરિચય અને શરણ પામવા માટે એક દિવસ લીંબડી પોપટભાઈ પાસે જઈને ઊભા.

બન્નેએ ચોક્કસ દિવસ નક્કી કર્યો અને તે મુજબ એક દિવસ બન્ને જણા સાથે કચ્છ જવા નીકળ્યા. કચ્છ-અંજારમાં તે વખતે ગુરુ મહારાજશ્રી દેવચંદ્રજી મહારજ પોતાના સાધક-શિષ્ય-પરિવાર સાથે બિરાજતા હતા. ત્યાં પહોંચી તેમનાં પ્રથમ દર્શન કરતાં જ નાગરભાઈને કોઈ અજબ અનુભૂતિ, કોઈ પરમ પ્રતીતિ, થઈ. અમી વરસાવતી આંખો અને દિવ્ય પ્રેમનાં પુદ્ગલો પ્રસરાવતા પૂજ્યશ્રી દેવચંદ્રજી મહારાજના સ્થૂળ દેહને પેલે પાર અંતરની આંખે ને પાંખે ચડીને નાગરભાઈ પહોંચી ગયા. ત્યાં તેમને દેખાયો પૂર્વજન્મનો કોઈ આત્મીય સંબંધ, કોઈ સ્પષ્ટ પરિચય! ઊંડે ઊંડેથી ભાવ જાગ્યો. અંતરાત્માએ સાક્ષી પૂરી: "આપણે અપરિચિત નથી, પૂર્વપરિચિત છીએ. એ પરિચય ફરી વિકસવાનો છે.... ભવાંતરની તૂટેલી કડી ફરી સંધાવાની છે........."

નાગરભાઈના આ અંતરભાવને પૂજ્ય મહારાજશ્રીનાં વિશાળ પ્રેમ, વિદ્વત્તા, ચારિત્રબળ, રહેણીકરણી આદિએ થોડા સમયના વસવાટ

[1] પત્રાંક ૪૫૪/૫૭૨

દરમિયાન બહારથી દઢ કર્યો. પરિણામે શ્રદ્ધા અને વિશ્વાસ જામવાથી નાગરભાઈ પૂજ્ય મહારાજશ્રીના સત્સંગનો લાભ લેવા અભ્યાસ નિમિત્તે કચ્છ અંજારમાં રોકાઈ ગયા. વધુમાં તેમની સાથેનો શિષ્ય-પરિવાર પણ નાની ઉંમરનો હતો એટલે ત્યાંનું વાતાવરણ પણ તેમને ગમી ગયું.

પોપટભાઈ ત્યાં થોડા દિવસ રહી દેશમાં પાછા આવ્યા અને નાગરભાઈનાં સગાંસંબંધીઓને બધા સમાચાર આપ્યા. ભાભી મોંઘીબાઈને હવે એકલાપણું લાગવા માંડયું. પરંતુ નાગરભાઈના ત્યાગ-વૈરાગ્ય-દઢતાની તેમને ખબર હતી એટલે આખરે જેમતેમ કરીને નિરુપાયે મન વાળવું પડયું.

આ તરફ થોડા સમયના અનુભવમાં જ પૂર્વપરિચય, સ્વભાવસામ્ય અને અપાર પ્રેમને કારણે પૂજ્યશ્રી દેવચંદ્રજી મહારાજ જેવા સ્વરૂપનિષ્ઠ અને સુયોગ્ય સદ્ગુરુના શરણમાં નાગરભાઈનું હૈયું ઠરી ગયું, શમી ગયું. અંતરપ્રતીતિ દઢ થઈ, ચિંતા મટી, પ્રશ્નો ટળ્યા, નિજદોષો દેખાયા, સ્વરૂપની ઝાંખી થઈ, તત્ત્વનો ભેદ સમજાયો, પરમ પ્રેમનો અનુભવ થયો અને ધન્યતા અનુભવી. પૂજ્યશ્રી દેવચંદ્રજી મહારાજ નાગરભાઈના અંતરમાં ગુરુસ્થાને સુપ્રતિષ્ઠિત થયા. તેમના જેવા દુર્લભ સદ્ગુરુના શરણમાં નાગરભાઈ શાંત અને સુસ્થિર થયા. આથી આનંદમાં આવી, પરમ પ્રસન્નતા અનુભવી નાગરભાઈનો અંતરાત્મા ગાઈ ઊઠયો, જે નીચેના જેવા તેમનાં અનેક પદોમાં સ્પષ્ટ વ્યક્ત થાય છે:

પિયાલો મને પાયો રે .... પ્રવચનનો ભાવે ભરી;
સદ્ગુરુ સાચા મળિય! રે....દુઃખ મારાં લીધાં હરી. – પિયાલો૦

પહેલો પિયાલો સમરસ તણો, પાયો ધરીને પ્રેમ;
વિષમ દૃષ્ટિ કરી વેગળી, જાદુ કરે કોઈ જેમ–
દોષોને દૂર કીધા રે....અંતરના ઓળખ્યા અરિ. – પિયાલો૦ ૧

બીજે પિયાલે બહારનું, ભૂલી ગયો સહુ ભાન;
અંજન કર્યું અંતર વિશે, નિરખ્યું પરમ નિધાન-
તિમિર ઘટ ટાળ્યું પરમ પ્રબોધે કરી.–પિયાલો૦ ૨

ત્રીજે તાળાં તોડિયાં, સમજાવ્યો નિજ સાથ;
પડતાં મૂક્યાં પર બધાં, નિકટ નિરખિયો નાથ–
દવાયું એવી દીધી રે....મદ મૂઢતા ગઈ મરી.–પિયાલો૦ ૩

ચોથે પિયાલે ચિંતા મટી, મટયો માયાનો સંગ;
અમૃત સ્થળને ઓળખ્યું, અપૂર્વ થયો ઉમંગ—
અમૃત ઘટડામાં રે....ઝરમર ઝરમર રહ્યું છે ઝરી.–પિયાલો૦ ૪

પાંચમે પ્રેમ પ્રગટાવિયો, ઝળહળ દીઠી જ્યોત;
નગર બધું નિરખી રહ્યો, અવિચળ થયો ઉદ્યોત–
કામણ એવું કીધું રે....જૂઠી બાજી ગમે ના જરી.–પિયાલો૦ ૫

છઠ્ઠે સ્વરૂપને સમજિયો; ભયનો ટળિયો ભાસ;
રેડી રસાયણ હૃદયમાં. નિર્બળતા થઈ નાશ–
પથ્યાપથ્ય પરખ્યું રે ........ ઠેકાણે જઈ બેઠો ઠરી.–પિયાલો૦ ૬

જીવ ઈશ્વર ને જગતનો, નિશ્ચય સમજ્યો ન્યાય;
'સંતશિષ્ય' સુખ અનુભવ્યું, સદ્‌ગુરુ થયા સખાય–
ભ્રમણાનું સ્થળ ભાંગ્યું રે....ભવોદધિ ગયા તે તરી.–પિયાલો૦ ૭[1]

આ પદ તેમની સદ્દગુરુપ્રાપ્તિ સમયની અંતરાનુભૂતિની મહત્ત્વપૂર્ણ સાક્ષી પૂરી પાડે છે અને તેમની અંતરદશાની ઘણી ઘણી હકીકતો કહી જાય છે.

---

૧ 'પ્રાર્થનામંદિર' આ. ૧૬ પૃ. ૧૫૯–૬૦

પ્રત્યક્ષ સદ્દગુરુપ્રાપ્તિનો આમ પરમ ઉપકાર ગણતા અને પરમ આનંદ અનુભવતા નાગરભાઈ પૂ. શ્રી દેવચંદ્રજી મહારાજના શરણમાં સ્વરૂપાનુસંધાન અને ગુણવિકાસના લક્ષે, સહવાસ કેળવતાં કેળવતાં ભાવદીક્ષિત બની રહ્યા. સાથેના નાના મુનિઓની જોડે શાસ્ત્રોનો અને સંસ્કૃત-પ્રાકૃતાદિ ભાષાઓનો પણ અભ્યાસ ચાલ્યો. સામાયિક, પ્રતિક્રમણ, થોકડા અને સૂત્રોનો એકાગ્ર અભ્યાસ થયો. આમ સદ્ગુરુના શરણમાં અનુભવ, અભ્યાસ અને સેવા દ્વારા જીવન-પરિવર્તનનું ઘડતર કરતાં કરતાં દસબાર મહિના થવા આવ્યા.

સદ્ગુરુના શરણમાં આ કાળમાં પરિપૂર્ણ દૃઢતા થવાથી નાગરભાઈને લાગ્યું કે હવે મારે સર્વસંગ પરિત્યાગના માર્ગે જવા શીઘ્રતા કરવી જોઇએ અને વિલંબ ટાળવો જોઈએ. આથી પછી ધોરણસર વડીલોની આજ્ઞા લેવા માટે ઝાલાવાડ–સાયલા જવાની તેમણે પૂજ્ય ગુરુ મહારાજ પાસે આજ્ઞા માગી. સદ્ગુરુદેવ શ્રી દેવચંદ્રજી મહારાજે પણ એમની યોગ્યતા બરાબર જોઈ લીધી હતી એટલે તેમણે તેમને પ્રસન્નપણે સંમતિ આપી અને નાગરભાઈ તુરત સાયલા આવ્યા.

## સ્વજનોની વચ્ચે

સાયલામાં નાગરભાઈનાં જે સ્નેહી-સંબંધી-સ્વજનો હતાં તેમાંથી તેમના પિતરાઈ ભાઈ અને બાળગોઠિયા એવા જીવરાજ-ભાઈ તો આપણે પાછળ જોયું તેમ ધંધાર્થે મુંબઈ ગયા હતા. આ કારણે તેમનાં માતુશ્રી અને નાગરભાઈને સગી માની જેમ ઉછેરી સંસ્કાર સિંચનાર એવા સાંકળીમા પણ પછી સાયલા છોડીને પોતાને પિયર ચોરવીરા રહેવા ગયાં હતાં. બાકી રહેલાંમાં રહ્યાં હતાં સૌથી વધુ નિકટ રહેલાં એવાં ભાભી મોંઘીબાઈ. ઓછું ભણેલાં છતાં સમજ, સંસ્કાર, સ્નેહ અને અપાર લાગણીવાળાં મોંઘીભાભીની ઉંમર નાની

હતી એટલે પોતાની દીક્ષા પછી ભાભીનું શું? એ પ્રશ્ન નાગરભાઈને સતાવી રહ્યો. આખરે આ પારિવારિક પ્રશ્નનો ઉકેલ શોધવા તેમણે મુંબઈ જીવરાજભાઈને પુછાવતાં લખ્યું કે, "દીક્ષા લેવાની મારી ભાવના છે પરંતુ ભાભી સંબંધી હું નિશ્ચિંત ન બનું ત્યાં સુધી આમ ભાગી છૂટવું એ મને સારું લાગતું નથી. તો આ બાબતમાં તમારો શો અભિપ્રાય છે? આ પ્રશ્નનો તમે કાંઈ ઉકેલ બતાવી શકો તેમ છો?"

જીવરાજભાઈ નાગરભાઈના અંતરની ઉમદા વૃત્તિને સમજતા હતા; ગૃહસ્થથી ત્યાગીદશા શ્રેષ્ઠ છે એ પણ તેમના ચિત્તસંસ્કારમાં અને ખ્યાલમાં વસેલ હતું; આથી ભાભી મોંઘીબાઈનો પ્રશ્ન ઉકેલતાં તેમણે ભાઈ નાગરદાસને જવાબમાં લખ્યું કે, "અહીં ચૂડાના વતની ભાઈ વનમાળીદાસ ગુલાબચંદ નામે એક ગૃહસ્થ છે. તેઓ સારા વ્યાપારી છે. સમરતબેન નામનાં તેમનાં એક બેન નાની ઉંમરમાં જ વિધવા થયેલ છે. એમને સહાયભૂત થાય એવાં કોઈ સંસ્કારી બેન મળી જાય તો તેઓ એમની શોધમાં છે. વનમાળીભાઈનો મારે અંગત પરિચય છે. તો જો મોંઘીભાભી આ બેન સાથે રહી શકે તો બન્ને બેનોના જીવનનિર્વાહ માટે ભાઈ વનમાળીદાસ બધું કરી છૂટવા તૈયાર છે. ભવિષ્યમાં તેમનું જીવન શાંતિમાં વીતે તે સારુ તેમને ધાર્મિક કે કોઈપણ જાતનો અભ્યાસ કરવાની ઇચ્છા થાય તો તે માટે પણ તેઓ સારો સહકાર આપી જોઈતી અનુકૂળતા કરી આપશે. તો જો મોંઘીભાભી આ દૃષ્ટિએ અહીં મુંબઈમાં આવીને રહેવાનું વિચારે તો તેમના જીવનનો પ્રશ્ન ઊકલી જશે અને તમોને પણ ચિંતા ઓછી થશે. માટે આ રીતે મોંઘીભાભીને સમજાવશો તો તેઓ પણ તમોને દીક્ષા માટે ખુશીથી રજા આપશે. બાકી ભાભીના દિલને જરા પણ દૂભવીને ભાગી નહિ છૂટવાની અને દીક્ષા નહિ લેવાની તમારી વૃત્તિ ઘણી જ ઉત્તમ છે........હવે તમને જેમ યોગ્ય લાગે તેમ તુરત નિર્ણય કરશો."

નાગરભાઈને જીવરાજભાઈએ સૂચવેલ આ ઉકેલમાં ઘણી આશા બંધાઈ. તેમણે આ બધી વિગતોથી મોંઘીભાભીને વાકેફ કર્યાં અને ખૂબ હિંમત આપી. ભાભીએ પણ મુંબઈ જવાની અને સમરતબેનની સાથે રહેવાની વાત સ્વીકારી લીધી. આમ થયા પછી નાગરભાઈએ મોંઘીભાભી પાસે દીક્ષા માટે આજ્ઞા માગી. રજા આપ્યા સિવાય મોંઘીભાભી માટે હવે કોઈ રસ્તો ન હતો. તેમણે રાજી થઈને રજા આપી. નાગરભાઈએ બધો નિર્ણય મુંબઈ જીવરાજભાઈને જણાવ્યો. પરંતુ મોંઘીભાભી મુંબઈ જઈને રહે તે પહેલાં તેમણે હવે દીક્ષાનું કામ પતાવવાનું હતું એટલે બધી વાત કરવા મોંઘીબેને પોતાના પિતાશ્રીને નળિયાથી બોલાવ્યા અને કહ્યું કે, "આપણે સાથે જઈને કચ્છ-અંજારમાં નાગરભાઈને દીક્ષા આપવાની છે." તે વખતે સૌના મુરબ્બી તરીકે સાંકળીમા હતાં, પણ ઉપર જણાવ્યું તેમ તેઓ ચોરવીરા રહેતાં હતાં એટલે તેમને બધી વાત વિગતથી જણાવી નાગરભાઈને આશીર્વાદ આપવા સાયલા બોલાવ્યાં.

સાંકળીમાએ સાયલા આવી બધી પરિસ્થિતિ જાણી લીધી. ભાઈ નાગરદાસની ઉત્કૃષ્ટ ભાવના પણ જાણી. થોડા દિવસ સાથે રહ્યા અને પછી જીવનના પરિવર્તનના આવા ઉત્તમ કાર્ય માટે પ્રસન્નતાથી આજ્ઞા ને આશીર્વાદ આપ્યાં. આખરે તેમણે જ નાગરભાઈના બાલચિત્તમાં વાવેલા સેવા, સાધના અને ત્યાગનાં સંસ્કારબીજ અત્યારે અંકુરિત થઈ રહ્યાં હતાં ને!

આમ સૌ સ્વજનોની આજ્ઞા અને આશીર્વાદ મળતાં નાગરભાઈનો માર્ગ સાફ થયો.

# સર્વસંગપરિત્યાગ ભણી

યુવાવયનો સર્વસંગપરિત્યાગ પરમપદને આપે છે.

—શ્રીમદ્ રાજચંદ્ર

અહો ચેતન! હવે તું તારા ન્યાયરૂપી નેત્રને ઉઘાડીને નિહાળ રે નિહાળ! નિહાળીને શીઘ્ર નિવૃત્તિ એટલે કે મહાવૈરાગ્યને ધારણ કર અને મિથ્યા કામભોગની પ્રવૃત્તિને બાળી દે.

—શ્રીમદ્ રાજચંદ્ર

જાગ જંજાળથી જીવન જય કારણે;
ખલકમાં જન્મ તુજ જાય ખાલી;

સાધનો નરભવે સર્વ સુંદર મળ્યાં,
ન્યાયનાં નયનથી જો નિહાળી![1] —'સંતશિષ્ય'

નાગરભાઈના જીવનનો જાગેલો ચેતનાપ્રવાહ હવે સંસાર-સંગના પુરાણા પ્રદેશોને પાર કરી, વિવિધ વળગણાના અવરોધક પાષાણખંડોને તોડીફોડીને વેગપૂર્વક સંયમ-સાધનાના નવતર પ્રદેશો ભણી વહી રહ્યો........

બાહ્ય સર્વસંગપરિત્યાગ દ્વારા અભ્યંતર અસંગદશાનો અપૂર્વ અવસર પામવા તેઓ હવે કૃતસંકલ્પ થયા. એ માટે સર્વ ભાવ અર્પણ કરી સદ્ગુરુનું શરણ ધરવા અને વીતરાગ-પ્રણીત નિર્ગ્રંથ પ્રવ્રજ્યા અંગીકાર કરવા તેઓ એક શુભ ક્ષણે સાયલાથી કચ્છ-અંજાર જવા રવાના થયા. સાથે હતા ભાભી મોંઘીબાઈ, મોંઘીબાઈના પિતાશ્રી, પોપટભાઈ શેઠ અને અન્ય સ્વજનો. પોપટભાઈના ઉમંગનો તો પાર ન હતો. તેમણે 'આંગળી ચીંધ્યાનું પુણ્ય' પ્રાપ્ત કર્યું હતું!

[1] 'પ્રાર્થનામંદિર' આ. ૧૬ પૃ. ૮૫

સર્વસંગપરિત્યાગ અર્થે કચ્છ જતાં વચ્ચે આવ્યું મોરબી! એ કોઈ સાંકેતિક સુયોગ હતો કે 'સવસંગપરિત્યાગ'ના પરમોચ્ચ પુરસ્કર્તા અને દેહ છતાં વિદેહી એવા શ્રીમદ્ રાજચંદ્ર એ વખતે મોરબીમાં સ્થિત હતા. વ્યક્તિની હયાતી દરમિયાન તેનું મૂલ્યાંકન અને ઓળખાણ બરાબર કરી શકવાની ક્ષમતાના અભાવે ત્યારે સંપ્રદાયવાદીઓ શ્રીમદ્‌ના પ્રત્યે પ્રાયઃ વિરોધીભાવથી જોતા. એમના વિષે તે વખતનાં આ જે સાંપ્રદાયિક વલણો હતાં તેની ઉપરછલ્લી અસર નાગરભાઈના વૈરાગ્યવાસિત હૃદયને સ્પર્શી ગઈ. તેથી અવ્યક્તપણે પણ નાગરભાઈના હૃદયમાં શ્રીમદ્ માટે સદ્‌ભાવ-ભર્યો સુવિચારણાનો ચમકારો જાગી ઊઠયો અને પોતાના સર્વસંગ-પરિત્યાગના ભાવિ જીવન માટે અમીટ છાપ મૂકી ગયો.

શ્રીમદ્‌ની આવી છાપ લઈને પોતાને ધન્ય માનતા નાગરભાઈ સૌની સાથે ગુરુદેવશ્રી દેવચંદ્રજી મહારાજ પાસે અંજાર પહોંચ્યા.

## એ અપૂર્વ અવસર...

શ્રીમદ્ રાજચંદ્રજી જેવી બાહ્યાંતર સર્વસંગપરિત્યાગના જે 'અપૂર્વ અવસર'ની તાલાવેલી નાગરભાઈ લાંબા કાળથી અનુભવી રહ્યા હતા, તે હવે નિકટ આવી રહ્યો. ગુરુદેવ શ્રી દેવચંદ્રજી મહારાજ પાસે નાગરભાઈ અને તેમના સ્વજનો દ્વારા દીક્ષા માટેની વિનતિ રજૂ કરાઈ. પૂર્વપરિચયના કારણે નાગરભાઈની યોગ્યતા માટે ગુરુ-દેવને પૂરી પ્રતીતિ હતી એટલે એ સૌની પ્રસન્ન સંમતિને કારણે તેઓશ્રીએ વિનતિ સ્વીકારી. અંજાર શહેરમાં આ વાત પ્રસરતાં સંઘનો ઉત્સાહ વધી રહ્યો.

અંતે પૂજ્ય મહારાજશ્રીએ શુભ તિથિ નક્કી કરી.

સંવત ૧૯૫૭ના ફાગણ શુદ ૩ના રોજ આનંદ અને ઉલ્લાસ સાથે આત્માર્થી નાગરભાઈને દીક્ષા અપાઈ. કેશના લોચન સાથે જાણે

તેમના અંતરના કલ્મષ અને ક્લેશ–કર્મનું પણ મોચન થઈ રહ્યું. બાહ્ય વસ્ત્રો બદલવા સાથે ભવભવનાં જૂનાંપુરાણાં એવાં સંસ્કાર-વસ્ત્રો પણ જાણે બદલાવાં શરૂ થયાં. જીવન-ઝરણાનો જાગેલો ચેતનાપ્રવાહ હવે સંયમના બે કિનારાઓ વચ્ચે થઈને વહેતી સરિતામાં રૂપાંતરિત થઈ રહ્યો. જૂનુંપુરાણું વહી ગયું અને નવો જન્મ શરૂ થયો. આ નવજન્મને કારણે નવદીક્ષિત નાગરભાઈનું નામાભિધાન ગુરુદેવશ્રી દેવચંદ્રજી મહારાજે **'મુનિ નાનચંદ્રજી'** એ પ્રમાણે કર્યું.

નાગરભાઈમાંથી 'મુનિ નાનચંદ્રજી' બનેલા આત્માર્થી આત્માને જન્મજન્માંતરમાં દુર્લભ અને ચિરપ્રતીક્ષિત એવો આ 'અપૂર્વ અવસર' આવી મળ્યો. ચોવીસ વર્ષની ભરયુવાન વયે થયેલો આ સર્વસંગપરિત્યાગ તેમને પરમપદ ભણી લઈ જવા સર્જાયેલો હતો. પરંતુ હજુ આ બાહ્ય ત્યાગને પરિપૂર્ણ આભ્યંતર સ્વરૂપનો બનાવવા માટેનો લાંબો પંથ કાપવાનો બાકી હતો .... એ સંયમયાત્રાનો આરંભ થવો હજુ શેષ હતો........

## સ્વજનોની અંતિમ વિદાય

સંસારી 'નાગરભાઈ'માંથી સાધુ 'નાનચંદ્રજી' બનેલા સાધક આત્માનો દીક્ષામહોત્સવ પૂરો થયો અને તેમના સૌ સંસારી સ્વજનો પોતપોતાને સ્થાને વિદાય થયા—એક આંખમાં આંસુ અને બીજી આંખમાં ઉલ્લાસ અને અનુમોદના લઈને !

મોંઘીબાઈ વગેરેએ સાયલા પાછા આવીને સમાચારો જાણવા આતુર એવા સાંકળીમાને બધી વિગત જણાવી. નાગરભાઈમાં નાનપણથી સંયમનાં સંસ્કારબીજ વાવનાર સાંકળીમા આ સમાચારોથી ખૂબ રાજી થયાં.

થોડો સમય વીત્યો.

સાંકળીમાને નવસ્વરૂપ ધારણ કરેલા મુનિ નાનચંદ્રજી અને ગુરુમહારાજશ્રી દેવચંદ્રજીનાં દર્શન કરવાની ભાવના થઈ. પોતાના પુત્ર ભાઈ જીવરાજને તેમણે આ વાત મુંબઈ જણાવી. તેમને એ ગમી જતાં મુંબઈથી ભાઈ વનમાળીદાસ અને તેમનાં વિધવા બેન સમરતબેનને તેમ જ સાયલાથી સાંકળીમા અને મોંઘીબેન વગેરેને લઈને ભાઈ જીવરાજ પૂજ્ય ગુરુમહારાજ સહિત નવદીક્ષિત મુનિ નાનચંદ્રજી મહારાજનાં દર્શનાર્થે અંજાર પહોંચ્યા.

દર્શન કરીને સૌ સંતોષ પામ્યા. માના સ્થાને રહેલાં સાંકળીમા તો ખૂબ હર્ષઘેલાં બની ગયાં. મોંઘીબેનના દિલમાં એક બાજુથી આનંદ હતો તો બીજી બાજુથી સગા ભાઈ જેવા પ્રેમાળ દિયરની હૂંફ હવે ફરીને મળવાની નથી, ભાવપૂર્વક 'ભાભી' કહીને સંબોધતાં એ વહાલભર્યાં વેણ હવે કદી કાને પડવાનાં નથી, એ વિચારે તેમના અંતરમાં ખૂબ વેદના હતી.

આ પ્રસંગે મુનિશ્રી નાનચંદ્રજી મહારાજે ખૂબ ગંભીરતાપૂર્વક મોંઘીબેનને હિંમત આપી સ્વસ્થ કર્યાં અને હવેથી તેમના જીવનસંગી બનનાર બેન સમરતબેનને ભલામણ કરતાં કહ્યું કે, "તમે બંને જણાં હવે પછીથી સગાં બેન હો એ રીતે સહવાસ અને સહજીવનથી રહેતાં આત્માર્થ સાધજો અને ધાર્મિક અભ્યાસ કરજો. એમ કરવાથી તમને પરસ્પર ખૂબ શાન્તિ મળશે."

આવી હિતકર ભલામણથી સૌને સંતોષ થયો.

વિદાયવેળાએ સાંકળીમાની અને મોંઘીબેનની આંખોમાંથી લાગણીવશાત્ આંસુ વહેતાં જોઈને મહારાજશ્રીએ તેમને આશ્વાસન આપતાં કહ્યું કે, "જે માર્ગ બધાને માટે હિતકર છે તે તમારી સૌની સંમતિથી જ મેં સ્વીકાર્યો છે, તો પછી ખેદ કરવાનું કારણ જ ક્યાં છે?...."

ઠરેલ અને ડાહ્યાં સાંકળીમા આ સાંભળી શાંત થયાં અને આશીર્વાદ સાથે કહ્યું કે, "હવે તમારા હાથે સમાજનો અને ધર્મનો

ઉદય થાઓ અને ભવિષ્યમાં ખૂબ સારાં કાર્યો કરો એવી મારી અંતરની પ્રાર્થના છે."

આ સાથે સૌ સંસારસંગી સ્વજનોએ છેલ્લી ભાવભીની વિદાય લીધી. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ ગુરુકુળવાસમાં એકતાનતાથી જોડાઈ ગયા. તેમની જીવનસરિતાની સંયમયાત્રા હવે શરૂ થઈ ચૂકી....અપરિચિત, અજાણ ભોમનાં દર્શન કરવા એ અગમપંથે પ્રયાણ કરી રહી.......

હાલો મારાં પ્રાણ! રે તારાં અગમપંથ પ્રયાણ....
એક અજાણી ભોમનાં તારે હૈયે જાગ્યાં ગાન,
અહીંના ભારા અહીં મૂકી હવે પવને માંડ પલાણ....
હાલો મારાં પ્રાણ! રે તારાં અગમપંથ પ્રયાણ....

વેદન શમે, ક્રંદન શમે, સહુ શમે અરમાન,
તૂટતી માયા, ડૂબતી છાયા, ઊગી રહ્યો શું ભાણ,
આતમ વીંઝે પાંખ રે આજે, નાનાં પડે આસમાન
હાલો મારાં પ્રાણ! રે તારાં અગમપંથ પ્રયાણ...

સાહેબા કેરે સાદે જાગ્યા, એવા રે ઝંકાર,
સાત સમુંદર વીંધી તારે, જાવું સામે પાર
હાલો મારાં પ્રાણ! રે તારાં અગમપંથ પ્રયાણ...[1]

—નાથાલાલ દવે

---

[1] 'જાહ્નવી'

# ૨

# યૌવનાવસ્થા

## સાધકજીવનની સંયમયાત્રા

૨૫થી ૪૯ વર્ષ : સં. ૧૯૫૭–૧૯૮૧

## સંવત ૧૯૫૭ : દેશકાળની પૃષ્ઠભૂમિ

આજથી સિત્તેર વર્ષ પહેલાંનો સમય એટલે ભારતમાં અંગ્રેજી રાજ્યનો કાળ. એ વખતે છપ્પનિયા દુકાળની અણધારેલી પરિસ્થિતિમાંથી પસાર થઈને લોકો શાન્તિનો દમ ખેંચતા હતા. ભારતનાં અન્ય દેશી રાજ્યોની જેમ ત્યારે કાઠિયાવાડ–સૌરાષ્ટ્રમાં નાનાં નાનાં સંખ્યાબંધ રાજ્યો હતાં. એ બધાં બ્રિટિશ શાસનની કૃપા ઉપર નિર્ભર રહેતાં અને તેના ઇશારા પર નાચતાં. નાનાં નાનાં દેશી રાજ્યોની પ્રજા મોટા ભાગે રાજાને આધીન રહેતી હોઈ નાગરિક જીવન રાજાના મનસ્વી મિજાજ મુજબ ચાલતું. ધાર્મિક કે સામાજિક જીવન પણ રાજ્યને બાધાકારક ન બને ત્યાં સુધી અને તેટલું જ પાંગરી શકતું. રાષ્ટ્રીય અને રાજકીય જીવન, દેશમાં સ્વાતંત્ર્યની હવા સહેજ વહેતી થવા છતાં, હજુ તો રાજસત્તા સામે માથું ઊંચકી શકે તેવું ન હતું. આવા રાજકીય, સામાજિક, ધાર્મિક, ગુલામીના વાતાવરણમાં ઊછરતાં ઊછરતાં તે કાળે જે યુગપુરુષો કે સંતપુરુષો વિદ્યમાન હતા તેઓની એક યા બીજા પ્રકારની ધાર્મિક ભાવના તે કાળના માનવજીવન પર અસર કર્યા કરતી હતી.

આવા ધર્મનાયકોના સંપ્રદાયો ભારતમાં ઠેરઠેર હતા કે જે પોતાની શ્રેષ્ઠતા અને પ્રાચીનતાનો દાવો કર્યા કરતા. ભારતમાં ચાલતી આવેલી આર્ય, બૌદ્ધ, જૈનની ભિન્ન ભિન્ન પરંપરાઓમાંથી ગુજરાત-સૌરાષ્ટ્રમાં ત્યારે જોઈએ તો જૈનેતરોમાં શૈવ, વૈષ્ણવ, વલ્લભ, રામાનુજ વગરે સંપ્રદાયો હતા તેમ જ જૈનોમાં પણ દિગંબર, શ્વેતાંબર મૂર્તિપૂજક, શ્વેતાંબર સ્થાનકવાસી તથા શ્વેતાંબર તેરાપંથી વગેરે સંપ્રદાયો હતા. તેમાંયે ગચ્છ-મત-સંઘ-સંઘાડાના અનેક ભેદો હતા. આ બધા ઠીક ઠીક સમયથી ચાલ્યા આવતા હતા, જે જોઈને સત્તરમી સદીમાં આત્મજ્ઞ શ્રી આનંદઘનજીએ સચોટપણે આંગળી ચીંધી હતી:

ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતા,
તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં,
મોહ નડિયા કલિકાલ રાજે.
ધાર તરવારની સોહલી દોહલી,
ચૌદમા જિનતણી ચરણસેવા. [૧]

શ્રી આનંદઘનજીની જેમ જ આ સદીમાં, સિત્તેરેક વર્ષ પૂર્વના આ ગાળામાં જ, શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ જિનોપદિષ્ટ માર્ગના ઉદ્ધારની અંતરવેદનભરી ભાવના સાથે જિનમાર્ગની વર્તમાન પરિસ્થિતિનું વેધક અને સચોટ વર્ણન કર્યું છે:

"વર્તમાનમાં જૈન દર્શન એટલું બધું અવ્યવસ્થિત અથવા વિપરીત સ્થિતિમાં જોવામાં આવે છે કે તેમાંથી જાણે જિનનો અંતર્માર્ગ ભૂંસાઈ ગયો છે; અને લોકો માર્ગ પ્રરૂપે છે તેમાં બાહ્ય કુટારો બહુ વધારી દીધો છે જેમાં અન્તર્માર્ગનું જ્ઞાન ઘણું કરી વિચ્છેદ જેવું થયું છે.

"વેદોક્ત માર્ગમાં બસે-ચારસે વર્ષે કોઈ-કોઇ મોટા આચાર્ય થયા દેખાય છે કે જેથી લાખો માણસોને વેદોક્ત રીતિ સચેત પ્રાપ્ત થઈ હોય. ××× જૈન માર્ગમાં ઘણાં વર્ષ થયાં તેવું બન્યું દેખાતું નથી. જૈન માર્ગમાં પ્રજા પણ ઘણી થોડી રહી છે, અને તેમાં સેંકડો ભેદ વર્તે છે એટલું જ નહિ, પણ 'મૂળ માર્ગ'ની સન્મુખની વાત પણ તેમને કાને નથી પડતી, કેમકે ઉપદેશકોના લક્ષમાં નથી—એવી સ્થિતિ વર્તે છે. તેથી ચિત્તમાં એમ આવ્યા કરે છે કે તે માર્ગ વધારે પ્રચાર પામે તો તેમ કરવું, નહિ તો તેમાં વર્તતી પ્રજાને મૂળ લક્ષપણે દોરવી. [૨] ×××

[૧] 'પ્રાર્થનામંદિર' આ. ૧૬: પૃ. ૮૪.
[૨] પત્રાંક: ૮૧૩ '૭૩

"કાળના દોષથી અપાર શ્રુતસાગરનો ઘણો ભાગ વિસર્જન થતો ગયો, અને બિન્દુમાત્ર અથવા અલ્પમાત્ર વર્તમાનમાં વિદ્યમાન છે. ઘણાં સ્થળો વિસર્જન થવાથી, ઘણાં સ્થળોમાં સ્થૂળ નિરૂપણ રહ્યું હોવાથી નિર્ગ્રંથ ભગવાનના તે શ્રુતનો પૂર્ણ લાભ વર્તમાન મનુષ્યોને આ ક્ષેત્રે પ્રાપ્ત થતો નથી....

"ઘણાં મતમતાંતરાદિ ઉત્પન્ન થવાનો હેતુ પણ એ જ છે અને તેથી જ નિર્મળ આત્મતત્ત્વના અભ્યાસી મહાત્માઓની અલ્પતા થઈ.

"શ્રુત અલ્પ રહ્યા છતાં, મતમતાંતર ઘણાં છતાં, સમાધાનનાં કેટલાંક સાધનો પરોક્ષ છતાં, મહાત્મા પુરુષોનું કવચિતત્વ છતાં, હે આર્યજનો! સમ્યગ્દર્શન, શ્રુતનું રહસ્ય એવો પરમપદનો પંથ, આત્માનુભવના હેતુ, સમ્યક્ચારિત્ર અને વિશુદ્ધ આત્મધ્યાન આજે પણ વિદ્યમાન છે એ પરમહર્ષનું કારણ છે.[૧]

"સ્વ-પર આત્મોપકારક પરમાર્થમય સત્યધર્મ જયવંત વર્તો.
"આશ્ચર્યકારક ભેદ પડી ગયા છે.
"ખંડિત છે.
"સંપૂર્ણ કરવાનું સાધન દુર્ગમ્ય દેખાય છે.
"તે પ્રભાવને વિશે મહત્ અંતરાય છે.
"દેશકાળાદિ ઘણા પ્રતિકૂળ છે.
"વીતરાગોનો મત લોકપ્રતિકૂળ થઈ પડયો છે.

"રૂઢિથી જે લોકો તેને માને છે તેના લક્ષમાં પણ તે સુપ્રતીત જણાતો નથી, અથવા અન્યમત તે વીતરાગોનો મત સમજી પ્રવર્તે જાય છે.

"યથાર્થ વીતરાગોનો મત સમજવાની તેમનામાં યોગ્યતાની ઘણી ખામી છે."[૨]

---

૧ પત્રાંક ૫૮૧/૭૫૭

૨ પત્રાંક ૮૨૨/૧૪

આવા પ્રતિકૂળ અને વિષમ દેશકાળની પૃષ્ઠભૂમિમાં ધર્મક્ષેત્ર વિવિધ ભેદો ભરેલી પરિસ્થિતિથી યુક્ત હતું. આ પરિસ્થિતિ હતી જૈનપરંપરાના એક ભાગ શ્વે. સ્થાનકવાસી સમાજમાં દાખલ થયેલા નવદીક્ષિત મુનિશ્રી નાનચંદ્રજીના નવજીવનના ઘડતરની **પશ્ચાદ્ભૂમિમાં!**

## યાત્રારંભ : સ્થા. જૈનપરંપરાની વચ્ચે

મુનિશ્રી નાનચંદ્રજી જન્મ, ઉછેર, સંગ અને વારસાગત સંસ્કારને કારણે, બાહ્ય સંપ્રદાયની દૃષ્ટિએ જોઈએ તો, સ્થાનકવાસી જૈન મુનિ થયા એ ખરું; પરંતુ તેમનું સ્વભાવજન્ય વલણ મૂળથી જ ઉદાર અને સમન્વયશોધક હતું. તેમાં જૈન દર્શનની સ્યાદ્વાદ-દૃષ્ટિનો તેમને તેમની સંયમયાત્રામાં આધાર મળ્યો. આના પરિણામ-સ્વરૂપ, આપણે આગળ જોઈશું તેમ, સંપ્રદાય વચ્ચે વસવા-વિકસવા છતાં તેઓ સાંપ્રદાયિક અભિનિવેશથી અળગા રહી શકયા અને તેમ છતાં સંપ્રદાયનું પણ શ્રેય સાધી તેને અજવાળી શકયા. આનો યશ જેમની છત્રછાયામાં તેમની સંયમયાત્રા ચાલતી રહી તેવા ગુરુદેવશ્રી દેવચંદ્રજી મહારાજને આપી શકાય.

પૂજ્યશ્રી દેવચંદ્રજી મહારાજ શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન-પરંપરાના લીંબડી સંપ્રદાયના એક વિશાળહૃદયી મુનિવર્ય હતા. મુનિશ્રી નાનચંદ્રજીની દીક્ષા સમયે તેમને નીચેના છ શિષ્યો હતા:

(૧) મહારાજશ્રી મોનજી સ્વામી (૨) મહારાજશ્રી માણેક-ચંદ્રજી સ્વામી (૩) મહારાજશ્રી સુંદરજી સ્વામી (૪) મહારાજશ્રી રાયચંદ્રજી સ્વામી (૫) મહારાજશ્રી મોણસી સ્વામી (૬) મહારાજશ્રી પ્રેમચંદ્રજી સ્વામી.

આમાં સાતમા શિષ્ય તરીકે મુનિશ્રી નાનચંદ્રજી સ્વામીનો વધારો થયો. સાધુઓના આ સાત ઠાણાઓ સાથે ગુરુદેવશ્રી દેવચંદ્રજી મહારાજ કચ્છની ભૂમિને પાવન કરી રહ્યા.

આ વિહાર દરમિયાન મુનિશ્રી નાનચંદ્રજીનો ગૃહસ્થદશામાં થયેલો થોડો ધાર્મિક વિદ્યાભ્યાસ હવે ચીવટ અને હેતુપૂર્વક વિકસવા લાગ્યો. સાથેના મહા. શ્રી મોણસી સ્વામી અને મહા. શ્રી પ્રેમચંદ્રજી સ્વામી નાની વયના હોવાને કારણે મુનિશ્રી નાનચંદ્રજી સ્વામીને અભ્યાસમાં અનુકૂળતા રહેવા લાગી. તાજી દીક્ષા, તીવ્ર વૈરાગ્ય, યુવાન શરીર—આ બધાં કારણોને લઈને એ અનુકૂળતામાં ઉત્સાહનો ઉમેરો થયો. આ અભ્યાસ સુવિધાથી અને સાતત્યપૂર્વક થતો રહે એટલા માટે તેમના ચાતુર્માસોની યોજના પણ વિશિષ્ટરૂપે થઈ. સ્થાનકવાસી જૈનપરંપરાની વચ્ચે ચાલેલી તેમની વિદ્યાભ્યાસ અને સાધનાની સંયમયાત્રા પર એ પ્રકાશ પાડે છે.

દીક્ષિત જીવનનાં પ્રથમ દસ વર્ષ, એટલે કે સંવત ૧૯૫૭થી સંવત ૧૯૬૬ દરમિયાન, મુનિશ્રી નાનચંદ્રજી મહારાજે નીચેનાં ક્ષેત્રોમાં અનુક્રમે આ પ્રમાણે ચાતુર્માસ કર્યા :

(૧) માંડવી–કચ્છ (૨) જામનગર (૩) મોરબી (૪) જેતપુર–કાઠિ. (૫) જૂનાગઢ (૬) માંડવી–કચ્છ (૭) વાંકાનેર (૮) મોરબી (૯) માંડવી–કચ્છ (૧૦) રામાણીઆ–કચ્છ.

સ્થાનકવાસી જૈનપરંપરા વચ્ચેના તેમના યાત્રારંભ પછી થયેલા આ ચાતુર્માસો તેમની સંપ્રદાય-વ્યવહારથી પણ આગળ જઈને વિકસતી રહેલી જીવનદૃષ્ટિને સ્પષ્ટ કરે છે.

## પ્રથમ દસ ચાતુર્માસો (સંવત ૧૯૫૭થી ૧૯૬૭)

મુનિશ્રી નાનચંદ્રજીની વૈરાગ્યરંગથી રંગાયેલી જિંદગી, યુવાન અવસ્થા અને જૈન સાધુની ત્યાગી દશા વચ્ચે ચાલતી વિદ્યાની ઉપાસના અને સંયમની સાધના તેમના ઉપર્યુક્ત પ્રથમ દસ ચાતુર્માસોમાં જુદો જ પ્રભાવ ઊભો કરી રહી.

જૈન મુનિએ પૂજ્ય ગુરુદેવની કૃપાદૃષ્ટિથી વીતરાગનો માર્ગ

સ્વીકારતી વખતે જ પાંચ મહાવ્રતો—અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ—અંગીકાર કર્યાં હોય છે. પરંતુ વ્રતો અંગીકાર કરવા એ એક વાત છે અને ત્રણ 'કરણ' ને ત્રણ 'યોગ'થી એનું પાલન કરવું એ જુદી વાત છે. દીક્ષિત થયા પછી પ્રત્યેક સાધુ પોતાના ગુરુની નિશ્રામાં લગભગ પરંપરાગત આચાર-વિચાર પ્રમાણે જ પોતાનો જીવનવ્યવહાર ચલાવતા હોય છે. પરંતુ અહીં ભવિષ્યમાં મહામાનવ થવા મથનારા મુનિશ્રી નાનચંદ્રજીનું વલણ તો આરંભથી જ જુદું હતું. સંપ્રદાયની શિસ્ત પૂરતો સાધુવ્યવહાર જાળવીને પોતાની આગવી જીવનદૃષ્ટિ કેળવવા તેઓ તે વખતથી જ પ્રયત્નશીલ રહેતા.

સ્વાભાવિક રીતે જ નવદીક્ષિત સાધુ પોતાના ગુરુદેવનાં અમીદૃષ્ટિ અને વત્સલભાવની અપેક્ષા રાખે. આથી તેમનાથી જુદા પડવાનું તે ઇચ્છે નહિ. પરંતુ મુનિશ્રી નાનચંદ્રજીના ઉપર્યુક્ત દસ ચાતુર્માસોનું વર્ણન (જે વિગતથી આ પુસ્તકમાં જ અન્યત્ર આપેલ છે.) જોતાં ઘણું ઘણું જાણવાનું મળી આવે છે. તે મુજબ તેમનો પહેલો જ ચાતુર્માસ તેમણે પોતાના ગુરુદેવથી અલગ એટલે કે માંડવી-કચ્છમાં કર્યો છે, જ્યારે ગુરુદેવે સૌરાષ્ટ્રમાં જૂનાગઢ મુકામે! તે વખતે વિદ્યાની સાધના અને સંયમની આરાધના કરવામાં પોતાના સાથી ગુરુભાઈઓ સાથે રહીને તેમણે પોતાના વ્યક્તિગત જીવનનું ઘડતર કરવામાં કેવો પુરુષાર્થ કર્યો હશે તે વિચારવા જેવું છે. તેમની આ વર્ષોની સાધના તીવ્ર વૈરાગ્યપૂર્વકના આત્મવીર્યને ફોરવવાના પુરુષાર્થની એક મોટી કહાણી છે.

ત્યારબાદ એક પછી એક એમ પૂરા દસેય ચાતુર્માસો દરમિયાન તેઓ જે જે ગામો અને શહેરોમાં વિચર્યા ત્યાં ત્યાં તેમણે પોતાના સમગ્ર વ્યક્તિત્વનો લાભ આપ્યો છે. શાસ્ત્રનો અભ્યાસ, આત્મ-ગવેષણાની ઉત્કંઠા, વૈરાગ્યની ઉજ્જવળતા, ચરિત્રની નિર્મળતા અને

ઉપદેશ આપવાની આગવી કળા—આ બધાંની તેમણે બધે એક વિશિષ્ટ પ્રકારની છાપ મૂકી અને અનોખું વાતાવરણ સર્જ્યું.

સં. ૧૯૬૬ના રામાણીઆ–કચ્છમાંના દસમા ચાતુર્માસ સમયે ત્યાં મોટી પક્ષના સાધુઓનું એક સંમેલન ભરાયેલું. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજની ઉંમર આ વખતે ૩૪ વર્ષની. સંમેલનમાં દીક્ષાપર્યાયે મોટા એવા અનેક સાધુઓ પણ પધારેલા. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજે પોતાની આગવી પ્રતિભા, જીવનદૃષ્ટિ અને સાધનાને કારણે એ સંમેલનમાં યુગાનુરૂપ પ્રેરણા આપેલી અને નવો ચીલો ચીંધી વડીલ સાધુઓને પણ વિચાર કરતા કરેલા.

આ રીતે તેઓ માત્ર યુગાનુરૂપ સંકેત કરીને જ બેસી રહ્યા નહોતા, પરંતુ આ ચાતુર્માસોનાં વર્ષો દરમિયાન પ્રત્યક્ષ સમાજ-કલ્યાણનું કાર્ય કરવા પણ પ્રવૃત્ત થયેલા. સમાજના વિઘાતક રિવા-જોની સુધારણા અને વિદ્યાસંસ્થાઓની સંસ્થાપના—મુખ્યત્વે આ બે તેમનાં સમાજકલ્યાણ માટેનાં કાર્યક્ષેત્ર હતાં. યુગસાપેક્ષ ધર્મ-દૃષ્ટિપૂર્વક તેઓ એ કાર્ય સર્વત્ર કર્યે જતા. તેમનાં વિહારક્ષેત્રોમાં ઠેરઠેર તેમણે સ્થપાવેલાં છાત્રાલયો અને જૈન વિદ્યાશાળાઓ આ વાતની સાક્ષી પૂરે છે.

કચ્છના આ ચાતુર્માસો દરમિયાન ત્યાંના જે નાનાંમોટાં ક્ષેત્રોમાં મહારાજશ્રીનું વિચરવાનું બનતું તેમાં તેઓ એક વખત બિદડા પાસેના કોડાય નામના ગામે પધાર્યા. આ ગામ ખાસ કરીને વિદ્યા-અભ્યાસનું ક્ષેત્ર ગણાતું. ગામમાં મંદિરમાર્ગી તેમ જ સ્થાનકવાસી બંને સંઘો હતા. તે વખતે શ્રી હેમચંદભાઈ કે એવા કોઈક નામના એક દેરાવાસી ભાઈનો મહારાજશ્રીને પરિચય થયો. એ ભાઈ શ્રીમદ્ રાજચંદ્રના અનુરાગી હતા. એટલું જ નહિ પણ ઘણા ઉદાર વિચારના હોઈ દરેક મત-પંથના ઊંડા અભ્યાસી હતા. તેઓની સાથે દિવસોના દિવસો સુધી વિચાર-વિનિમય કરવાથી સત્યશોધક મહારાજશ્રીના હૃદયમાં મત-પંથના કદાગ્રહો નીકળી

ગયા. સંપ્રદાયભેદની સંકુચિતતાથી મુક્ત થયા અને પરિણામે ત્યારથી આખી જીવનદૃષ્ટિ બદલાઈ ગઈ.

આમ મહારાજશ્રીના પ્રથમ દસ ચાતુર્માસો તેમના વૈરાગ્ય, વિદ્યાસાધના, ચારિત્ર્યારાધના ઇત્યાદિ વ્યક્તિગત સાધનાની સાથે-સાથે સમાજને ધર્મબોધ પમાડવાની, સમાજકલ્યાણ સાધવાની પ્રવૃત્તિની પ્રતીતિ કરાવનારા તેમ જ પોતાની જીવનદૃષ્ટિને વિશાળ અને ઉદાર બનાવનારા સિદ્ધ થયા.

તીવ્ર વૈરાગ્યપૂર્વક આત્મવીર્યને ફોરવવાના તેમના આ પુરુષાર્થને આ જ ગાળામાં લખાયેલું તેમનું એક ભાવ-પદ સ્પષ્ટ કરે છે. તેમની સંયમયાત્રાનાં પ્રથમ દસ વર્ષની અંતર્દશાનું એ સૂચક છે. આઠમા ચાતુર્માસના અંત ભાગમાં (સં. ૧૯૬૪માં) લખાયેલું શ્રીમદ્ રાજચંદ્રની 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?'ની ભાવનાની સ્મૃતિ આપતું અને છતાં અભિવ્યક્તિ, પ્રાસ, લય, પ્રવાહ વગેરેમાં મૌલિક સહજતા ધરાવતું આ પદ શ્રીમદ્‌ની જ ભાવભૂમિ મોરબીમાં લખાયું છે એ સૂચક યોગાનુયોગ છે. પ્રસ્તુત પદનું સરળ સરિત્‌પ્રવાહ જેવું કાવ્યસૌંદર્ય અને ઊંડા સાગર જેવું ભાવગાંભીર્ય દર્શનીય, ચિંતનીય ને ઉપાદેય છે. સ્થળસંકોચને કારણે એ પદની થોડી જ કંડિકાઓ જોઈએ:

એવો અવસર પ્રભુજી ક્યારે આવશે?
આનંદરસ મુજ અંતરમાં ઊભરાય જો;
ભીતરનું ભમણાસ્થળ ક્યારે ભાંગશે?
ભયભડકા નિર્ભયતામાં નિરખાય જો. –એવો૦ ૧

અપૂર્વ શાંતિ પ્રગટે આત્મપ્રદેશમાં,
અહંકારવૃત્તિ મારી લય થાય જો;
મુક્ત બનું માયાની જબરી જાળથી,
ન્યારો રહું જેમ પાણી-પંકજ-ન્યાય જો. –એવો૦ ૪

રમશું ક્યારે નિજમાં નિજ સ્વરૂપે રહી,
વિભાવની જડ મૂળ થકી પ્રભુ જાય જો;
ઔપાધિક પડદો અળગો થઈને રહે,
મૂળ સ્વરૂપે જીવનરામ જણાય જો. –એવો૦ ૬

ઓગણીસેં ચોસઠના આસો માસમાં
દાખે ગુરુવર દેવચંદ્રનો દાસ જો;
જન્મમરણના ફેરા ના ફરવા પડે,
અખંડ અવિચળ પ્રગટે દેવ! પ્રકાશ જો. –એવો૦ ૭[1]

પ્રથમ દસ ચાતુર્માસો સમયની તેમની અંતર્યાત્રાને આ પદ સારી રીતે સ્પષ્ટ કરે છે.

## લીંબડીમાં ગુરુસેવાર્થે નવ વર્ષ

સંવત ૧૯૬૭થી સંવત ૧૯૭૬ સુધીનાં દસ વર્ષના ગાળામાં મુનિશ્રી નાનચંદ્રજી મહારાજના દીક્ષિત જીવનનો, તેમની સંયમ-યાત્રાનો, બીજો તબક્કો બની રહ્યો.

દસ ચાતુર્માસો પછી તેમનો અગિયારમો ચાતુર્માસ મુંદ્રા-કચ્છમાં થયો, જ્યારે ગુરુદેવશ્રી દેવચંદ્રજી મહારાજ આદિ ઠાણા ૪ ખિદડા–કચ્છમાં ચાતુર્માસ રહ્યા હતા. ચાતુર્માસ પૂર્ણ થયે બધા ભેગા થયા અને પછી ગુરુદેવની સાથે વિહાર કરતાં કરતાં તેઓ લીંબડી પધાર્યા.

લીંબડી પહોંચતાં જ પૂજ્ય ગુરુદેવશ્રી દેવચંદ્રજી મહારાજ સખત બીમાર પડી ગયા. પરિણામે તેમની સેવા-શુશ્રૂષા અર્થે મુનિશ્રી નાનચંદ્રજી મહારાજને લીંબડીમાં એકધારાં નવ વર્ષ રહેવાનું બન્યું.

---

[1] 'પ્રાર્થનામંદિર' : પદ ૧૪૦, પૃષ્ઠ ૧૪૪–૪૫

આ નવ વર્ષનો ગાળો તેમના માટે અનેક રીતે અભૂતપૂર્વ હતો.

પૂજ્યશ્રી દેવચંદ્રજી મહારાજને પક્ષઘાતનો ગંભીર વ્યાધિ લાગુ પડયો હતો અને તેઓ સતત પથારીવશ બની ગયા હતા. તેમની સેવામાં જે એકાગ્રતા અને નિરાકુળતા જોઈએ તે એકઠી કરીને શ્રી નાનચંદ્રજી મહારાજ યોગીઓને પણ અગમ્ય એવા સેવાધર્મમાં યોજાઈ ગયા હતા. સાથેના બીજા સાધુઓમાંથી એક છૂટા પડી ગયા હતા, એક કાળધર્મ પામ્યા હતા, બીજા બે—મહા. શ્રી સુંદરજી સ્વામી અને મહા. શ્રી રાયચંદ્રજી સ્વામી—સાથે હતા પરંતુ ગુરુમહારાજની તમામ સેવા કરવાનું સદ્ભાગ્ય તો સાંપડયું હતું શ્રી નાનચંદ્રજી મહારાજને જ! આ કામમાં તેઓ અગ્લાનપણે એક વત્સલહૃદયી માતા જેવી સહજતા અને નમ્રતા જાળવી રાખતા અને ગુરુમહારાજને આહાર કરાવવાથી માંડીને મળમૂત્ર સાફ કરવા સુધીની બધી ક્રિયા મહારાજશ્રી પ્રેમ અને પ્રસન્નતાપૂર્વક કરતા. આ જોનારા તો એટલે સુધી કહેતા કે ખરેખર, નાનચંદ્રજી મહારાજે પોતાના ગુરુની સેવા કરીને 'કળિયુગના પંથકજી'નું બિરુદ મેળવ્યું છે. યોગીઓ માટે પણ કઠણ એવા સેવાધર્મને તેમણે જીવનભરને માટે અપનાવ્યો હતો.

શાસ્ત્રાભ્યાસ, વ્યાખ્યાન, ધ્યાન, જપ-તપ-વ્રત-સાધન—આ બધાં સદ્ગુરુની એકધારી સેવામાં સમાઈ જતાં સમજી, શ્રી નાનચંદ્રજી મહારાજ હવે એકાગ્રપણે—સમગ્રપણે ગુરુસેવામાં લાગી રહેવા લાગ્યા. આનાથી તેમના ચિત્તની પ્રસન્નતા વધવા લાગી અને આનંદનો અનુભવ થવા લાગ્યો. નિરપેક્ષ અને અભિન્ન થતી આ ગુરુસેવાથી, ગુરુદેવ શ્રી દેવચંદ્રજી મહારાજની પ્રસન્નતાનો પાર ન હતો. તેમનું અંતર શ્રી નાનચંદ્રજી મહારાજ પર સતત અનુગ્રહ-કૃપા વરસાવી રહ્યું. તેમના મળી રહેલા આ અંતરના આશીર્વાદથી શ્રી નાનચંદ્રજી મહારાજને સ્પષ્ટ સમજાઈ ગયું કે ગુરુની સેવા દ્વારા મળેલી કૃપા વિના જપ-તપ-વ્રત-સાધન બધાં ભ્રમરૂપ છે :

जप तप और व्रतादि सब, तहां लगी भ्रमरूप;
जहां लगी नहीं संत की, पाई कृपा अनूप ।[1]

સેવા-વિનય-વૈયાવચ્ચથી આવી કૃપા તેમને મળતાં તેઓ જે આનંદના ઊભરા અનુભવી રહ્યા તેનું વર્ણન તેમનાં નીચેનાં પદો આપે છે:

સદ્ગુરુની કૃપા થાય, આનંદ ઊભરાય (૨)
સદ્ગુરુવરની સંગતિ કરતાં, આપેલ એહનો મંત્ર ઉચ્ચરતાં,
–પામેલ ન તેહ પમાય, શંકાઓ માત્ર સમાય
દિલના દુઃખ સર્વ દબાય, આનંદ ઊભરાય...........સદ્ગુ૦ ૧
અનુભવીઓ વિણ કોણ ઉગારે, વિષમપથથી અવરનવારે
–ભવભેદો એહ ભણાવે, સાચો ગુરુપંથ સુણાવે
બુટ્ટી એ હકીમ બતાવે, આનંદ ઊભરાય...........સદ્ગુ૦ ૨
તરનારા ભવસિંધુથી તારે, ઊગરી ગયા છે એહ ઉગારે
–છૂટેલા તે જ છોડાવે, સમજેલા તે સમજાવે
અનુભવીઓ અનુભવાવે, આનંદ ઊભરાય...........સદ્ગુ૦ ૩
ગુરુપદેશના રસમાં ગળ્યાથી, અંધનકારક બીજ બળ્યાથી,
–એ પરમ સુધારસ પાય, તો જન્મમરણ મટી જાય,
દોષો પછી સહજ દબાય, આનંદ ઊભરાય...........સદ્ગુ૦ ૪
એ ભવવૈદ્યને કેમ વિસારું, અમૂલ્ય એહ જ ભૂષણ મારું,
–તે કદી ન અળગું કરાય, મુજ જીવન થકી જરાય
આ 'સંતશિષ્ય' ગુણ ગાય, આનંદ ઊભરાય.... સદ્ગુ૦ ૫[2]

સદ્ગુરુને સર્વભાવે સમર્પણ કરી તેમની સેવા કરતાં તેમનો જે ઉદ્દેશ્ય સર્યો અને તેમને જે લાધ્યું તેનો સંકેત કરતાં આગળ તેઓ બીજા એક પદમાં કહે છે:

---

[1] શ્રીમદ્ રાજચંદ્ર: "श्रीमद् राजचन्द्र मांथी संकलित तत्त्वविज्ञान" પૃ. ૮૯
[2] 'પ્રાર્થનામંદિર' પૃષ્ઠ ૧૧૬–૧૭

શાન્તિ માટે સદ્ગુરુનું શરણું લીધું રે. (૨)
તન–મન–ધન એમને બધું અરપી દીધું રે. –શાંતિ૦
કૂંચીરૂપે તત્ત્વ મને કાનમાં કીધું રે. (૨)
પીયૂષ ગણી તુરત તેને, પ્રેમથી પીધું રે. –શાંતિ૦
ગોતતો ચારે કોર હું તેને ઘટમાં ચીંધ્યું રે. (૨)
દયા કરીને દિલડામાં, દરશાવી દીધું રે. –શાંતિ૦
વૈરાગ્યથી ગુરુએ મારું મનડું વીંધ્યું રે. (૨)
'સંતશિષ્ય' કહે સદ્ગુરુએ કામણ કીધું રે. –શાંતિ૦[૧]

આમ પ્રત્યક્ષ સદ્ગુરુની પ્રાપ્તિનો પરમ ઉપકાર ગણતાં અને તેમની કૃપા-પ્રાપ્તિનો આનંદ અનુભવતાં શ્રી નાનચંદ્રજી મહારાજ તેમની સેવા કરતાં કરતાં રાતદિવસ તેમનાં ચરણોમાં ઠરીને રહ્યા. ગુરુદેવશ્રીની તબિયત વચ્ચેવચ્ચે જેવી કંઈક ઠીક થતી કે તેઓ શ્રી નાનચંદ્રજી મહારાજને સમાજના ધર્મ-સંસ્કરણ માટે આજ્ઞા કરતા. હવે તો તેમની સેવાની લગની એવી લાગી હતી કે બીજું કાંઈ રુચતું નહિ. પરંતુ ગુરુદેવની આજ્ઞાને તેઓ પ્રસન્નતાપૂર્વક ઉઠાવી લેતા અને સેવા-શુશ્રૂષામાંથી જ્યારે સમયની અનુકૂળતા મળતી ત્યારે તેઓ ગુરુદેવની આજ્ઞાનુસાર, લોકસંગ્રહની દૃષ્ટિથી સમાજને સતત જાગ્રત રાખવા અને તેમાં સંસ્કાર સિંચવા વ્યાખ્યાન વાંચતા. આની તૈયારી માટે અને પોતાનો નવો વિકાસ કરવા માટે સમય મેળવીને પોતે વિશાળ વાચન પણ કરતા અને સાહિત્યરચના પણ કરતા. ગુરુદેવ આ જોઈ રાજી થતા ને તેમને પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યા જ કરતા. વ્યાખ્યાન, વાચન અને સાહિત્યસર્જન ઉપરાંત આ ગાળામાં સમાજ માટે અત્યંત જરૂરી એવી સંસ્થાઓના નિર્માણ માટે પણ તેમણે પ્રેરણા આપી પોતાની શક્તિનો ઉપયોગ કર્યો.

આમ ગુરુસેવામાં લાગીને સ્વ-પર શ્રેય માટેની વિવિધ પ્રવૃત્તિઓમાં યોજાઈને તેઓ નવ વર્ષનો આ ગાળો લીંબડીમાં એકધારી

૧ 'પ્રાર્થનામંદિર' આ. ૧૬ : પૃ. ૧૧૭.

સ્થિરતાપૂર્વક વિતાવી રહ્યા હતા ત્યાં એક દિવસ આવીને ઊભો રહ્યો........

વિ. સં. ૧૯૭૭નું વર્ષ અને કારતક માસ........

જેમની પાસેથી પોતે સઘળું પામ્યા હતા એવા પોતાના 'જીવનસર્વસ્વ' સમા પૂજ્ય ગુરુદેવશ્રી દેવચંદ્રજી મહારાજ આ દિવસે પોતાની જીવનયાત્રા સંકેલી રહ્યા હતા. દેહ છોડવાની વેળાની તેમને અગાઉથી પ્રતીતિ થઈ ચૂકી હતી એટલે તેઓ તેમના ધર્મકાર્યની સોંપણી ઉપસ્થિત શિષ્યોને કરી રહ્યા. પરંતુ તેમના "પ્રેમ અને ધર્મરૂપી ભંડારમાં ભરેલાં અઢળક નાણાંનાં રખોપાં" તો તેઓ, દીક્ષામાં નાના છતાં અનુભવે સુયોગ્ય નીવડેલા એવા શ્રી નાનચંદ્રજી મહારાજને જ સોંપી રહ્યા હતા....

ગુરુદેવની અંતિમ ઘડીઓ નિકટ આવતી જાય છે અને શ્રી નાનચંદ્રજી મહારાજની અંતરવ્યથા વધતી જાય છે....

લીંબડીના શેઠશ્રી નાનજી ડુંગરસીના મોટા ઉપાશ્રયનો જૂની બાંધણીનો એ ઉપાશ્રયખંડ....તેની વચ્ચે ઢળાયેલી એક પાટ.... તેની ચોમેર વીંટળાઈ વળેલું શિષ્યવૃંદ અને થોડા શ્રાવકો....સૌ ચૂપ, સૌ શાંત, સૌ સ્તબ્ધ....

શ્રી નાનચંદ્રજી મહારાજ ગુરુદેવના ઓશીકા પાસે બેઠા છે, તેમના મસ્તક પર મૌન રહેલા ગુરુદેવશ્રી દેવચંદ્રજી મહારાજનો પ્રેમાળ હાથ એક વાર ફરી વળે છે....તેમનું એ મૌન ઘણું ઘણુ કહી જાય છે અને એ હાથ ઘણું ઘણું આપી જાય છે....સમર્પણ-ભરેલી એકાગ્ર સેવા માટેના અનેક આશીર્વાદ એમાં સમાયેલા છે....

હવે તો ગુરુદેવની વિદાયની એ વેળા સાવ નજીક આવી રહી. સૌએ તેમને પાટ પર પદ્માસનમાં બેસાડયા છે....ચોમેર શ્રી નવકારમંત્ર અને મંત્રધૂન ચાલી રહેલ છે....ગુરુદેવશ્રી દેવચંદ્રજી મહારાજ એક સાધુજનોચિત પ્રસન્નતા અને સમાધિદશામાં સ્થિર

થઈ છેલ્લો શ્વાસ ખેંચી લે છે અને તેમની આંખ ઢળી જાય છે.... તેમના ઢળી રહેલા દેહને સૌ પદ્માસનની એ સ્થિતિમાં જ ટેકવી રાખે છે.

આખરે પ્રેમના શ્વાસથી ધબકતું એ જીવન સદાને માટે વિરમી ગયું....શ્રી નાનચંદ્રજી મહારાજનું 'જીવન-સર્વસ્વ,' જતાં જતાં તેમને અપાર પ્રેમનો અનુગ્રહ આપીને, સદાને માટે વિલાઈ ગયું....લીંબડીની ધરતીનું એ નૂર સદાને માટે ઊડી ગયું....!

શ્રી નાનચંદ્રજી મહારાજનું અંતર પરમ વિરહની વ્યથા અનુભવતું નિઃશ્વાસ ઠાલવી રહ્યું હતું: "....હવે ગુરુદેવની એ જ્ઞાનઘોષ-ભરી વાણી કદી નહિ સંભળાય.... હવે એ પ્રેમવચનનો પ્યાલો કોઈ નહિ પાય.... હવે એ પ્રેમાળ હાથોનો સ્પર્શ કદી નહિ પમાય.... હવે એ પવિત્ર ચરણોની સેવા કદી નહિ કરી શકાય....!"

અને આ નિઃશ્વાસમાંથી તેમના અંતરમાં વિરહની વેદનાનું મૌન ક્રંદન ઊઠયું.... પ્રભુના પ્રગટરૂપ સમા સદ્ગુરુને સુદૂરના પ્રવાસે જતા જોઈ શ્રી નાનચંદ્રજી મહારાજનું ભોળું બાળહૃદય તેમાં 'રમત' દેખી રહ્યું અને સંસારની 'બંધ આંખો'ની એ 'રમત'થી મુક્તિ માગી રહ્યું: પ્રભુનો, પરમગુરુનો, ચિરસંગ માગી રહ્યું:

'દૂર કાં પ્રભુ! દોડ તું, મારે રમત રમવી નથી;
આ નયનબંધન છોડ તું, મારે રમત રમવી નથી....

બાંધી નયનબંધન મને, મૂકયો વિષમ મેદાનમાં;
અદૃશ્ય થઈ અળગા રહ્યા, એવી રમત રમવી નથી.

ભારે વિષમ પથ ભટકવું, બહુ નયનને બાંધી કરી,
આવી અકારી રમતને, મારે હવે રમવી નથી.

હાં, દૂર....૨.

**નથી સહન કરી શકતો પ્રભુ! તારા વિરહની વેદના;**
**હે દેવ! તુજ દરશન વિના મારે રમત રમવી નથી.**

નથી સમજ પડતી શ્રીહરિ, કઈ જાતની આ રમત છે;
ગભરાય છે ગાત્રો બધાં, મારે રમત રમવી નથી.
હાં, દૂર....૫

પ્રભુના પ્રત્યક્ષ પ્રકટરૂપ એવા સદ્ગુરુના વિરહની આ રમત કાંઈ વહેલી પૂરી થાય તેમ ક્યાં હતી? એ અનંત હતી. આજ સુધી અનંતા યુગ એ પરમતત્ત્વના વિરહમાં વીત્યા હતા. હવે પોકારી પોકારીને પોતે એ ભવરમતનો અંત માગતા પ્રભુનો, પોતાના પ્રભુરૂપ પરમઉપકારી ગુરુદેવનો, સંગ ઝંખી રહ્યા.

હોયે રમત ઘડી બે ઘડી, બહુ તો દિવસ બેચારની;
આ તો અનંતા યુગ ગયા, એવી રમત રમવી નથી.
ત્રિભુવનપતિ તુજ નામના, થાકયો કરી કરી સાદને;
સુણતા નથી કેમ 'સંતશિષ્ય'ને આ રમત રમવી નથી.
હાં, દૂર.... ૬ [૧]

પરંતુ આ રમત શીઘ્ર પૂરી થાય તેમ ન હતી. ગુરુદેવનું દર્શન, મિલન કે તેમના સાથે પ્રત્યક્ષ વાસ પણ હવે શક્ય ન હતો. પણ આ છતાં ય આત્માની અમરતાની દૃષ્ટિએ ગુરુદેવ પરોક્ષરૂપે તેમની સાથે જ હતા, તેમના અંતરમાં જ તેમણે વાસ કર્યો હતો. ગુરુદેવનાં ગુણગાન કરી તેમના વિરહમાં કંઈક સમાધાન શોધતાં લખેલું તેમનું આ પદ આ વાતની સાક્ષી પૂરે છે:

ગમે મને ગુરુજીના ગુણ ગાવા, જનમતણો જય કરીને જાવા.
ધરમમય જીવન ધરનારા, કથીરમાંથી કુંદન કરનારા;
હકીમ ભવરોગને હરનારા .... .... .... ગમે મને૦ ૨.
રહ્યો હતો વિષયોમાં વળગી, સરવ મારું જાતું હતું સળગી;
અંતરદશા એથી કરી અળગી .... .... .... ગમે મને૦ ૩.
જેણે મારા ઘટડામાં ઘર કીધું, વૈરાગ્યેથી મનડાને વીંધ્યું;
સમજાવ્યું સુખદાયક સીધું .... .... .... ગમે મને૦ ૫.

---

૧ 'પ્રાર્થનામંદિર' આ. ૧૬ : પૃ. ૮૧-૮૨

સૂતો હતો સોડ સદા તાણી, જગાડયો દીન કિંકર જાણી;
વંદે 'સંતશિષ્ય' આ વાણી .... .... .... ગમે મને૦ ૬[1]

આમ ગુરુનો પરમ ઉપકાર ગણતાં, જીવનભર માટેના તેમના વિરહની વ્યથા અનુભવતાં અને તેમના પરોક્ષ પ્રેમસ્વરૂપને ઘટ-અંતરમાં સંઘરતાં શ્રી નાનચંદ્રજી મહારાજ પોતાની ભવરમત વિવશતાથી આગળ રમી રહ્યા. તેમની જીવનસરિતાની સંયમયાત્રા હવે ગુરુવિહોણા વિશ્વમાં આગળ ચાલી રહી. લીંબડીમાં ગુરુસેવાર્થે ગાળેલાં નવ વર્ષે તેમાં કોઈ બિલકુલ જુદો જ પ્રાણ પૂર્યો હતો....

## સ્વાધ્યાય, સાહિત્યસર્જન અને સંસ્થાનિર્માણ

લીંબડીમાં ગુરુસેવાર્થે ગાળેલાં નવ વર્ષ દરમિયાન મુનિશ્રી નાનચંદ્રજી મહારાજનું જે અધ્યયન, સર્જન ઇત્યાદિ થયું તેની ઝાંખી કરવા સારુ તે બાબતમાં સ્વતંત્રપણે ડોકિયું કરવું જરૂરી છે.

અવનવું જાણવાની જિજ્ઞાસા અને વિવિધ વિશાળ વાચનથી સજ્જ અને સમૃદ્ધ થવાની આવશ્યકતા તેમને ઊંડા અધ્યયન તરફ ખેંચી જતી. ગુરુદેવશ્રી દેવચંદ્રજી મહારાજની પારદર્શી દૃષ્ટિ આ જોઈ ગયેલી. પરિણામે વચ્ચે વચ્ચે પોતાની સેવામાંથી તેઓ જ તેમને પ્રેમાગ્રહપૂર્વક મુક્ત કરતા અને સ્વાધ્યાયમાં જોડતા. એકાગ્ર-પણે ચાલતા તેમના આ અધ્યયનના ઉપક્રમમાં મુનિશ્રી નાનચંદ્રજી મહારાજને એક ઉપકારક વ્યક્તિનો પરિચય થયો. એ પરિચય હતો લીંબડીના જ વતની, ઊંડા અભ્યાસી, તત્ત્વચિંતક અને લેખક શ્રી છોટાલાલ હરજીવન 'સુશીલ'નો!

શ્રી 'સુશીલે' અંગ્રેજી સાહિત્ય ઉપરાંત શ્રેષ્ઠ બંગાળી સાહિત્યનું ઉચ્ચ જ્ઞાન સંપાદન કરેલું હતું. શ્રી અરવિંદ અને ગુરુદેવ રવીન્દ્ર-

---

[1] 'પ્રાર્થનામંદિર' આ. ૧૬ પૃ. ૧૫૬.

નાથ ઠાકુરના તેઓ સારા અભ્યાસી હતા. પંડિતયુગના ગુજરાતી સાહિત્યનો તેમ જ વિવિધ ધર્મો અને દર્શનોનો પણ તેમને ઠીક ઠીક પરિચય હતો. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ જન્મજાત ગુણગ્રાહી, સત્યશોધક, સમન્વયવાદી અને ઉદાર મતવાળા તો હતા જ. તેમાં શ્રી સુશીલ સાથેના વિશદ અધ્યયનમાં જૈનેતર તત્ત્વજ્ઞાનનું વિશાળ વાચન અને વિચારોનું આદાન-પ્રદાન થતાં તેઓ સાંપ્રદાયિક આગ્રહો, વલણો અને પકડોથી સવિશેષ મુક્ત થયા. પરિણામે તેમના પરિચયમાં આવનારા સમગ્ર માનવસમાજને—બુદ્ધિજીવી, શ્રમજીવી, સંપત્તિજીવી બધા વર્ગોના આબાલવૃદ્ધને—શ્રી નાનચન્દ્રજી મહારાજ તેમના પોતાના જ સંત હોય તેવી અસર થવા લાગી. આમ સ્વાધ્યાય અને શ્રી સુશીલ સાથેના વિદ્યાભ્યાસંગે તેમની ચેતનાના વિકાસમાં ઠીક ઠીક ઉમેરો કર્યો એમ કહી શકાય. અલબત્ત, આ નિમિત્તો પાછળ, તેમના મૂળમાં તો પડયું હતું પેલું **ઉપાદાન.** એ તેમને જંપવા શેં દે? જન્મજન્માંતરોની અનેક અભીપ્સાઓ, આક્રંદો, આરઝૂઓ, અંતરવ્યથાઓથી એ સિંચાયેલું હતું. અવનવા ઘાટ એ ગોઠવ્યા કરતું અને તેમને ઊંચે ને ઊંચે, ઊર્ધ્વપ્રતિ, ધકેલ્યા કરતું!

સ્વાધ્યાયની જેમ તેમના સાહિત્ય-સર્જનમાં પણ આ ઉપાદાને જ, પ્રથમ તો, કામ કર્યું. પ્રસંગો અને નિમિત્તો અનેકવિધ આવતાં રહ્યાં, પરંતુ તેમનું લક્ષ્ય એ બધાં સર્જનમાં જીવનની પરમ ચેતનાના સાગર ભણી વહેવાનું જ રહ્યું. પોતે પરમ પ્રેમની એ સરિતામાં વહેતા ગયા અને અનેકને સાથે વહેવડાવતા ને સ્નાન કરાવતા ગયા.

નવ વર્ષના આ ગાળામાં તેમની 'नवनवोन्मेषशालिनीप्रज्ञा' એવી કાવ્યપ્રતિભા અને અંતરસ્થ ભક્તિભાવના તેમની પાસે નવાં નવાં પદો બનાવરાવતી ગઈ અને 'સંતશિષ્ય'ના ઉપનામથી સદાને માટે પ્રેરક અને ઉદ્બોધક એવાં ભક્તિપદો તેઓએ રચ્યાં. ઉપાસના

અને ઉપદેશોમાં એ પદોનો ઉપયોગ થવા લાગ્યો. ભક્તિરસની એ પ્રેમસરિતામાં શ્રોતાસમૂહ તરબોળ થવા લાગ્યો.

આ સર્જનનો આરંભ થયો ભક્તિ અને બોધનાં અનેક પદો દ્વારા. તે પછી સંવાદ, નિબંધ વગેરે સાહિત્ય પણ છૂટુંછવાયું લખાયું. પદો આ વખતે 'સુબોધ સંગીતમાળા'(ભા. ૧–૨–૩)ના નામથી સંગ્રહાયાં, જેમાં સુધારા, વધારા, ઉમેરા સાથે પાછળથી 'ભજનપદપુષ્પિકા' પ્રસિદ્ધ થયેલી. આ ઉપરાંત ત્રણ ભાગમાં 'સંવાદો' (રૅસિટેશન્સ), 'આધ્યાત્મિક ભજનપદ પુષ્પમાળા,' 'સંસ્કૃત કાવ્યાનંદ' (ભા. ૧–૨–૩), 'સત્સંગતિ' (એક નિબંધ), વા. મો. શાહની તત્ત્વકથાઓનો ઉપોદ્ઘાત વગેરે સાહિત્યનું સર્જન અને સંપાદન પણ થયું અને એ બધું આ ગાળામાં પ્રસિદ્ધ પણ થયું. વર્ષો પછીથી શ્રી છોટાલાલ હરજીવન સુશીલે લખેલા લેખોના સંગ્રહનું 'આધ્યાત્મિક પ્રબંધાવલિ' રૂપે સંપાદન પણ તેમણે જ કરેલું. આ પછી 'માનવતાનું મીઠું જગત' ભાગ ૧થી ૪ નામે પોતાનાં પ્રવચન-પુસ્તકો પણ બહાર પડેલાં.[૧]

સાહિત્યસર્જન જેવું જ અસાધારણ લોકોપયોગી કાર્ય હતું પછાત જનતાના શ્રેયાર્થે સંસ્થાઓના નિર્માણનું. લીંબડીમાં તાત્કાલિક જેની જરૂર હતી તેવી કેટલીક સંસ્થાઓ માત્ર સ્થાનિક લોકો માટેના જ હિતની દૃષ્ટિથી નહિ, પરંતુ આજુબાજુના ગ્રામ–સમાજના પણ સવિશેષ હિતની દૃષ્ટિથી તેમણે સંપ્રદાયની બંધ પરંપરાઓને ભેદીને પણ શરૂ કરાવી. જૈન વિદ્યાશાળા, છાત્રાલય, અતિથિગૃહ, ભોજનશાળા ઇત્યાદિથી આ કાર્યનો આરંભ થયો, જે ભવિષ્યમાં ભેદભાવ વિના સારાયે ગ્રામસમાજ માટે ઉપયોગી થાય તેવી સાર્વજનિક મહિલા મંડળ સંસ્થામાં વિકસ્યો.

---

[૧] મોટા ભાગનું આ બધું સાહિત્ય પૂજ્ય શ્રી દેવચંદ્રજી સાર્વજનિક પુસ્તકાલય, લીંબડી દ્વારા ઉપલબ્ધ.

આમ ગુરુસેવાની સાથેસાથે ગુરુદેવની જ પ્રેરણા ને પ્રોત્સાહનથી તેમ જ પોતાની મૌલિક સૂઝથી તેમણે સ્વાધ્યાય, સાહિત્યસર્જન અને સંસ્થાનિર્માણનાં અભૂતપૂર્વ કાર્યો પણ આ ગાળામાં જ યથાયોગ્ય રીતે આરંભ્યાં એમ કહી શકાય.

## સાધુજનો અને સમાજની વચ્ચે અસંગયાત્રા

વિ. સં. ૧૯૭૭માં ગુરુદેવ શ્રી દેવચંદ્રજી મહારાજ કાળધર્મ પામ્યા પછી મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ સદ્ગુરુની છત્રછાયાવિહોણા બન્યા એ પણ તેમની સંયમયાત્રાના વિકાસ માટે આવશ્યક હતું. પોતાની અંદર જ બેઠેલા અંતર્યામીના આદેશોને સમજવા અને અનુસરવા માટેની તક તેમને આમ મળી રહી હતી. પોતાની જ ઉપર આસ્થા રાખી એકલપંથે ચાલવા, બહારનાં અનેક આવરણોને અળગાં કરી માંહ્યલા આતમરામને ઓળખતા ઓળખતા સ્વ-પરનું અને સમાજનું શ્રેય સાધવા તેમને આ કોઈ સાંકેતિક પ્રેરણા થઈ રહી હતી. સંયમયાત્રાના હવે પછીના અપરિચિત પંથો અને પ્રદેશોમાં હવે એકલા જ, આત્મબળના જ આધારે, વિચરવા પરમ ચેતના તેમને જાણે આમંત્રણ આપી રહી હતી:

पंथ रहने दो अपरिचित,
प्राण रहने दो अकेला ! [१]

તથાગત બુદ્ધના શબ્દોમાં કહીએ તો હવે તેમના અણદીઠ, અપરિચિત, એકલપંથે (અન્ય ગુરુબંધુઓ અને સાધુજનોના સંગ વચ્ચે વસવા છતાં પણ અંતરથી 'એકલપંથે') તેમણે પોતે જ પોતાના દિલનો દીવો બનવાનું હતું : 'आत्म दीपो भव ! '

આખર બહારના અન્ય આધારો અને આવરણો ક્યાં સુધી? વ્યક્તિનું, સાધકનું આત્મતેજ એ બધાની દીવાલો ભેદાય નહિ

---

[१] सुश्री महादेवी वर्मा : 'दीपशिखा'

ત્યાં સુધી કેમ પ્રકટી-પ્રસરી શકે? એ આધારોની આવશ્યકતાની ય, બાળકની ઠેલણગાડીની જેમ, એક મર્યાદા હોય છે ને! એક કાળમાં એની જરૂર હતી. એ પૂરો થયા પછી, સ્વાભાવિકપણે પૂરો થયા પછી, એ આવશ્યકતા સમાપ્ત થઈ.

મુનિશ્રી નાનચંદ્રજી મહારાજની સંયમયાત્રાનો સરિતાપ્રવાહ જેમ જેમ વેગપૂર્વક આત્મબળના આધારે વહેવા લાગ્યો તેમ તેમ તેમનું હીર પ્રગટવા લાગ્યું.

૪૪ વર્ષની ત્યારની ઉંમર, દૃઢ આત્મબળની આંતરિક અસર, બ્રહ્મચર્યતેજથી શરીરની વધેલી કાન્તિ અને તેમાં યે કંઠની કુદરતી બક્ષિસ—આ બધાંના પરિણામે પોતાની કાવ્યકૃતિ જ્યારે નિજાનંદની મસ્તીમાં ડોલતાં ડોલતાં પોતે જ ગાતા હોય ત્યારે એક અદ્ભુત વાતાવરણ ઊભું થઈ જાય અને એક વિરલ દર્શન જોવા મળે. એ ભક્તિ અને એની ખુમારી જાણે કોઈ ઓર જ!

તેમનું હીર, તેમની આત્મદશાનું દર્શન, જેવું તેમના ભક્તિગાનમાં દર્શાય તેવું જ તેમના પ્રવચન અને કથા-આખ્યાન-કથનમાં. તેમની આગવી, નિરાળી શૈલી અને તેમની પ્રાણવાણી માત્ર શ્રોતાજનસમૂહને મંત્રમુગ્ધ કરીને ક્ષણભર પૂરતી ડોલાવીને જ રહેતી નહિ, પરંતુ તેમના અંતરના ઊંડાણે પહોંચી તેમનાં દિલના દ્વાર ખખડાવીને તેમનું સંસ્કરણ અને જીવનનું પરિવર્તન પણ કરાવતી.

શાસ્ત્રજ્ઞાન અને આત્મગુણોની અનુભૂતિ ઉપરાંત જીવનદૃષ્ટિના થયેલા વિકાસને કારણે જગતના અન્ય દેશોમાં વહેતા વિવિધ પ્રકારના જીવનપ્રવાહો અને સંસ્કારોનો પણ તેમને સારો પરિચય થયેલો. આથી સર્વધર્મી આમજનતાને આકર્ષવાની અને કોઈપણ મત, સંપ્રદાય કે પંથના માણસો સાથે વિચારો અને ભાવનાઓનો સમન્વય કરવાની તેમનામાં અદ્ભુત શક્તિ આવી હતી. આના ફલસ્વરૂપ આત્મશ્રેય માટે અધિકાર પરત્વે જૈનનો ત્યાગધર્મ ને

નિર્ગ્રંથ દશા સર્વશ્રેષ્ઠ હોવા છતાં અને માનવા છતાં, તેઓ પોતે અનુભવથી એવું સમજી શક્યા હતા કે ગમે તે દેશનો, ગમે તે મતનો કે ગમે તે જાતિનો માણસ જો પોતાનામાં સર્વપ્રથમ માનવતાનો ગુણ કેળવે તો આત્મશ્રેય સાધવાનો પૂરો અધિકારી બની શકે છે.[1]

આવી સમન્વયી, શ્રેયસાધક ને સર્વોપકારક દૃષ્ટિપૂર્વકની તેમની અસંગયાત્રા જેમ આમસમાજની વચ્ચે ચાલી તેમ જ અન્ય સાધુજનો વચ્ચે પણ ચાલી. 'એકલ'યાત્રા છતાં સહયાત્રી ગુરુબંધુઓ અને અન્ય સાધુજનો સાથે તે સંવાદપૂર્વક ચાલતી રહી.

તે વખતે લીંબડી સંપ્રદાયના સાધુઓમાં ત્રણ મહાપુરુષો પ્રસિદ્ધ ત્રિપુટી તરીકે સન્માન પામતા હતા: (૧) પ્રસિદ્ધ વક્તા મહારાજશ્રી નાગજી સ્વામી (૨) શતાવધાની પં. મહા. શ્રી રત્નચંદ્રજી સ્વામી અને (૩) આપણા ચરિત્રનાયક કવિવર્ય પં. મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી. આ ત્રણેયમાં અનોખી અને અદ્વિતીય શક્તિઓનો વિકાસ થયો હતો એટલું જ નહિ, પણ તેમનો પરસ્પરનો પ્રેમ અને સદ્ભાવ પણ ઉચ્ચ કોટિનો હતો. જ્યારે જ્યારે અને જે જે ક્ષેત્રમાં તેઓ સૌનું મિલન ને સહજીવન યોજાતું ત્યારે ત્યારે અને ત્યાં ત્યાં આનંદ અને ઉત્સાહનું અપૂર્વ વાતાવરણ જામતું અને સમાજમાં પણ તેના સુભગ સંવાદી આંદોલનો પ્રસરી જતાં.

આમ સમાનપંથી સાધુજનો અને બહુજનસમાજની વચ્ચે ચાલેલી મુનિશ્રી નાનચંદ્રજી મહારાજની એકલયાત્રા પ્રથમ પ્રયાસે જ સફળતાનાં એંધાણ આપવા માંડી. અંતરમાં

[1] તુલનાયોગ્ય: (૧) 'જાતિ, વેશનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય.'
—આત્મસિદ્ધિ શાસ્ત્ર

(૨) તું ગમે તે ધર્મ માનતો હો તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય એ કે જે રાહથી સંસારમળ નાશ પામે તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે... —શ્રીમદ્ રાજચંદ્ર

નિશ્ચયદૃષ્ટિથી પોતાને એકલ, અસંગ અને ભિન્ન અનુભવવા છતાં, બાહ્યમાં વ્યવહારદૃષ્ટિથી તેઓ પોતાને સૌના શ્રેયના સંગાથી, સુખદુ:ખના સમભાગી અને અભિન્ન અનુભવવા લાગ્યા.

વીતરાગના માર્ગની સારશોધક, સંવાદી, સમન્વયી અને સ્યાદ્વાદલક્ષી જીવનદૃષ્ટિ જાણે તેમના પ્રત્યક્ષ જીવન દ્વારા ચરિતાર્થ થઈ રહી....

## સેવાભાવી મુનિનો યોગ (મુનિ હર્ષચંદ્રજી)

હવે સંવત ૧૯૭૭થી મુનિશ્રી નાનચંદ્રજી મહારાજની સાધકજીવનની સંયમયાત્રા આગળ ચાલે છે અને ત્યારથી માંડીને સં. ૧૯૮૧ સુધીનો પાંચ વર્ષનો બાકીનો ગાળો પૂરો થતાં દીક્ષિત જીવનનાં પચીસ વર્ષ પૂરાં કરે છે.

આગળ જોયું તેમ પૂજ્ય ગુરુદેવ શ્રી દેવચંદ્રજી મહારાજ કાળધર્મ પામ્યા પછી તેઓ પોતાના આત્મવિકાસ માટે સ્વાશ્રયી અને સ્વતંત્ર થયા હતા. એટલે ત્યાર પછીનાં વર્ષોની તેમની પૂર્વોક્ત એવી એકલયાત્રા આગળ ચાલવા લાગી અને તેમનું આગવું મૌલિક વ્યક્તિત્વ ઝળકવા લાગ્યું. એ ક્રમમાં સંયમની આરાધના કરતાં કરતાં ગામોગામ વિચરીને પોતે સમગ્ર કાઠિયાવાડનાં મોટાં શહેરોને પોતાની વક્તૃત્વશક્તિ, કવિત્વશક્તિ અને ઉપદેશશૈલીથી પ્રભાવિત કરવા લાગ્યા. આ દરમિયાન જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં ત્યાં જૈન વિદ્યાશાળા, છાત્રાલય અને બહેનોના ઉદય માટે મહિલા મંડળ, ગૃહઉદ્યોગ વગેરે સામાજિક સંસ્થાઓ તેમ જ પ્રવૃત્તિઓમાં પણ પ્રાણ પૂરવા લાગ્યા.

સ્વ-પર શ્રેય માટેની આમ વિકસતી જતી યાત્રા છતાં મુનિશ્રી નાનચંદ્રજી મહારાજે હજુ સુધી પોતાના શિષ્ય તરીકે કોઈને દીક્ષિત કર્યા ન હતા. જોકે સહયાત્રી તરીકે બીજા બેત્રણ સાધુઓ તો હતા જ. ઉપરાંત સેવકો અને તેમનો પડયો બોલ ઝીલનારા અનુ-રાગીઓ ગામોગામ ઘણા હતા, પરંતુ ત્યાગી જીવનની જવાબદારી

સ્વીકારી શકે અને જીવનપર્યંત એને પાર પાડી શકે તેવા કોઈ શિષ્યને તૈયાર કર્યા ન હતા. છેવટે જ્યારે પોતે સં. ૧૯૮૧ની સાલમાં થાનગઢમાં પોતાનો ૨૬મો ચાતુર્માસ કર્યો અને કાઠિયાવાડ છોડીને દૂરના પ્રદેશમાં વિચરવાની ભાવના જાગી ત્યારે તેમણે આ વિશે વિચાર કર્યો.

આ વખતે તેમના વડીલ ગુરુબંધુઓ—સહપંથી સાધુજીઓ—મહારાજશ્રી સુંદરજી સ્વામી તથા મહારાજશ્રી રાયચંદ્રજી સ્વામી વૃદ્ધ હોવાથી લાંબા વિહાર માટે વિચરી શકે તેમ ન હતા, એટલે તેઓ બન્ને લીંબડીમાં રહ્યા અને મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ પ્રત્યે જેમને ભક્તિ જાગી હતી એવા મુનિશ્રી હર્ષચંદ્રજી સ્વામી (કે જે તપસ્વી મહારાજશ્રી શામજી સ્વામીના શિષ્ય હતા) પોતાના ગુરુની આજ્ઞા મેળવીને મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજની સેવામાં સાથે આવીને રહ્યા. આવી અનુકૂળતા થવાથી મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજ અને મુનિશ્રી હર્ષચંદ્રજી ઠાણા ૨, કાઠિયાવાડની ધરતી છોડીને આગળ વિહાર કરવા લાગ્યા.

## મુંબઈભણી પ્રથમ વિહાર

મુનિશ્રી હર્ષચંદ્રજી મહારાજ મૂળ વતની લાકડીઆ–કચ્છ-વાગડના. ઊંચું કાઠું, ખડતલ હાડ ને ભોળું ભદ્રિક સેવાપ્રધાન હૃદય. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજની બધી કાળજી તેઓ વિહારમાં રાખે. પોતે કષ્ટ વેઠી લે ને તે કળાવા પણ ન દે. તેમને ગળામાં કાકડાનું દર્દ હતું. પોતે તેની દરકાર ન રાખે, પરંતુ મુનિશ્રી નાનચંદ્રજી મહારાજને તેની જાણ થઈ કે તુરત તેઓશ્રી તે માટેના ઉપચાર વિચારવા લાગ્યા. તે વખતે નડિયાદની મિશનરી હૉસ્પિટલમાં ઑપરેશનો સારાં થતાં હતાં: એટલે વિહાર કરીને બન્ને ઠાણા નડિયાદ પહોંચ્યા અને મુનિશ્રી નાનચંદ્રજી મહારાજના લાગણીભર્યા આગ્રહથી મુનિશ્રી હર્ષચંદ્રજીએ કાકડાનું ઑપરેશન કરાવ્યું.

ઑપરેશન સારું થયું અને પૂરતો આરામ થયો એટલે ત્યાંથી આગળ વધવાની ભાવના થઈ. પરિણામે ચરોતરના ફળદ્રૂપ પ્રદેશને અને નર્મદાતટની શાંત તપોભૂમિને પાર કરતા ભરૂચ જિલ્લો વટાવી પ્રકૃતિના વિરાટ સ્વરૂપને નિહાળતા, અનેકવિધ સંતો–સજ્જનોનો પરિચય-સત્સંગ કરતા અને વિશાળ લોકસમાજને ધર્મ-ભક્તિની ધારાથી પાવન અને જાગ્રત કરતાં કરતાં તેઓ બન્ને સૂરત પધાર્યા.

સૂરતમાં મુનિશ્રી નાનચંદ્રજી મહારાજનો લાક્ષણિક પ્રતિબોધ શરૂ થયો કે અનેક જિજ્ઞાસુ જનો આકર્ષાવા લાગ્યા. આ સમાચાર મુંબઈ પહોંચવાથી અને તે વખતે મુંબઈમાં સ્થાનકવાસી સાધુઓ જવલ્લે જ પધારતા હોવાથી મુંબઈના ધર્મસ્નેહીઓ અને ભક્તો તુરત સૂરત આવ્યા. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજને તેમણે મુંબઈ પધારવાનું ભાવભર્યું આમંત્રણ આપ્યું.

આ વખતે સં. ૧૯૫૭થી આરંભાયેલી મુનિશ્રી નાનચંદ્રજી મહારાજના સાધકજીવનની સંયમયાત્રાએ પચ્ચીસ વર્ષ સમાપ્ત કર્યાં હતાં અને તેમની પાવનકારી જીવનસરિતાએ ઊંડાણ ને વિશાળતા— બન્ને પ્રાપ્ત કર્યાં હતાં.

# ૩

# પ્રૌઢાવસ્થા

## સ્વ-પર શ્રેયરત જીવન

૫૦થી ૬૧ વર્ષ : સં. ૧૯૮૨-૧૯૯૩

# યુગચિંતન

સાધકજીવનની સંયમયાત્રાનાં પ્રથમ પચ્ચીસ વર્ષ દરમિયાન મુનિશ્રી નાનચંદ્રજી મહારાજે શ્રી વીતરાગપ્રણીત સમ્યક્ જ્ઞાન-દર્શન-ચરિત્રની આરાધના પોતાના ગુરુદેવની નિશ્રામાં આરંભી અને તેમના દેહોત્સર્ગ(કાળધર્મ) બાદ પણ યથાપ્રકારે ચાલુ રાખી. સાધનાના આ ક્રમમાં ગુરુસેવા, અધ્યયન, ચિંતન, સાહિત્ય-સર્જન, વ્યાખ્યાનકાર્ય, નિયામત ભક્તિ-પ્રાર્થના, સંસ્થાનિર્માણ, સમાજ-શ્રેયપ્રવૃત્તિઓ, બાહ્યાંતર તપ અને એકાંત ધ્યાન—આ બધું સમુચિતપણે ચાલ્યું. આ બધાંને કારણે તેમના જીવનપ્રવાહમાં ઊંડાણ અને વિશાળતા આવ્યાં. પછી તો એ જીવનપ્રવાહ ઉન્મુક્ત બની વહેવા લાગ્યો. વધુ ને વધુ મુક્ત, વધુ ને વધુ મૌલિક, વધુ ને વધુ અનાવૃત્ત(ખુલ્લા) પોતે બનવા લાગ્યા. પરિણામે તેઓ ધર્મ, જ્ઞાતિ, ભાષા, પ્રાંતના બધા ભેદોને ભેદીને અપ્રતિબંધપણે અનેક સાધકોનો સંસ્પર્શ કરવા લાગ્યા.

બીજી તરફથી ઊંડાણભર્યા તત્ત્વચિંતનથી અને જાગ્રત જીવન-નિરીક્ષણથી તેઓ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવયુક્ત વસ્તુનું સ્વરૂપ બરાબર સમજવા-પામવા લાગ્યા. સ્યાદ્વાદની સમન્વય, સંવાદ ને સંતુલનભરી જીવનદૃષ્ટિ તેમનામાં વણાઈ ગઈ. દેશ અને દુનિયાની પરિસ્થિતિ પરત્વેનું તેમનું ચિંતન સ્પષ્ટ થયું. પોતે જોયું કે દેશમાં ને દુનિયામાં શું બની રહ્યું છે. પોતે એ પણ ચિંતવ્યું કે આ પરિસ્થિતિ વચ્ચે ધર્મતત્ત્વ અને વીતરાગ દેવોએ પ્રરૂપેલ ધર્મ વ્યક્તિની અને વિશ્વની શાંતિ માટે કેવી રીતે ઉપકારક બની શકે તેમ છે. પરંતુ સાથેસાથે તેમણે એ પણ અવલોકન કર્યું કે વીતરાગ દેવોના ધર્મમાર્ગના અનુસરનારાઓ જ, ગચ્છભેદોથી સંપ્રદાયોરૂપે વિભક્ત થઈ ગયા છે અને મૂળ માર્ગથી દૂર ચાલ્યા

ગયા છે. ધર્મક્ષેત્રની, સમાજની અને દેશની પણ આવી દુર્દશાનું નિદાન શોધતાં શોધતાં તેમને એ જણાઈ આવ્યું કે એક તરફથી સદીઓ થયા ધાર્મિક ક્ષેત્રે અનેક ધર્મશાસકોની તેમ જ રાષ્ટ્રીય ક્ષેત્રે મુખ્યત્વે અંગ્રેજ લોકોની ગુલામીથી આર્યસંસ્કૃતિ પ્રાણહીન થઈ ચૂકી છે અને બીજી તરફથી વિવેકશૂન્ય જનસમાજ પ્રમાદને કારણે વક્ર, જડ અને નિર્વીર્ય થતો આવ્યો હોઈ તેની ચિંતનશક્તિ કુંઠિત થઈ ગઈ છે, તેનું ખમીર ઓસરી ગયું છે અને તેને પોતાની આત્મશક્તિનું વિસ્મરણ થઈ ગયું છે. આવા સમાજને સમર્થ ધર્મનેતાઓ અને પ્રાણવાન રાષ્ટ્રનેતાઓ જ જગાડી, ઢંઢોળી, સન્માર્ગ પર જોડી, પલટાવી શકે.

સદ્ભાગ્યે ભારતભૂમિના ક્ષિતિજ પર ત્યારે મહાત્મા ગાંધીજી આ દુર્દશાથી વ્યથિત થતા આવી ઊભા હતા અને પોતાની જીવન-સાધના દ્વારા રાષ્ટ્રના જાગરણ માટેની તદ્દન નવી જ પ્રવૃત્તિઓ અને કાર્યપ્રણાલીઓ વિકસાવી-વિસ્તારી રહ્યા હતા.

પોતાના અનુભવ અને મંથનના નિચોડરૂપે પોતાની શાંત પ્રક્રિયાથી ગાંધીજીએ દેશમાં એક નવી જ હવા ઉત્પન્ન કરી હતી. તેમની અહિંસક લડત, સ્વદેશી આંદોલન, સ્વાવલંબી–સ્વાશ્રયી જીવન અને ન્યાય-નીતિમાં દૃઢતા વગેરે વિચારપ્રવાહથી અને આચારમાં સત્યાગ્રહી વલણથી આખો દેશ જાગી રહ્યો હતો.

એ વિચારો અને એ પ્રયોગો 'સારું ને સાચું' સ્વીકારવા સદા ખુલ્લા રહેનારા મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજને સ્પર્શી ચૂક્યા હતા. એટલે ધર્મદૃષ્ટિએ મહાત્મા ગાંધીજીના વિચારો કેવા અને કેટલા અનુરૂપ છે તેનું અનુશીલન કરીને એ વિચારોને પોતાની આગવી શૈલીથી તેઓ રજૂ કરવા લાગ્યા હતા. આથી રૂઢિચુસ્ત અને માત્ર ક્રિયાકાંડનો જ આગ્રહી વર્ગ મહારાજશ્રીની વિચારસરણીથી આંચકો અનુભવીને ચમકી જતો, પરંતુ મહારાજશ્રી પોતાની નૈતિક હિંમત અને દૃઢતાથી એ રજૂ કર્યે જતા. આના

પરિણામે આજથી ૪૦-૪૫ વર્ષ પહેલાંના તે જમાનામાં મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ 'સુધારક સાધુ' તરીકે ઓળખાવા લાગ્યા.

આવા ક્રાન્તિકારી સાધુની મુંબઈ જેવા વિશાળ ક્ષેત્રમાં આવશ્યકતા હતી અને મુંબઈ પધારવા માટે તેમને સૂરતથી જ નિમંત્રણ મળી ચૂકયું હતું એટલે સમયની માગનો ખ્યાલ કરીને મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ તથા શિષ્યભાવે રહેલા મુનિશ્રી હર્ષચંદ્રજી ઠાણા ૨એ સૂરતથી વિહાર કરી પ્રથમ વાર મુંબઈ ભણી પ્રયાણ કર્યું.

## મુંબઈમાં

મુંબઇમાં એ દિવસોમાં માત્ર ચીંચપોકલીમાં જ સ્થાનકવાસી જૈન સાધુઓ માટેનો ઉપાશ્રય હતો. પરંતુ મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ પ્રત્યે ભક્તિભાવવાળો અને તેમના વિચારોને ઝીલી શકનારો મોટો અને જાગ્રત વર્ગ ઘાટકોપરમાં રહેતો હતો. આથી મુંબઈનું તેમનો બે ઠાણાનો પ્રથમ ચાતુર્માસ ઘાટકોપરમાં થયો.

હીરાની પરખ ઝવેરી કરે. મહારાજશ્રીના હીરની પરખ મુંબઇની જૈન-જૈનેતર જિજ્ઞાસુ ને જાગ્રત આમજનતા કરી રહી અને તેમના સત્સંગ તેમ જ વ્યાખ્યાનશ્રવણનો ખૂબ લાભ લઈ રહી. ભારતમાં ત્યારે ગાંધીયુગ બેસી ગયો હતો અને ઉપર કહ્યું તેમ, મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ પણ પોતાના મનન-ચિંતનના પરિણામે તે અરસામાં ગાંધીવિચારધારાના અનુમોદક-પુરસ્કર્તા બન્યા હતા એટલુંજ નહિ, હિંમતપૂર્વક ક્રાન્તિ કરીને સંપ્રદાયની ચીલાચાલુ પ્રણાલિકાને ગૌણ કરી, પોતાના કથન અને આચરણ દ્વારા ગાંધીજીની વિચારધારાને અનુમોદન આપી રહ્યા હતા અને જૈન સિદ્ધાંત-જૈન જીવનદર્શન-સાથે તેનો અનુબંધ બેસાડી રહ્યા હતા; મેળ કરી રહ્યા હતા.

આમ બન્નેના સમન્વયપૂર્વકનું અને યુગાનુરૂપ એવું જીવન-દર્શન તેઓ પોતાનાં વ્યાખ્યાનો દ્વારા રજૂ કરતા અને શુદ્ધ ખાદી, સ્વદેશી વગેરે અપનાવીને પોતાના પ્રત્યક્ષ વર્તન દ્વારા તે સિદ્ધ કરતા. ખાદીના મર્મને તેમણે એવો તો પકડયો કે ખાદી તેમના જીવનમાં વણાઈ ગઈ અને તેમણે તેને અંત સુધી અપનાવી રાખી. પોતાના અનુયાયીઓ, પરિચિતો અને સાન્નિધ્યમાં રહેનારાઓને પણ તેમણે એ માર્ગે ચડાવ્યા !

ઘાટકોપરના ચાતુર્માસથી જાણે મુનિશ્રી નાનચંદ્રજી મહારાજના જીવનના નવા ઉત્કર્ષનું મંડાણ થયું હોય તેમ ત્યાંની આમજનતા ઉપરાંત શિક્ષિત વર્ગ પણ અને અન્યધર્મી વર્ગ પણ તેમના પ્રત્યે આકર્ષાયો હતો. ગાંધીવિચારધારાની પુરસ્કૃતિ, યુગાનુરૂપ ક્રાંતિકારી જીવનદૃષ્ટિ અને સ્યાદ્વાદ-સમન્વયપૂર્વકની સર્વધર્મસમભાવી વૃત્તિનુ આ પરિણામ હતું.

આમ એ ચાતુર્માસમાં અનેક પ્રકારના ધર્મ, વય અને વૃત્તિ-વાળા હજારો શ્રોતાઓ રોજ વ્યાખ્યાન સાંભળવા આવવા લાગ્યા અને પ્રતિબોધ પામવા લાગ્યા. **सव्व जीवं करुं शासनरस्सीं** ની, સર્વના શ્રેય માટેની 'સર્વોદય'ની ભાવના તેઓ સાકાર કરવા લાગ્યા....તેમની વિશાળ ને વિશાળ બનતી જતી જીવનસરિતામાં સ્નાન કરી અનેક વિકાસવાંછુ આત્માઓ પાવન થવા લાગ્યા....

## પ્રતિબોધિત બે જિજ્ઞાસુઓ

ઘાટકોપરના ચાતુર્માસમાં જે અનેકવિધ શ્રોતાઓ આવતા હતા તે પૈકી બે ભવ્ય જીવોને તીવ્ર અંતર્ભેદી પ્રતિબોધ થયો. બન્ને વણિક કુળમાં જન્મેલા. એક દશા શ્રીમાળી ને બીજા વિશા શ્રીમાળી. બન્નેની જન્મભૂમિ કાઠિયાવાડ–હાલારમાં મચ્છુકાંઠો. બન્નેનાં ગામો પણ—સજજનપર અને ટોળ-ટંકારા—નજીક નજીક અને છતાં જન્મથી

માંડીને ૨૪–૨૫ વર્ષની ઉંમર સુધીમાં એ બેમાંથી કોઈ એકબીજાને મળેલા નહિ! આ ચાતુર્માસ દરમિયાન પણ એ બંનેનું ક્યાંય પરસ્પર મિલન થયેલું નહિ. પરંતુ બન્નેનાં ઉપાદાન તૈયાર હોવાથી જેમ કઢેલા દૂધમાં મેળવણ નાખતાં મીઠું દહીં તૈયાર થઈ જાય તેમ એ બન્નેના હૃદયમાં ગુરુદેવશ્રી નાનચંદ્રજી મહારાજના ઉપદેશરૂપી અમૃતનું સિંચન થયું કે બન્ને તુરત વૈરાગ્યવાસિત થઈ ગયા!

ચોવીસ વર્ષની ભરયુવાન ઊગતી વય, ગાંધીવિચારોનો બહુ વહેલેથી લાગેલો રંગ, જીવનના રહસ્યને શોધવા માટેની અદમ્ય જિજ્ઞાસા અને અંતરઊંડેથી પ્રગટેલી વૈરાગ્યની ભાવધારા—આવી ભૂમિકાવાળા પ્રથમ ભાઈ શ્રી ચુનીલાલને મુનિશ્રી નાનચંદ્રજી મહારાજનો યોગ મળી ગયો. બસ! જોઈતું મળી જાય પછી પૂછવું જ શું? ઘાટકોપરના ચાતુર્માસ પૂરા થવાને આડે એક મહિનો બાકી છે....મહારાજશ્રીની ઉપદેશસરિતા સતત વહેતી રહે છે અને તેમની આસપાસ મધપૂડાની જેમ જિજ્ઞાસુઓ ઘેરી વળીને રહે છે.... એક દિવસ એકાંત શોધીને ભાઈશ્રી ચુનીલાલ મહારાજશ્રી પાસે આવ્યા. જરાય પરદો રાખ્યા વિના પોતાનું દિલ તેમની પાસે ઠાલવ્યું. સંસારના સર્વસંગપરિત્યાગ માટેની વિનતિ મૂકી. બધી વાત સાંભળીને મહારાજશ્રી મૌન રહ્યા. વિચારમાં ડૂબ્યા. પોતે ઉદાર, ઉન્નત વિચારના, દૂરદર્શી અને સમયસૂચક હોવાને કારણે પ્રથમ તો તેમણે ભાઈશ્રી ચુનિલાલના જીવનનો ઇતિહાસ જાણ્યો. આ વિશેની વાત-ચીત દરમિયાન તેઓએ જાણી લીધું કે ભાઈશ્રી ચુનીલાલ નાનપણથી મોરબીમાં પોતાના મોસાળમાં ઊછર્યા છે. પ્રાથમિક કેળવણી અને અંગ્રેજી પાંચમી સુધીનું શિક્ષણ મોરબીમાં જ વી. સી. હાઈસ્કૂલમાં પામ્યા છે અને પછી ઉંમરલાયક થતાં સંયોગવશાત જુદા જુદા પ્રદેશોમાં અને જુદી જુદી પરિસ્થિતિઓમાંથી પસાર થતાં ગાંધીજીની વિચારધારા પ્રત્યે તેમનું મન ઢળ્યું છે એટલું જ નહિ, ધાર્મિક દૃષ્ટિએ પણ તેમનું મન વૈરાગ્યથી વાસિત બન્યું છે. વિશેષતઃ

શ્રી ચુનીલાલ પર ગાંધીવિચારનો ખૂબ જ પ્રભાવ હોવાને કારણે, એક હિતબુદ્ધિ ધરાવતા અને શીઘ્ર શિષ્ય બનાવી દેવાની સ્પૃહાથી વેગળા એવા મુનિશ્રી નાનચંદ્રજી મહારાજે સર્વપ્રથમ તેમને ગાંધીજીના આશ્રમમાં જોડાવાની વાત જણાવી અને એ શ્રેણીએ જ આગળ વધવા માટેનું સૂચન કર્યું.

પરંતુ ઉત્કટ વૈરાગ્યભાવનાનું અને પરસ્પરના ઋણાનુબંધનું જોર વિશેષ હોવાથી એ ભાઈને મહારાજશ્રી પ્રત્યે જ ખેંચાણ થયું અને જિન-પ્રવજ્યાના સાધનમાર્ગે જ આગળ વધવા તેમણે મહારાજશ્રીની પાસે પોતાનો દઢ નિર્ધાર ફરી વ્યક્ત કર્યો. અંતે તેમની વિનતિ, દઢતા અને ભાવનાની સામે મહારાજશ્રીને સંમત થવું પડયું અને પહેલાં તેમને અભ્યાસ તેમ જ અનુભવ સારુ પોતાની સાથે રહેવાની અનુમતિ આપી.

મહાજશ્રીની અનુમતિ મળતાં ભાઈશ્રી ચુનીલાલ પોતાના મોટાભાઈ શ્રી ભાઈચંદભાઈની સંમતિ મેળવીને ઘાટકોપરના ચાતુર્માસની પૂર્ણાહુતિ પછી મહારાજશ્રી સાથે જોડાયા.

શ્રી ચુનીલાલ પછીના બીજા ભાઈ હતા શ્રી શિવલાલ: ભાવિક, મૌલિક વિચારવાળા, શોધકવૃત્તિના અને કંઈક કરી બતાવવાની તમન્નાવાળા. ઘાટકોપરમાં તેઓ મહારાજશ્રીનાં વ્યાખ્યાનોમાં આવે, એ શ્રવણમાં અને સંગમાં તેઓ આત્મીયતા પણ અનુભવે, પરંતુ સંજોગવશાત તેઓ મહારાજશ્રીને મળી કે વાત કરી ન શકે. આમ છતાં તેમની વૈરાગ્યદશા જાગ્રત થઈ ચૂકી હતી અને મહારાજશ્રી પ્રત્યેનો તેમનો અંતરપ્રવાહ અવિચ્છિન્નપણે વહી રહ્યો હતો. આથી પ્રત્યક્ષ પરિચય-પ્રસંગથી દૂર અને વાણીથી મૌન રહ્યા છતાં ભાવથી તેઓ મહારાજશ્રીની સાથે જોડાઈ ચૂક્યા હતા!

આમ ઘાટકોપરના **ચાતુર્માસે,** અનેકને ઢંઢોળવા ઉપરાંત આ બે જિજ્ઞાસુઓને પ્રતિબોધ પમાડી મુનિશ્રી નાનચંદ્રજી મહા-

રાજની જીવનયાત્રામાં અપૂર્વ ફાળો આપ્યો. તેમની જીવનદૃષ્ટિ મુજબના ઉમેદવારો તેમને આપોઆપ જ ત્યાં આવી મળ્યા. હા, ભાઈશ્રી શિવલાલનું પ્રત્યક્ષ સાથે જોડાવાનું હજુ બાકી હતું....

## પુનઃ ગુજરાત ભણી...

ઘાટકોપરના ચાતુર્માસ એક નવું વાતાવરણ ઊભું કરીને સમાપ્ત થયા. ક્રાંતિકારી સાધુ માટે અપેક્ષિત હતી એવી 'પ્રશ્નોભરી આંખો' પણ તેમના પ્રત્યે ઊઠી, તો બીજી બાજુથી તેમના માટે પ્રાણ પાથરતા અનેક ભક્તો પણ તૈયાર થયા. આજુબાજુનાં અનેક સ્થાનોમાં વિહાર, સ્થિરવાસ અને આગામી ચાતુર્માસો માટે પણ નિમંત્રણો મળ્યાં....મુંબઈના ચતુર્વિધ સંઘે તેમને ખૂબ વિનતિઓ પણ કરી, પરંતુ તેઓ તેમને પ્રત્યુત્તરમાં કહી રહ્યા :

"સરિતાનું કામ એક ક્ષેત્રમાં બંધાઈ રહેવાનું નથી હોતું. પરિવ્રાજકનું કામ પણ બધે સરિતાની જેમ નિર્બંધ વહેતાં વહેતાં અનેક તરસ્યાંઓની તરસ છિપાવવાનું અને વીજળીની જેમ બધે જૂનાપુરાણા નિરર્થક જડ આગ્રહોને જલાવી ક્રાંતિની ચિનગારી ચાંપતા જવાનું હોય છે. આ દૃષ્ટિએ મુંબઈમાં એક ચાતુર્માસ થયું તે ઓછું છે? બીજાં ક્ષેત્રોને પણ લાભ આપવો જોઈએ. મુંબઈ વળી ફરી અવસરે આવવા વિચારીશુ."

મહારાજશ્રી દૃઢ હતા. તેમની વધતી જતી પ્રશંસા સમયે પણ નિઃસ્પૃહ રહી એક ક્ષેત્રમાં વધુ રહેવાની આસક્તિ છોડવા માગતા હતા. તેમના દૃઢ મનોબળ આગળ અનેક વિનતિઓ વિફળ ગઈ અને તેઓ એક ચાતુર્માસમાં જ અપાર પ્રતિબોધનું કાર્ય કરી, નવી ચેતના જગાડી, નવતર દિશા ચીંધી, પુનઃ ગુજરાત-સૌરાષ્ટ્રભણી આવવા પ્રયાણ કરી રહ્યા. તેમની સાથે હતા મુનિશ્રી હર્ષચંદ્રજી અને આત્માર્થી અભ્યાસી ભાઈશ્રી ચુનીલાલ.

# પ્રથમ દીક્ષિત : ભાઈશ્રી ચુનીલાલ

મુંબઈથી પાછા વિહાર કરતાં કરતાં મહારાજશ્રી પોતાના સંગાથી મુનિશ્રી હર્ષચંદ્રજી અને ભાઈશ્રી ચુનીલાલ સાથે અનુક્રમે અમદાવાદ પહોંચ્યા. તેમના સાથે ભાવથી જોડાઈ ચૂકેલા ભાઈશ્રી શિવલાલે એ જ વખતે મુંબઈથી પત્ર દ્વારા પોતાના એ આંતરિક પ્રવાહને વાચા આપીને પૂ. મહારાજશ્રીને પોતાની ભાવના જણાવી.

તેમને અમદાવાદ મળવા બોલાવાયા.

ભાઈશ્રી શિવલાલે આવીને વિગતે વાત કરી. વિચારોનું આદાનપ્રદાન થયું. થોડો સમય સાથે રહ્યા. તેમની યોગ્યતા અને મક્કમતા જોઈ પૂ. મહારાજશ્રીએ તેમને માર્ગદર્શન આપ્યું અને જીવનના ઊર્ધ્વીકરણની પ્રાથમિક તૈયારીઓ ચાલુ થઈ. પૂ. મહારાજ-શ્રીના આદેશાનુસાર પોતે જે વ્યવસાય કરતા હતા તેના પર મર્યાદા મૂકી અને બીજા સંબંધો પણ ઓછા કરવા લાગ્યા.

મુનિશ્રી નાનચંદ્રજી મહારાજે પોતાના સહવાસમાંની વાતચીત દરમિયાન ભાઈશ્રી શિવલાલને તદ્દન નિખાલસભાવે અને વિનાસંકોચે પોતાની અંતરભાવના જણાવવા કહ્યું અને ત્યાગીજીવનના સ્વીકાર માટેનો તેમનો પોતાનો નિર્ણય જાણવા ઇચ્છયું. ભાઈશ્રી શિવલાલનો એ અંદરથી જ ઊગેલો અંતિમ નિર્ધાર હતો એટલે જવાબ વાળતાં તેમણે જણાવ્યું કે :

"જ્યારથી આપનો ઉપદેશ સાંભળ્યો છે ત્યારથી આત્મશ્રેય માટે શ્રી વીતરાગનો ત્યાગમાર્ગ જ મને અભીષ્ટ લાગ્યો છે. એટલું જ નહિ પણ એ માર્ગના ભોમિયા તરીકે વિચરતા અનેક સાધુ-પુરુષોના પરિચય પછી આપના પ્રત્યે જ મારું મન આકર્ષાયું છે. હું ઇચ્છું છું કે આપ મારા જીવનના નેતા બનો."

શ્રી શિવલાલના આવા પ્રત્યુત્તરથી મહારાજશ્રીને ખૂબ જ સંતોષ થયો અને પછી કહ્યું કે, "હાલમાં તો તમારે તમારી વ્યાવ-હારિક ગૂંચ ઉકેલવાની હોવાથી મુંબઈ પાછા જવાનું છે. અમો

પણ વિહારમાં છીએ અને લીંબડી પહોંચવાનું છે. એટલે બધી તૈયારી કરીને ચાતુર્માસ પહેલાં તમે લીંબડી આવો અને અમારી સાથે વૈરાગ્યભાવે રહેલા ભાઈશ્રી ચુનીલાલ સાથે તમો પણ અભ્યાસમાં જોડાઓ એ વધારે ઇચ્છવાયોગ્ય છે."

પૂજ્ય ગુરુદેવની આ આજ્ઞા ભાઈશ્રી શિવલાલે શિરોમાન્ય કરી એટલું જ નહિ પણ તેઓશ્રીની વાત્સલ્યભરપૂર પાવનદૃષ્ટિથી પોતે ધન્ય થયા. ત્યારબાદ તેઓ અમદાવાદથી મુંબઈ ગયા અને જ્યારે પૂજ્ય મહારાજશ્રી વિહાર કરતાં કરતાં અનુક્રમે લીંબડી પહોંચ્યા ત્યારે ભાઈશ્રી શિવલાલ બધી રીતે નિવૃત્ત થઈને ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજ સમક્ષ પાછા હાજર થઈ ગયા.

મહારાજશ્રીએ અપૂર્વ સ્નેહભાવથી તેમને અપનાવ્યા અને ભાઈશ્રી ચુનીલાલ સાથે તેમનો ધાર્મિક અભ્યાસ ચાલુ થયો. બંને સહાધ્યાયી બન્યા. 'समानशीलव्यसनेषु सख्यम्'ના નિયમ મુજબ બંનેમાં ઘણી સમાનતા હતી. બન્ને સરખા વૈરાગ્ય-પરિણામવાળા, બંને રાષ્ટ્રીય વિચાર ધરાવનારા, બન્ને વિદ્યાનિષ્ઠ, બન્ને તિતિક્ષાપૂર્ણ. આથી ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજના પ્રેમાળ સાન્નિધ્યમાં બન્નેની શીલગુણસાધના અને વિદ્યાસાધના સરસ રીતે ચાલી. સંસ્કૃત-પ્રાકૃત ભાષાઓનો અને વિવિધ શાસ્ત્રોનો અભ્યાસ આરંભાયો.

લીંબડી સંપ્રદાયની પ્રણાલિકા મુજબ દીક્ષાના ઉમેદવારે ઓછામાં ઓછું એક વર્ષ તો ગુરુમહારાજ સાથે વિચરી, વસી, ત્યાગી જીવનનો પરિચય કર્યા બાદ પોતાનાં કુટુંબીજનોની આજ્ઞા મેળવ્યા પછી જ દીક્ષા લેવાની હોય છે.

મુનિશ્રી નાનચંદ્રજી મહારાજના ઘાટકોપર પછીના સં. ૧૯૮૩ના લીંબડીના ચાતુર્માસ પૂરા થવા આવતાં ઉક્ત બન્ને ભાવદીક્ષિતોમાંથી ભાઈશ્રી ચુનીલાલનો સમય પાકી જવાથી તેઓ ગુરુદેવની અનુમતિ મેળવી પોતાના વડીલોની આજ્ઞા મેળવવા મોરબી ગયા. એમની

યોગ્યતા જોઈ વડીલોએ ઉમળકાભેર આજ્ઞા આપી એટલે પછી લીંબડીનો સંઘ પણ ખૂબ ઉત્સાહમાં આવી ગયો.

મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજના શ્રી લીંબડી સંઘ ઉપર અસંખ્ય ઉપકારો હતા અને તેઓશ્રીની પાસે આ સર્વપ્રથમ શિષ્ય દીક્ષિત થવાના છે એ ભાવનાથી સમગ્ર લીંબડીમાં ઉત્સાહનાં પૂર ઊમટવા લાગ્યાં. સુશિક્ષિત અને સર્વરૂપે સુયોગ્ય એવા દીક્ષાર્થી ભાઈશ્રી ચુનીલાલને સૌકોઈ પોતાના અંતરની સદ્ભાવના ને અનુમોદના આપી રહ્યા.

સં. ૧૯૮૩ના ચાતુર્માસ પૂર્ણ થયા. લીંબડીમાં શિશિરના નવા વાયુ સાથે દીક્ષાર્થી ભાઈશ્રી ચુનીલાલના નવજીવનની દીક્ષાની ભારે તૈયારીઓ ચાલી. અંતે સંવત ૧૯૮૪ના માગશર શુદ ૬ ને બુધવારના રોજ એક પરમ મંગલ વેળાએ એક અનેરો અવસર યોજાયો. પં. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજના સર્વપ્રથમ સુશિષ્ય તરીકે દીક્ષાર્થી ભાઈશ્રી ચુનીલાલને પ્રસિદ્ધ વક્તા પં. મહારાજશ્રી નાગજી સ્વામીના વરદ હસ્તે અને લીંબડીનરેશ શ્રી દોલતસિંહજી અને ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં ભાગવતી જૈન દીક્ષા આપવામાં આવી. દીક્ષિત થયા બાદ નવદીક્ષિતનું નામ 'મુનિશ્રી ચુનીલાલજી' રાખવામાં આવ્યું.

અપૂર્વ હતો એ પ્રસંગ અને વિરલ હતું એ વાતાવરણ! એ નિહાળવા દેવો યે તલસે!!....આજે પણ એ બધું જેમના સ્મરણપટ પર આવે છે તેઓ આનંદવિભોર બની જાય છે અને તેના સ્મરણ-માત્રથી કંઈ કંઈ પ્રેરણા અનુભવે છે....

## બીજા દીક્ષિત : ભાઈશ્રી શિવલાલ

બીજા દીક્ષાર્થી ભાઈશ્રી શિવલાલના પરિણામ—આંતરિક ભાવ—ઉત્તરોત્તર વર્ધમાન થઈ રહ્યા હતા, પરંતુ હજુ તેમનાં માતુશ્રી

તથા માતામહી(નાનીમા)નાં દિલ કબૂલ થતાં ન હતાં તેથી થોડા સમયની પ્રતીક્ષા કરવાની હતી. એટલે તેઓ પૂ. મહારાજશ્રીના મંડળ સાથે વૈરાગ્યભાવે અભ્યાસ-સાધના કરતા કરતા વિચરવા લાગ્યા. આ રીતે તેમને સૌરાષ્ટ્રમાં લીંબડી, થાન, મોરબી, વાંકાનેર વગેરે સ્થળોમાં ફરવાનું બન્યું. આખરે પૂ. મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજના સં. ૧૯૮૪ના ચાતુર્માસ વાંકાનેરમાં થયા ત્યારે તેમનો સમય પણ પાકી ગયો. ભાઈશ્રી શિવલાલને અંતે સ્વજનોની આજ્ઞા મળી ગઈ. વાંકાનેરનું ચાતુર્માસ પૂર્ણ થયે પૂ. મહારાજશ્રીને મોરબી પધારવાનું થયું. ભાઈશ્રી શિવલાલના વૈરાગ્યભાવની અને દીક્ષા લેવાના નિર્ણયની જાણ મોરબીના માતબર અને પ્રતિષ્ઠિત સંઘને થતાં તેમણે મહારાજશ્રીના સમાગમથી સઘળી હકીકત જાણી અને મહારાજશ્રી સમક્ષ સાગ્રહ, સવિનય વિનતિ મૂકી: "દીક્ષાર્થી ભાઈશ્રી શિવલાલની દીક્ષાના પ્રસંગનો લાભ મોરબીને આપો!"

મોરબી રાજ્યમાં વર્ષો પહેલાં દીક્ષાનો અમુક પ્રસંગ બની ગયેલો તેના કારણે, તે પછીથી, મોરબીમાં કોઈ દીક્ષા આપવા ન દેવી તેવો પ્રતિબંધ તે વખતના ત્યાંના મહારાજાશ્રી વાઘજી ઠાકોરે મૂકયો હતો. આ ઘટના બાદ વર્ષો પછી જ્યારે આ દીક્ષાનો પ્રશ્ન ઊભો થયો ત્યારે મોરબીની ગાદી ઉપર હતા મહારાજા શ્રી લખધીર-સિંહજી. તેમની સમક્ષ આ દીક્ષાની વાત રજૂ કરાઈ. મોરબીના સંઘમાં રહેલા વગદાર અને પ્રતિષ્ઠિત આગેવાનોનો પ્રભાવ, મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજની અનોખી પ્રતિભા અને દીક્ષાર્થી ભાઈશ્રી શિવલાલની ઉચ્ચ યોગ્યતા તથા વૈરાગ્યદશા—આ બધાં કારણો (નિમિત્તો) એકત્ર થવાથી મહારાજા શ્રી લખધીરસિંહજીસાહેબને ગળે એ વાત ઊતરતાં વાર ન લાગી કે દીક્ષા એ જીવનના ઊર્ધ્વી-કરણ માટેનું ઉત્તમ સાધન છે અને જે ગામનો અભ્યુદય થવાનો હોય તેને જ આવી દીક્ષાના પ્રસંગનો લાભ મળી શકે છે. પરિણામે મહારાજાએ દીક્ષા માટે ઉમળકાભેર સંમતિ આપીને પેલો જૂનો

પ્રતિબંધ દૂર કર્યો. આ જાણીને મોરબીનો શ્રી સંઘ આનંદમાં આવી ગયો. બધી તૈયારીઓ થઈ. છેલ્લે સંવત ૧૯૮૫ના પોષ શુદ ૮ના રોજ ભારે ઉત્સાહપૂર્વક મોરબીના વિખ્યાત મણિમંદિર અને વી. સી. હાઈસ્કૂલના વિશાળ પટાંગણમાં ભાઈશ્રી શિવલાલને ભાગવતી જૈન દીક્ષા આપવામાં આવી. તેમનું શુભ નામ રાખવામાં આવ્યું 'મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી', જે પાછળથી તેમના 'સંતબાલ' તરીકેના ઉપનામને કારણે 'મુનિશ્રી સંતબાલજી' તરીકે પ્રસિદ્ધ થયું.

પૂ. ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજે પોતાની દીક્ષા પછીની સંયમયાત્રાનાં સત્તાવીસ-અઠ્ઠાવીસ વર્ષના ગાળામાં સામાજિક ને ધાર્મિક ક્ષેત્રે અનેકવિધ સેવાઓ આપી હતી તેમ જ વૈયક્તિકરૂપે નાની ઉંમરની વિધવા બહેનો સહિત અનેક વ્યક્તિઓને યોગ્ય માર્ગદર્શન આપી જીવનના શ્રેયનો પંથ ચીંધ્યો હતો, તેમાં આ બે ભવ્ય જીવો, બે સુયોગ્ય શિષ્યોના ઉત્કર્ષનો ઉમેરો થતાં તેઓ ગૌરવાન્વિત બન્યા. તેમની પ્રચંડ વેગે ધસમસતી સંયમી જીવનની સરિતા હવે બે પ્રમુખ જીવનઝરણાંની સાથેસાથે અનેક જીવન-ધારાઓને પોતામાં સમાવી લઈ વહેવા લાગી.

## અજમેર સાધુ-સંમેલનમાં

સં. ૧૯૮૬થી સં. ૧૯૯૬ સુધીના દસ વર્ષના ગાળામાં એટલે કે દીક્ષિત થયા પછીના ૩૦થી ૪૦ વર્ષના ગાળામાં પૂજ્યશ્રી નાનચંદ્રજી મહારાજ ઉત્તરોત્તર વધુ ને વધુ વિકસિત, વધુ ને વધુ વિશાળ બનતા ગયા.

સંવત ૧૯૮૫માં મુનિશ્રી સૌભાગ્યચંદ્રજીને મોરબીમાં દીક્ષા બાદ વાંકાનેર, થાન, ચોટીલા વગેરે સ્થળે વિચરવાનું બન્યું અને સં. ૧૯૮૫ની સાલના ચાતુર્માસ મોરબીમાં કર્યાં. ત્યારબાદ ઠાણા ૫ (મહા. શ્રી સુંદરજી સ્વામી, મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી, મહા.

શ્રી હર્ષચંદ્રજી સ્વામી, નવદીક્ષિત મુનિશ્રી ચુનીલાલજી સ્વામી અને નવદીક્ષિત મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી સ્વામી.) કચ્છ તરફ પધાર્યા. **ત્યાં બે ચાતુર્માસ કર્યાં:** (૧) સંવત ૧૯૮૬ની સાલના શમાણી-આમાં અને (૨) સંવત ૧૯૮૭ની સાલના બિદડામાં. આ રીતે બે વર્ષ કચ્છની ભૂમિને પાવન કરી, બે નવદીક્ષિતોના અભ્યાસ ઉપરાંત ગામોગામ વિચરી પૂજ્ય મહારાજશ્રીએ ખૂબ જ ધર્મઉદ્યોત કર્યો.[1]

આમ સં. ૧૯૮૬-૮૭માં કચ્છની ભૂમિ પર વિચરીને સં. ૧૯૮૮માં તેઓશ્રી ઠાણા ૫ સાથે વિહાર કરી જ્યારે લીંબડી પધાર્યા ત્યારે અજમેર સાધુ-સંમેલનની હાકલ પડી હતી. આ સંમેલનમાં હાજર રહેવા માટે સંપ્રદાયના સુપ્રતિષ્ઠિત સાધુ મહા-રાજોની પસંદગી કરવાની હતી. તેમાં તપસ્વી મહારાજશ્રી શામજી સ્વામી, શતાવધાની પં. મહારાજશ્રી રત્નચંદ્રજી સ્વામી અને કવિવર્ય પં. મહારાજશ્રી નાનચંદ્રજી સ્વામી લીંબડી સંપ્રદાયના પ્રતિનિધિ તરીકે ચૂંટાયા અને એ ત્રણેય મહાપુરુષો પોતપોતાના શિષ્ય-પરિવાર સાથે લીંબડીથી અજમેર ભણી વિહાર કરી રહ્યા.

મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ સાથે ત્રણ ઠાણાઓ હતા: (૧) શ્રી હર્ષચંદ્રજી સ્વામી, (૨) શ્રી ચુનીલાલજી સ્વામી અને (૩) શ્રી સૌભાગ્યચંદ્રજી સ્વામી(સંતબાલજી). તેમનું આ મંડળ વિહાર કરતું કરતું જ્યારે આબુના પહાડ પર આવ્યું ત્યારે ત્યાં યોગીશ્વર શ્રી શાંતિવિજયજી મહારાજ વિરાજતા હતા. તેમને મળવાની સૌની તીવ્ર અભિલાષા હતી એટલે બધા આબુ ઉપર દેલવાડા પહોંચ્યા. થોડા દિવસ શ્રી શાંતિવિજયજી મહારાજની સાથે રહેવાનો સૌને અપૂર્વ લાભ મળ્યો. આ દરમિયાન મહારાજ શ્રી નાનચંદ્રજી

---

[1] આ બે ચાતુર્માસ દરમિયાન જે કંઈ બન્યું તેની વિગત આ જ પુસ્તકમાં 'ચાતુર્માસની સંક્ષિપ્ત નોંધ'વાળા પરિશિષ્ટમાં અન્યત્ર આપેલ છે.

મહારાજ અને યોગીશ્વર શ્રી શાંતિવિજયજી મહારાજને એવો ગાઢ પરિચય થયો કે બન્ને પરસ્પરના સ્નેહ-સદ્ભાવથી પ્રસન્ન થયા.

બન્ને મહાત્માઓ વચ્ચે પ્રસંગોપાત્ત સાધુ-સંમેલનની વાત નીકળી. પોતાના વર્ષોના અનુભવને કારણે મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજે સહેજ નિરાશાનો સૂર કાઢતાં શ્રી શાંતિવિજયજી મહારાજને પોતાનું મંતવ્ય જણાવ્યું કે, "મોટા ભાગના સાધુઓ રૂઢિચુસ્ત અને કેવળ ક્રિયાકાંડમાં જ રાચનારા હોવાથી આ સંમેલનમાં કોઈ કાર્ય સિદ્ધ થઈ શકશે નહિ. એટલે તેની સફળતા વિશે મને તો સંદેહ જેવું જણાય છે...."

આ વાત સાંભળીને યોગીશ્વર શ્રી શાંતિવિજયજી મહારાજે પોતાની આર્ષદૃષ્ટિપૂર્વક તેમને કહ્યું :

"મુનિરાજ! એમ નિરાશ થવાની કંઈ જરૂર નથી. તમારું વ્યક્તિત્વ અને પ્રભાવ એવા પ્રકારનાં છે કે સંમેલનમાં તમારી હાજરી પણ ઘણા લાભનું કારણ બનશે. માટે તમારે નિઃશંક બનીને ત્યાં જરૂર જવું...."

આમ તેઓશ્રીએ શ્રી નાનચંદ્રજી મહારાજને જાણે ભવિષ્યની આગાહી કરતા હોય તે રીતે ઉત્સાહિત કર્યા એટલે તેઓ બેવડા ઉત્સાહથી આગળ વધ્યા અને પાલી, બ્યાવર થઈને અજમેર મુકામે પહોંચ્યા.

અનેક સંતો ત્યાં ભેગા થયા હતા. અજમેરના એ સંમેલનનું તો એક મોટું પ્રકરણ છે. આશા-નિરાશાના ઝોલે ચડેલા એ સંમેલનને સંતુલિત અને સુસ્થિર કરી યશસ્વી બનાવવામાં બીજા કેટલાક પ્રમુખ સાધુઓ સાથે મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજનું પણ એક આગવું સ્થાન હતું તેમ તે વખતે એ સંમેલનમાં હાજર રહેલી અનેક વ્યકિતઓ આજે પણ ગૌરવભેર કહે છે અને મહારાજશ્રીના પ્રભાવપૂર્ણ વ્યકિતત્વની સાક્ષી પૂરી પાડે છે.

## આગ્રાના ચાતુર્માસ

અજમેર સાધુ-સંમેલનમાં એક તરફથી કવિવર્ય પં. મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજનો અનેરો પ્રભાવ પડચો હતો. બીજી તરફથી શતાવધાની પં. મહારાજશ્રી રત્નચંદ્રજી મહારાજ પણ પોતાની વિદ્વત્તાથી ચમકી રહ્યા હતા. ત્રીજી તરફથી તપસ્વી મહારાજશ્રી શામજી સ્વામીએ પણ બહુશ્રુત અને અનુભવી સાધુજી તરીકે નામના કાઢી હતી. અજમેરના સંમેલનને કારણે આમ એ તરફના સ્થાનકવાસી સમાજને ગુજરાત-સૌરાષ્ટ્રના સંતોનો આ પ્રથમ પરિચય થયો હોવાથી તેમના પ્રત્યે એક પ્રકારનું આકર્ષણ થયું હતું. પરિણામે મારવાડ, મેવાડ ને પંજાબના સંઘોને એમ લાગ્યું કે સંમેલનમાં પધારેલા બધા સંતોના ચાતુર્માસ એ તરફ જ કરાવવા. તેથી અજમેર-સંમેલન પૂરું થયા પછી આગ્રા સંઘના પ્રમુખ શ્રી અચલ-સિંહજીસાહેબ મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજને આગ્રામાં ચાતુર્માસ કરવાની આગ્રહભરી વિનતિ કરવા આવ્યા.

અંતે શ્રી નાનચંદ્રજી મહારાજ ઠાણા ૪ના સંવત ૧૯૮૯ની સાલના ચાતુર્માસ આગ્રામાં નક્કી થયા. ખૂબ જ સદ્ભાવભર્યા સ્વાગત સાથે એમનો સૌનો આગ્રામાં પ્રથમ પ્રવેશ થયો. એ પ્રદેશના વાતાવરણ, રીતરિવાજ, બોલચાલ, ખાનપાન વગેરેથી ગુજરાતી સાધુઓ તદ્દન અપરિચિત હતા. તેમ છતાં પણ માત્ર એ લોકોના ભક્તિભાવને કારણે બધુંય ગમ્ય થઈ ગયું. વ્યાખ્યાન પણ હિન્દી ભાષામાં આપવાની નવી ટેવ પાડવી પડી. ધીમે ધીમે મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજની લોકોત્તર પ્રતિભાએ બધાને મંત્રમુગ્ધ કરી દીધા અને કંઈકને પ્રતિબોધિત કર્યા. વધુમાં મુનિશ્રી સૌભાગ્યચંદ્રજીની નવોદિત વિદ્વત્તાએ પણ સારું એવું આકર્ષણ જમાવ્યું.

આગ્રાના ચાતુર્માસ આમ ખૂબ પ્રભાવપૂર્ણ અને ઉત્સાહી વાતાવરણમાં પસાર થઈ ગયા. ત્યારબાદ ત્યાંથી વિહાર કરીને મહારાજશ્રી ઠાણા ૪ ગુજરાત તરફ પાછા ફરવા લાગ્યા. માર્ગમાં

વચ્ચે ફત્તેહપુર સિકરી, રણુથંભોરનો કિલ્લો, સવાઈ માધોપુર, કોટા શહેર, ઉજ્જૈન, ઇન્દોર, માંડવગઢ, ધાર, રતલામ, કિસનગઢ, થાંદલા, દાહોદ, લીમડી(પંચમહાલ), ગોધરા, ડાકોર, મહેમદાવાદ વગેરે ક્ષેત્રોની સ્પર્શના કરીને સૌ અમદાવાદ પધાર્યાં.

આ પ્રકારે મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજની સંયમયાત્રા સાથે જીવનયાત્રા પણ આગળ ને આગળ વધવા લાગી. આ વખતે તેઓશ્રીની ઉંમર ૭૦(સિત્તેર) વર્ષની હતી અને દીક્ષાનું ૩૩મુ વર્ષ ચાલતું હતું.

## શિષ્ય-પરિવાર સાથે ઘાટકોપરનો બીજો ચાતુર્માસ

અહીંથી પછી મહારાજશ્રીની જીવનસરિતાનો નવો જ વળાંક શરૂ થાય છે.

મહારાજશ્રીના બે શિષ્યો પૈકી પ્રથમ મુનિશ્રી ચુનીલાલજી મહારાજ (ચિત્તમુનિ) અને બીજા મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી મહારાજ-(સંતબાલ) બંને ગુરુદેવની નિશ્રામાં શાસ્ત્રાભ્યાસ કરી રહ્યા છે ને સંયમી જીવનમાં આગળ વધી રહ્યા છે. પરંતુ દીક્ષા લીધા પછી પાંચછ વર્ષ બાદ મુનિશ્રી સૌભાગ્યચંદ્રજીનું સ્વતંત્ર વ્યક્તિત્વ વધુ સ્ફુરાયમાન બનવા લાગ્યું. જોકે દીક્ષા લીધા પછી થોડા જ સમયમાં એનો ચમત્કાર વચ્ચે વચ્ચે ડોકાતો હતો, પરંતુ મહારાજશ્રીની ઉદારવૃત્તિ એ ચમકારને છતો થવા દેતી ન હતી. એટલે આગ્રાથી અમદાવાદ આવ્યા પછી મુનિશ્રી સૌભાગ્યચંદ્રજીના વેગને શાંત કરવા પૂજ્યશ્રી ગુરુદેવની નિશ્રા નીચે અમદાવાદમાં 'મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર' નામની એક સંસ્થા શરૂ કરવામાં આવી. આ સંસ્થા દ્વારા મુનિશ્રી સૌભાગ્યચંદ્રજીએ અનુવાદ કરેલ સાહિત્ય પ્રસિદ્ધ થવા લાગ્યું. ત્યારથી જ તેમણે પોતાની નવી પ્રતિભાના પ્રતીક તરીકે પોતાનું 'સંતબાલ' એવું નામ જાહેર કર્યું. તે વખતે મુનિશ્રી ચુનીલાલજી

મહારાજની પ્રગતિ ધીર ગતિએ ચાલુ હતી અને મુનિશ્રી હર્ષચંદ્રજી મહારાજ ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજની સેવામાં લીન હતા. આમ ચારેય ઠાણાની સંયમયાત્રા શાંતિપૂર્વક ચાલી રહી હતી.

આ સાલ એટલે કે સં. ૧૯૯૦ના ચાતુર્માસ અમદાવાદ કોચરબ રોડ પર આવેલ મણિબેન કુબેરદાસ પટેલના બંગલામાં થયા. કચ્છ-પ્રાગપુરના વતની શ્રી મેઘજીભાઈ નામના એક યુવાન આત્માર્થી પણ અહીંથી વૈરાગ્યભાવે સાથે જોડાયા.

અમદાવાદના આ ચાતુર્માસ દરમિયાન અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ, જેમાં ખાસ કરીને જેની વિશેષ જરૂર હતી એવા 'સ્થાનકવાસી જૈન છાત્રાલય'ની મહારાજશ્રીના પ્રયત્ન ને પ્રેરણાથી અમદાવાદમાં સ્થાપના થઈ.

અગાઉ જણાવ્યું તેમ તે સમયમાં મુંબઈ જેવાં ક્ષેત્રોમાં સાધુઓનાં દર્શન દુર્લભ રહેતાં અને મુંબઈને સાધુની ખૂબ ઝંખના રહેતી. આ સ્થિતિને લીધે, ઘાટકોપરનો સંઘ, કે જે મહારાજશ્રીની ખ્યાતિથી અને પરિચયથી પ્રભાવિત થયો હતો, તેણે અમદાવાદ આવીને ફરીને ઘાટકોપરમાં ચાતુર્માસ કરવાની પૂ. મહારાજશ્રીને આગ્રહભરી વિનતિ કરી. અવસર જાણીને પૂ. મહારાજશ્રીએ એ વિનતિ સ્વીકારી પણ ખરી.

ઘાટકોપરમાં મોરબી, રાજકોટ વગેરે શહેરોના સ્થિતિસંપન્ન શ્રાવકભાઈઓ આગેવાન હતા. ઉપરાંત કચ્છના શ્રાવકભાઈઓ પણ રહેતા હતા. તે વખતે ત્યાંના સંઘના પ્રમુખ તરીકે શ્રી હીરાચંદ વનેચંદ દેસાઈ હતા, જેમની આગેવાની નીચે જ સંઘનું ડેપ્યુટેશન અમદાવાદ આવીને ચાતુર્માસનું નક્કી કરી ગયેલું.

ઘાટકોપર–મુંબઈભણી જવા માટે અમદાવાદથી અનુક્રમે વિહાર કરતાં કરતાં મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજ ઠાણા ૪ જ્યારે વલસાડ આવ્યા ત્યારે ધરમપુર સ્ટેટ તરફથી શેષકાળ માટે તેમને ધરમપુર પધારવાની વિનતિ થઈ. ધરમપુરના મહારાજશ્રી વિજયદેવસિંહજી

પાસે તે વખતે રાજકોટ–સૌરાષ્ટ્રના શ્રી ભોગીલાલ જગજીવન મોદી અંગત મંત્રી(પર્સનલ સેક્રેટરી) તરીકે હતા. ઉપરાંત બીજા પણ ઓળખીતા સૌરાષ્ટ્રવાસી શ્રાવકભાઈઓ એ સ્ટેટનાં મોટાં ખાતાં સંભાળતા હતા. પરિણામે મહારાજશ્રીનો લાભ લેવા ખાસ આગ્રહ થયો. ઘાટકોપર જતાં ધરમપુર જવાનું તો ઘણું ફેરમાં પડે, તેમ છતાં ધરમપુરના ભાવિક જનોએ એમ સમજાવ્યું કે ધરમપુરથી જંગલના રસ્તે નાસિક થઈને ઘાટકોપર જવાની સગવડ છે, એમ કરતાં કાંઈ તકલીફ નહિ પડે, વગેરે. આખરે તેમના સૌના ભક્તિ અને સદ્ભાવ પાસે મહારાજશ્રીને નમતું આપવું પડયું અને એ બાજુનો તેમણે વિહાર કર્યો.

ઉનાળાની ઋતુ હતી. સૂરજના તાપથી ધરતી તપેલી હતી. સંસારના ત્રિવિધ તાપથી લોકોના અંતરની ધરતી પણ તપેલી હતી. મહારાજશ્રીના આગમન અને તેમની શીતળ, શાંત વાણીથી સૌએ જાણે તાપશામક શાંતિ અનુભવી. જનતા અને રાજ્યપરિવાર—બન્ને પર મહારાજશ્રીની વિદ્વત્તા, વ્યાખ્યાનશૈલી અને તેવીજ કરણી: આ બધાંએ અનેરું આકર્ષણ જમાવ્યું. પંદરસત્તર દિવસના રોકાણથી નગરજનો, મહારાજા અને રાજકુટુંબ – બધાં ખૂબ પ્રભાવિત થયાં અને સમય પૂરો થતાં ત્યાંથી મહારાજશ્રીએ વિદાય લીધી. મહારાજા તેમની હૃદયપૂર્વક ભક્તિ કરવા એવા તત્પર હતા કે વિહાર દરમિયાન પણ પોતે કેટલેક સુધી વિદાય આપવા સાથે આવ્યા અને જંગલનો રસ્તો હોવાને કારણે છેક નાસિક સુધી પોતાના રાજ્યના અમલદારોને સાથે મોકલ્યા તેમ જ સર્વ પ્રકારની વ્યવસ્થા કરી !

અંતે નાસિક થઈને મહારાજશ્રી ઠાણા ૪ ઘાટકોપર પધાર્યા.

ઘાટકોપરમાં પ્રવેશ થતાં જ કર્મરચનાની વિચિત્રતાએ એક દુ:ખદ ઘટના ખડી કરી દીધી. જેમના ખાસ આમંત્રણ અને ખેંચાણથી મહારાજશ્રીએ ઘાટકોપરમાં બીજી વાર ચાતુર્માસ કરવાનું

નક્કી કર્યું હતું, તે મુખ્ય વ્યક્તિ શ્રી હીરાચંદ દેસાઈનું ટૂંકી માંદગીમાં અવસાન થયું ! આ ઘટના બની જવા છતાં પણ ત્યાંના સંઘનો ઉત્સાહ અનેરો હતો.

સંવત ૧૯૮૨ના પ્રથમ ચાતુર્માસના સમયથી જ એ સૌને મહારાજશ્રી પ્રત્યે આકર્ષણ અને ભક્તિભાવ હતાં. એટલે એવા જ સદ્ભાવથી ઘાટકોપરના ચાતુર્માસ શરૂ થયા.

## ગુરુ-શિષ્ય વચ્ચે વિચારભેદ

આ દરમિયાન એક ઘટના બની.

પૂજ્ય ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજ અમદાવાદના ચાતુર્માસ પછીથી મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી સ્વામીના મહત્ત્વાકાંક્ષી અલગ વ્યક્તિત્વનો સ્નેહ અને ઉદારવૃત્તિથી નિભાવ કર્યે જતા હતા. તેમ છતાં પણ આખરે અંતરના વિચારભેદને પ્રસિદ્ધ થવાનું એક નિમિત્ત ઉત્પન્ન થયું.

બાબત એમ હતી કે ઘાટકોપરના આ ચાતુર્માસ દરમિયાન મુનિશ્રી સૌભાગ્યચંદ્રજીએ 'ધર્મપ્રાણ લોંકાશાહ' અંગે એક લેખમાળા શરૂ કરી હતી. એ લેખમાળામાં શ્રી લોંકાશાહે જે તત્ત્વદૃષ્ટિનું પ્રતિપાદન કરેલ(સ્થાનકવાસી વિચારધારાનું) તેની પુષ્ટિ કરવાનો મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી સ્વામીનો મુખ્ય ઉદ્દેશ હતો. તેથી ઊલટું પૂજ્ય ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજનું તત્ત્વદર્શન ઉદાર અને સમન્વયાત્મક હોવાથી પોતાની ઉપદેશશૈલીમાં 'સર્વમત અને સર્વધર્મસમભાવ'નું પ્રધાન વલણ રહેતું. પરિણામે તેઓશ્રીનાં વ્યાખ્યાનોમાં માત્ર સ્થાનકવાસી જૈનો જ નહિ, પરંતુ મૂર્તિપૂજક જૈનો તેમ જ જૈનેતરો પણ સારા પ્રમાણમાં આવતા હતા અને એ બધાને તેઓશ્રી આત્મભાવે સંતોષ આપતા હતા. ત્યારે મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી(સંતબાલજી) સ્વામીએ એકાન્તિક આગ્રહપૂર્વક

અને ઉગ્રતાથી ઉપર્યુક્ત 'ધર્મપ્રાણ લોંકાશાહ'ની લેખમાળા શરૂ કરી, જેથી સામાજિક સ્તર પર વિસંવાદ ઉત્પન્ન થવા લાગ્યો. જોકે આ લેખમાળા શરૂ કરતી વખતે શરૂઆતમાં સંતબાલજીએ પોતાના ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજની સંમતિ લીધેલી, પરંતુ પછીથી આગળ જ્યારે સૈદ્ધાન્તિક તત્ત્વચર્ચા ચાલી ત્યારે મધ્યસ્થ બુદ્ધિ રાખનાર ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજે સ્થાનકવાસી વિચારધારાનો એકાન્ત આગ્રહ રાખનાર મુનિશ્રી સૌભાગ્યચંદ્રજીને, જાહેરમાં એ ચર્ચા આગળ ચલાવવા ના કહી. પરિણામે બંને વચ્ચે વિચારભેદ શરૂ થયો, જે પાછળથી વિચારઘર્ષણમાં પરિણમ્યો.

ગુરુ-શિષ્ય વચ્ચેના વિચારનો આ ભેદ પછી તો એટલે સુધી વધવા લાગ્યો કે મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી(સંતબાલજી) પૂજ્ય ગુરુદેવની સંમતિ લીધા વગર જ મૂર્તિપૂજા વિરુદ્ધના પોતાના વિચારો ઉગ્ર ભાષામાં દૈનિક છાપાઓમાં આપવા લાગ્યા. પરિણામે મંદિરમાર્ગી ભાઈઓ જેઓ પૂજ્ય નાનચંદ્રજી મહારાજની વ્યાખ્યાનધારાથી પોતાની આધ્યાત્મિક તરસ છિપાવતા હતા તેઓ ચિંતિત થવા લાગ્યા. એ ભાઈઓ જ્યારે આ બાબતનો ખુલાસો માગવા પૂજ્ય ગુરુદેવ પાસે આવતા ત્યારે જ પૂજ્ય મહારાજશ્રીને ખ્યાલ આવતો કે આ વાત આટલી હદ સુધી આગળ વધી છે! પછી તો પૂજ્ય ગુરુદેવને ખુલાસો કરવો પડે કે મુનિશ્રીએ આ વસ્તુ મને જણાવી નથી....આવું બને એટલે મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી(મુનિશ્રી સંતબાલજી)ની શિષ્ય તરીકેની પ્રતિષ્ઠાને ઝાંખપ લાગે એ સ્વાભાવિક છે. આમ છતાં પણ તેમણે તો પોતાની લેખમાળા દૈનિક પત્રોમાં ચાલુ જ રાખી. પરિણામે આ વિચારભેદ ખૂબ ઉગ્ર પ્રકારનો બન્યો અને પૂજ્ય ગુરુદેવની આજ્ઞા નીચે રહેવું તે મુનિશ્રી સૌભાગ્યચંદ્રજીને વિડંબણા જેવું લાગ્યું.

પછી તો આ વિચાર-સંઘર્ષ જાહેર થવા લાગ્યો! આખરે ઘાટકોપરના ચાતુર્માસ પૂરા તો થયા, પરંતુ એવી સ્થિતિમાં મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી પોતાની સાથે રહેતાં, ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહા-

રાજને ખૂબ સહન કરવું પડતું. મુંબઈ જેવા મોટા ક્ષેત્રમાં જવાનું થાય ત્યારે બે-ત્રણ ચાતુર્માસ તો સહેજે નીકળી જાય. એટલે ત્યાર પછીના સંવત ૧૯૯૨ના ચાતુર્માસ પણ મુંબઈમાં જ ચીંચપોકલીમાં થયા.

દરમિયાન મુનિશ્રી સૌભાગ્યચંદ્રજીના વેગને શાંત પાડવા વ્યક્તિગતરૂપે અને સંઘ તરફથી ઘણા પ્રયાસો થયા, પરંતુ મુનિશ્રી પોતાના વિચારોમાં મક્કમ રહ્યા અને મંથનમાં ડૂબ્યા. બહુ મંથનને અંતે તેમને પોતાને એમ લાગ્યું કે, "આ રીતે હું ગુરુદેવ પાસે નહિ રહી શકું....ત્યારે પછી શું કરવું?" પરિણામે ખૂબ વિચાર કર્યા પછી જુદા પડવા માટે તેમને એક નવો ઉપાય સૂઝી આવ્યો અને તેની તેઓએ જાહેરાત કરી–

"એક વર્ષ માટે મારે સમૌન એકાંતવાસમાં રહેવું છે."

સાથે રહીને સાધના કરવા માટે તેઓને સમજાવવામાં ગુરુદેવ તરફથી તેમ જ સ્નેહી-સ્વજનો તરફથી કોઈ કચાશ રખાઈ નહોતી, પરંતુ મુનિશ્રી સૌભાગ્યચંદ્રજીને એકાંતવાસનું જ રુચ્યું. આથી ત્યારપછીના તેમના ચાતુર્માસ એકલા જ, ગુજરાતમાં નર્મદા-કિનારે રણાપુર ગામમાં, થયા. આ રીતે ગુરુ-શિષ્ય બન્ને જુદા પડયા....!

## પૂજ્ય ગુરુદેવની મહાનુભાવતા

આવા સુસંસ્કારી વિદ્વાન અને તૈયાર થયેલ શિષ્ય પોતાથી જુદા પડે એથી ગુરુમહારાજ શ્રી નાનચંદ્રજી મહારાજને કેવાં ખેદ, ગ્લાનિ ને અંતર્વેદન થયાં હશે, એ તો તેમના પોતાના સિવાય અન્ય કોણ જાણી શકે?....અને આમ છતાં ય, આવી પરિસ્થિતિમાં સામી વ્યક્તિનું ઘસાતું બોલવાનું કે તેને ઉતારી પાડવાનું વલણ જે બીજા ગુરુઓ રાખે તેવું કશું ન કરતાં ગુરુમહારાજ શ્રી નાનચંદ્રજી

મહારાજે પહેલેથી છેક અંત સુધી મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી પ્રત્યે એવો ને એવો વાત્સલ્યભાવ, સ્નેહભાવ વર્ષાવ્યો હતો. આ તેમની ઉદારતા અને મહાનુભાવતા હતી જે કોઈ વિરલ મહાપુરુષમાં જ હોય!

આવી ઉદારતા, દરિયાવદિલ વિશાળતા અને નિખાલસતાને લીધે પૂજ્ય મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજને બીજી પણ અનેક વ્યક્તિઓ તરફથી ઘણા કડવા અનુભવો થવા છતાંયે પોતે તો સહુ પ્રત્યે સદાય અમીદૃષ્ટિ રાખતા.

મુંબઈમાં તેમની કસોટી કરતો આવો પ્રસંગ બન્યા પછી અને મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી(સંતબાલજી) તેમની સાથેથી છૂટા પડયા પછી મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજ સાથે હવે બાકી બે સાધુજીઓ હતા—એક મુનિશ્રી હર્ષચંદ્રજી સ્વામી અને બીજા તેઓના પટ્ટશિષ્ય મુનિશ્રી ચુનીલાલજી સ્વામી. એ બન્ને ઠાણા અને સાથે રહેલા કચ્છના વૈરાગી ભાઈશ્રી મેઘજીભાઈ સાથે તેઓએ પછી મુંબઈ વધુ ન રોકાતાં ગુજરાત ભણી વિહાર કર્યો.

## ધરમપુરના ચાતુર્માસ

વિહાર કરતાં કરતાં તેઓ સૌ જ્યારે વલસાડ આવ્યા ત્યારે ધરમપુરનાં સંસ્મરણો તાજાં થયાં. બે વર્ષ પૂર્વે ઉનાળામાં પોતે ધરમપુર પધારેલા ત્યારથી ત્યાંના મહારાજાને પૂજ્ય ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજ પ્રત્યે સદ્ભાવ હતો. આથી તેમને જેવી ખબર પડી કે મહારાજશ્રી વલસાડ પધાર્યા છે, કે તરત જ બીજા અમલદારો સહિત પોતે વલસાડ આવીને તેમને ફરી એક વાર ધરમપુર પધારવાની આગ્રહભરી વિનતિ કરી. એટલું જ નહિ, "આટલે સુધી આવ્યા છો તો એક ચાતુર્માસનો લાભ અમને તેમ જ અમારી પ્રજાને પણ આપો" તેવી ભાવભરી પ્રાર્થના કરી. મહારાજશ્રીને સૌના લાભનું કારણ જણાતાં તેનો સ્વીકાર કર્યો. રાજ્ય તરફથી

સંવત ૧૯૯૩ના આ ચાતુર્માસની બધી વ્યવસ્થા થઈ. રાજ્યના બગીચાવાળા 'ગેસ્ટ હાઉસ'માં ચાતુર્માસ રહેવા માટે ઉતારો આપાયો. રાજ્યના અમલદારો સહિત મહારાજા તથા મહારાણી અને આમજનતાએ ચાતુર્માસનો ખૂબ લાભ ઉઠાવ્યો.

પૂજ્ય મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજના જીવનમાં એક એવી માધુરી, એક એવી ઘડાયેલી મહાનુભાવતા હતી કે કોઈપણ સમાજનો ને કોઈપણ ભૂમિકાનો માણસ જ્યારે એમનું પ્રવચન, આખ્યાન કે પ્રાર્થના સાંભળે ત્યારે તેમને એમ જ લાગે કે આ તો અમારા જ મહારાજ છે, અમારા જ આત્મીયજન છે! એક તો સર્વજનહિતકારિણી વાણી, બીજું, સૌ પ્રત્યે નિષ્કારણ કરુણા ને સ્નેહ વર્ષાવતું વિશાળ દિલ અને ત્રીજું, કથા-વાર્તા દ્વારા, સંગીતની સુરાવટ સાથે વસ્તુની રજૂઆત કરવાની તેઓશ્રીની લાક્ષણિક અને આગવી શૈલી—આ બધાંથી સૌકોઈ તેમના પ્રત્યે ખેંચાતા, તેમના સાન્નિધ્યમાં સંસારતાપશામક શીતળતા અનુભવતા ને તેમની પ્રેરકવાણી સાંભળતાં જ મંત્રમુગ્ધ થઈ જતા!

## સાધકોની જીવનપરિવર્તનકારી બે વિરલ ઘટનાઓ

ધરમપુરના ચાતુર્માસ પહેલાં ઘાટકોપર—મુંબઈ—ના ચાતુર્માસ દરમિયાન એક અપૂર્વ ઘટના બની હતી, જેનો ઉલ્લેખ કરવો અહીં જરૂરી છે. ઘાટકોપરના ચાતુર્માસ પૂર્ણ થયા બાદ મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજ આદિ ઠાણા ૪ મુંબઈની આજુબાજુનાં સ્થાનોમાં વિચરતા હતા. એ વખતે ઘાટકોપરમાં વર્ષોથી રહેતા મોરબીના વતની શ્રી અમૃતલાલ લક્ષ્મીચંદ ખોખાણી પોતાની તબિયતને કારણે હવાફેર માટે વરસોવામાં દરિયાકાંઠે વસતા હતા. મહારાજશ્રી પ્રત્યેના તેમના સદ્ભાવને કારણે તેમણે મહારાજશ્રીને વરસોવા પધારવા વિનંતિ કરી. પરિણામે તેઓશ્રી ઠાણા ૪ વરસોવા પધાર્યા અને શેષકાળ ત્યાં રહ્યા.

વરસોવાના વાસ દરમિયાન રાત્રે પ્રાર્થના-પ્રવચન થતાં હતાં એટલે હવાફેર માટે ત્યાં આવેલ ખોખાણી કુટુંબ ઉપરાંત બીજાં ઘણાં કુટુંબો પણ તેનો લાભ લેતાં હતાં. મુંબઈની પચરંગી પ્રજામાંથી વરસોવામાં સ્થાયી રહેનારાં વૈષ્ણવ કુટુંબો પણ મહારાજશ્રીની સાર્વજનિક ભાવના સાંભળવા આવતાં. તે પૈકી એક હતા શ્રી માણેકલાલ ચુનીલાલ ચિનાઈ. પોતાનાં ધર્મપત્ની સૌ. શ્રી હીરાલક્ષ્મી-બેન સાથે તેઓ નિયમિત પ્રાર્થના-પ્રવચનમાં આવે. થોડા જ દિવસમાં તેમને જૈન ધર્મના ત્યાગી જીવન પ્રત્યે ભારે આકર્ષણ ઊભું થયું. તેમાંયે શ્રીમતી હીરાલક્ષ્મીબેન પર તો જબરો પ્રભાવ પડચો. 'જનરખ જનપાલ'ના એક જ આખ્યાને હીરાબેનના હૃદયને હચમચાવી મૂક્યું. તે પછી તો હીરાબેન ઉત્તરોત્તર વધુ ને વધુ લાભ લેવા લાગ્યા. તે એટલે સુધી કે તેમણે મોજશોખનું જીવન પલટી નાખી તદ્દન સાદું જીવન સ્વીકાર્યું! પછી તો તેમને ભક્તિનો એવો રંગ લાગ્યો કે ત્યારથી પોતે પોતાની અંતરપ્રેરણાને વશ થઈ બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું અને સાંસારિક વ્યવહારોથી અલિપ્ત રહેવા લાગ્યાં.

હીરાબેનના આ પરિવર્તનના પ્રત્યાઘાતો તેમના કૌટુમ્બિક અને સાંસારિક જીવન પર પડવા લાગ્યા કારણકે આવું સાદું અને પવિત્ર જીવન ગાળવાની બધાની તૈયારી હોતી નથી. પોતાની પ્રતિજ્ઞાને અને પરિવર્તિત જીવનક્રમને દૃઢતાપૂર્વક વળગી રહેવાથી કુટુંબના ઘણાખરા સભ્યો હીરાબેનથી નારાજ રહેવા લાગ્યા. તો પણ એ માર્ગે પોતાની સાધના ચાલુ રાખવાથી અંતે તેમને વિજય મળ્યો. ત્યારથી માંડીને આજદિન સુધી એ બહેનનો એવો જ ભક્તિભાવ રહ્યો છે. પોતે વૈષ્ણવપરંપરામાં ઊછર્યાં અને જીવન જીવી રહ્યાં હોવા છતાં મહારાજશ્રી પ્રત્યે તેમણે અંતરભાવપૂર્વક ગુરુબુદ્ધિ રાખી છે. વિરલ હોય છે આવા એકરંગી ભક્તો!

જેમ ઘાટકોપરના ચાતુર્માસ પછીથી હીરાબેનની જીવન-પરિવર્તનકારી ઘટના બની, તેમ જ ધરમપુરના ચાતુર્માસમાં પણ બન્યું!

ધરમપુરના મહારાજા શ્રી વિજયદેવસિંહજીને સંગીત, શિકાર અને સહેલ(પ્રવાસ)નો ભારે શોખ. સંગીત વિષેનો તેમનો સંશોધનપૂર્ણ ગ્રંથ 'સંગીતભાવ' આ વાતની સાક્ષી પૂરે છે. જેવું સંગીતનું તેવું જ શિકારનું! પરંતુ જેમ જેમ તેઓ મહારાજશ્રીનો સત્સંગ કરવા લાગ્યા તેમ તેમ તેમના જીવનમાં પણ ન કલ્પી શકાય તેવા ફેરફાર થવા લાગ્યા. નિશ્ચયદૃષ્ટિથી સ્વભાવશુદ્ધ એવા આત્મામાં સત્તારૂપે રહેલું જ્ઞાનસંસ્કારબળ આ પ્રબળ નિમિત્તથી પ્રકાશવા લાગ્યું. પૂ. મહારાજશ્રીએ પણ તેમનું ઉપાદાન જોઈ લીધું અને વિવિધ પ્રસંગો, વાર્તાલાપો, પાર્થનાપ્રવચનો અને પરિચય દ્વારા તેમના ચિત્તનું આકર્ષણ કરી તેમના શોખના ત્રણેય વિષયોમાં તેમણે સાત્ત્વિકતા અને દિશાપરિવર્તન આણ્યાં. મહારાજા પર રંગ ચડવા લાગ્યો અને જીવન બદલાવા લાગ્યું. વધતાં વધતાં આ રંગ એવો તો વિકસ્યો કે મહારાજા સાથે મહારાણીમાં પણ સદ્ભાવના જાગી અને બંનેની આવી વધતી જતી ધર્મભાવનાના પરિણામે પ્રજા પણ સત્સંગરંગે રંગાઈને ધર્મલાભ લેવા લાગી.

આ રીતે બીજી મહત્ત્વની જીવનપરિવર્તનકારી ઘટના સાથે સં. ૧૯૯૩ના ધરમપુરના આ ચાતુર્માસ ખૂબ ભવ્યતાથી પરિપૂર્ણ થયા અને ધરમપુરના રાજાપ્રજા સૌની ભાવભીની આંખો સાથે, તેમને કલ્યાણમાર્ગ પ્રતિબોધીને, તેમણે વિદાય લીધી.

સૌના શ્રેય માટે જીવનારા અને આ કલ્યાણમાર્ગમાં આવતા સુખદુઃખના અનુભવોને 'સુખદુઃખ'રૂપે નહિ નિહાળતાં તેમના વાસ્તવિક સ્વરૂપે નિહાળીને અને તેમને સાગર જેવી વિશાળતાથી પોતાના પેટાળમાં શમાવી દઈને વિચરનારા મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજનું જીવન હવે સરિતામાંથી 'મહાનદ' જેવું બની રહ્યું હતું. પરિણામે, તેમનું ચિત્ત હવે સાગરવત્ ગંભીર થઈને બેસવા માટે—નિવૃત્તિ માટે—કોઈ નિરાકુળ ક્ષેત્રની ઝંખના કરી રહ્યું.

# હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં

પોતાના સ્વ-પર શ્રેયરત જીવનના કાળ દરમિયાન પૂ. મહારાજશ્રીને સાંપડેલ બહેનશ્રી હીરાબેન ચિનાઈ અને મહારાજા શ્રી વિજયદેવસિંહજી જેવા ભક્તો અને સત્સંગીઓમાં એક વૈદરાજ પણ હતા. નામે શ્રી માણેકલાલ ભોળાનાથ પંડ્યા. 'સુણાવના માસ્તર' તરીકેની તેમની પ્રસિદ્ધિ. વિદ્યાકાર્યની સાથે વૈદ્ય તરીકેનો તેમનો ચિકિત્સાવ્યવસાય પણ ખૂબ સારો ચાલતો. આશ્ચર્યજનક એવી તેમની નિદાનપદ્ધતિ હતી. તત્ત્વજિજ્ઞાસા અને સત્સંગપ્રેમને કારણે પૂ. મહારાજશ્રી સાથે ઉત્તરસંડામાં તેઓ સર્વપ્રથમ પરિચયમાં આવેલા. તે પછી તો વર્ષમાં કેટલીયે વાર તેઓ મહારાજશ્રી પાસે આવે, વિચારવિનિમય કરી પોતાની જિજ્ઞાસા સંતોષે અને સેવાનો લાભ લે. પૂ. મહારાજશ્રીની પણ તેમના પર ઘણી કૃપાદૃષ્ટિ.

સં. ૧૯૯૩ના ધરમપુરના ચાતુર્માસ પૂરા થયા ત્યારે વૈદરાજજી પૂ. મહારાજશ્રીના સતત પરિચયમાં હતા. આત્મલક્ષ્ય ઝંખતા પૂ. મહારાજશ્રીએ ધરમપુરની વિદાય પછી એક દિવસ તેમને પૂછ્યું:

"વૈદરાજ! આ બાજુ કોઈ એવું શાંત, એકાંત ક્ષેત્ર છે ખરું કે જ્યાં રહી હું શાંતિથી આત્મસાધના કરી શકું?"

વૈદરાજ તો આ પૃચ્છાથી રાજી થઈ ગયા. પોતાને આવી વ્યવસ્થા કરવાનો અને સત્સંગનો લાભ મળશે જાણી ઉલ્લાસભેર જવાબ વાળતાં તેમણે પૂ. મહારાજશ્રીને વિનતિ કરી:

"અવશ્ય, ગુરુદેવ! આ સેવકને જો આવી સેવાનો લાભ મળતો હોય તો આવાં અનેક ક્ષેત્રો આ તરફ છે. આપના માટે સૌથી વધુ ઉચિત સ્થાન મને નર્મદાતટે આવેલું ચાણોદ-કરનાળીનું જણાય છે. આપ આજ્ઞા અને સેવા કરવાનો લાભ આપો તો આ સ્થાન માટેની જોઈતી બધી જ ગોઠવણ હું કરી લઈશ...."

વૈદરાજને આ તરફ સર્વત્ર સારા પરિચયો હતા. તેઓ પોતે

શિવપંથી હોવા છતાં વૈષ્ણવોમાં અને બધે જ માત્ર વ્યવસાયના કારણે જ નહિ, તેમની ઉદારતા ને સેવાભાવનાને કારણે પ્રેમપાત્ર હતા. પૂ. મહારાજશ્રીએ પણ તેમની સંપ્રદાયમુક્ત ગુણગ્રાહી દૃષ્ટિ અને અપૂર્વ ભાવના જોઈને ચાણોદ-કરનાળીમાં હવે પછીના ચાતુર્માસ કરવાની સંમતિ આપી તેમની વિનતિ સ્વીકારી. વૈદરાજજી એવું સ્થાન શોધવાની અને પૂર્વતૈયારી કરવાની વ્યવસ્થામાં લાગી ગયા અને પૂ. મહારાજશ્રી ચાણોદ-કરનાળીની દિશામાં પ્રસ્થાન કરી રહ્યા. સાથે હતા મુનિશ્રી હર્ષચંદ્રજી મહારાજ અને મુનિશ્રી ચુનીલાલજી મહારાજ.

આ બધી ઘટનાઓ દરમિયાન રણાપુરમાં સમૌન એકાંતવાસે રહેલા મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી(સંતબાલજી)ના પણ સદ્ભાવનાથી ભરેલા સાપ્તાહિક પત્રો પૂ. ગુરુ મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજ પર આવ્યા કરતા હતા. સંતબાલજી એકાંતસાધના માટે ગુરુદેવથી જુદા પડયા હતા તેમ છતાં પણ તેમની સાધનાનો અને ચિંતન–મનન–વાચનનો નિચોડ એ પત્રોમાં હોવાથી એમનો સદ્ભાવ વિશાળહૃદયી ગુરુદેવ તારવી સ્વીકારી લેતા. આમ કરતાં કરતાં પોતાની સમૌન એકાંતવાસની સ્થાનમર્યાદાનું એક વર્ષ પૂરું થતાં સંતબાલજી પણ વિહાર કરી પૂ. ગુરુદેવને મળવા ત્યાંથી આગળ પ્રયાણ કરી રહ્યા.

પૂજ્ય ગુરુદેવ ધરમપુરથી વિહાર કરીને વાંસદા સ્ટેટમાં પધાર્યા. અને ત્યાંથી ગરમ પાણીના કુંડવાળા 'ઉનાઈ' મુકામે આવ્યા. તે અરસામાં ત્યાં જ સંતબાલજીનું મિલન થયું. સંતબાલજીએ મૌન હજુ છોડયું ન હતું એટલે તેમના મૌનમાં જ ગુરુદેવ સાથે વિચારોનું યત્કિંચિત્ આદાનપ્રદાન થયું. થોડું સાથે રહ્યા ને જુદા પડયા. સંતબાલજી મુંબઈભણી વિહાર કરી ગયા કારણકે જ્યાંથી મૌનનો સંકલ્પ કર્યો હતો ત્યાં જ, એટલે કે મુંબઈમાં જ, એ સંકલ્પ પૂરો કરવાનો એમનો ઇરાદો હતો અને પૂ. મહારાજશ્રી ચાણોદ-

કરનાળી ભણી વિહાર કરી રહ્યા. રસ્તે આગળ જતાં મુનિશ્રી હર્ષચંદ્રજીનું મન અસ્થિર થતાં તેઓ પણ પૂ. મહારાજશ્રીથી જુદા પડી ગયા. હવે બાકી રહેલા પોતે અને મુનિશ્રી ચુનીલાલજી મહારાજ ઠાણા ૨નો વિહાર શરૂ થયો. સાથે હતા મેઘજીભાઈ. વિહાર કરતાં કરતાં જ્યારે તેઓ સૌ ગણદેવી અને નવસારી થઈને સૂરત આવ્યા ત્યારે તેમને જાણવા મળ્યું કે હરિપુરામાં અખિલ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસનું ૫૧ મું અધિવેશન મળી રહ્યું છે. પૂ. મહારાજશ્રીને ગાંધીજી વગેરે નેતાઓની કામગીરી જોવાની અને એ યુગની મહત્ત્વની રાષ્ટ્રીય પ્રવૃત્તિ-વિચારણા જોવા-જાણવાની જિજ્ઞાસા થતાં તેઓશ્રી હરિપુરા પધાર્યા.

આ બાજુ મુંબઈ જઈ રહેલા મુનિશ્રી સંતબાલજી પણ પોતાનો મૌનનો સંકલ્પ મુંબઈમાં પૂરો કરીને કૉંગ્રેસના આ અધિવેશનમાં રસ લેવા હરિપુરા આવી રહ્યા હતા એટલે ફરીને, ઔપચારિકરૂપે, પૂ. ગુરુદેવને મળ્યા. હરિપુરા આવવાના પૂ. મહારાજશ્રી અને મુનિશ્રી સંતબાલજી—બંનેના ઉદ્દેશ ભિન્નભિન્ન હતા. પૂ. મહારાજશ્રીએ ત્યાં એ યુગનું પ્રતિબિંબ પાડતું દેશનું રાજકીય અને રાષ્ટ્રીય વાતાવરણ જોયું, કૉંગ્રેસનો મંચ જોયો, મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ, નેતાજી સુભાષબાબુ વગેરે મોટા નેતાઓ અને તેમની વિચારધારાનું દૂરથી, ઉપરછલ્લું નિરીક્ષણ કર્યું. વધુ ઊંડા ઊતરવા જેવો કે દેશના એ નેતાઓનો પરિચય કરવા જેવો અવસર કે અવકાશ ન દેખાતાં, ત્યાં આવેલા અનેક નવાજૂના પરિચિતો, સેવકો અને ભક્તોને મળીને તેઓએ હરિપુરાથી આગળ વિહાર કર્યો.

મુનિશ્રી સંતબાલજીએ ઘાટકોપરથી જુદા પડ્યા પછી અને એકાંતવાસની સાધના પછી પોતાની દિશા સહેજ બદલી હતી. પોતાની આ સાધનાના શોધન અને મંથનકાળ દરમિયાન અનેક ધર્મમતોના વાચન-મનન-દોહનરૂપે પોતાના ભાવિ જીવનનો નવો માર્ગ શોધવા તેમ જ ત્યારની રાજકીય-રાષ્ટ્રીય નેતાગીરીનો અભ્યાસ

કરવા, ગાંધીજીની સત્યનિષ્ઠાવાળી દૃષ્ટિ સમજવા અને કોંગ્રેસ સંસ્થાની વધુ નિકટતા સાધવા તેઓ હરિપુરા આવ્યા હતા. તેઓ પોતાના નવા પ્રકારના જીવનની ભૂમિકા તૈયાર કરી રહ્યા હતા, જ્યારે ગુરુદેવ પૂ. નાનચંદ્રજી મહારાજ પોતાના વિશાળ સ્વ-પર-શ્રેયરત જીવનનો એક સુદીર્ઘ કાળ પૂરો કરી હવે આત્મલક્ષ્ય ઝંખતું અંતર્મુખ જીવન આરંભી રહ્યા હતા....આ માટે ધરમપુરથી કરનાળી જવા માટેના વિહારમાર્ગે ઝડપી પ્રવાસ કરી, હરિપુરા સિવાયનાં બીજાં ૬૫ જેટલાં ક્ષેત્રોની સ્પર્શના કરી, ગ્રામજનો-નગરજનોના વિશાળ જનસમાજને તેમણે લાભ આપ્યો. આ ક્ષેત્રો પૈકી મુખ્ય હતા વાંસદા સ્ટેટ, ઉનાઈ, દેગામ, ગણદેવી, નવસારી, સૂરત, કઠોર, કડોદ, તરસાડા, માંડવી, વાંકલ, ઝઘડીઆ, પ્રતાપનગર, આમલેથા, રાજપીપળા, ડભોઈ, વણિયાદ, વ્યાસ, સિનોર, માલસર, રણાપુર, દિવેર, સાઢલી, ઈ.

# ૪

# ઉત્તરાવસ્થા

## આત્મલક્ષ્ય ઝંખતું જીવન

૬૨થી ૮૮-૮૯ વર્ષ : સં. ૧૯૯૪થી ૨૦૨૦-૨૧

## આત્મલક્ષીની અભીપ્સા

"હે હૃદયવલ્લભ નાથ! શ્રી સદ્‌ગુરુદેવની કૃપાથી સમજાયું છે કે જ્ઞાન એ કાંઈ તર્ક કે વાદવિવાદનો વિષય નથી, એ તો સ્વાનુભવગમ્ય આત્માનો ઉલ્લાસ છે; તેમ જ પ્રેમ એ કંઈ બુદ્ધિનો કે કલ્પનાનો વિષય નથી, પણ એ તો સ્વયં અનુભૂતિ—ભગવાન પ્રત્યેની રસભર મસ્તી છે. જ્યાં જ્ઞાનમાં વાદવિવાદ પેઠો કે ભક્તિમાં ઢૂંસાતૂંસી આવી ત્યાં જ્ઞાન અને ભક્તિનું વાસ્તવિક સ્વરૂપ રહેતું નથી....જ્ઞાન અને ભક્તિ ઉપલક દૃષ્ટિથી જોતાં ભલે ભિન્ન ભાસે, એમના શબ્દો પણ જુદા જુદા હોય, છતાં એ ઉભયનું અંતર-રહસ્ય તો આત્મદર્શનમાં કે ભગવત્‌પ્રાપ્તિમાં છે. પરોક્ષ જ્ઞાન અને સાધનભક્તિ નિરનિરાળાં લાગે, પણ વિશુદ્ધ જ્ઞાન અને પ્રેમલક્ષણા ભક્તિ એક જ સ્વરૂપનાં બે જુદાં જુદાં નામો છે.

"વ્યવહાર દશામાં વિવિધતાને સ્થાન હોય, પણ આત્માની પરમાર્થદશામાં કે ભગવાનના પરમ ભાવમાં એકતા-અદ્વૈતતા જ સંભવે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આત્મા રસસ્વરૂપ છે. તે એક અદ્વિતીયને વિદ્વાનો જુદાં જુદાં નામે સંબોધે છે. પછી તેને કોઈ બ્રહ્મ કહે, ભગવાન કહે, પરમાત્મા કહે, આદિપુરુષ કહે. અનેકમાં એકને જોવો એ જ્ઞાન છે અને એકને અનેક સ્વરૂપે ઓળખવો એ ભક્તિ છે....પરંતુ અહંકાર આત્મજ્ઞાનનો વિઘાતક છે તેમ જ ભગવદ્‌ભક્તિનો તે વજ્રકુઠાર છે. પ્રભો! એ અહંકારથી હું બચી શકું એવી અમોઘ દયા વરસાવજે!"[૧]

---

[૧] 'પ્રાર્થનામંદિર' : નૂતન સંસ્કરણ : પૃ. ૨૩૮, અભીપ્સા : ૨૭.

# 'પ્રકૃતિ'-પરાવર્તનકારી નર્મદાના પ્રશાંત પ્રકૃતિતીર્થે

જે આત્મલક્ષ્ય સારુ, આત્મદર્શન સારુ, પૂજ્ય મહારાજશ્રીએ યુવાવયે સર્વસંગપરિત્યાગ કર્યો હતો તેને હવે આ ઉત્તરાવસ્થામાં સવિશેષ ઉત્કટ, અંતરંગ સ્વરૂપ આપવા તેઓ તલસી રહ્યા હતા. આત્મલક્ષિતા, આત્મજ્ઞાન, પરાભક્તિની આ પ્રચંડ સાધના-સરિતાના વહેણમાં વચ્ચે આવતા અહંકારરૂપી અવરોધક પથ્થરોને હટાવતા, એ પ્રવાહને શુદ્ધાત્મ–પરમાત્મ–ચેતનાના અપાર સાગર ભણી પુરજોશમાં વહાવી રહ્યા હતા. આ અંતરપ્રવાહની સાથોસાથ જ્યારે તેઓ હરિપુરાથી વિહાર કરી મુનિશ્રી ચુનીલાલજી મહારાજ અને શ્રી મેઘજીભાઈ સાથે 'નિર્મલા નર્મદા'ના બહારના પ્રવાહ સામે કરનાળી મુકામે આવી ઊભા ત્યારે યુગોથી આત્યંતિક નિવૃત્તિ ઝંખતું તેમનું અંતરમન આનંદથી ઊછળતું, શુદ્ધાત્મ-ચેતનાના અનંત સાગરમાં જઈ ભળવા આતુર થતું, ગાઈ રહ્યું:

હેતભર્યું હૈયું અમીરસથી ઊછળે,
પણ નવ જાણું અર્પું કંઈ આશીષ જો;
સહુ ઉર સરખી સુખદ વસંત છવાઈ રહી,
પમરે પદ્મપરાગ મધુર સહુ દિશ જો. –હેત૦

સ્નેહસમાધિ રસનો અદ્ભુત યોગ આ,
સચરાચર ચેતનવંતો સહચાર જો;
ભાસે વિશ્વ રમંતુ એ રસપૂરમાં,
જડ ચેતનનો સુભગ બન્યો સહકાર જો. –હેત૦

એ અમીરસનો સહુને સરખો વારસો,
એ જ તત્ત્વ વિલસે સહુ ઘટના પાર જો;
સહુ સરખી જાતિ ન અધિક કે ન્યૂન કો,
સહુમાં સરખો એ ચેતન સંચાર જો. –હેત૦

જે હુંમાં તે સહુમાં સહુનું હું વિષે,
પ્રતિ આત્માનો એવો દિવ્ય અભેદ જો;
એ અનુભવમાં ઊંડું સુખ સમજાય છે,
સહજ થતો અંતરગ્રંથિનો છેદ જો. –હેત૦

આ ઉર ઊછળતો રસ રેડું ક્યાં જઈ?
વિશ્વપાત્ર નાનકડું ત્યાં ન સમાય જો;
વિશ્વ થકી મમ સ્વરૂપ અનંત ઉદાર છે,
હું વિણ અવર ન સ્થળમાં એ સ્થિર થાય જો. –હેત૦

અથવા મુજ સાથે જેનાં હૃદયો મળે,
ત્યાં જઈ ઢોળું આ સાગરની ધાર જો;
ગ્રાહક હો તો એ અમીઝરણાં ઝીલજો,
એ ભાવે નિવસે આત્મીય સહચાર જો. –હેત૦ [1]

'સંતશિષ્ય'

તેમનાં આ અંતરગાનમાં નર્મદાના ખળખળ વહેતાં જળ તાલ પુરાવી રહ્યાં અને સમસ્વભાવી તરસ્યાંઓને ખોળી, ઢંઢોળી, બોલાવી રહ્યાં. નર્મદાનાં આ નીર યુગોથી આ કરતાં આવ્યાં છે, એના પ્રશાંત તટો પર કૈંક ઋષિમુનિઓ ને સંતોનાં અંતરગાન ગૂંજ્યાં છે, આ જળે એ દૂરસુદૂર સુધી વહાવ્યાં છે, આઘે ઊભી ભેખડો, કોતરો ને વનરાજિઓએ સૈકાઓ સુધી એના પડઘા પાડયા છે. ફરીને આજે આ સાગરહૃદય સંતના ગંભીર આહતગાનથી તો આ સંતસેવિની નર્મદા જાણે ગાંડી થઈ ઊઠી! એના પ્રશાંત પ્રકૃતિતીર્થે 'પ્રકૃતિ'ના સાન્નિધ્યમાં નિમ્ન પ્રકૃતિઓને ગાળવા—પલટાવવા—અંતરના પરમપુરુષને પ્રગટાવવા અનાદિકાળથી આવતા રહેલા ઋષિમુનિઓ અને સંતોસાધકોમાંના આ નૂતન યાત્રિકને એ આવકારી રહી........

કરનાળીના આ નર્મદાતટે વૈદરાજે ભારે ભાવ અને જહેમતપૂર્વક પૂ. મહારાજશ્રીના ચાતુર્માસ નિવાસ માટે બધી વ્યવસ્થા

---

[1] 'પ્રાર્થનામંદિર': પૃ. ૧૨૩

કરી હતી. સ્થાન, ગીતામંદિરના પ્રણેતા સ્વામીશ્રી વિદ્યાનંદજીના સદ્ભાવ સાથે 'સત્યમંદિર'નું નક્કી કર્યું હતું. અહીં વૈદરાજની વ્યવસ્થા અને સેવાના યોગથી વર્ષોઝંખી એકાંત આત્મસાધના કરતાં કરતાં, નર્મદાનાં નીરને નિહાળીને ઊંડા અંતરવહેણનાં નિઃસંગ નીરમાં ડૂબકી લગાવતાં લગાવતાં અને નિર્મળા નર્મદા શી નિર્મળ આત્મચેતનાની સરિતાને શુદ્ધાત્મ-વિશ્વચેતના-રૂપી સાગર ભણી વહાવતાં વહાવતાં તેમણે સં. ૧૯૯૪ના આ ચાતુર્માસ પૂર્ણ કર્યાં. આ પ્રશાંત પ્રકૃતિતીર્થે તેમની રહીસહી નિમ્ન પ્રકૃતિનું પરાવર્તન કરવામાં ભારે કામ કર્યું. અહીંથી તેમને એવો તો આંતરસ્પર્શ થયો અને સંકલ્પ દૃઢ થયો કે ઉપસર્ગો યા પ્રલોભનો આવે તો પણ શેષજીવન પૂર્ણ નિવૃત્તિલક્ષી—આત્મલક્ષી—એકાંત-સાધનાલક્ષી બનાવવું.

આમ નર્મદાના નિર્મળ નીરે પરિશુદ્ધ, પરિવર્તિત અને પ્રબુદ્ધ થયેલી તેમની આત્મલક્ષી ચેતના-સરિતાની ધારા હવે કરનાળીના ચાતુર્માસ પછી શુદ્ધાત્મચેતનાના સાગર ભણી વહેવા લાગી; માર્ગના **સ્થળે સ્થળે** અને મન-વચન-કાયાના યોગ-પ્રવર્તનની **પળે પળે** ઉત્તરોત્તર દૃઢ બનતી ગઈ. પોતે પૂર્વે સમાજ વચ્ચે વહેતી મૂકેલી માનવતાલક્ષી સર્વતોમુખી, સાર્વજનિક ઉપદેશધારા અને સમાજશ્રેયની રચનાત્મક પ્રવૃત્તિધારા તેઓ જનસમાજ વચ્ચે હોય ત્યારે ચાલુ તો રાખતા જ, પરંતુ પ્રકૃતિતીર્થ કરનાળીના ચાતુર્માસ પછી તેમાં આત્મલક્ષી પ્રશાંત જીવનની ચેતનાધારાનો નવો પ્રબળ પ્રવાહ ભળ્યો હતો. તેમના પૂર્વસંકલ્પને પ્રબુદ્ધ કરનારા આ નવા પ્રવાહની પ્રાપ્તિનું શ્રેય હતું પ્રકૃતિતીર્થ નર્મદાતટને. એટલે જ આવા તટો પર વસી ગયેલા પૂર્વસાધકોની ઋષિવાણીએ ગાયું છે કે:

"उपत्वरे गिरीणां, संगमे च नदीनां, धियां विप्रो अजायत ।"[१]

(ગિરિવરોની ગુફાઓ—પર્વતોની ઉપત્યકાઓ—અને સરિતાઓના તટસંગમો પર વસીને સાધક જ્ઞાનવાન બને છે.)

---

[१] ઋગ્વેદ

## દીર્ઘદર્શિતા અને દરિયાદિલી

કરનાળીના પ્રકૃતિ પરાવર્તનકારી ને આત્મલક્ષ્યપ્રેરક ચાતુર્માસ પછી પૂ. મહારાજશ્રીની અંતરની અભીપ્સા જેમ બને તેમ શાંત, એકાંત સ્થાનોમાં ચાતુર્માસ રહેવાની બનતી ગઈ. જ્યાં એવો યોગ ન મળે ત્યાં તેઓ બને તેટલા એકાંત અને અંતર-બાહ્ય મૌનમાં રહેવા લાગ્યા. આ દૃષ્ટિએ તે પછીના ચાતુર્માસોમાં સં. ૧૯૯૫ના ચાતુર્માસ કોચરબ(અમદાવાદ), સં. ૧૯૯૬ના ધોરાજી અને સં. ૧૯૯૭ના જામનગર વગેરે સ્થાનોએ કરી તેઓ સં. ૧૯૯૮ના ચાતુર્માસ કરવા કંઈક કરનાળી જેવા જ એકાંત સ્થળે, સાયલા પાસેના ડોળીઆ ગામે નદીતટે રહ્યા. અહીં વિશાળ ચોગાનવાળો સાયલાના ઠાકોરસાહેબનો બંગલો ખાલી પડયો હતો તેમાં ઊતરવાની અને ગામ નજીકમાં જ હોઈ આહારપાણીની સુલભતા સહજ હતી. કરનાળીથી સુદૃઢ થયેલો આત્મલક્ષી શેષજીવન માટેનો સંકલ્પ અહીં પણ તેવો ને તેવો જ બની રહ્યો. તેમની સંગાથે રહેલા મુનિશ્રી ચુનીલાલજી અને વૈરાગી ભાઈશ્રી મેઘજીભાઈ તેમ જ અવારનવાર લાભ લેવા આવતા સત્સંગીઓ, સાયલાના ઠાકોરસાહેબ અને તેમનો અમલદારવર્ગ જૈન જ હતો. આ બધા તેમના સંકલ્પ મુજબની આત્મલક્ષી નિવૃત્તિની સાધનામાં સહાયક અને અનુમોદક થઈ રહ્યા. ચાતુર્માસ ધીમે ધીમે આમ સારી રીતે અંતર્મુખતામાં વીતવા લાગ્યા....

પરંતુ કુદરતનો, નિયતિનો, સંકેત કંઈક જુદો જ હતો. અષાઢ મહિનો પૂરો થયો અને જેવા પર્યુષણ બેસવાનો સમય આવ્યો કે પૂ. મહારાજશ્રી અચાનક ટાઈફોઈડની માંદગીમાં પટકાઈ પડયા. અણઉતાર તાવ શરૂ થયો. આ સમાચાર સર્વત્ર ફેલાતાં, જેતપુરમાં ચાતુર્માસ રહેલાં મહાસતીશ્રી સમ્રતબાઈ આદિ ઠાણા ૪ પૈકી વિદૂષી મહાસતીશ્રી હેમકુંવરબાઈ આર્યાજી તથા મહાસતીશ્રી સમજુબાઈ આર્યાજી લીંબડીથી પૂજ્યશ્રીની સંમતિ મેળવીને ચાતુર્માસ


દરમિયાન, પૂજ્ય ગુરુદેવની સેવાનિમિત્તે, જેતપુરથી ઉગ્ર વિહાર કરી ડોળીઆ આવી પહોંચ્યાં હતાં. તુરત જ બધા ઉપચાર ને માવજત શરૂ થયા. પરંતુ ચાલી રહેલા ઉપચારોથી કંઈ ફેર પડવાને બદલે ઊલટી ગંભીર પરિસ્થિતિ ઉત્પન્ન થઈ તેથી આખરે સ્થળાંતર કરાવી તેમને લીંબડી લાવી હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. ત્યાં સાતેક મહિનાની લાંબી સારવાર પછી સ્વાસ્થ્ય કાબૂમાં આવ્યું. આવી ગંભીર માંદગીમાં પણ 'જ્ઞાનીનું પારખું ખાટલે ને પાટલે'ની કહેતીની યાદ કરાવતો તેમનો સમત્વભાવ, તેમનો અધ્યાત્મયોગ વિરલ પ્રકારનો બની રહ્યો.

તે સાલ સં. ૧૯૯૯ના ચાતુર્માસ પૂ. મહારાજશ્રી ત્યાં લીંબડીમાં જ કરી રહ્યા. તે પહેલાં સં. ૧૯૯૮ના વૈશાખ વદ ૬ બુધવારના રોજ તેમણે મહાસતીશ્રી ચંદનબાઈ આર્યાજીને થાનગઢમાં સ્વહસ્તે દીક્ષા આપી.

બીજા વર્ષે સં. ૨૦૦૦ની સાલમાં શ્રી ચોટીલા સંઘની વિનતિથી પોતાની સાધનાને અનુકૂળ પડે એ રીતે ચોટીલા મુકામે ચાતુર્માસ કર્યાં. વધતા જતા એકાંત આત્મલક્ષ્યને કારણે અને માંદગી પછી શરીરશક્તિની પણ મર્યાદાને કારણે પૂ. મહારાજશ્રી બહારનો સંપર્ક ઓછો કરવા 'સાગારી મૌન' સ્વીકારી ગામબહાર શા. હીરાચંદ ઠાકરશીના બંગલામાં ચાતુર્માસ રહ્યા. પૂ. મહારાજશ્રી અને મુનિશ્રી ચુનીલાલજી ઠાણા ૨ની સાથે વૈરાગી ભાઈશ્રી મેઘજીભાઈ તો હતા જ, પરંતુ પાછળથી ભાઈશ્રી અંબાલાલ પટેલ પણ સેવાભાવે જોડાયા હતા. સંઘના આગેવાન ભાઈઓ તેમ જ ચંચળબહેન(બંગલાનાં માલિક) અને અન્ય બહેનો-ભાઈઓએ પણ અહીં સારો લાભ લીધો. આમ ચોટીલાના ચાતુર્માસ શાંતિથી પૂરા થયા. જૈન સાધુ જ્યાં સુધી હાલીચાલી શકે ત્યાં સુધી સ્થિરવાસના બંધનમાં રહેવા માગે નહિ. એટલે વળી પૂ. મહારાજશ્રીએ સાધનાના લક્ષે વિહાર શરૂ કર્યો. ફરતાં ફરતાં સરા-સુંદરી




પૂ. દેવચંદ્રજી સાર્વજનિક પુસ્તકાલય–સાયલા



“ સાધના કુટિર ” સાયલા ( અંદરનો ભાગ )
જ્યાં પૂ. ગુરુદેવ હમેશાં સ્વાધ્યાય માટે બેસતા

જેવા શાંત, એકાંત, પ્રાકૃતિક સ્થળે આવી પહોંચ્યા. કરનાળી જેવું અંતર્મુખ કરતું કુદરતી વાતાવરણ અને આશ્રમ હોવાથી લગભગ વીસેક દિવસ ત્યાં રહ્યા. દરમિયાન શ્રી અમુલખભાઈ અમીચંદ ત્યાં દર્શનઅર્થે આવ્યા. પૂ. મહારાજશ્રીએ લીંબડીમાંની બે જરૂરિયાતો માટે તેમને પ્રેરણા કરી: એક હતી બહેનો માટેના ઉપાશ્રયની અને બીજી પુસ્તકાલય માટેના મકાનની. શ્રી અમુલખભાઈએ તુરત તે બન્ને પ્રેરણાઓ ઝીલી લીધી અને અનુક્રમે પોતાનાં માતુશ્રી અને પિતાશ્રીના સ્મરણાર્થે આ માટેનાં મોટાં મકાનો લીંબડીમાં બનાવરાવી શ્રી સંઘને અર્પણ કર્યાં. પૂ. મહારાજશ્રીની આત્મલક્ષી એકાંત સાધનામાં પણ લોકહિત, ધર્મ અને વિદ્યા માટેની આવી પ્રવૃત્તિઓની પ્રેરણા પ્રસંગોપાત્ત સહજ થયા કરતી અને તે સ્વીકાર પામી સાકાર થતી. અહીંથી પૂ. મહારાજશ્રી ચાતુર્માસાર્થે વાંકાનેર પધાર્યાં અને સં. ૨૦૦૧ના ચાતુર્માસ વાંકાનેરમાં થયા.

મહારાજશ્રીએ વર્ષોના અનુભવ પછી—ખાસ કરીને અજમેર સંમેલન પછીનાં વર્ષોમાં—આમજનતા પોતાના ઉપદેશનો લાભ સરળતાથી લઈ શકે એવા હેતુથી રાત્રે સાર્વજનિક પ્રાર્થના અને પ્રવચનની નવી પ્રથા શરૂ કરી હતી. પરિણામે બધા વર્ગનાં સ્ત્રી-પુરુષો એનો લાભ હોંશેહોંશે અને પૂરેપૂરો લઈ શકતાં હતાં. નવી પ્રથા હોવાથી, મોટાં શહેરોમાં કેટલાક રૂઢિચુસ્ત માણસોને આ વસ્તુ ગમતી ન હતી, પરંતુ મહારાજશ્રી એની પરવા કરતા નહિ.

વાંકાનેરના ચાતુર્માસ પછી ધોરાજીના સંઘે આવતા ચાતુર્માસની વિનતિ કરી હતી અને તેનો સ્વીકાર પણ થઈ ચૂક્યો હતો. એટલે વાંકાનેરથી ધોરાજી જવા માટે મહારાજશ્રીએ વિહાર શરૂ કર્યો. વચ્ચે નાનામોટાં ક્ષેત્રોમાં વિચરતાં અનુક્રમે તેઓશ્રી રાજકોટ પધાર્યા. તે વખતે રાજકોટ સંઘમાં રૂઢિચુસ્ત જુનવાણી માનસવાળા આગેવાનો હતા. મહારાજશ્રીના ક્રાન્તિકારી વલણને

તેઓ જાણતા હતા, તેથી મહારાજશ્રીએ ઉપાશ્રયને બદલે દીવાનપરામાં આવેલ 'સંઘરાજકા હાઉસ'માં ઉતારો કર્યો. ત્યાં વિશાળ કમ્પાઉન્ડ હતું એટલે ત્યાંના યુવક સંઘે પ્રવચન માટે મોટો મંડપ તૈયાર કર્યો હતો. રાત્રે પ્રાર્થના-પ્રવચન ત્યાં જ થવા લાગ્યાં. તેઓશ્રીની યુગધર્મને અનુરૂપ સર્વજનહિતકારિણી વાણીથી રાજકોટનો યુવાનવર્ગ ખૂબ આકર્ષાયો અને રાજકોટ સંઘની વિરુદ્ધમાં આગામી ચાતુર્માસ રાજકોટમાં જ કરવાની યુવક મંડળે મહારાજશ્રીને વિનતિ કરી. પરંતુ મહારાજશ્રી સંઘમાં વિક્ષેપ પાડવા માગતા ન હતા એટલે યુવકોને તેઓશ્રીએ સમજાવીને કહ્યું, "ભાઈઓ! તમારા સદ્ભાવ અને તમારી ભાવનાને હું બરાબર સમજું છું પરંતુ આ વખતે તો પ્રગતિશીલ અને નીડર એવા ધોરાજી સંઘની વિનતિ ચાતુર્માસ માટે થઈ છે અને તેનો મેં સ્વીકાર કરી લીધો છે એટલે હવે આ બાબત અંગે શાન્તિ રાખવી એ જ શ્રેયસ્કર છે." યુવાનોને તેમની આ વાત માનવી પડી અને રાજકોટ સંઘના આગેવાન ભાઈઓ પર પણ મહારાજશ્રીની દીર્ઘદર્શિતા અને દરિયાદિલીભર્યા આવા ઉદાર વલણની સારી છાપ પડી.

અને તે પછી મહારાજશ્રી રાજકોટથી ધોરાજી તરફ વિહાર કરી રહ્યા.

સં. ૨૦૦૨ના ચાતુર્માસ તેમની પરિવર્તનકારી વિચારધારા ઝીલી શકનારા ધોરાજીના જાગ્રત સંઘ વચ્ચે પૂર્ણ કરીને, પૂ. મહારાજશ્રી વિહાર કરતાં કરતાં મોરબી પધાર્યા, અને આગામી વર્ષ સં. ૨૦૦૩ના ચાતુર્માસ મોરબીમાં નક્કી થયા હતા તે મુજબ વિહારમાં વચ્ચેના ગાળામાં તેઓશ્રીએ માગસર વદ ૪ના રોજ થાનમાં મહાસતીશ્રી હીરાબાઈ આર્યાજીને અને ચોટીલામાં વૈશાખ શુદ ૫ શુક્રવારના રોજ મહાસતીશ્રી ચંપાબાઈ આર્યાજીને ભાગવતી દીક્ષા આપી.

## પ્રવૃત્તિ-યોગનો ઉદય :
## 'ભગવાન મહાવીરના સેનાની'

ધન્ય રે દિવસ આ અહો, જાગી રે શાંતિ અપૂર્વ રે,
દશ વર્ષે રે ધારા ઉલ્લસી, મટયો ઉદય કર્મનો ગર્વ રે.
—ધન્ય૦

ઓગણીસસેં ને એકત્રીસે, આવ્યો અપૂર્વ અનુસાર રે;
ઓગણીસસેંને ને બેંતાલીસે, અદ્ભુત વૈરાગ્ય ધાર રે.
—ધન્ય૦

"ઓગણીસસેં ને સુડતાલીસે, સમક્તિ શુદ્ધ પ્રકાશ્યું રે;
શ્રુત અનુભવવધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે.
—ધન્ય૦

"ત્યાં આવ્યો રે ઉદય કારમો, પરિગ્રહ કાર્ય પ્રપંચ રે;
જેમ જેમ તે હડસેલીએ, તેમ વધે ન ઘટે રંચ રે.
—ધન્ય૦ [૧]

—શ્રીમદ્ રાજચંદ્ર

શુદ્ધ સમ્યકત્વદર્શનની આ સ્વાનુભૂતિ જેમ સં. ૧૯૫૩માં વવાણિયા મુકામે યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીને થઈ હતી તેવો જ અનુભવ સં. ૧૯૯૪માં નર્મદાતટે ચાતુર્માસ રહેલા કવિવર્ય પં. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજને જાણે થયો હોય એમ લાગે છે. [૨]

એ અનુભવને ચરિતાર્થ કરવા તેઓ તે પછી સર્વત્ર નિવૃત્તિલક્ષી, કેવળ આત્મસાધનાલક્ષી, બની રહ્યા હતા. ક્યાંક રોગના, ક્યાંક વિરોધના ઉપસર્ગો વચ્ચે તેમ જ ક્યાંક લોકૈષણાના, તો ક્યાંક સત્કાર-સગવડોનાં પ્રલોભનો વચ્ચે તેઓ અડગ રહી આ લક્ષ્ય ચૂક્યા નહિ.

---

૧ 'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી

૨ જુઓ આ પુસ્તકનું પ્રકરણ 'નર્મદાના પ્રશાંત પ્રકૃતિ-તીર્થે.'

પરંતુ 'ઉદય' કોઈને છોડતો નથી. એકાંત નિવૃત્તિલક્ષી સાધનાના જીવન વચ્ચે એ પ્રવૃત્તિલક્ષી બનીને આવી ઊભો; પરંતુ શ્રીમદ્ રાજચંદ્રજીને આ કારમો ઉદય 'પરિગ્રહ કાર્યપ્રપંચ'રૂપે આવીને ઊભો હતો જ્યારે પૂજ્ય મહારાજશ્રીને તેમની ધર્મ-સમાજશ્રેયની સત્યપ્રરૂપણાની પ્રવૃત્તિરૂપે!

વાત એમ હતી કે નિવૃત્તિલક્ષી એકાંત આત્મસાધના અર્થે સાયલાના ઉપાશ્રયના ચોકમાં 'સાધનાકુટિર' બનાવવામાં આવેલ. અને પૂજ્ય મહારાજશ્રી હવે મોરબીના ચાતુર્માસ પછી સં. ૨૦૦૪માં શેષ જીવનસાધના માટે સાયલામાં જ સ્થિર થવા આવી રહ્યા હતા. દરમિયાન એ જ અરસામાં જૈન શ્વેતામ્બર સ્થાનકવાસી પરંપરાના તેરાપંથી સંપ્રદાયના સાધુ-સાધ્વીજીઓ સૌરાષ્ટ્રમાં ખાસ પ્રચાર કરવા માટે ઊતરી આવ્યાં. કરુણાસાગર ભગવાન મહાવીરના અને જૈન ધર્મના ઉપાસકો હોવા છતાં આ સંપ્રદાયને માનનારાઓની માન્યતા કરુણા, દયા, દાનની વિરુદ્ધ હોય છે, જાણે અંતરનો આત્મરસનો ઝરો જ સાવ સુકાઈ ન ગયો હોય! વીતરાગપ્રણીત, કરુણારસપૂર્ણ, સમાજસ્પર્શી, સમાજસાપેક્ષ, સત્યધર્મ તેઓ ચૂકેલા હોવાની અને દયા-દાનાદિથી વિરુદ્ધની તેમની માન્યતા હોવાની સમજ સૌરાષ્ટ્રમાં ઘણા ઓછાને હતી. એટલે સૌરાષ્ટ્રના બહુજન-સમાજ તેમ જ સ્થાનકવાસી સમાજને ભોળવવા અને પોતાનો પંથીય વિચાર કરવા વિવિધ પ્રકારની માયાજાળ તેઓ ફેલાવતા અને સમાજને ભ્રમણામાં નાખતા કે જેથી સૌરાષ્ટ્રમાંના જૈન સાધુ-સાધ્વીઓ પ્રત્યે લોકોનો આદરભાવ ન રહે અને પોતાનું પ્રભુત્વ જમાવી લોકોની શ્રદ્ધા પોતાના પ્રત્યે ખેંચી શકાય. આ તેરાપંથી સાધુ-સાધ્વી વર્ગ અને તેમની સાથે આવેલા બહોળા ભક્ત અને પ્રચારક-સમુદાયે સૌરાષ્ટ્રની પરિસ્થિતિની સરવે (મોજણી) કરી, ચોમેર નિરીક્ષણ કરી, ઝાલાવાડના જોરાવરનગરમાં પોતાનું થાણું નાખેલું. જોરાવરનગર–સુરેન્દ્રનગરના સંઘમાં જ તેઓ સર્વપ્રથમ વિક્ષેપ

ઉત્પન્ન કરે તેવી પરિસ્થિતિ હતી. જોરાવરનગરના જાગ્રત સંઘને જણાયું કે જો અહીં કોઈ સમર્થ સાધુપુરુષનું ચોમાસું થાય તો જ સંઘ આ વિક્ષેપ–વિભેદના અનિષ્ટમાંથી બચી શકશે. આથી તે સમયે તેઓની દૃષ્ટિ પૂ. મહારાજશ્રી પર પડી, કારણકે મહારાજશ્રીને તેરાપંથી સાધુવર્ગની શ્રદ્ધા અને માન્યતાનો અભ્યાસ પણ હતો અને તેનો તર્કથી, બુદ્ધિથી, શ્રદ્ધાનુભવથી અને પોતાની પ્રતિભાથી રકાસ કરવાની તેમનામાં શકિત પણ હતી. આથી જોરાવરનગરથી શ્રી સંઘ પૂ. મહારાજશ્રીને જોરાવરનગરમાં ચાતુર્માસ માટે વિનતિ કરવા આવ્યો. પૂજ્ય મહારાજશ્રી કેવળ આત્માર્થે 'નિવૃત્તિલક્ષી' બની 'સાધનાકુટિર' માં પોતાનું શેષજીવન ગાળવા જઈ રહ્યા હતા ત્યાં આ 'પ્રવૃત્તિલક્ષી' યોગનો ઉદય આવ્યો. પૂ. મહારાજશ્રીએ બધી પરિસ્થિતિનું મનન કર્યું અને અંતે ધર્મ–સમાજ–શ્રેયની સત્ય પ્રવૃત્તિના રૂપે આવેલો આ ઉદય, શ્રી સંઘના હિતનું અને સત્ય ધર્મના ઉદ્ધારનું કારણ જાણી તેમણે સ્વીકારી લીધો. અને તે મુજબ નિવૃત્તિલક્ષિતા છોડી સવિશેષ પ્રવૃત્તિલક્ષ્યે જોરાવરનગર ચાતુર્માસ કરવાનો અને તેરાપંથના સંપ્રદાયની અસત્ય, એકાંગી, જીવનરસવિહીન દૃષ્ટિનો પોતાની સર્વમતસમભાવની મર્યાદા સાથે સામનો કરવાનો તેઓશ્રીએ નિર્ણય કર્યો. આ પ્રકારના ઉદયમાં શ્રીમદ્ રાજચંદ્રજીની જેમ તેમને અંતરપ્રતીતિ થઈ કે:

યથા હેતુ જે ચિત્તનો, સત્ય ધર્મનો ઉદ્ધાર રે;
થશે અવશ્ય આ દેહથી, એમ થયો નિરધાર રે.
ધન્ય. [૧]

સત્ય ધર્મના ઉદ્ધારના, સંઘની સેવાના આ લક્ષ્યથી પૂજ્ય મહારાજશ્રીએ જોરાવરનગરના શ્રી સંઘની વિનતિ આમ સ્વીકારી ત્યારે આત્મલક્ષી જીવનની ઝંખના ઉપરાંત તેમની શરીરસ્થિતિની (૭૧

૧ 'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી

વર્ષની વૃદ્ધાવસ્થાને કારણે) મર્યાદા હતી. છતાં તેમનું આત્મબળ અદ્ભુત હતું અને એક વખત નિર્ણય થયો એટલે પછી તેમની બધી શક્તિ એકત્રિત થઈ રહી. સં. ૨૦૦૪ના આ ચાતુર્માસ અર્થે તેઓ જોરાવરનગર પધાર્યા.

જોરાવરનગરના ચાતુર્માસમાં તેરાપંથી અને સ્થાનકવાસી બન્ને પક્ષે મોટા પાયા પરની તૈયારીઓ થઈ, ઉત્સવો ઊજવાઈ રહ્યા, પ્રવચનો શરૂ થયાં અને પ્રચાર-મોરચા મંડાયા. તેરાપંથી પ્રચારકો પોતાના મત-પંથના પ્રચાર માટે 'પ્રલોભન' અને 'ભય'ના જે બે નિમ્ન તત્ત્વોનો અનેક ઉપદેશકો સાધન તરીકે ઉપયોગ કરતા આવ્યા છે તેમાંના પ્રથમ એવા પ્રલોભનનો ઉપયોગ શરૂ કર્યો. જનસમાજને ધનાદિથી આકર્ષી પોતાના ધર્મમતમાં જોડવા માટે તેમના સાધુઓના પ્રવચનમાં આવનારા શ્રોતાઓ માટે રોજ ત્રણ ત્રણ વખત 'પ્રભાવના'(=ભેટ, વહેંચણી) કરવી શરૂ કરી. તેરાપંથી પુરસ્કર્તાઓનું સમજાવટનું સાધન આ જડ-દ્રવ્ય-તત્ત્વ હતું, તો સ્થાનકવાસી ઉદારમતધારી પુરસ્કર્તા કવિવર્ય પંડિત મુનિશ્રી નાનચંદ્રજી મહારાજનું સાધન પ્રબળ વક્તૃત્વ, પારદર્શી પ્રજ્ઞા, પ્રેમસભર પ્રાર્થના અને પ્રભાવકારી પ્રતિભા વગેરેથી યુક્ત સચેતન આત્મતત્ત્વ હતું. જ્યારે તેમણે નિવૃત્તિલક્ષ્યની વચ્ચે સવિશેષ પ્રવૃત્તિલક્ષ્યનો જીવનયોગ સ્વીકાર્યો હતો ત્યારે તેમણે પોતાની સમગ્ર શક્તિ એકત્રિત કરી, અથાગ પરિશ્રમ ઉઠાવી, સત્ય ધર્મના ઉદ્ધાર અને પ્રરુપણા અર્થે પુરુષાર્થ ફોરવ્યો અને સફળ સામનો કર્યો. મહારાજશ્રીના આ સામનાને કારણે સૌરાષ્ટ્ર-પ્રવેશના પહેલા જ ઘાએ તેરાપંથી પુરસ્કર્તાઓ પર ભારે ફટકો પડયો, તેઓ પાછા પડી ગયા અને ધારેલ પ્રચાર કરી શકયા નહિ. સૌરાષ્ટ્રમાં ઠેરઠેર આ વાત વાયુવેગે પ્રસરી ગઈ.

પરંતુ તેરાપંથીઓ આમ થાકે તેમ ન હતા. તેમના સાધુવર્ગે ફરીને બીજા વર્ષે અર્થાત્ સં. ૨૦૦૫ની સાલમાં પણ જોરાવરનગરમાં

જ ચાતુર્માસ કર્યા. પૂ. મહારાજશ્રીએ પણ સમાજશ્રેયની દાઝ અને સત્ય ધર્મના ઉદ્ધારની એવી ને એવી ભાવનાથી ફરીને ત્યાં ચાતુર્માસ કરવાની સંઘની વિનતિ તુરત સ્વીકારી લીધી. આ વર્ષે તો પૂ. મહારાજશ્રીની વધતી જતી પ્રસિદ્ધિથી પ્રેરાઈને તેમની તલસ્પર્શી, સમન્વયી, સમાજસાપેક્ષ, સર્વાંગી અને સ્યાદ્વાદી વાક્ધારા ઝીલવા આજુબાજુનાં ગામડાંઓમાંથી પણ મોટો સમાજ ઊમટવા લાગ્યો. તેમની આત્મપ્રતિભાએ, શરીરની ૭૨ વર્ષની વૃદ્ધાવસ્થા છતાં, યુવાન જેવા ઉત્સાહથી આ વર્ષે પણ જબ્બર સામનો કર્યો અને તેરાપંથીઓની પાયા વિનાની માન્યતાઓ પર તેમણે બીજો મોટો પ્રહાર કર્યો. લોકોને વાસ્તવિક ધર્મદૃષ્ટિ સમજાઈ અને સૌરાષ્ટ્રભરમાં તેઓશ્રીની પ્રતિષ્ઠા 'ભગવાન મહાવીરના સેનાની' તરીકે થઈ રહી. આ જ રીતે તે વખતે ચૂડામાં તેરાપંથી સંપ્રદાયના સાધ્વીજીઓના ચાતુર્માસ હોઈને ચૂડામાં ચાતુર્માસ રહેલા સદ્દાનંદી પં. મહારાજ શ્રી છોટાલાલજી મહારાજ ઠાણા બે એ પણ તેરાપંથી માન્યતાનો સખત સામનો કર્યો હતો. આ પ્રકારે તેરાપંથી પુરસ્કર્તાઓ ફરીને નિષ્ફળ ગયા. સૌરાષ્ટ્રમાં પગપેસારો કરવાની તેમની ભાવના પ્રથમગ્રાસે મક્ષિકાના ન્યાયે આરંભથી જ અદ્ધર રહી ગઈ. પરંતુ પોતાના સંપ્રદાયની જડ સૌરાષ્ટ્રમાં નાખવા માટે તેઓ મક્કમ હતા. આથી ઝાલાવાડ—જોરાવરનગર—માં નિષ્ફળ ગયા એટલે ગોહિલવાડ—ભાવનગર—ભણી એમની નજર ગઈ.

ભાવનગર સ્થાનકવાસી જૈન સંઘને આ વાતની ગંધ આવતાં, તેરાપંથીઓનો સામનો કરવામાં સફળ સેનાની તરીકે સુવિખ્યાત થયેલા પૂજ્ય મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજ પાસે એ સંઘનું પ્રતિનિધિ મંડળ પહોંચ્યું અને બધી પરિસ્થિતિની રજૂઆત કરીને તેમને આગામી ચાતુર્માસ માટે વિનતિ કરી. તે દરમિયાન જોરાવરનગરના પરિશ્રમપૂર્ણ બે ચાતુર્માસ પૂરા થયા પછી સં. ૨૦૦૬ની સાલમાં ચૈત્ર શુદ ૬ ના રોજ બા. બ્ર. મહા. પુષ્પાબાઈને સાયલામાં

ભાગવતી દીક્ષા આપીને પૂ. મહારાજશ્રી સં. ૨૦૦૬ના ચાતુર્માસ શાંતિપૂર્વક સાયલામાં કરી રહ્યા હતા, પરંતુ તેરાપંથીઓનો મક્કમ સામનો કરી સત્ય ધર્મ પ્રરૂપવાનો પ્રવૃત્તિયોગ સ્વીકારેલા પૂ. મહારાજશ્રીને ભાવનગરના વધુ એક ચાતુર્માસ પણ સ્વીકારવા પડયા.

## ભાવનગરના 'ભક્તિબાગ'માં :
## જ્યાં ભક્તિની મસ્તી જાગી!

ભગવાન મહાવીરના સેનાની તરીકે સુપ્રસિદ્ધ થયેલા કવિવર્ય પંડિત મુનિશ્રી નાનચંદ્રજી મહારાજના ચાતુર્માસ ભાવનગરમાં નક્કી થયા છે એવી જાણ થતાં તેરાપંથી સાધુઓ માટે ભાવનગરમાં રહેવું અશક્ય બની ગયું. પૂ. મહારાજશ્રી પાસે તેમને પડકારવાની પૂરતી શક્તિ હતી એ તો આ પહેલાં જોરાવરનગરમાં સિદ્ધ થઈ ચૂકયું હતું, એટલે અહીં એમને આ માટે વિશેષ પરિશ્રમ જ લેવો પડયો નહિ. સહજ આ કામ સફળપણે સધાઈ ગયું. સાથેસાથે ભાવનગરના કેટલાક જુનવાણી શ્રાવકોને જગાડતા અને વિશાળ જૈન-જૈનેતર સમાજને આકર્ષતા પૂ. મહારાજશ્રીના ક્રાન્તિકારી વિચારો અને સર્વધર્મસમભાવની નિષ્ઠા ભાવનગરમાં નવું જ વાતાવરણ ઊભું કરી રહ્યા. ઉપર્યુક્ત પ્રતિકારના પ્રમુખ ઉદ્દેશથી પૂ. મહારાજશ્રી આ સત્યધર્મઉદ્ધારના પ્રવૃત્તિયોગમાં લાગ્યા હોવા છતાં તેમનું અંતરંગ વલણ તો યથાસંભવ નિવૃત્તિલક્ષી જ હતું અને એટલે ભાવનગરના આ ચાતુર્માસ શહેરને બદલે બહાર પ્લૉટમાં 'ભક્તિબાગ'માં ચાલી રહ્યા હતા. આ વખતે તેઓશ્રી અને મુનિશ્રી ચુનીલાલજી કુલ ઠાણા બે જ હતા તેથી સેવાનિમિત્તે વિદૂષી મહાસતીશ્રી હેમકુંવરબાઈ આર્યાજી અને આગલે વર્ષે જ સાયલામાં નવદીક્ષિત બા. બ્ર. મહાસતીશ્રી પુષ્પાબાઈ આર્યાજી ઠાણા ૨ પણ સંઘની વિનતિથી ભાવનગરમાં ચાતુર્માસ રોકાયાં હતાં.

પૂ. મહારાજશ્રીનાં પ્રવચન, પ્રાર્થના અને પ્રત્યક્ષ પ્રતિભાના પ્રભાવને કારણે ચાતુર્માસસ્થાન પ્લૉટમાં હોવા છતાં વિશાળ જન-સમાજ તેનો લાભ લેતો. હકીકતમાં ભક્તિબાગના ચાતુર્માસ દરમિયાન પ્રાર્થનાઓમાં ભક્તિનો જે રંગ જામતો ને આત્મ-જાગૃતિકર ધૂનની જે મસ્તી જાગતી તે ખરેખર હૃદયંગમ હતી!

આવી જ એક સાંજની પ્રાર્થનાની વાત છે. ચાતુર્માસ લગ-ભગ પૂરા થવા આવ્યા છે. પ્રાર્થનામાં વિશાળ સમાજ ભળ્યો છે અને ભક્તિની મસ્તીમાં ડોલી રહ્યો છે. પૂ. મહારાજશ્રી અને મુનિશ્રી ચુનીલાલજી મહારાજના ભક્તિરસભરપૂર મધુર સ્વરો શ્રોતાવર્ગ ઝીલી રહ્યો છે:

"सर्वं निराकृत्य विकल्पजाल,
संसारकान्तारनिपातहेतुम् ।
विविक्तमात्मानमवेक्ष्यमाणो
निलीयसे त्वं परमात्मतत्त्वे ।।" [1]

"અંતર મમ વિકસિત કરો, અંતરતર હે!
નિર્મલ કરો, ઉજ્જવલ કરો, સુંદર કરો હે!
અંતર મમ...." [2]

સારોયે શ્રોતાસમૂહ એકસ્વરમાં પ્રાર્થનાનાં આ ચરણો ઝીલી આત્માનંદમાં ખીલી રહ્યો છે. આ વખતે અણધાર્યો જ ચુપચાપ આવીને બેસી જાય છે એક યુવાન. ભક્તિમાં ડોલતા પૂ. મહારાજશ્રીની આંખો તો બંધ હોવાથી તુરત આગંતુકને જોઈ શકતી નથી, પરંતુ યુવાનનાં આંખ અને અંતર આ અદ્‌ભુત વાતાવરણને માણી લે છે. પ્રથમ દર્શને જ એ સાગરહૃદય મહારાજશ્રી પ્રત્યે આકર્ષાય છે અને પ્રાર્થના બાદ તેઓશ્રીને વિનય-વંદનાપૂર્વક કહે છે:

---

[1] 'પ્રાર્થનામંદિર' : પૃ. ૨૪

[2] 'પ્રાર્થનામંદિર' : પૃ. ૧૧૧

"મુનિશ્રી સંતબાલજીના પત્રો દ્વારા આપના વિશે જાણ્યું હતું તેથી આપને ઘણા સમયથી મળવા ઇચ્છતો હતો. આપનાં દર્શનનો લાભ આજે મળ્યો એ મારાં સદ્ભાગ્ય સમજું છું........"

"કયે ગામથી આવો છો?" પૂ. મહારાજશ્રીની ધીર-ગંભીર વાણી સામે પ્રશ્ન કરી રહી અને વાતચીત આગળ ચાલી–

"અમરેલીથી."

"શું કામ કરો છો?"

"અભ્યાસ અને સમાજદર્શન. હવે પ્રત્યક્ષ રચનાત્મક કાર્યમાં જોડાનાર છું."

યુવાન કંઈક સંસ્કારવાંછુ જણાતા પૂ. મહારાજશ્રી અને મુનિશ્રી ચુનીલાલજી મહારાજને પણ તેની વાતમાં રસ પડયો. તેમણે પૂછ્યું.:

"તમને વિદ્યાના અને પુસ્તકોના કાર્યમાં રસ ખરો?"

"અવશ્ય, મહારાજશ્રી!"

"તો લીંબડીમાં અમારી પ્રેરણાથી એક સાર્વજનિક પુસ્તકાલય છેલ્લાં થોડાં વર્ષો થયાં શરૂ થયેલ છે તેમાં જોડાવા મન છે? તમારા જેવા અભ્યાસી, સેવાભાવી અને રાષ્ટ્રીય વિચારના કાર્યકર્તાની અમારે ઘણી જરૂર છે." પૂજ્ય મહારાજશ્રીએ પૂછ્યું.

"આ વિશે વિચાર કરીને, મારા પિતાશ્રીની પણ સલાહ લઈને, થોડા દિવસ કામ પર પ્રત્યક્ષ આવી જઈને પછી આપને નિર્ણય જણાવું તો ચાલશે?"

"ભલે. અમે ચાતુર્માસ વીત્યે થોડા દિવસોમાં લીંબડી પહોંચીશુ ત્યારે બને તો ત્યાં આવી જશો."

"જેવી આજ્ઞા." યુવાને સંમતિસૂચક ઉત્તર વાળ્યો. પ્રથમ દર્શનમાં જ પૂજ્ય મહારાજશ્રીની પ્રેમપૂર્ણ પ્રતિભાનો સ્પર્શ અને પૂર્વના કોઈ પરિચયનું આત્મીયતાભર્યું, અકળ અનુસંધાન પામી

પોતાની લાંબા સમયની તત્ત્વજિજ્ઞાસા સંતોષવા યુવાને પૂજ્ય મહારાજશ્રીની સાથે કેટલીક તત્ત્વચર્ચા કરી. એમાં એણે કાંઈક સમાધાન અનુભવ્યું. વિશેષ લીંબડીમાં આગળ વિચારવાનું રાખી ત્યાંથી તેણે જ્યારે વિદાય લીધી ત્યારે વત્સલતાભર્યા હૃદયે પૂજ્ય મહારાજશ્રી તેને આશીર્વાદ આપી રહ્યા હતા અને પૂજ્ય ચુનીલાલજી મહારાજ આશાભરી આંખે તેના ભણી જોઈ રહ્યા હતા. યુવાનના કાન અને હૈયામાં ગુંજતા હતા તેમની મસ્તીભરી ભજન-પંક્તિઓનાં શબ્દો :

"અંતર મમ વિકસિત કરો, અંતરતર હે!"

ભાવનગરના ભક્તિબાગથી જ્ઞાની–ભક્ત પૂજ્ય નાનચંદ્રજી મહારાજ પાસેથી આ ભાવભક્તિનું જે ભાથું લઈ યુવાન વિદાય થયો તે તેને આ મહાપુરુષ સાથે સદાને માટે સાંકળી રાખનાર હતું—લીંબડીના ગ્રંથાલયકાર્ય અને સત્-સાન્નિધ્ય નિમિત્તે પ્રત્યક્ષરૂપે અને જીવનભરની સાધના અર્થે પરોક્ષરૂપે!

આ યુવાન જ છે પ્રસ્તુત જીવનચરિત્રની પંક્તિઓનો લખનાર. એ પ્રથમ મિલનના સમયના અને તે પછીના આજ વીસ વર્ષ સુધીના આ ઉપકારક ગુરુદેવના નિકટનાં કે દૂરનાં જે સંસ્મરણો છે તે સ્મૃતિનાં આંસુ અને સાધનાની આનંદપ્રેરણા બંને આપે છે. આ પ્રથમ પ્રસંગ તો પ્રવાસ, મારા શ્રેયોપકારક પૂજ્ય પિતાજીની આજ્ઞા અને મુનિશ્રી સંતબાલજી સાથેના વિચાર-વિનિમય બાદ મારું લીંબડી પહોંચી જવાનું થયું. પૂજ્ય મહારાજશ્રી પણ ભાવનગરના ચાતુર્માસ શાંતિથી પૂરા કરી લીંબડી પહોંચી ગયા હતા.

# નિવૃત્તિયોગમાંનો પ્રવૃત્તિયોગ : જ્ઞાનપરબનું મંડાણ

લીંબડીમાં થોડા દિવસ વિતાવ્યા. કામ જોયું. કામની પાછળનો ઉદ્દેશ અને ભાવ જોયો. પુસ્તકાલયને સામાન્ય પ્રકારનું વાચન પૂરું પાડતું માહિતીકેન્દ્ર કે ગ્રંથોનું કેવળ સંગ્રહસ્થાન કે કીડાઓ સંઘરતી 'વખાર' નહિ, પરંતુ એક સમૃદ્ધ, સુવ્યવસ્થિત ગ્રંથભંડારની સાથેસાથે જ્ઞાન ને સંસ્કારનું જીવતું ને બોલતું પ્રેરણાકેન્દ્ર બનાવવાનો કાર્યવાહકોનો આશય જાણ્યો. જ્ઞાનને માત્ર માહિતી-જ્ઞાનના રૂપમાં નહિ, પરંતુ જીવનને સ્પર્શતા રૂપમાં પરિચિત કરાવવાનો, સંસ્કારવાનો અને જન-જન સુધી પહોંચાડવાનો પૂજ્ય મહારાજશ્રીનો વિચાર પણ માણ્યો.

આવા ઉચ્ચ ઉદ્દેશવાળું સર્જનાત્મક કાર્ય, અંતર્લક્ષ્યવાળા છતાં લોકસંગ્રહી પૂજ્ય મહારાજશ્રીનો સત્સંગ, વાચન-મનનની લાંબા સમયની ભૂખ મટાડવા માટેની શક્યતા, ઉદાર કાર્યવાહકોનો સ્વજનવત્ પ્રેમ અને કાર્યમાં નવીન પ્રયોગો માટેની સ્વતંત્રતા—આ બધું એકીસાથે પૂ. શ્રી દેવચંદ્રજી સાર્વજનિક પુસ્તકાલયના 'ગ્રંથાલયી'(લાયબ્રેરિયન) તરીકે મને મળતાં હું ધન્ય થયો. કાર્યનો સ્વીકાર કર્યો અને તેમાં ખૂંપી ગયો. મારા વિદ્યા, જ્ઞાન અને સમાજ-શ્રેયના જીવનના આ પ્રથમ કાર્યની સફળતાનો યશ કે શ્રેય જે કાંઈ કહો તે ગુરુદેવ પૂજ્ય નાનચંદ્રજી મહારાજને છે, કારણકે હું તો માત્ર નિમિત્ત હતો, તેમણે માંડેલી જ્ઞાનપરબનો કેવળ એક નાનો પાણી પાનાર હતો. આજે એ પુસ્તકાલય જો કંઈક વિશિષ્ટ, સુવ્યવસ્થિત અને સજીવ રહ્યું હોય તો તેમાં એ પુણ્યાત્મા સત્પુરુષનું જ અદીઠ પ્રેરકબળ કામ કરે છે. એમાં એમનો 'નિવૃત્તિયોગમાંનો પ્રવૃત્તિયોગ' ડોકિયાં કરતો દેખાય છે.

પુસ્તકાલયનાં વર્ગીકરણ, પુનર્વ્યવસ્થા, જ્ઞાનપ્રસારપ્રવૃત્તિ, સંસ્કાર-કાર્યક્રમો વગેરે કાર્યોના ઉપક્રમમાં વચ્ચેવચ્ચે પૂ. મહા-

રાજશ્રીનો જે સત્સંગ–પરિચય થતો ગયો તેમાં તેમના એ સમયના એ આત્મલક્ષી નિવૃત્તિયોગ વચ્ચેની પ્રવૃત્તિયોગની દૃષ્ટિ પ્રતિબિંબિત થતી. આના બે લાભ થયા : પુસ્તકાલયનું સર્જનકાર્ય કરવામાં દૃષ્ટિ અને શક્તિ મળતાં ગયાં અને મારી વ્યક્તિગત તત્ત્વજિજ્ઞાસા પણ સંતોષાતી ગઈ.

પૂ. મહારાજશ્રીનો આ નિવૃત્તિયોગમાંનો પ્રવૃત્તિયોગ સર્વત્ર દેખાઈ રહેતો. લીંબડીથી પછી તેઓ સંવત ૨૦૦૮ના ચાતુર્માસ પુનઃ નિવૃત્તિલક્ષ્યે એકાંતમાં કરવા સાયલામાં શાંત 'સાધનાકુટિર' પર પહોંચ્યા છતાં સંપૂર્ણ નિવૃત્તિયોગનો ઉદય હજુ દૂર હતો. પ્રવૃત્તિમાં નિવૃત્તિ અને નિવૃત્તિમાં પ્રવૃત્તિનો ઉપક્રમ ચાલતો રહ્યો. આ જ અરસામાં 'સૌરાષ્ટ્ર વીર શ્રમણસંઘ'નું પ્રથમ અધિવેશન સુરેન્દ્રનગરમાં સંવત ૨૦૦૮ના પોષ મહિનામાં ભરાયું. પૂજ્ય મહારાજશ્રી જેવા 'ભગવાન મહાવીરના સેનાની'ના યથાશક્ય લાભથી એ વંચિત કેમ રહી શકે? એટલે એ અધિવેશનમાં જે મહત્ત્વની કાર્યવાહી થઈ તેમાં પૂજ્ય મહારાજશ્રીનો નોંધપાત્ર હિસ્સો રહ્યો.[૧]

આ અધિવેશન પૂરું થયા બાદ પૂજ્ય મહારાજશ્રી ઠાણા ૨ વિહાર કરીને ચાતુર્માસ માટે સાયલા પધાર્યા. ત્યાંથી ચાતુર્માસ પૂર્ણ થયે સં. ૨૦૦૯માં મહા શુદ ૧૧ના રોજ હંસાકુમારીબાઈ આર્યાજીને અને તે પછી થોડા સમય બાદ શ્રી કિશોરમુનિને મોરબીમાં દીક્ષાઓ આપી. ત્યારબાદ વાંકાનેરમાં, સં. ૨૦૦૯ના ચાતુર્માસ કરવા તેઓશ્રી પધાર્યા. આ ચાતુર્માસમાં પણ તેમનો એ પ્રવૃત્તિયોગ ચાલુ રહ્યો. ખાસ કરીને તેમણે ત્યાંના ઉપાશ્રય તથા વિશ્રાંતિભવનના ઉદ્ઘાટનવિધિમાં ભાગ લીધો અને ગામોગામનાં દુઃખિયાં માટે 'નેત્રયજ્ઞ' જેવી સમાજપરમાર્થલક્ષી પ્રવૃત્તિઓની પ્રેરણા કરી.

સંવત ૨૦૧૦ના ચૈત્ર શુદ ૨ના રોજ વાંકાનેર મુકામે જ

---

૧ : આ પ્રથમ અધિવેશન અંગેની વિગતવાર કાર્યવાહીની નોંધ પૂ. મહારાજશ્રીના સુશિષ્ય મુનિશ્રી ચુનીલાલજી મહા. પાસે ઉપલબ્ધ છે.

'સૌરાષ્ટ્ર વીર શ્રમણ સંઘ'નું બીજું અધિવેશન ભરાયું. ત્યારે સુરેન્દ્રનગરમાં ભરાયેલ ઉપર્યુક્ત પ્રથમ અધિવેશનમાં જે રૂપરેખા નક્કી કરી હતી તેની વ્યવસ્થિત પ્રગતિ કરવા માટે સૌરાષ્ટ્રના કુલ સાત સ્થાનકવાસી સાધુસંપ્રદાયોનું પ્રતિનિધિત્વ એકંદર ચાર સંપ્રદાયમાં સમાવી લઈ આ ચાર મુનિરાજોએ આ અધિવેશનનું સફળ સંચાલન કર્યું: (૧) લીંબડી મોટો સંપ્રદાય: કવિવર્ય પં. મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી (૨) ગોંડલ સંપ્રદાય: પૂજ્ય સાહેબ શ્રી પુરુષોત્તમજી સ્વામી (૩) બોટાદ સંપ્રદાય: પં. મહા. શ્રી શિવલાલજી સ્વામી અને (૪) લીંબડી નાનો સંપ્રદાય: પં. મહા. શ્રી કેશવલાલજી સ્વામી. આ સમીકરણનો અમલ કરવા માટે આ સર્વપ્રવર્તક મુનિરાજોએ પ્રધાન પ્રવર્તક તરીકે કવિવર્ય પં. મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજની નિમણૂક કરી એ અધિવેશન પરના તેમના વ્યક્તિત્વનો પ્રભાવ દર્શાવે છે. વાંકાનેર પછી સં. ૨૦૧૦ના ચાતુર્માસ સુરેન્દ્ર-નગરમાં થયા, જેમાં પૂ. મહારાજશ્રીનો પ્રવૃત્તિયોગ ત્યાંના સંઘ-માંના ત્રણ સંપ્રદાયોનું એકીકરણ કરીને સંઘની સ્થાયી એકતા સાધવામાં કામે લાગ્યો અને વધુમાં આજુબાજુનાં ગામોના વિશાળ જનસમુદાયને વ્યવહારશુદ્ધિયુક્ત માનવતાલક્ષી ધર્મ પમાડવામાં!

તો વળી સંવત ૨૦૧૧ના થાનગઢના ચાતુર્માસમાં આ યોગ આજુબાજુનાં ગામોના એ ધર્મ પામેલા વિશાળ જનસમાજને ફરીને પકડી રાખવામાં, દૂર-સુદૂરના મુમુક્ષુઓને ચાતુર્માસભર ત્યાં આકર્ષી સતત આત્મસાધનમાં જોડવામાં, મહાસતીશ્રી દમયંતીબાઈ આદિ આર્યાજીઓને સંયમલક્ષી અભ્યાસ કરાવવામાં અને ત્યાંના સ્થાનક-વાસી સમાજની જરૂરિયાત મુજબ ભોજનશાળાની પ્રેરણા કરવામાં પરિણમ્યો. આ ચાતુર્માસ પૂર્ણ થયા બાદ સંવત ૨૦૧૨ના ફાગણ વદ ૧૧ ગુરુવારના રોજ બા. બ્ર. મહાસતીશ્રી સરલાકુમારી આર્યાજીને ભાગવતી દીક્ષા આપી.

આ પ્રવૃત્તિયોગ જેમ જેમ તેઓ હડસેલતા ગયા તેમ તેમ

વધતો જ ગયો, વધતો જ ગયો. અને એટલે જોરાવરનગર, ભાવનગર, સાયલા, વાંકાનેર, સુરેન્દ્રનગર, થાનગઢ— આ બધા ચાતુર્માસો એમાં વીત્યા તો ય એ પૂરો ન થયો. હજુએ તેમને અમદાવાદ અને મુંબઈ સુધી ખેંચી જવાનો હતો—શરીરની મર્યાદાવાળી આ ઉંમરે અને એકાંત આત્મલક્ષ્યની ઉત્કટ બનતી જતી ભાવનાની આ વેળાએ!

ઉત્તરોત્તર અંતર્લક્ષી—આત્મલક્ષી બનેલા આ સત્પુરુષને આમ પ્રવૃત્તિયોગમાં ખેંચી રાખનાર બળ હતું તેમનું કરુણારસ નીતરતું હૃદય અને જનકલ્યાણની ઉન્નત ભાવના. આવા ઉત્તમ કોટિના સાધુ-પુરુષના ચાતુર્માસ કરાવવા સૌકોઈ ઇચ્છે છે. આ અરસામાં અમદાવાદમાં 'સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન સંઘ'ના નવા ઉપાશ્રયમાં પ્રથમ ચાતુર્માસ મુનિશ્રી નાનચંદ્રજી મહારાજના કરાવવાની ઉક્ત સંઘની ભાવના થઈ અને સંઘે આગ્રહભરી વિનતિ કરી. આથી સંવત ૨૦૧૨ના ચાતુર્માસ અમદાવાદ કરવા 'નગરશેઠના વંડા' પરના ઉપર્યુક્ત નવા ઉપાશ્રયે મહારાજશ્રી પધાર્યા. ચાતુર્માસ દરમિયાન આ જ્ઞાનવૃદ્ધ-અનુભવવૃદ્ધ પુરુષની પ્રેરણાથી ત્યાં અનેકવિધ સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓ ઉદયમાં આવી (આ બધી વિગતો 'ચાતુર્માસની સંક્ષિપ્ત નોંધ'વાળા પ્રકરણમાં આ જ પુસ્તકમાં નોંધાઈ છે.)

આ બધાં વર્ષોની પૂજ્ય મહારાજશ્રીની બાહ્યાંતર પરિસ્થિતિનો આ લખનાર સાક્ષી રહેલ છે. આ દરમિયાન એણે એમના સાગર જેવા હૃદયની જે ધીરજ-ઉદારતા-સહિષ્ણુતા જોઈ છે તેમ જ એમના પ્રજ્ઞાવાન ચિત્તની જે વિવેક-જાગૃતિભરી આધ્યાત્મિકતા જોઈ છે, તે વિરલ કોટિની જણાઈ છે.

તેમના આ અનુભવજ્ઞાનના પરિણામરૂપે તેઓનો જ્ઞાનયોગ ઉપર્યુકત ચાતુર્માસોમાં સર્વત્ર ચાલતો રહ્યો.

## અમદાવાદમાં વ્યવહારશુદ્ધિની પ્રેરણા

તેમના આ જ્ઞાનગુણોનો પ્રકાશ અને પ્રભાવ અમદાવાદના ચાતુર્માસમાં વિશેષપણે પથરાઈ રહ્યો હતો. નિવૃત્તિયોગમાંના પ્રવૃત્તિ-યોગનું આ એક લક્ષણ હતું. આ ચાતુર્માસના ગાળામાં હું સ્પષ્ટ જોઈ શક્યો કે અમદાવાદમાં પણ જૈન જ્ઞાનશાળા અને પુસ્તકાલયની પ્રેરણા દ્વારા જ્ઞાન-પરબનું, હુન્નરઉદ્યોગની સંસ્થા દ્વારા બહેનોના કલ્યાણ અર્થે કર્મ-કેન્દ્રનું, જડ ક્રિયાઓ તેમ જ પ્રવચનોમાં પ્રાણ ફૂંકી ધર્મક્રાન્તિનું અને ધર્મને પળપળના વ્યવહારમાં ઉતરાવી નૈતિક શુદ્ધિનું મંડાણ તેમણે કર્યું હતું. અર્થની સ્પષ્ટ સમજૂતી અને ભાવની જાગૃતિ અર્થે 'સાંવત્સરિક પ્રતિક્રમણ' જેવી ક્રિયાઓ તેમણે વિચારદૃષ્ટિથી જીવન્ત બનાવી. ઉપરાંત પ્રવચનો પછીની 'પ્રભાવના' કે ધર્મ-પ્રસાદીની વહેંચણીમાં, પોતાને ધાર્મિક કહેવરાવતા મનુષ્યોની કસોટી અને શુદ્ધિ કરવા ખાતર અવનવા પ્રયોગો કર્યા. 'ધર્મ'નો મર્મ સતત સમજાવતા રહી તેને 'ઉપાશ્રય'માંથી ઘરના ચૂલા અને દુકાનના ઓટલા સુધી લઈ જવા તેઓ મથ્યા. સૌ સૌની ભૂમિકા મુજબ જ્ઞાનયુક્ત ભક્તિ કે ભક્તિયુક્ત જ્ઞાન, જ્ઞાનભક્તિયુક્ત કર્મ કે કર્મ-યુક્ત જ્ઞાનભક્તિનો વિવેક શીખવી "सम्यग्दर्शनज्ञानचरित्राणिमोक्षमार्गः।" એ તત્ત્વવચનનો પ્રતિબોધ બહુજન સમાજને કરી રહ્યા. સરળ એવી તેમની રીત હતી અને સર્વસુલભ, લોકગમ્ય તેમની શૈલી! જાતને સમજવાની, પ્રકૃતિઓને પરખવાની, આત્માને ઓળખવાની 'યુક્તિ' તેઓ આ રીતે આપી દેતા. કોઈ વિષયનું રહસ્ય સમજાવ્યા પછી તે વિષયને લગતું જ કોઈ પદ કે ભજન તેઓ જ્યારે અંતરમાં ડૂબી જઈને મસ્તીથી ગાતા ત્યારે તેમનું રોમરોમ એકાકાર થઈ એ વિષયને જાણે સાક્ષાત્ ખડો કરી દેતું! મારી સ્મૃતિનું ખાનું અને ડાયરીનું પાનું આ વાતની સાખ પૂરે છે. એક પ્રભાતનો પ્રસંગ છે. અમદાવાદના નગરશેઠ-વંડાના એ ઉપાશ્રયના શાંત-એકાંત ચોગાનમાં સારા એવા જિજ્ઞાસુઓના સમૂહ વચ્ચે પૂજ્ય મહારાજશ્રી બેઠા છે. હજુ તો

આકાશમાં સૂર્યનાં કિરણો અને પંખીઓનાં ગાન ફૂટી રહ્યાં છે. નિત્યપ્રાર્થના પછીના મૌનમાં થોડી શાંત મિનિટો વીતી જાય છે અને પછી અંતરનાં ઊંડાણેથી પ્રગટે છે તેમની તરતમતાભરી ધીર, ગંભીર ને સરળ ઋષિવાણી:

"બીમાર માણસ હવા ખાવા ને શરીર સુધારવા માથેરાન, મહાબળેશ્વર, પંચગીની વગેરે સ્થળોએ જાય છે. બહારની—શરીરની— આ બીમારી માણસ કળી શકે છે પણ અંદરની—મનની—બીમારી એ જલદી સમજી શકતો નથી. ખૂબ શોધન કરે તો સમજાય. શરીર અસ્વસ્થ હોય ત્યારે જેમ ભૂખ, બેચેની, દુખાવો વગેરે લક્ષણો જણાય તેમ મન અસ્વસ્થ હોય ત્યારે જુદા જુદા પ્રકારે ખીજ, રીસ, રોષ, ક્રોધ, ઈર્ષા, અભિમાન, ઇન્દ્રિયવિકાર વગેરે લક્ષણોથી એ પરખાય છે. પણ એ બધાંના મૂળમાં તો અંદરની પેલી અસ્વસ્થતા—માનસિક અશાન્તિ હોય છે. મનની ઊંડાણદશાની આ આંતરિક બીમારી દૂર કેમ થાય? એ માટે--

"પોતાનાં દરદો ક્યાં છે? એ પ્રથમ શોધવું.

"એક નોંધ શરૂ કરીને એ કેટકેટલા પ્રમાણમાં છે તે નોંધતા જવું. રોજ રાત્રે સૂતી વખતે એ જોઈને પોતાનું અવલોકન કરવું....

"પછી પળેપળે ને પ્રસંગે પ્રસંગે પરીક્ષણ કરવું. કોઈપણ પ્રસંગ ઊભો થતાં વૃત્તિ બગડે, પ્રકૃતિ જોર કરે અને પોતાને વિકૃત બનાવી મૂકે એવું ન થવા દેવું, સતત જાગૃતિ રાખવી....

"એવી જાગૃતિ રાખવા માટે 'હું આ નહિ', 'હું આથી અલિપ્ત છું' એવું આત્મભાન જ કામ આપવાનું. એટલે 'પોતે દેહથી જુદો છે' એ પ્રયત્નપૂર્વક સ્મરણમાં રાખવું. એવું ભાન રહે તો કોઈ ગાળ દે, પોતાને ખરાબ કહે, નિંદા કરે કે ક્રોધ કરે તેની આપણને અસર જ શે થાય? આ છતાં પ્રકૃતિનાં પડળોને વીંધીને પેલાં દરદો મોટેભાગે બહાર ચાલ્યાં આવે છે અને જાગૃતિને ભગાડીને અસર કરી જાય છે.....

"એવી સ્થિતિમાં નામસ્મરણનો આધાર લેવો. આર્તહૃદયે પ્રભુપ્રાર્થના અને પ્રભુસ્મરણ સતત ચાલુ રાખવાં. 'હું શરીર નહિ, આત્મા છુ' એવો વિચાર રહેવો એ જાગ્રત વિવેકબુદ્ધિનું ક્ષેત્ર છે. અભ્યાસના કે સંસ્કારના અભાવે એ જો ન ટકી શકતો હોય તો આ પ્રભુસ્મરણના—હૃદયના—ક્ષેત્રમાં ખૂંપી જવું, એ 'પરમ પ્રેમમાં પડી જવું....!' આમ કરવાથી પણ એવી જ જાગૃતિ રહે છે, જેવી આત્મવિચારથી રહે વસ્તુતઃ તો પોતે આત્મા છે એ ભાન રાખવું અથવા પોતાના જીવભાવને—પ્રભુમાં-પરમાત્મામાં—ઓગાળી દેવો એ બંને એક જ વસ્તુ છે.

"—આવા અપ્રમાદી ઉપાયોથી અંદરનાં દરદોનો ખ્યાલ રહી શકે અને તેને દૂર કરવાનું બની શકે. હવા ખાવાની ટેકરીઓ પર જતાં પેલા દેહ-રોગીઓની જેમ આપણે અહીં આ મનુષ્યજન્મરૂપી શીતળ પ્રશાંત ટેકરી પર અનાદિના અંતરરોગો મટાડવા આવ્યા છીએ એ ખ્યાલ રાખી આત્મરસ—પરમાત્મરસનું પાન કરીએ તો સ્વાભાવિક સ્વસ્થતા અનુભવાય ને ચિરશાંતિ પ્રાપ્ત થાય...!"[૧]

જેને પૂજ્ય મહારાજશ્રી ભાવપ્રતિક્રમણ કહેતા તેવી તેમની આ વાણી ઘડીભર થંભી અને ફરી પ્રબળ પ્રબોધ ઠાલવતી જાગી ઊઠી:

"આ સારુ સતત વિચારતા રહેવું કે—

"હું કોણ ને આ શું બધું છે, સ્વરૂપ મારું શું ખરું?
આ જન્મ-મરણો શા થકી છે, એ બધાં શાથી હરું?
કરવાં પડે નહિ કાર્ય ફરીને, કર્મ એવાં શાં કરું?
ફરી જન્મવું-મરવું પડે નહિ, એમ કઈ રીતે મરું?
આ ભ્રાંતિ છે કે સત્ય તે અનુભવ વડે નિશ્ચય કરું?
દુઃખ કલ્પના મુજ હોય તો દેખાવથી શાને ડરું?
એના ઉપાયો આચરી બીજા પ્રપંચો પરિહરું?
મરવા તણો ન સ્વભાવ મારો, કયા પ્રકારે હું મરું?

[૧] 'વાસરિકા' (૧૯૫૬): લેખકની અંગત ડાયરી

કાઢું કઈ કઈ ચીજ ઘટથી, જીવનમાં શું શું ભરું?
આવ્યા તણો ઉદ્દેશ સમજી, સત્ય મારગ સંચરું;
શ્રી સંતનો થઈ 'શિષ્ય' હું વર સ્વરૂપ મારાને વરું.[1]

આત્મસ્વરૂપને જગાડતું પૂજ્ય મહારાજશ્રીનું આ પદ પૂરું થયું. મસ્તીમાં ડોલતું તેમનું શરીર પણ થંભ્યું. પુનઃ શાંતિ છવાઈ ગઈ. એ શાંતિમાં પૂ. મહારાજશ્રીની નિવૃત્તિલક્ષી વાણીના પ્રવૃત્તિપ્રેરક પડઘા અંતરે ઊઠી રહ્યા. સૌ કોઈ વિખરાયા. મારે હૈયે આત્મશોધનનું એ મસ્તીગાન એવું ને એવું ગુંજી રહ્યું હતું—

"હું કોણ ને આ શું બધું છે, સ્વરૂપ મારું શું ખરું?"

એ ગુંજતા ગુંજતા મારા સ્મરણપટે આવી રહ્યું શ્રીમદ્ રાજચંદ્રજીનું આવું જ પદ:

"હું કોણ છું, ક્યાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધી વળગણા છે, રાખું કે એ પરિહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં....[2]

શ્રીમદ્ સાથે તત્ત્વનું, અંતરનું અને આશયનું સામ્ય ધરાવતા પૂ. નાનચંદ્રજી મહારાજ અહીં જાણે તેમના જ જેવી આત્માનુભૂતિની વાણી વદી રહ્યા હતા. સ્પષ્ટ હતું કે તેમનો આ આત્મલક્ષી નિવૃત્તિયોગ જ પળેપળનો વિશુદ્ધ ને વાસ્તવિક પ્રવૃત્તિયોગ બની તેમના પ્રત્યેક પ્રવર્તનમાં પોતાની પ્રતિછાયા પાડતો ઝલકી રહ્યો હતો.

ને આમ પોતાના માટેની શુદ્ધાત્મચેતનાની સાગરયાત્રાનો અને અન્ય માટેની જ્ઞાનપરબનો પ્રવાહ વહેતો રહ્યો—અમદાવાદથી મુંબઈ ભણી કે જ્યાં એના વેગની અનેક પ્રબળ શિલાખંડો કસોટી કરવાના હતા: માર્ગના અવરોધક બનીને!

---

૧ 'પ્રાર્થનામંદિર' : પૃ. ૧૭૦
૨ 'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી

# મુંબઈમાં ઉપસર્ગ અને કસોટી

અગ્નિપરીક્ષાઓ જ્યારે આવવાની હોય છે, ભવિતવ્યતા જ્યારે પુરુષાર્થીનું 'હીર' માપવા–ચકાસવાની હોય છે ત્યારે તે પ્રથમ તો એને રૂપાળાં, લોભામણાં નિમિત્તો બતાવીને આકર્ષી જતી હોય છે. ક્યાંક એ સુખ-સગવડ-સન્માન-કીર્તિની એષણાઓ દર્શાવતી હોય છે, તો ક્યાંય કર્તવ્ય, સિદ્ધાંતપાલનના આભાસો બતાવતી હોય છે, તો ક્યાંક લોકશ્રેયના નિમિત્તે ધર્મસંકટો ખડાં કરતી હોય છે!

પૂજ્ય મહારાજશ્રી માટે લોકસંગ્રહ અને સત્યધર્મના ઉદ્ધારની ભાવનાનાનિમિત્તે હવે એ કસોટી આવી રહી હતી. એક ક્રાન્તિભર્યા લાંબા જીવનની અને છેલ્લે છેલ્લે 'મહાવીરના સેનાની' અને જ્ઞાન-ગંગાના વહાવનાર તરીકેની સુપ્રસિદ્ધિથી તેમની સામે મુંબઈભણી જવાની ભવિતવ્યતા આવી રહી. સમયચક્રના વહેવા સાથે મુંબઈની પરિસ્થિતિએ એવી આવશ્યકતા ને માગણી ઊભી કરી કે એ વર્ષના ચાતુર્માસમાં ત્યાં કોઈ સમર્થ ને પ્રતિભાસંપન્ન સાધુ મહારાજના ચાતુ-ર્માસ વિના ચાલી ન શકે દેખીતી રીતે જ મુંબઈના—ઘાટકોપરના—સ્થાનકવાસી જૈન સંઘનું ધ્યાન પૂ. નાનચંદ્રજી મહારાજ પર કેન્દ્રિત થયું. તેથી ઘાટકોપર સંઘનું એક વગદાર પ્રતિનિધિમંડળ લીંબડી આવી પહોંચ્યું. આ સમયે પૂ. મહારાજશ્રી ઠાણા ૩ અમદાવાદના ચાતુર્માસ પૂર્ણ કરી લીંબડી પધાર્યા હતા. ઘાટકોપરના પ્રતિનિધિ-મંડળે ત્યાં બિરાજતા લીંબડી સંપ્રદાયના અગ્રણી પૂજ્ય મહારાજશ્રી ધનજી મહારાજ અને નગરશેઠ શ્રી લલ્લુભાઈને ઘાટકોપરના ચાતુર્માસ માટે કવિવર્ય પં. મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજને સંમતિ આપવા વિનતિ કરી. ત્યારબાદ બધી પરિસ્થિતિનો વિચાર કરી પૂજ્ય મહારાજસાહેબે તથા શ્રી શેઠે ઘાટકોપરના સંઘની વિનતિ સ્વીકારી. નિવૃત્તિયોગની વધતી જતી અંતર-ભાવના અને જરા જીર્ણ બની રહેલા શરીરની મર્યાદાના કારણે પૂ. મહારાજશ્રી મુંબઈ જવા લગીરે તૈયાર થતા ન હતા. પરંતુ અંતે, નિરુપાયે તેઓએ

લોકસંગ્રહ—લોકશ્રેય અને સત્યધર્મઉદ્ધારની ભાવનાથી એ પ્રવૃત્તિ-યોગ સ્વીકાર્યો, જે વાસ્તવમાં તેમની આકરી કસોટીરૂપ બનવાનો હતો. મુંબઈના પ્રતિનિધિમંડળને તેમણે ઘણી મથામણ પછી 'હા' ભણી અને વૃદ્ધાવસ્થા તેમ જ પગના વાના રોગને કારણે ડોળીનો આશ્રય લઈને મુંબઈ જવાનું તેમણે નક્કી કર્યું.

આ વખતે મુંબઈ તરફનો વિહાર કરવા માટે લીંબડીથી પૂજ્ય મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજ તથા તેઓના શિષ્ય મુનિશ્રી ચુનીલાલજી ઠાણા ૨ હતા. તેઓએ થોડા સમયમાં લીંબડીથી મુંબઈ ભણી વિહાર શરૂ કર્યો. તેઓની સાથે સેવાભાવી ભાઈશ્રી અંબાલાલ પટેલ અને ડોળીવાળા ભાઈઓ પણ હતા. આટલી જૈફ ઉંમરે વિહારનાં સંકટો વેઠતાં લોકસંગ્રહ, સત્યધર્મઉદ્ધાર અને સંઘશ્રેયની ભાવનાથી તેઓશ્રી ભાલનળકાંઠા, ખંભાત, ભરૂચ થઈને સૂરત પધાર્યા. ત્યાં મુંબઈથી ઘણાં ભાઈ-બહેનો પધારેલાં. સૂરતથી આગળ જતાં જેમ જેમ મુંબઈ નજીક આવતું ગયું તેમ તેમ વધુ ને વધુ માણસો તેઓના સ્વાગતમાં જોડાતા ગયા. અંતે તેઓ ઘાટકોપર પધાર્યા. સંઘના અને બહુજનસમાજનાં સ્વાગત, ઉત્સાહ અને ભક્તિ અદ્ભુત પ્રકારનાં હતાં. સં. ૨૦૧૩ના ચાતુર્માસ શરૂ થયા. પૂ. મહારાજશ્રીનો નિવૃત્તિલક્ષ્યમાંથી પ્રગટતો યુગાનુરૂપ જાગ્રત પ્રવૃત્તિયોગ શરૂ થયો. તત્ત્વપ્રરૂપણા કે ભક્તિ-પ્રભાવના કરતાં પહેલાં તેમનું ધ્યાન સર્વપ્રથમ મુંબઈના મધ્યમ વર્ગ અને ગરીબ સમાજ પ્રત્યે ગયું. તેમણે કરુણાપૂર્ણ હૃદયે તેમની સ્થિતિ જોઈ. મુંબઈના યાંત્રિક જીવન વચ્ચે પોતાના પંડ ને પ્રાણ નીચોવી રહેલા આ વર્ગની શોચનીય સ્થિતિ જોઈ તેઓ દ્રવી ઊઠયા. આ સારુ તેમણે સર્વપ્રથમ ગરીબ ને મધ્યમ વર્ગના સાધર્મિક બંધુઓ માટે અને પછી બહુજન સમાજ માટે નિવાસ અને ભોજનની જોગવાઈ પર લક્ષ્ય કેન્દ્રિત કર્યું. ઉદાર ધનિકો અને દાતાઓને તેમણે ઢંઢોળ્યા. પ્રવચનો અને વ્યક્તિગત અનુરોધો દ્વારા તેમણે

તેમને સસ્તા ભાડાંની ચાલીઓ અને ઓરડીઓ બાંધવા માટે તેમ જ ઓછા ખર્ચે ભોજન આપતાં ભોજનાલયો શરૂ કરવા માટે પ્રેરણા કરી. 'આયંબિલ'ની રોજની તિથિઓ માટે પણ ભંડોળ એકત્ર કરાવ્યું અને તે પછી તેમના પ્રવૃત્તિયોગના જ્ઞાન-પરબ, પ્રાર્થના-ભક્તિ-પ્રભાવના અને અન્ય કર્યો શરૂ થયાં. અંદર આત્માર્થયુક્ત નિવૃત્તિ, બહાર પરમાર્થયુક્ત લોકસંગ્રહની પ્રવૃત્તિ—આમ તેમનો જીવન-પ્રવાહ વહી રહ્યો.

તેમના કરુણાભરેલા હૃદયનિર્ઝરમાંથી નીકળતા આ પ્રવૃત્તિ-યોગની અગ્નિપરીક્ષા હવે શરૂ થઈ. સમાજનાં કેટલાંક વિરોધી તત્ત્વોએ, તેમ જ પૂ. મહારાજશ્રીની નિવૃત્તિલક્ષી પ્રવૃત્તિદૃષ્ટિ નહિ સમજી શકનારા લોકોએ, કોઈ પણ પ્રસંગ કે ઘટનાને નિમિત્ત બનાવી વિરોધ કરવો શરૂ કર્યો. છાપાં-બાજી શરૂ થઈ. અણસમજ કે ગેરસમજને કારણે શંકા-કુશંકાઓ કરી પૂજ્ય મહારાજશ્રી ઉપર અનેક જાતના આક્ષેપો મૂકયા. આથી સમાજમાં વિક્ષેપનો વંટોળ ઊભો થયો. પરંતુ આવી પરિસ્થિતિમાં પણ પૂજ્ય મહારાજશ્રીના અંતરમાં જે ગુણવિકાસ થયો હતો તેથી તેઓને પૂરેપૂરી શાન્તિ હતી. પોતે "ભલે દુશ્મન બને દુનિયા, તમે ના કોપશો વા'લા"–એ કાવ્યપંક્તિની પ્રાર્થનાથી ખૂબ જ આશ્વાસન મેળવી લેતા. આખરે તેમની સમતા, સહિષ્ણુતા અને ધીરજ સોળે કળાએ ખીલી ઊઠયાં. તાત્પર્ય કે "अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यते" એ ન્યાયે એ વંટોળ શાંત થઈ ગયો.

અગ્નિપરીક્ષાની અવધિ પૂરી થઈ. એ વંટોળમાંથી તેઓ નિર્વિઘ્ને પાર ઊતરી ગયા. તેમની અંદરનું સુવર્ણ આ બધા તાપોથી તપીતપીને વિશેષ શુદ્ધ થયું, ને ઘાટકોપરના આ ચાતુર્માસ પૂરા થયા.

## મધ્યમવર્ગી સમાજની વચ્ચે

મુંબઈ આવીને ઘાટકોપરના ચાતુર્માસ દરમિયાન પૂજ્ય મહારાજશ્રીએ મધ્યમવર્ગ–ગરીબવર્ગને લક્ષમાં રાખીને જે પ્રવૃત્તિયોગ આરંભ્યો હતો તેનો સંસ્પર્શ મુંબઈના પ્રવેશદ્વાર જેવા બોરીવલીમાં વસતા મધ્યમવર્ગ–નોકરિઆત વર્ગને થયો. આ વર્ગે ઊલટા સ્વપરિશ્રમથી ત્યાં સંઘની રચના કરીને ઉપાશ્રય માટે ભારે વિશાળ જગ્યા ઊભી કરી હતી અને લોકહિતની અન્ય પ્રવૃત્તિ કરવા તેમની ભાવના હતી. આ નવોદિત સંઘને પૂ. મહારાજશ્રીની સાર્વજનિકતા, લોકસંગ્રહભાવના અને ઉદારતા પ્રત્યે ભારે આદરભાવ થયો હતો. એટલે એ સંઘ ઘાટકોપરના ચાતુર્માસ પૂર્ણ થતાં જ પૂ. મહારાજશ્રી બોરીવલીમાં આગામી ચાતુર્માસ માટે વિનતિ કરવા આવ્યો અને તેમને વિનતિ કરતાં કહ્યું: "આપ મધ્યમ વર્ગ પ્રત્યે હમદર્દી રાખવાવાળા છો તો આગામી ચાતુર્માસનો અમને લાભ મળવો જોઈએ. અમારા સંઘને જો આપનો સહેજ પણ ટેકો મળશે તો અમે થોડા સમયમાં જ ઘણા આગળ વધી શકીશું," વગેરે.

મધ્યમ વર્ગનાં સુખદુઃખ અને પ્રશ્નો સમજવા-ઉકેલવાનો એક વધુ અવસર મળતો જોઈ આ વિનતિનો પૂજ્ય મહારાજશ્રીએ તુરત સ્વીકાર કર્યો અને સં. ૨૦૧૪ના ચાતુર્માસ બોરીવલીમાં થયા. સંઘના કાર્યકર્તાઓ ઉત્સાહી અને પરિશ્રમી હોવાને કારણે ચાતુર્માસ દરમિયાન અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ ચાલુ થઈ. સાર્વજનિક ઉદ્યોગશાળા, મહિલા મંડળ, જૈનશાળા વગેરેનાં નિર્માણ ઉપરાંત ભવિષ્યમાં નિર્માનારી ભવ્ય હૉસ્પિટલનાં મંડાણ પણ ત્યારથી જ થયાં. આમ પૂજ્ય મહારાજશ્રી બોરીવલીમાં પધારતાં સંઘ ઉપર અનેક ઉપકારો થયા અને મુંબઈનાં બીજાં પરાંઓના સંઘો પણ બોરીવલી સંઘના આવા અદ્‌ભુત વિકાસથી આશ્ચર્ય અનુભવવા લાગ્યા.

આ ચાતુર્માસ પૂર્ણ થયે પૂ. મહારાજશ્રીના ભાવ ગુજરાત સૌરાષ્ટ્ર તરફ વિહાર કરવાના હતા એટલે એ માટેની તૈયારીઓ

શરૂ થઈ અને મુંબઈના સંઘોની અને વિશાળ ભક્તસમુદાયની તેમણે ભાવભીની વિદાય લીધી. પૂર્વવત્ અંતેવાસીઓ મુનિશ્રી ચુનીલાલજી મહારાજ અને ભાઈ અંબાલાલ પટેલ સાથે હતા. ડોળીનું સાધન વાપર્યા વિના તો છૂટકો ન હતો, કારણ પગના વાની વર્ષોની તકલીફ અનેક ઉપચારો છતાં મટી ન હતી. વિહાર કરતાં કરતાં જાણવા મળ્યું કે પ્રસિદ્ધ વજ્રેશ્વરીનું ધામ વિહારના માર્ગમાં માત્ર બેત્રણ માઈલના ફેરમાં જ આવે છે. તેના વિશે ખૂબ સાંભળેલું એટલે હવાફેર માટે થોડા દિવસ ત્યાં રોકાવાનું મન થયું, શેષકાળ રોકાયા પણ ખરા, દરમિયાન અચાનક પૂ. મહારાજશ્રીની તબિયત લથડી. તાત્કાલિક ખબર મુંબઈ અપાયા. મલાડમાં વસતા અને પૂ. મહારાજશ્રી પ્રત્યે ખૂબ સદ્ભાવ ધરાવતા ભક્તહૃદયી ડૉ. સૂચક ત્યાં આવી પહોંચ્યા. શરીર તપાસતાં હૃદય પર અસર જણાઈ અને સંપૂર્ણ આરામ તેમ જ ઉપચારની આવશ્યકતા ઊભી થઈ. બોરીવલીના સંઘને પણ આ વાતની જાણ થઈ એટલે તેઓ સૌ પણ વિનાવિલંબે આવી પહોંચ્યા. બધી પરિસ્થિતિ જોઈ તેમણે પૂ. મહારાજશ્રીને બોરીવલી પાછા પધારવાની અને સેવાનો લાભ તેમને આપવાની વિનતિ કરી. શારીરિક સ્થિતિ વિવશતાભરેલી હતી એટલે બોરીવલી પાછા આવ્યા. થોડો સમય ઉપચાર ચાલ્યા અને યોગ્ય સારવારથી તબિયત સુધરી ગઈ. પછી તો મુંબઈનાં અન્ય પરાંઓમાં વિચરવાનું ને ઘાટકોપરમાં આંખનો મોતિયો ઉતરાવવાનું પણ બન્યું. વજ્રેશ્વરીથી આ માંદગીના સમાચાર સારા યે સૌરાષ્ટ્રમાં પહોંચ્યા હતા એટલે પૂ. મહારાજશ્રીના આજ્ઞાનુવર્તિની સેવાભાવી મહાસતીશ્રી હેમકુંવરબાઈ આર્યાજીને જણાયું કે આવા સમયે મારે સેવાનિમિત્તે પૂ. મહારાજશ્રી પાસે જવું જ જોઈએ. તેઓએ આજ્ઞા મગાવી. પૂ. મહારાજશ્રી બે જ ઠાણા હતા એટલે સેવાની અપેક્ષા, આવી શરીરસ્થિતિમાં હતી જ, તેથી મહા.શ્રી હેમકુંવરબાઈ તથા બા. બ્ર. પુષ્પાબાઈ તથા બા. બ્ર. હંસાકુમારીબાઈ ઠાણા ૩ લીંબડીથી સંમતિ મેળવી અમદાવાદથી ઉગ્રવિહાર કરી પૂ. મહારાજશ્રીને વજ્રેશ્વરીમાં જ આવી મળ્યા હતા.

પછી તો તેઓ પણ મુંબઈનાં પરાંઓમાં વિચરવા લાગ્યા.

હવે સૌરાષ્ટ્ર કે ગુજરાત તરફ જઈ શકાય તેવી શક્યતા કે સમય ન હતો. આથી બોરીવલી સંઘે તક જોઈને પૂ. મહારાજશ્રીને બીજા ચાતુર્માસ માટે વિનતિ કરી; પરંતુ તેમની શારીરિક શક્તિ સારી ન હોવાથી હવે ચાતુર્માસનો કાર્યભાર વહન થઈ શકે તેવું ન હતું. તેથી પૂ. મહારાજશ્રીએ વિનતિના ઉત્તરમાં કહ્યું કે, "આ ચાતુર્માસ તો મારે ક્યાંક રહેવું જ પડશે; પરંતુ હવે તો મારી લાંબા સમયની અંતરેચ્છા ઉપરાંત શરીરની પણ મર્યાદા છે, તેથી મારે આ વખતે **પૂર્ણ નિવૃત્તિ લેવી** છે. માટે જો એ રીતે તમને લાભ જોઈતો હોય તો વિચારજો...." આ સાંભળી વિનયી, સેવાપરાયણ અને ઉપકારવશ થયેલા બોરીવલીના સંઘે પૂ. મહારાજશ્રીની વાત ઘણા ઉમંગથી સ્વીકારી લીધી અને ભાવપૂર્વક કહ્યું કે, "અમને આપની સેવાનો લાભ મળે તો પણ ઘણું છે." અને પૂ. મહારાજશ્રીએ સ્વીકૃતિ આપી. સં. ૨૦૧૫ના ચાતુર્માસ ફરીને બોરીવલીમાં નક્કી થયા.

આ ચાતુર્માસમાં લાંબા સમયથી ઝંખેલાં નિવૃત્તિ અને આરામ લેવાનાં હતાં એટલે આ નિમિત્તે ચાતુર્માસ-નિવાસ ઉપાશ્રયને બદલે બોરીવલી ઘોડબંદર રોડ પરના 'કૃષ્ણકુંજ' નામના બંગલામાં નક્કી થયા. પૂ. મહારાજશ્રી ઠાણા ૨ ત્યાં ચાતુર્માસ રહ્યા અને મહાસતીશ્રી હેમકુંવરબાઈ આર્યાજી ઠાણા ૩ના ચાતુર્માસ ઘાટકોપરમાં થયા. બોરીવલીના આ બીજા ચાતુર્માસ દરમિયાન પૂ. મહારાજશ્રીને વળી ફરીવાર બીજો સખત હૃદયરોગનો હુમલો આવ્યો. પરિસ્થિતિ ખૂબ ચિંતાજનક બની ગઈ. મુંબઈથી અને ઘાટકોપરથી નિષ્ણાત ડૉકટરોને બોલાવ્યા. બૃહદ્ મુંબઈના આગેવાન સંઘસેવકો પણ બોરીવલીમાં હાજર થયા. ડૉકટરોના છેલ્લામાં છેલ્લા ઉપચારો બોરીવલી, ઘાટકોપર વગેરે સંઘોની સેવા-સુશ્રૂષા અને પૂ. મહાજશ્રીના પ્રબળ પુણ્યોદયે વળતા ભાવ થયા, પરંતુ હૃદય નબળું પડી જવાથી ખૂબ

કાળજી રાખવી અનિવાર્ય થઈ પડી. આખરે એવી પરિસ્થિતિમાં લીંબડી સંઘની વિનતિથી પૂ. મહારાજશ્રી ઠાણા ૨ મુંબઈની વિદાય લઈ લીંબડી પધાર્યા.

લીંબડી પધાર્યા પછી સં. ૨૦૧૬ના ચાતુર્માસ પણ લીબડીમાં જ થયા. તે વખતે લીંબડી સ્થા. જૈન સંપ્રદાયના ગાદીપતિ પૂ. શ્રી ધનજી સ્વામી તથા સદાનંદી મહારાજશ્રી છોટાલાલજી મ. આદિ ઠાણા ૪ ના સંયુક્ત ચાતુર્માસ પણ ત્યાં જ થયા. પૂ. નાનચંદ્રજી મહારાજની તબિયત લીંબડી પહોંચ્યા પછી ધીમે ધીમે ખૂબ સુધારા પર આવી ગઈ. શકિત, ઉત્સાહ અને હિંમત પુનઃ યુવાન જેવા બની ગયાં અને તે એટલે સુધી કે વગર માઈકે તેઓ મોટા અવાજે વ્યાખ્યાન આપવા લાગ્યા. શરીરને ત્યારે ૮૨ વર્ષ થવા આવ્યાં હતાં. વૃત્તિઓ પણ સઘળી વિરામ પામી હતી. એટલે આ અંતરલય પામેલી યોગારૂઢ દશામાં પોતે જીવી રહ્યા હતા અને હવે સંપૂર્ણપણે નિવૃત્તિલક્ષી એકાંત જીવનનો પોતાનો સંકલ્પ તેઓશ્રી સુદૃઢ કરી રહ્યા હતા. આથી આ ચાતુર્માસમાં લીંબડીમાં 'સાંવત્સરિક પ્રતિક્રમણ' માં પોતાની વિશિષ્ટ એવી હૃદય ઢંઢોળતી અને આંસુ છલકાવતી 'આલોચના'—પાપોના પ્રાયશ્ચિત્તની ભાવક્રિયા—કરાવીને ચાતુર્માસ પૂર્ણ થયે મહારાજશ્રી સાયલા પધાર્યા.

## નિવૃત્તિયોગ અને સાયલામાં સ્થિરવાસ

દોઢસો–બસો વર્ષ પૂર્વે થયેલા લાલા ભગત જેવા બહુજ્ઞાન લોકપ્રિય ભક્ત અને પોણોસો વર્ષ પૂર્વે થયેલા શ્રીમદ્ રાજચંદ્રજીના અનુગ્રહપાત્ર તેમ જ ઉપકારક એવા પણ અલ્પજ્ઞાન શ્રી સૌભાગ્યભાઈ જેવા આત્મદર્શી સત્પુરુષથી ધન્ય થયેલી સાયલાની સૂકી ધરતી એક અન્ય સંતની—પોતાને સંતોના નાનકડા શિષ્ય માનતા નમ્ર જ્ઞાન–ભક્ત 'સંત-શિષ્ય'ની—વહી રહેલી જીવનસરિતાથી પણ ચેતના

રસભીની બનેલ હતી. આ સાયલાને—જન્મભૂમિને—પૂ. મહારાજશ્રીએ સ્થિરવાસ માટે પસંદ કરી હતી એટલે આખરે તેઓ વર્ષોઅંખ્યા એકાંત નિવૃત્તિયોગના લક્ષ્યે સાયલાના ઉપાશ્રયમાંની 'સાધનાકુટિરે' આવી રહ્યા અને આ જીવનનો છેલ્લો શ્વાસ પણ ત્યાં જ ખેંચ્યો. આ સ્થિરવાસ દરમિયાન તેમના જીવનનાં છેલ્લાં ચાર ચાતુર્માસ ત્યાં વીત્યા. આ સમયના ગાળામાં તેમના સાધ્વીજીઓ-શિષ્યાઓના પરિવારમાંથી દરેક વર્ષે આર્યાજીના અમુક ઠાણા સાયલામાં સેવા અને અભ્યાસાર્થે રહેવા લાગ્યા. સં. ૨૦૧૭ના ચાતુર્માસમાં મહાસતીશ્રી પ્રભાકુંવરબાઈ આર્યાજીનાં શિષ્યા મહા. શ્રી ચંદનબાઈ આર્યાજી તથા બા. બ્ર. ઇન્દુમતીબાઈ આર્યાજી ઠાણા ૨; સં. ૨૦૧૮ના ચાતુર્માસમાં મહા. શ્રી હેમકુંવરબાઈ આર્યાજી, બા. બ્ર. મહા. શ્રી પુષ્પાબાઈ આર્યાજી, બા. બ્ર. મહા. શ્રી હંસાકુમારી આર્યાજી આદિ ઠાણા ૩; સં. ૨૦૧૯ના ચાતુર્માસમાં મહા. શ્રી કલાવતીબાઈ આર્યાજી, બા. બ્ર. મહા. વિનોદિનીબાઈ આર્યાજી, મહા. શ્રી દિવ્યપ્રભા આર્યાજી આદિ ઠાણા ૩ અને સં. ૨૦૨૦ના ચાતુર્માસમાં મહાસતીશ્રી પ્રભાકુંવરબાઈ આર્યાજીના શિષ્યા મહા. શ્રી ચંદનબાઈ આર્યાજી તથા બા. બ્ર. મહા. સરલાકુમારી આર્યાજી ઠાણા ૨;—આવો પ્રબંધ થવાથી દરેક મંડળનાં સાધ્વીઓને સેવા ઉપરાંત તેઓના સત્સંગનો અનેરો લાભ મળ્યો અને પૂ. મહારાજશ્રી અને પૂ. ચુનીલાલજી ઠાણા ૨ હોવાથી ગામને પણ સારો લાભ મળ્યો.

સં. ૨૦૧૭ના ચાતુર્માસ સમયે પૂ. મહારાજશ્રીને ૮૪ વર્ષ થયાં હતાં. પગે વાની તકલીફ, જઠરાગ્નિની મંદતા, હૃદયનું દર્દ વગેરે સામાન્ય શારીરિક અસ્વસ્થતા છતાં એકંદરે આરોગ્ય સારું હતું અને મનોબળ–આત્મબળ તો એવાં હતાં કે તેમના ઉત્સાહ, પ્રસન્નતા, પ્રફુલ્લિતતા અને ગંભીરતા જોઈ અનેકને તેવા જ પ્રતિભાવ ઉત્પન્ન થતા! નિવૃત્તિલક્ષિતા વધતી હતી, છતાં તેમની સ્વભાવ-સહજ ઉદારતા ને સાગર જેવી કરુણાવૃત્તિ દૂર દૂરથી આવતા

જિજ્ઞાસુઓ, અનુરાગીઓ, સેવકો અને ભક્તો પર અનુગ્રહ કર્યા વિના રહી શકતી નહિ. તેઓ સૌને ભૂમિકા અને પાત્રતા મુજબ પ્રતિબોધ અને માર્ગદર્શન ભારે પરિશ્રમ ઉઠાવીને પણ આપતા. આ પરિશ્રમની અસર અંતે તેમના શરીરસ્વાસ્થ્ય પર થતી. બહારના આગંતુકો ઉપરાંત ત્યાં પોતાની સેવામાં રહેલા સાધ્વી-સમુદાયમાં પણ સંસ્કારસિંચન કરી તેમને વિકસિત અને પ્રતિષ્ઠિત કરવાની પોતાના પદની જવાબદારી પણ પોતે ચૂકતા નહિ. લીંબડી સંઘ પણ તેમના માર્ગદર્શન અને સમાધાન મેળવવા પ્રસંગોપાત્ત તેમની પાસે આવતો અને પોતાના પ્રશ્નોનો ઉકેલ મેળવીને જતો. ઉપરાંત સાયલામાં પણ દવાખાનું, માનવરાહતનાં કાર્યો, લીંબડીના દેવચંદ્રજી સાર્વ. પુસ્તકાલયની શાખા વગેરે પ્રવૃત્તિઓની પ્રેરણા પણ તેમના હાથે થતી રહી. આવી સ્વભાવસહજ પ્રવૃત્તિપ્રેરણા સિવાય તેઓ આ દિવસોમાં એકાંત, ધ્યાન-ચિંતન અને વાચનમનનમાં રહેતા. આ અંતર્મુખતા અને અભ્યાસના પરિણામે જે પ્રાપ્ત થતું તે તેઓશ્રી સમાજને આપતા રહેતા. અધ્યાત્મ, ધર્મ, નીતિ વગેરેના સાહિત્યના અભ્યાસ ઉપરાંત તેઓ આટલી જૈફ ઉમ્મરે પણ દેશ અને દુનિયાના બનાવો ને પરિવર્તનોથી વાકેફ રહેતા. વિજ્ઞાનના વિષયમાં પણ પોતે ઊંડો રસ લઈ તેને વિનોબાજીની જેમ આત્મજ્ઞાન સાથે—અધ્યાત્મ, ધર્મ, નીતિ સાથે—જોડતા. અલબત્ત, સમાજનો રુઢિચુસ્ત વર્ગ આ સર્વતોભદ્ર સત્‌પુરુષના સર્વાંગી, સમગ્ર દૃષ્ટિકોણ અને દૃષ્ટિવિકાસને સમજી કે સહી શકતો નહિ, અને તેથી તેમની 'જીવનદૃષ્ટિ' તથા લોકહિતની પ્રવૃત્તિઓની નિંદા-ટીકા કર્યા કરતો. પરંતુ પૂજ્ય મહારાજશ્રી એવા વર્ગ પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ રાખી ગંધહસ્તીની જેમ ધીરગંભીરપણે પોતાના આત્મલક્ષ્ય ભણી આગળ ગતિ કર્યે જતા. વિશાળ ચૈતન્યસાગરમાં ભળવા જઈ રહેલો જીવનસરિતાનો ધસમસતો પ્રવાહ કાંઠાના ઝાડ-ઝાંખરની પરવા પણ શે કરે?

આખરે સં. ૨૦૨૦ના ચાતુર્માસ શાંતિથી પૂર્ણ થયા. આ

ચાતુર્માસમાં સેવાના લક્ષ્યે સાયલા રહેલા મહાસતીશ્રી પ્રભાકુંવરબાઈનાં શિષ્યા મહાચંદનબાઈ આર્યાજી તથા બા. બ્ર. મહા. શ્રી સરલાકુમારી ઠાણા ૨ ચાતુર્માસ પૂર્ણ થયે પોતાના ગુરુણી પાસે પધાર્યા.

સંવત ૨૦૨૧નું વર્ષ શરૂ થયું. પૂ. મહારાજશ્રીને માગશર શુદ ૧ના રોજ ૮૮ વર્ષ પૂરાં થઈ ૮૯મું વર્ષ બેસતું હતું એટલે તેમની જન્મજયંતી, છેલ્લાં કેટલાંક વર્ષોની જેમ જાહેર રીતે ઉજવવાનું સાયલાના લીંબડી સંઘે નક્કી કર્યું. આમંત્રણપત્રિકાઓ રવાના થઈ. દૂર અને નજીકથી જનસંખ્યા આવવા લાગી. નજીકમાં વિચરતા સાધુ-સાધ્વીજી પણ આવી પહોંચ્યાં. સાયલા સંપ્રદાયના તપસ્વી મહારાજશ્રી મગનલાલજી મહારાજ તથા તેમના શિષ્ય બલદેવજી મહારાજ ઠાણા ૨ અહીં બિરાજતા જ હતા. ઉપરાંત વિદુષી મહાસતી શ્રી હેમકુંવરબાઈ આર્યાજી, બા. બ્ર. મહા. શ્રી પુષ્પાકુમારી આર્યાજી, બા. બ્ર. મહા. શ્રી હંસાકુમારી આર્યાજી ઠાણા ૩ પણ થાનથી વિહાર કરીને સાયલા આવી પહોંચ્યાં હતાં. મહાસતી શ્રી દમયન્તીબાઈ આર્યાજી, મહા. શ્રી કલાવતીબાઈ આર્યાજી, મહા. બા. બ્ર. દિવ્યપ્રભાબાઈ આર્યાજી, મહા. બા. બ્ર. પ્રમોદિનીબાઈ આર્યાજી ઠાણા ૪ પણ તે સમયે હાજર હતાં. ઉપાશ્રયની બાજુમાં પ્રાર્થનાચોકની વિશાળ જગ્યામાં ચાંદની અને ધ્વજાપતાકા દ્વારા શોભા કરવામાં આવી હતી. સવારસાંજ પ્રાર્થના અને પ્રતિક્રમણમાં નિયમિત રહી ભાગ લેતા પૂજ્ય મહારાજશ્રી આ જયંતી-દિને પણ સદાની જેમ પ્રસન્ન, ધીર અને ગંભીર હતા. આ પુનિત દિવસના પ્રથમ કિરણના ફૂટવાની સાથે પ્રભાતની પ્રાર્થનામાં તેમના અંતરનાં ઊંડાણેથી નાભિમાંથી ખરજના ગંભીર સ્વરો પ્રસ્ફુટિત થઈ તેમના સુમધુર બુલંદ કંઠ દ્વારા વાતાવરણમાં રેલાઈ રહ્યાં હતાઃ

।। जन्मान्तरेऽपि तव पादयुगं न देव !<br>
मन्ये मया महित मीहितदानदक्षं<br>
तेनेह जन्मनि मुनीश ! पराभवानां<br>
जातो निकेतनमहं मथिताशयानाम् ।।" [1]

---

[1] 'પ્રાર્થનામંદિર' પૃ. ૧૦.

આ પ્રાર્થનાસ્વરોમાં પૂ. મહારાજશ્રીના ચિરસંગી, અંતેવાસી સુશિષ્ય મુનિશ્રી ચુનીલાલજી મહારાજના સંવાદી સ્વરો પણ ભળી રહ્યા હતા અને પ્રાર્થનાના નૈવેદ્યગાન અંતે ભજનનો રંગ જમાવી રહ્યા હતા.

કૈંક યુગ વીત્યા રે ભૂતકાળમાં ભટકતાં રે જી,
હવે ગુરુ દયા કરો તો દુઃખ જાય.... (૨)
અનેક વેળાએ રે, અગ્નિમાં અવતર્યો રે જી,
પશુ પંખી કીટ પતંગની માંય.... (૨)–કૈંક૦

'ચાર ખાણમાં હે રે જઈ જઈ અવતર્યો રે જી
હવે પામ્યો મોંઘો મનુષ્યનો દેહ; (૨)
ભમતાં ને ભમતાં રે સદ્ગુરુ ભેટિયા રે જી,
પ્રીતમને ઉપજાવ્યો નાથ પર નેહ.... (૨)–કૈંક૦'[૧]

જન્મદિને આમ પ્રાર્થના-ભજન દ્વારા જન્મચિંતન કરતાં કરતાં પૂ. મહારાજશ્રીની અંતરચેતના જન્મમરણની પેલે પારના પ્રદેશોમાં પહોંચી રહી હતી અને 'અનંત જીવન'નાં દર્શન કરી રહી હતી. બહાર વાતાવરણમાં અનુરાગીજનો જયંતી ઉત્સવનો આનંદ મનાવી રહ્યા હતા, જ્યારે અંદરમાં પૂ. મહારાજશ્રી આમ 'જન્મોના રહસ્ય' ને શોધી અને પામી રહ્યા હતા!

૮૮મી જન્મજયંતીની ઉજવણી ખૂબ ભવ્યતાથી થઈ. શરીર-સ્વાસ્થ્ય આરોગ્યપૂર્વક આનંદમંગળમાં દિવસો વિતવા લાગ્યા. માગશર શુદ ૧૫ પણ આવી અને ગઈ. માગશર વદના અંધકાર સાથે બહુજન સમાજ માટે, સ્થાનકવાસી સમાજ માટે, એક અંધકારનો દિવસ આવી રહ્યો હતો, જ્યારે પૂ. નાનચંદ્રજી મહારાજની અંતર-ચેતનાના પ્રવાહ માટે ચૈતન્યસાગરમાં જઈ ભળવા માટેનો—પ્રકાશનો!

---

૧ 'પ્રાર્થનામંદિર': પૃ. ૧૭૮

## અંતે અજ્ઞાત સાગરભણી...

શમુખે શાંતિ-પારાબાર, ભાસાઓ તરણી, હે કર્ણધાર!
તુમિ હ'બે ચિરસાથી, લઓ લઓ હે ક્રોરપાતિ,
અસીમેર પથે જ્વલિબે, જ્યેતિ ધ્રુવતારકાર.... –શમુખે શાંતિ૰
મુક્તિ-દાતા તોમાર ખમા, તોમાર દયા,
હ'બે ચિર-પાથેય, ચિર-જાત્રાર,
ખય જેનો મર્ત્યેર બંધન ખય, બિરાટ બિશ્વ બહુ મેલિ લય,
પાએ અંતરે નિર્ભય પરિચય....મહા અજાનાર.... –શમુખે શાંતિ૰

**ભાવાર્થ :** સામે શાંતિનો સાગર લહેરાઈ રહ્યો છે, તેમાં મારા જીવના હે કર્ણધાર! મારી જીવનનૈકાને વહાવીને લઈ જાઓ.... પ્રભુ! તમે જ મારા ચિરસાથી બનશો, તમે જ મારા મુકિતદાતા બનશો, તમારી ક્ષમા અને દયા જ મારા ચિરયાત્રાપથનું ચિર-ભાથું બનશો.... મારા પ્રત્યેક બંધનો ક્ષય થઈ જશે, વિરાટ વિશ્વ-ચેતના સાથે હું એકરૂપ થઈ જઈશ અને અંતરમાં તમારો, 'મહા-અજ્ઞાત'નો હું પરિચય પામી તમારા અજ્ઞાતસાગરમાં ભળી જઈશ....[1]

પ્રત્યેક મહાપુરુષના જીવનકાર્યની એક સીમા હોય છે. પૂજ્ય નાનચંદ્રજી મહારાજનું જીવનકાર્ય પણ હવે સમાપ્ત થઈ રહ્યું હતું. ૮૮ વર્ષના સુદીર્ઘ જીવનકાળ દરમિયાન જીવનસરિતાએ અનેક સમ-વિષમ પ્રદેશોને પાર કરી લીધા હતા અને હવે એ જીવન સરિતા આવી રહી હતી એ અનંત જીવનના અજ્ઞાત એવા ચૈતન્ય-સાગર ભણી!

સં. ૨૦૨૧ના માગશર વદ ૯ ને રવિવારનો એ દિવસ....! પ્રતિક્રમણ અને પ્રાતઃપ્રાર્થના બાદ સવારમાં જ ગામના અને બહારગામના અનેક દર્શનાર્થીઓ અને લોકસેવકો આવ્યા, અનેક

---

૧ 'गीतपंचशती' : ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર.

સામાજિક અને ધાર્મિક લોકહિતનાં કાર્યોની વિચારણા ચાલી. સાયલાના સુપ્રતિષ્ઠિત કાર્યકર્તા અને પોતે શ્વે. મૂર્તિપૂજક છતાં પૂજ્ય મહારાજશ્રીના ક્રાન્તિકારી વિચારોને કારણે તેમના પ્રત્યે અનહદ સદ્ભાવ ધરાવતા એવા શ્રી રતિલાલ ડામરશી તેમની સમક્ષ ગામ માટેના બાલમંદિર, પ્રાથમિકશાળા અને દવાખાનાની જરૂરિયાત અંગે રસપૂર્વક અનેક યોજનાઓ રજૂ કરી રહ્યા. પૂ. મહારાજશ્રીએ પણ યોગ્ય માર્ગદર્શન આપી તેની અનુમોદના કરી.

થોડીવાર પછી થાનથી શ્રી છગનલાલભાઈ વગેરે દર્શનાર્થી ભાઈઓ આવ્યા. તેમની સાથે પણ વાતચીત ચાલી.

બપોરે સાધ્વીમંડળ તેમના સત્સંગ અને સમાગમનો લાભ લેવા આવ્યું, તેમની જિજ્ઞાસાને પણ પ્રસન્નતા અને પરિશ્રમપૂર્વક પૂ. મહારાજશ્રીએ સંતોષી.

આમ અંતરંગ નિવૃત્તિ વચ્ચે આ બહારની સહજપ્રવૃત્તિની ધારા દિવસભર ચાલતી રહી. સાંજ પડી, પ્રતિક્રમણ થયું. પૂ. મહારાજશ્રીને એ સવારથી પોતાની આવી રહેલી જીવનસંધ્યાની ઝાંખી થઈ રહી હતી, પરંતુ સૌને આંચકો લાગશે માની જલદી તેઓશ્રી કોઈને સ્પષ્ટ કહેતા ન હતા. પ્રતિક્રમણ બાદની સાયંપ્રાર્થનામાંનાં તેમનાં પદ માત્ર આ ઝાંખીનો પૂર્વસંકેત કરી રહ્યાં હતાં:

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો,
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને
વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો
....અપૂર્વ અવસર૦ [1]

એવો અવસર પ્રભુજી ક્યારે આવશે?
આનંદરસ મુજ અંતરમાં ઉભરાય જો;

---

[1] શ્રીમદ્ રાજચંદ્ર.

ભીતરનું ભ્રમણા-સ્થળ ક્યારે ભાંગશે?
ભયભડકા નિર્ભયતામાં નીરખાય જો
.... એવો અવસર૦

રમશું ક્યારે નિજમાં નિજ સ્વરૂપે રહી
વિભાવની જડ મૂળ થકી પ્રભુ જાય જો;
ઔપાધિક પડદો અળગો થઈને રહે,
મૂળ સ્વરૂપે જીવનરામ જણાય જો....
એવો અવસર૦ [1]

પ્રાર્થનામાંના આ ભજનોને અંતે જે પદનું પૂજ્ય મહારાજશ્રીના અંતરમનમાં ચિરકાળથી પરિશીલન થયા કરતું હતું તે પ્રિય પદનો આલાપ શરૂ થયો.

ચાંદની બહુ ખીલી રે અંતર ચોકમાં,
ઠંડકની જ્યાં લાગી રહી છે ઠોર જો;
ઝરમર ઝરમર ઝરણાં અમૃતનાં ઝરે,
તે સ્થળ વસતાં આનંદ પ્રગટે ઓર જો.... ચાંદની૦
ચાલો ભવિજન રમવાને એ ચોકમાં,
છોડી દઈ આ માયારૂપ વિલાસ જો;
અપૂર્વ શાન્તિ વ્યાપી રહી છે જે સ્થળે,
પૂર્ણિમાનો વિકસી રહ્યો છે પ્રકાશ જો.... ચાંદની૦
નેહ ધરી ત્યાં ભજીએ અવિચળ નાથને,
ગાઈએ ઝીણા સ્વરથી તેનાં ગીત જો;
નિર્મળ મનથી તેથી ધૂન મચાવીએ,
પરમ વિશુદ્ધ થવાને કરીએ પ્રીત જો .... ચાંદની૦
ઝગમગ ઝગમગ અંતર જ્યોત ઝગી રહી,
તિમિર ગયું ને પ્રગટ્યો પ્રેમ–પ્રકાશ જો;

---

[1] 'પ્રાર્થનામંદિર' : પૃ. ૧૪૪.

વરણવી ના શકીએ પ્રિય! એહ વિલાસને,
વિરમેલાનો એ છે સુંદર વાસ જો .... ચાંદની૦ [1]

પ્રાર્થના પૂરી થઈ અને પૂજ્ય મહારાશ્રીને બેચેની શરૂ થઈ. થોડીવાર પછી એટલે કે રાત્રિના નવ વાગ્યા બાદ શ્વાસ ચઢયો. આજે શ્વાસનો પ્રકાર જુદો હતો એ પોતે પામી ગયા જ હતા. અંતે તેમણે પોતાના અંતેવાસી સુશિષ્ય ચિત્તમુનિ(મુનિશ્રી ચુનીલાલજી મહારાજ) ને કહ્યું: "આજે શ્વાસની ગતિવિધિ સ્વ. નાગજી મહારાજના જેવી છે." આ સાંભળી મુનિશ્રી ચુનીલાલજી મહારાજ ચેતી ગયા. સ્થાનિક ડૉકટરોને અને પછી ગામના દેશી વૈદ્ય મફ઼ાલાલભાઈને પણ બોલાવ્યા, યથાશક્ય ઉપાચારો શરૂ કર્યા. શ્વાસ ઘૂંટાતો હતો, છાતીમાં ગભરામણ વધતી જતી હતી. ઑકિસજનની અને નિષ્ણાત ડૉકટરની જરૂર ઊભી થઈ. તુરત ટેક્સી દ્વારા એક સ્થાનિક ડૉકટર સુરેન્દ્રનગર ગયા. પરંતુ રવિવાર હોવાથી, કમભાગ્યે જે ડૉકટરની જરૂર હતી તે બહાર ગયેલા હોવાથી મળ્યા નહિ. તેમને શોધવામાં થોડો સમય વીતી ગયો....

આ તરફ સાયલામાં પૂજ્ય મહારાજશ્રીની તબિયત ગંભીર સ્વરૂપ પકડવા લાગી. સ્થાનિક ડૉકટરો અને સંઘના આગેવાન ભાઈઓ હાજર હતા. પડછાયાની જેમ દીર્ઘકાળ સુધી અંતેવાસી બની સાથે રહેલા મુનિશ્રી ચુનિલાલજી મહારાજ તેમના ઓશિકે બેઠા હતા.

ઘડિયાળે દસના ટકોરા દીધા. સૌના મનમાં ઉદ્વિગ્નતાભર્યો સન્નાટો છવાઈ રહ્યો. સવાદસ થયા. બહારની સ્તબ્ધતાની સાથે જ પૂજ્ય મહારાજશ્રીનો શ્વાસ પણ ઘડીભર શાંત થઈ રહ્યો.... શાંત નિદ્રામાં પોઢવા જઈ રહ્યા હોય તેવી નીરવતા હતી.... જાણે અંતરઊંડે ઊતરી તેઓ પેલા શાંત, વિરાટ ને અજ્ઞાત એવા આનંદ–ચૈતન્યના સાગર ભણી વહેવા ન જઈ રહ્યા હોય! બહારથી શરીરે

---

[1] 'પ્રાર્થનામંદિર' : પૃ. ૧૨૩.

બેચેની હોવા છતાં, સદાનું સતત રટણ હોવાથી અંદરથી પોતે એ સાગરનું અને સાગર દ્વારા 'સાગરવત્ ગંભીર' સિદ્ધ ભગવંતનું દર્શન કરી રહ્યા :

પિતા! પેલો આઘે, જગત વીંટતો સાગર રહે
અને વેગે પાણી, સકળ નદીના તે ગમ વહે;
વહો એવી નિત્યે, મુજ જીવનની સર્વ ઝરણી,
દયાના પુણ્યોના, તુજ પ્રભુ મહાસાગર ભણી.[૧]

સાગરનું દર્શન કરતું આ પદ જાણે તેમના અંતરમાં ઘૂંટાઈ રહ્યું અને તેની પ્રસન્નતા તેમના પ્રશાંત મુખ પર છવાઈ રહી....

અને અંતે દસ ને પચ્ચીસ મિનિટે પોતે એક વખત બેઠા થવા ગયા, જાણે ચેતનાનો આંચકો આવ્યો હોય તેમ માથું ઊંચું કર્યું અને ક્ષણવારમાં જ જીવનભર તેમની અવિરત સેવા કરનાર ને તેમના સાચા ઉત્તરાધિકારી એવા ચિત્તમુનિ( મુનીશ્રી ચુનીલાલજી મહારાજ)ના હાથમાં તેમણે એ મસ્તક ઢાળી દીધું.... જીવનભર ધબકી રહેલો પ્રાણનો ધબકાર શમી ગયો.... ૮૮ વર્ષ પૂર્વે ચેતનાએ જે દેહ ધારણ કર્યો હતો તે 'કાયાના કોટડા'નું બંધન છૂટી ગયું.......!! ૮૮ વર્ષ સુધી ચેતનાની જે જ્યોતિ પ્રજ્વલી રહી હતી તે મહાજ્યોતિમાં વિલિન થઈ ગઈ....!!! નિર્બંધ, નિર્ગ્રંથ, નિઃસંગતાની બાહ્યાંત્તર દશાનો એ અપૂર્વ અવસર જાણે આવી ઊભો, એ 'છેલ્લી ઘડી' જાણે આવી ઊભી અને અંતે વિશુદ્ધ ચૈતન્યના મહાસાગરમાં ભળવા સર્જાયેલી તેમની જીવનસરિતા એ મહાસાગરને જઈ મળી! નિવૃત્તિયોગના ઊંડાણેથી પ્રગટી પ્રવૃત્તિયોગરૂપે ધસમસતો તેમનો અંતરપ્રવાહ મહાનિવૃત્તિના સાગરે જઈ વિરમ્યો. એ પ્રશાંત વાતાવરણમાં થોડા સમય પૂર્વની જ તેમની સાયં પ્રાર્થનાનાં પદો જાણે પડઘા પાડી રહ્યા હતા :

---

[૧] 'પ્રાર્થનામંદિર' પૃષ્ઠ ૧૨૯

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
એવો અવસર પ્રભુજી ક્યારે આવશે ?

પૂજ્ય મહારાજશ્રીનો ચેતનાવિહીન દેહ ઉપાશ્રયની પાટ પર હતો. તેમના મુખ પર એક પરમ શાન્તિ, એક દિવ્ય પ્રસન્નતા અને જિનમાર્ગનું સ્વકાર્ય સાધી લીધાની એક પરમ સંતૃપ્તિ છવાયેલ હતી.

લગભગ સાડાદસ વાગે, ખૂબ જ ઉતાવળી ગતિએ સુરેન્દ્ર-નગરથી ડૉકટરો વગેરે આવી પહોંચ્યા, પણ તે પહેલાં તો એ મહાન આત્મા શુદ્ધાત્મના સાગરમાં જઈ ભળવા યાત્રાએ નીકળી ચૂકયો હતો! પાર્થિવ જગતમાં ઘેરા શોકની લાગણી છવાઈ ગઈ, અનેક આંખો આંસુ વહાવી રહી, પરંતુ એ મહાપુરુષનું પ્રસન્ન મુખ જાણે કબીરના પેલા દોહાની યાદી અપાવી રહ્યું હતું:

जब आया था तू इस जगमें तब जग हंसा तू रोय
अब कर ऐसी करनी कि तू हँसे और जग रोय !" [1]

અને સાચે જ આ મહાપુરુષની વિદાયથી જગત રોઈ રહ્યું હતું અને પોતે જાણે હસી રહ્યા હતા, 'જાણે હમણાં વાત કરશે' તેવી જીવંત પ્રસન્નતા પોતાના ચહેરા પર ધારણ કરી રહ્યા હતા! પણ ના.... હવે એ મરમી મુખ કદી નહિ ઊઘડે.... હવે એ ધીર ગંભીર વાણી કદી નહિ સંભળાય.... હવે એ મસ્તીગાનમાં ઝૂલતું શરીર કદી નહિ ભળાય!!

ગામોગામ તારો છૂટયા, સંદેશા પહોંચ્યા, નજીક ને દૂરથી અનેક પ્રકારનાં સાધનોથી આપ્તજનો અને આમજનતા— સૌ બીજે અને ત્રીજે દિવસે આવી પહોંચ્યા. સાયલાની સૂકી ધરતીમાં ૮૮ વર્ષ પૂર્વ એક દિવસ પ્રગટીને જે નાની-શી સરવાણીએ જીવ-નના આનંદસાગર સુધીનો પંથ કાપ્યો હતો અને પોતાના રસભર ભક્તિ ને કરુણાના પ્રવાહથી આ સૂકી ધરતીને ભીંજાવી જેમણે

[1] कबीर ग्रंथणाली.

પાવન કરી હતી તેમના—અલબત્ત, તેમના ચૈતન્યવિહોણા શરીરના—અંતિમદર્શન સૌએ કર્યાં. સંપન્ન ભાવિકોએ રૂપિયા સાડાત્રણ લાખનો તત્કાળ ફાળો કરીને (અને રૂા. દસ લાખ એકત્ર કરવાનો નિર્ણય કરીને) આંસુભરી આંખે આ મહાપુરુષને પોતાની અંજલિ આપી, તો વિપન્ન ભાવિકોએ પોતાની અંતરની ઉત્કટ પ્રાર્થના દ્વારા અંજલિ આપી. મસ્તીની ધૂનમાં આત્મભવનમાં ઝૂલતા સૌ ગાઈ રહ્યા હતા :

સહજાનંદી શુદ્ધ સ્વરૂપી અવિનાશી હું આત્મસ્વરૂપ

–અને ત્યારે **જીવનમાં એકમાત્ર આત્મસ્વરૂપને જ સારરૂપ બતાવતી** પૂ. મહારાજશ્રીની સ્થૂળ કાયા અગ્નિની જ્વાળાઓમાં ભરખાતી, ખોવાતી, વિલીન થઈ રહી હતી. તેમને હજુયે વિદાય આપવાની ના પાડી રહેલા ભાવિકજનનાં અંતરમન ગાઈ રહ્યાં.

जोगी ! मत जा, मत जा, मत जा:
पांव पडुँ मै तेरा, जोगी . . मत जा

प्रेम–भक्ति को मारग न्यारो,
हम को गैल दीखा जा . . . . जोगी मत जा०

जब जल गयी भस्म की ढेरी,
अपने अंग लगा जा . . जोगी मत जा०

मीरां के प्रभु गिरिधर नागर,
ज्योत में ज्योत मिला जा . . जोगी मत जा... [१]

પણ જોગી ના રોકાયો. પોતાની જીવનજ્યોતિને મહાજ્યોતિમાં મેળવવા, પોતાની જીવનસરિતાને શુદ્ધાત્મ ચેતનાના આનંદસાગરમાં—અજ્ઞાત સાગરમાં—ભેળવવા એ ક્યારનો ય ચાલી નીકળ્યો હતો!

ॐ शान्ति : शान्ति : शान्ति ॥

---

[१] મીરાંબાઈ

સ્વ. કવિવર્ય પંડિતશ્રી નાનચંદ્રજી મહારાજે
૬૪ વર્ષના દીર્ઘ દીક્ષાપર્યાય દરમિયાન કરેલ
ચાતુર્માસો : ઈ. સ. ૧૯૦૧થી ૧૯૬૪

## ક્ષેત્રો-ગામોમાં ચાતુર્માસ કર્યા તેની સાલવાર ક્રમશઃ યાદી

| અનુક્રમ | સંવત | ગામનું નામ | ઇ. સ. |
|---|---|---|---|
| ૧ | ૧૯૫૭ | માંડવી–કચ્છ | ૧૯૦૧ |
| ૨ | ૧૯૫૮ | જામનગર | ૧૯૦૨ |
| ૩ | ૧૯૫૯ | મોરબી | ૧૯૦૩ |
| ૪ | ૧૯૬૦ | જેતપુર( કાઠિ.) | ૧૯૦૪ |
| ૫ | ૧૯૬૧ | જૂનાગઢ-પાછળથી જેતપુર | ૧૯૦૫ |
| ૬ | ૧૯૬૨ | માંડવી-કચ્છ | ૧૯૦૬ |
| ૭ | ૧૯૬૩ | વાંકાનેર | ૧૯૦૭ |
| ૮ | ૧૯૬૪ | મોરબી | ૧૯૦૮ |
| ૯ | ૧૯૬૫ | માંડવી–કચ્છ | ૧૯૦૯ |
| ૧૦ | ૧૯૬૬ | રામાણીઆ-કચ્છ | ૧૯૧૦ |
| ૧૧ | ૧૯૬૭ | મુંદ્રા–કચ્છ | ૧૯૧૧ |
| ૧૨થી ૨૦ | ૧૯૬૮ થી ૧૯૭૬ | લીંબડી (સ્થિરવાસ) | ૧૯૧૨થી ૧૯૨૦ |
| ૨૧ | ૧૯૭૭ | મોરબી | ૧૯૨૧ |
| ૨૨ | ૧૯૭૮ | વાંકાનેર | ૧૯૨૨ |
| ૨૩ | ૧૯૭૯ | લીંબડી | ૧૯૨૩ |
| ૨૪ | ૧૯૮૦ | સાયલા | ૧૯૨૪ |
| ૨૫ | ૧૯૮૧ | થાન | ૧૯૨૫ |
| ૨૬ | ૧૯૮૨ | ઘાટકોપર | ૧૯૨૬ |
| ૨૭ | ૧૯૮૩ | લીંબડી | ૧૯૨૭ |
| ૨૮ | ૧૯૮૪ | વાંકાનેર | ૧૯૨૮ |
| ૨૯ | ૧૯૮૫ | મોરબી | ૧૯૨૯ |
| ૩૦ | ૧૯૮૬ | રામાણીઆ-કચ્છ | ૧૯૩૦ |
| ૩૧ | ૧૯૮૭ | બીદડા-કચ્છ | ૧૯૩૧ |
| ૩૨ | ૧૯૮૮ | લીંબડી | ૧૯૩૨ |
| ૩૩ | ૧૯૮૯ | આગ્રા | ૧૯૩૩ |

| અનુક્રમ | સંવત | ગામનું નામ | ઇ. સ. |
|---|---|---|---|
| ૩૪ | ૧૯૯૦ | અમદાવાદ | ૧૯૩૪ |
| ૩૫ | ૧૯૯૧ | ઘાટકોપર | ૧૯૩૫ |
| ૩૬ | ૧૯૯૨ | ચીંચપોકલી-મુંબઈ | ૧૯૩૬ |
| ૩૭ | ૧૯૯૩ | ધરમપુર | ૧૯૩૭ |
| ૩૮ | ૧૯૯૪ | કરનાળી - ચાણોદ | ૧૯૩૮ |
| ૩૯ | ૧૯૯૫ | અમદાવાદ | ૧૯૩૯ |
| ૪૦ | ૧૯૯૬ | ધોરાજી | ૧૯૪૦ |
| ૪૧ | ૧૯૯૭ | જામનગર | ૧૯૪૧ |
| ૪૨ | ૧૯૯૮ | ડોળિયા | ૧૯૪૨ |
| ૪૩ | ૧૯૯૯ | લીંબડી | ૧૯૪૩ |
| ૪૪ | ૨૦૦૦ | ચોટીલા | ૧૯૪૪ |
| ૪૫ | ૨૦૦૧ | વાંકાનેર | ૧૯૪૫ |
| ૪૬ | ૨૦૦૨ | ધોરાજી | ૧૯૪૬ |
| ૪૭ | ૨૦૦૩ | મોરબી | ૧૯૪૭ |
| ૪૮ | ૨૦૦૪ | જોરાવરનગર | ૧૯૪૮ |
| ૪૯ | ૨૦૦૫ | જોરાવરનગર | ૧૯૪૯ |
| ૫૦ | ૨૦૦૬ | સાયલા | ૧૯૫૦ |
| ૫૧ | ૨૦૦૭ | ભાવનગર | ૧૯૫૧ |
| ૫૨ | ૨૦૦૮ | સાયલા | ૧૯૫૨ |
| ૫૩ | ૨૦૦૯ | વાંકાનેર | ૧૯૫૩ |
| ૫૪ | ૨૦૧૦ | સુરેન્દ્રનગર | ૧૯૫૪ |
| ૫૫ | ૨૦૧૧ | થાનગઢ | ૧૯૫૫ |
| ૫૬ | ૨૦૧૨ | અમદાવાદ | ૧૯૫૬ |
| ૫૭ | ૨૦૧૩ | ઘાટકોપર | ૧૯૫૭ |
| ૫૮ | ૨૦૧૪ | બોરીવલી | ૧૯૫૮ |
| ૫૯ | ૨૦૧૫ | બોરીવલી—કૃષ્ણકુંજ | ૧૯૫૯ |
| ૬૦ | ૨૦૧૬ | લીંબડી | ૧૯૬૦ |
| ૬૧ | ૨૦૧૭ | સાયલા | ૧૯૬૧ |
| ૬૨ | ૨૦૧૮ | ” | ૧૯૬૨ |
| ૬૩ | ૨૦૧૯ | ” | ૧૯૬૩ |
| ૬૪ | ૨૦૨૦ | ” | ૧૯૬૪ |

# દરેક ચાતુર્માસની સંક્ષિપ્ત નોંધ

સંવત ૧૯૫૭માં કવિવર્ય પં. મહારાજશ્રીએ, ગુરુદેવ શ્રી દેવચંદ્રજી મહારાજ પાસે દીક્ષા લીધી ત્યારે સાત ઠાણાઓ હતા. પોતે દીક્ષા લીધી એટલે કુલ આઠ ઠાણા થયા. તેમના નામ :

૧. પૂજ્ય ગુરુદેવ શ્રી દેવચંદ્રજી મહારાજ, ૨. મહારાજશ્રી મોનજી સ્વામી, ૩. મહારાજશ્રી મોટા માણેકચંદ્રજી સ્વામી, ૪. મહારાજશ્રી સુંદરજી સ્વામી, ૫. મહારાજશ્રી રાયચંદ્રજી સ્વામી, ૬. મહારાજશ્રી મોણસી સ્વામી, ૭. મહારાજશ્રી પ્રેમચંદ્રજી સ્વામી, ૮. મહારાજશ્રી નાનચંદ્રજી સ્વામી.

* *

## ૧. માંડવી–કચ્છ : સંવત ૧૯૫૭ : ઈ. સ. ૧૯૦૧

પહેલા ચાતુર્માસમાં ઠાણા ૪ નીચે મુજબ હતા :

૧. મહા. શ્રી માણેકચંદદ્રજી સ્વામી, ૨. મહા. શ્રી સુંદરજી સ્વામી, ૩. મહા. શ્રી રાયચંદ્રજી સ્વામી, ૪. મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી. પૂજ્ય ગુરુમહારાજ શ્રી દેવચંદ્રજી સ્વામી અને બીજા સાધુજીઓ ઠાણા ૪ના ચાતુર્માસ કાઠિયાવાડમાં જૂનાગઢ મુકામે થયા હતા.

* *

## ૨. જામનગર : સંવત ૧૯૫૮ : ઈ. સ. ૧૯૦૨

બીજા ચાતુર્માસ જામનગરમાં થયા. ઠાણા ૫ નીચે મુજબ હતા :

૧. મહા. શ્રી માણેકચંદ્રજી સ્વામી, ૨. મહા. શ્રી સુંદરજી સ્વામી, ૩. મહા. શ્રી રાયચંદ્રજી સ્વામી, ૪. મહા. શ્રી મોણસી સ્વામી, ૫. મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી.

* *

## ૩. મોરબી : સંવત ૧૯૫૯ : ઈ. સ. ૧૯૦૩

મોરબીના ત્રીજા ચાતુર્માસમાં ઠાણા ૫ હતા. તેનાં નામ :

૧. પૂજ્ય ગુરુમહારાજ શ્રી દેવચંદ્રજી સ્વામી, ૨. મહા. શ્રી સુંદરજી સ્વામી, ૩. મહા. શ્રી રાયચંદ્રજી સ્વામી, ૪. મહા. શ્રી પ્રેમચંદ્રજી સ્વામી, ૫. મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી.

### ૪. જેતપુર (કાઠિ૦) સંવત ૧૯૬૦: ઈ. સ. ૧૯૦૪

ઠાણા ૪: ૧. પૂજ્ય મહા. શ્રી દેવચંદ્રજી સ્વામી, ૨. મહા. શ્રી મોનજી સ્વામી, ૩. મહા. શ્રી. પ્રેમચંદ્રજી સ્વામી, ૪. મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી.

* *

### ૫. જુનાગઢ: સંવત ૧૯૬૧: ઈ. સ. ૧૯૦૫

ઠાણા ૬: ૧. પૂજ્ય મહા. શ્રી કેવળચંદ્રજી સ્વામી, ૨. મહા. શ્રી માણેકચંદ્રજી સ્વામી, ૩. મહા. શ્રી સુંદરજી સ્વામી, ૪. મહા. શ્રી રાયચંદ્રજી સ્વામી, ૫. મહા. શ્રી મોનજી સ્વામી, ૬. શ્રી મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી.

અહીં ચાતુર્માસ દરમિયાન પ્લેગનો ઉપદ્રવ હોવાથી જેતપુરમાં સ્થળાન્તર કરવું પડયું. જેતપુરમાં પણ પ્લેગની અસર હોવાથી નવાગઢમાં ચાતુર્માસ પૂર્ણ કર્યા.

* *

### ૬. માંડવી-કચ્છ: સંવત ૧૯૬૨: ઈ. સ. ૧૯૦૬

ઠાણા ૫: ૧. પૂજ્ય મહા. શ્રી દેવચંદ્રજી સ્વામી, ૨. મહા. શ્રી સુંદરજી સ્વામી, ૩. મહા. શ્રી રાયચંદ્રજી સ્વામી, ૪. મહા. શ્રી મોનજી સ્વામી, ૫. મહા. શ્રી નાનચંદ્રજી મહાસ્વામી.

* *

### ૭. વાંકાનેર: સંવત ૧૯૬૩: ઈ. સ. ૧૯૦૭

ઠાણા ૫ ઉપર મુજબ. ચાલુ સાલમાં પૂજ્ય મહારાજશ્રી દેવચંદ્રજી મહારાજને ફાગણ સુદ ૭ના રોજ લીંબડીમાં આચાર્યપદે સ્થાપ્યા.

* *

### ૮. મોરબી: સંવત ૧૯૬૪: ઈ. સ. ૧૯૦૮

ઠાણા ૫ ઉપર મુજબ. આ સાલમાં તેમ જ ચાતુર્માસ દરમિયાન મોરબીમાં કોન્ફરન્સનું પ્રથમ અધિવેશન ભરવાની પ્રેરણા આપી તેમ જ દાનવીર શેઠ અંબાવીદાસ કોસાણીના ભાણેજ ગુજરી જતાં તેના સ્મારક તરીકે અંબાવીદાસભાઈને સમજાવી બોર્ડિંગની સ્થાપના કરી.

* *

### ૯. માંડવી - કચ્છ: સંવત ૧૯૬૫: ઈ. સ. ૧૯૦૯

ઠાણા ૫ ઉપર મુજબ. રણ ઊતરી કચ્છમાં પધાર્યા અને ચાતુર્માસ માંડવીમાં કર્યા.

### ૧૦. રામાણીઆ - કચ્છ: સંવત ૧૯૬૬: ઈ. સ. ૧૯૧૦

ઠાણા ૫ ઉપર મુજબ. રામાણીઆ પૂજ્ય મહારાજશ્રી દેવચંદ્રજી સ્વામીની જન્મભૂમિ હોવાથી ત્યાંના સંઘની વિનતિથી ચાતુર્માસ રામાણીઆમાં કર્યા.

* *

### ૧૧. મુંદ્રા - કચ્છ: સંવત ૧૯૬૭: ઈ. સ. ૧૯૧૧

ઠાણા ૨: ૧. મહા. શ્રી મોનજી સ્વામી, ૨. મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી. પૂજ્ય મહારાજશ્રી દેવચંદ્રજી આદિ ઠાણાએ આ સાલના ચાતુર્માસ બીદડા - કચ્છમાં કર્યા હતા.

* *

### ૧૨થી ૨૦. લીંબડી: સંવત ૧૯૬૮થી ૭૬: ઈ. સ. ૧૯૧૨થી ૨૦.

ઠાણા ૩ + ૨ = ૫: ૧. પૂજ્ય મહા. શ્રી દેવચંદ્રજી સ્વામી, ૨. મહા. શ્રી મોનજી સ્વામી, ૩. મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી. ઠાણા ૩ કચ્છમાંથી વિહાર કરતાં કરતાં લીંબડી પધાર્યા પછી પૂજ્ય મહા. શ્રી દેવચંદ્રજી સ્વામી બીમાર પડી ગયા. એટલે એકીસાથે નવ વર્ષ લીંબડીમાં ચાતુર્માસ રહ્યા. શરૂઆતમાં ઉપર મુજબ ઠાણા ૩ હતા. પછીથી સેવાનિમિત્તે મહા. શ્રી સુંદરજી સ્વામી તથા મહા. શ્રી રાયચંદ્રજી સ્વામી કચ્છમાંથી પધાર્યા. એટલે ઠાણા ૫ થયા. તબિયતના કારણે લીંબડીમાં સ્થિરવાસ હોવાથી વચ્ચેના ગાળામાં તપસ્વી મહા. શ્રી શામજી સ્વામીના શિષ્ય મુનિશ્રી લાલ-ચંદ્રજી મુનિ પણ સેવામાં જોડાયા હતા. પૂજ્ય મહા. શ્રી દેવચંદ્રજીને પક્ષા-ઘાતનું દર્દ હોવાથી સાવ પરાધીન હતા. એવી સ્થિતિમાં મહા. શ્રી નાનચંદ્રજી સ્વામીએ અનન્યભાવે પૂજ્ય સાહેબની અખંડ સેવા કરી હતી. પૂજ્ય સાહેબ સંવત ૧૯૭૭ના કારતક વદી ૮ના રોજ લીંબડી મુકામે કાળધર્મ પામ્યા ... આ સ્થિરવાસ દરમિયાન અગ્લાનભાવે પૂજ્યશ્રીની સેવા કરવા ઉપરાંત, મહા. શ્રી નાનચંદ્રજી સ્વામીએ જ્ઞાન, ભકિત અને સેવાના ક્ષેત્રમાં ખૂબ પ્રગતિ કરી; ભજનો, પદો, કાવ્યો દ્વારા સાહિત્યરચના કરી, સામાજિક ક્ષેત્રે લીંબડીમાં જેની ખૂબ જરૂર હતી તેવી સંસ્થાઓ—જૈન શાળા, પુસ્તકાલય, બૉર્ડિંગ, ભોજનાલય, અતિથિગૃહ વગેરેમાં પોતે પ્રેરક બન્યા ... ઉપરાંત, ગુરુમહારાજના પુણ્ય સ્મારક તરીકે ફંડ-ફાળો કરીને સ્કોલરશીપની કાયમી યોજના કરી ... હવે પોતે ઠાણા ૩ હતા: ૧. મહા. શ્રી સુંદરજી સ્વામી, ૨. મહા. શ્રી રાયચંદ્રજી સ્વામી, ૩. મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી.

## ૨૧. મોરબી: સંવત ૧૯૭૭: ઈ. સ. ૧૯૨૧

ઠાણા ૩: ૧. મહા. શ્રી સુંદરજી સ્વામી, ૨. મહા. શ્રી રાયચંદ્રજી સ્વામી, ૩. મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી. મોરબી સંઘનો અતિ આગ્રહ હોવાથી પૂજ્ય આચાર્યદેવ શ્રી દેવચંદ્રજી મહા. લીંબડીમાં કાળધર્મ પામ્યા પછીના પહેલા ચાતુર્માસ મોરબીના થયા ... આ સમયે ગાંધીયુગનું મંડાણ થયેલ હોવાથી, મહા. શ્રી નાનચંદ્રજી સ્વામીને ગાંધીવિચારધારાની સ્પર્શના થઈ હતી.

* *

## ૨૨. વાંકાનેર: સંવત ૧૯૭૮: ઈ. સ. ૧૯૨૨

ઠાણા ૩+૧=૪: ઉપર મુજબ ત્રણ ઠાણા અને ૪થા મુનિ શ્રી હર્ષચંદ્રજી મોરબીના ચાતુર્માસ પૂર્ણ થયે, ઠાણા ૩ જેતપુર મુકામે વિહાર કરીને પધાર્યા હતા કારણકે ત્યાં જૂનાગઢનિવાસી હેમકુંવરબાઈની દીક્ષાનો પ્રસંગ હતો. દીક્ષાનું કાર્ય પરિપૂર્ણ કર્યા પછી, ચાતુર્માસ નિમિત્તે વાંકાનેર તરફ વિહાર ચાલુ હતો ત્યારે તપસ્વી મહા. શ્રી શામજી સ્વામીના શિષ્ય મુનિશ્રી હર્ષચંદ્રજીને મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજ પ્રત્યે ભકિતભાવે ખેંચાણ થવાથી, તપસ્વી મહા.ની આજ્ઞા લઈ સેવાભાવે તેઓ વાંકાનેર ચાતુર્માસમાં સાથે રહેલા. વાંકાનેરના ચાતુર્માસ પૂર્ણ થયે મુનિશ્રી હર્ષચંદ્રજીને તેના ગુરુ મહારાજશ્રીને પાછા સોંપવામાં આવેલ.

*

## ૨૩. લીંબડી: સંવત ૧૯૭૯: ઈ. સ. ૧૯૨૩

ઠાણા ૩: ૧ મહા. શ્રી સુંદરજી સ્વામી, ૨ મહા. શ્રી રાયચંદ્રજી સ્વામી તથા ૩ મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી. નવ નવ વર્ષ લીંબડીમાં એકધારા ચાતુર્માસ થવાથી અને તે સમયમાં સામાજિક અને ધાર્મિક સંસ્થાઓની સ્થાપના કરી સંઘનો ખૂબ સદ્‌ભાવ જાગેલ હોવાથી આ વખતે ચાતુર્માસ થતાં, મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજના સ્વતંત્ર વ્યકિતત્વની અને કૃતિત્વની અનેરી છાપ પડી, બધી સંસ્થાઓમાં નવજીવન આવ્યું, પુસ્તકાલયને જરા વિસ્તૃત કર્યું.

* *

## ૨૪. સાયલા: સંવત ૧૯૮૦: ઈ. સ. ૧૯૨૪

ઠાણા ૩+૧=૪: ઠાણા ત્રણ ઉપર મુજબ અને ચોથા મુનિ શ્રી હર્ષચંદ્રજીસ્વામી. મહા. શ્રી નાનચંદ્રજી મહારાજ સાથે મુનિશ્રી હર્ષચંદ્રજીનું દિલ મળેલ હોવાથી અભ્યાસ

કરવા નિમિત્તે તેમ જ સેવાભાવથી ફરીને પોતાના ગુરુની આજ્ઞા મેળવી તેઓએ લીંબડીથી સાથે વિહાર કર્યો અને સાયલા ચાતુર્માસ રહ્યા. આ વર્ષ દરમિયાન શ્રી હેમચંદભાઇ રામજીભાઇ મહેતા( મૂળ મોરબીના વતની, પરંતુ તે વખતે ભાવનગર સ્ટેટમાં રેલવેમાં એકિઝકયુટીવ એન્જિનિયર હતા), જેઓ મહારાજશ્રીના અનુરાગી હતા, તેઓએ ભકિતપૂર્વક વિનતિ કરવાથી મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી તથા મુનિશ્રી હર્ષચંદ્રજી ઠાણા ૨ ભાવનગર પધારેલા. પછી તો શ્રી હેમચંદ્રભાઈ અવારનવાર સાયલા પણ આવતા. એ સંબંધનો લાભ લઈ તે વખતના સાયલાના નામદાર ઠાકોરસાહેબે જોરાવરનગરથી સાયલા સુધીની રેલવે લાઈન શરૂ કરાવેલ, ઉપરાંત જરૂર જેવું લાગતાં શ્રી હેમચંદ્રભાઈએ લીંબડી સંઘના ઉપાશ્રયમાં જગા વધારી ઘણો સુધારો કરાવ્યો હતો.

* *

## ૨૫. થાનગઢ : સંવત ૧૯૮૧ : ઈ. સ. ૧૯૨૫

ઠાણા ૪ ઉપર મુજબ. સાયલાના ચાતુર્માસ પૂર્ણ કરી ઠાણા ૨ વિહાર કરી તારંગાજી તથા આબુ તરફ વિચરવા ગયેલા અને મહા. શ્રી સુંદરજી સ્વામી તથા મહા. શ્રી રાયચંદ્રજી સ્વામી ઠાણા ૨ વૃદ્ધ હોવાથી તેમણે લીંબડી તરફ વિહાર કર્યો. મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી ઠાણા ૨ જુદા જુદા ક્ષેત્રોની સ્પર્શના કરી પાછા ફર્યા ત્યારે ચારે ઠાણા ભેગા થઈ સાથે થાનગઢ ચાતુર્માસ કરેલ.

* *

## ૨૬. ઘાટકોપર : સંવત ૧૯૮૨ : ઈ. સ. ૧૯૨૬

ઠાણા ૨ : મહારાજશ્રી નાનચંદ્રજી સ્વામી અને મુનિ શ્રી હર્ષચંદ્રજી સ્વામી.

થાનગઢના ચાતુર્માસ પૂર્ણ થયા ત્યારે મુનિશ્રી હર્ષચંદ્રજી સ્વામીને ગળામાં કાકડાનું દર્દ થયેલ, તેથી તેનું ઓપરેશન કરાવવાની જરૂર હતી. તે સમયે નડિયાદની મિશનરી હોસ્પિટલમાં ઓપરેશન સારાં થતાં એટલે મુનિશ્રી હર્ષચંદ્રને કારણે નડિયાદ તરફ વિહાર કરવાનો હતો. આથી મહા. શ્રી સુંદરજી સ્વામી તથા મહા. શ્રી રાયચંદ્રજી સ્વામી(જેઓ વૃદ્ધ હતા)ને લીંબડી પહોંચાડી ઠાણા બેએ નડિયાદ તરફ વિહાર કર્યો. અનુકૂળ સમયે નડિયાદ પહોંચ્યા અને કાકડાનું ઓપરેશન કરાવ્યું. ઓપરેશન ઘણું સારું થયું. થોડો સમય આરામ લીધા પછી બન્ને ઠાણા ત્યાંથી વિહાર કરી આગળ વધ્યા અને સૂરત સુધી પહોંચ્યા. દરમિયાન મહારાજશ્રીનો અનુરાગી અને અનુયાયી એવો બહોળો વર્ગ જે મુંબઈમાં વસતો હતો તેઓના દિલમાં ભકિતભાવનો પ્રવાહ વહેવા લાગ્યો. તેઓને થયું કે સૂરત સુધી મહારાજ પધાર્યા છે તો હવે મુંબઈ બહુ દૂર ન ગણાય. તે વખતે મુંબઈ સંઘના સેક્રેટરી શ્રી ગોકળદાસ

પ્રેમજી હતા. તેઓને રાત્રીવર્ગે પ્રેરણા કરી...તે કાળમાં ઠેઠ મુંબઈ સુધી સૌરાષ્ટ્રના મુનિરાજો ભાગ્યે જ પધારતા. સાધુની ઝંખનાવાળા મુંબઈ સંઘને અનેરું આકર્ષણ થયું, એટલે સંઘના આગેવાન ભાઈઓનું એક ડેપ્યુટેશન મહારાજશ્રીને વિનતિ કરવા સૂરત આવ્યું. મહારાજશ્રીને ખૂબ આગ્રહભરી વિનતિ કરી અને વિશેષમાં કહ્યું કે આપને જરૂર લાભનું કારણ થશે. માટે જરૂર એકવાર તો આપ મુંબઈ પધારો જ. મહારાજશ્રીને પણ ભાવના થઈ, એટલે પછી મુંબઈ જેવા ક્ષેત્રમાં જવા માટે લીંબડી સંપ્રદાયના સંચાલકોની સંમતિ મેળવવાનું કહ્યું. એટલે મુંબઈ સંઘે એ વિધિ પણ પૂરો કર્યો...પરિણામે સૂરતથી ઠાણા ૨એ મુંબઈ તરફ વિહાર શરૂ કર્યો. અનુક્રમે ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં તેઓશ્રી મુંબઈ પહોંચ્યા. સંઘના ઉત્સાહનો પાર ન હતો. તે વખતે આખા મુંબઈમાં એક ચીંચપોકલીમાં જ ઉપાશ્રય હતો, કાંદાવાડીમાં કોઈ સુવિધા ન હતી ... વળી સાધુ-મુનિરાજોનો યોગ પણ વિરલ થતો. આવા સંયોગોમાં, હવાપાણીની અનુકૂળતા ખાતર પણ મહારાજશ્રી ઠાણા ૨ ના ચાતુર્માસ શ્રી સંઘે ઘાટકોપરમાં નક્કી કર્યા. ઘાટકોપરમાં પણ ઉપાશ્રય ન હતો. તેથી જગજીવન દયાળની વાડીમાં પતરાંનો વિશાળ હોલ બનાવી ત્યાં ચાતુર્માસ રહેવાનું નક્કી કર્યું. હોલમાં વ્યાખ્યાન થાય અને બાજુના મકાનમાં મહારાજશ્રીને રહેવાનું રાખ્યું.

તે સમયે ગાંધીજીની બોલબાલા હતી. મહારાજશ્રી નાનચંદ્રજી સ્વામી ગાંધીવિચારસરણી અને રાષ્ટ્રીયભાવનાથી કયારના ય રંગાયેલ હતા, એટલે એમના પ્રવચનોમાં ધર્મતત્ત્વ સાથે એ વિચારધારા અને એ ભાવના ઓતપ્રોત થઈ જતી હતી. મુંબઈનો સંસ્કારી સમાજ આવા પ્રવચનોથી ખૂબ આકર્ષાયો. હજારો માણસો મુંબઈનાં જુદાં જુદાં પરાંઓમાંથી એ પ્રવચનોનો લાભ લેવા નિમિત્તે સવારે આવી જતા ...પરિણામે આવા શુભ યોગથી મહારાજશ્રીની આંતરિક અને બાહ્ય એમ બન્ને પ્રકારની ઋદ્ધિ ખૂબ સમૃદ્ધ થવા લાગી.

તે ચાતુર્માસ દરમિયાન મુંબઈથી સેંકડો માણસો ઘાટકોપરમાં સવારે પ્રવચન-સુધાનો લાભ લેવા આવતા. તે પૈકી બે નવયુવાન જિજ્ઞાસુઓની હકીકત જાણવા જેવી હોવાથી અત્રે તેનો ઉલ્લેખ કરવામાં આવે છે.

મોરબીનિવાસી ભાઈશ્રી ચુનીલાલ કેશવજી મહેતા તળ મુંબઈથી અને ટંકારા-ટોળનિવાસી ભાઈશ્રી શિવલાલ નાગજી દોશી દાદરથી હમેશ ઘાટકોપર વ્યાખ્યાન સાંભળવા આવતા. ભાઈશ્રી ચુનીલાલ ચાતુર્માસના છેલ્લા દોઢ-બે મહિનાથી વધુ રસ લેતા, ત્યારે ભાઈશ્રી શિવલાલ થોડો સમય પહેલા એટલે કે ચાતુર્માસની શરૂ-આતમાં વ્યાખ્યાનમાં હાજરી આપતા. બન્નેને તેની ભૂમિકા પ્રમાણે અસર થવા લાગી હતી. બન્ને એકબીજાને ઓળખતા ન હતા ... આખરે ચાતુર્માસના છેલ્લા

મહિનામાં ભાઈશ્રી ચુનીલાલને ભાવના જાગી અને પછી તો પૂજ્ય મહારાજશ્રીના સંપર્કમાં આવ્યા, પોતાની ભાવના જણાવી, વિચારવિનિમય થયો. પરિણામે અનુકૂળ સંયોગો હોવાથી ત્યાગમાર્ગ સ્વીકારવા તૈયાર થયા. પરિચય વધારવા અને અભ્યાસ નિમિત્તે પોતાના વડીલ ભાઈશ્રી ભાઈચંદભાઈની આજ્ઞા મેળવી અને ચાતુર્માસ પૂર્ણ થયે ઘાટકોપરથી મહારાજશ્રી સાથે વિહાર શરૂ કર્યો. ત્યારે ભાઈશ્રી શિવલાલભાઈને અસર તો થયેલી, પરંતુ તેઓએ મહારાજશ્રી વિહાર કરી ગયા બાદ છ કે આઠ મહિના પછી પોતાની અંતરંગ ભાવના પ્રગટ કરેલી ... અસ્તુ .

ઘાટકોપરમાં કચ્છ અને સૌરાષ્ટ્રના સ્થાનકવાસી સમાજના ઘણાં ઘરો હતાં એનો ખ્યાલ પૂ. મહારાજશ્રીના આ ભવ્ય ચાતુર્માસ દરમિયાન શ્રી સંઘને આવ્યો, એટલે વિશાળ ઉપાશ્રયની પણ જરૂર લાગી. પૂ. મહારાજશ્રીની હાજરીમાં જ એની અપીલ કરવામાં આવી અને મહારાજશ્રીએ પોતાની આગવી શૈલીમાં પ્રેરણા કરી, પરિણામે સારામાં સારો ફંડ-ફાળો થઈ ગયો અને ઉપાશ્રયની ભવ્ય ઈમારતનો પાયો નખાયો ... અતિ આગ્રહ અને વિનતિ હોવા છતાં સંજોગવશાત પૂજ્ય મહારાજશ્રી ઠાણા ૨ તથા દીક્ષાના ઉમેદવાર ભાઈશ્રી ચુનીલાલે ગુજરાત તરફ વિહાર શરૂ કર્યો.

* *

## ૨૭. લીંબડી: સંવત ૧૯૮૩ : ઈ. સ. ૧૯૨૭

ઠાણા ૨ : મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી તથા મુનિશ્રી હર્ષચંદ્રજી સ્વામીએ ઘાટકોપરના ચાતુર્માસ પૂર્ણ ઉત્સાહથી પૂરા કર્યા. દરમિયાન સમગ્ર મુંબઈ સંઘની ભાવનામાં ખૂબ ભરતી આવી. એક જ ચાતુર્માસ કરીને ત્યાંથી છૂટી શકાય તેમ ન હતું. આ બાજુ દેશમાં લીંબડીમાં રહેલા બે વૃદ્ધ સાધુજીઓ, મહારાજશ્રી નાનચંદ્રજી મહા.ને ઝંખતા હતા એટલે નિરુપાયે મુંબઈ છોડવું પડયું. દરમિયાન તે જ સાલમાં મુંબઈમાં સ્થા. જૈન કોન્ફરન્સનું સાતમું અધિવેશન ભરાવાનું હતું, એટલે તેટલા સમય પૂરતું મુંબઈમાં રોકાઈ જવા સંઘની આગ્રહભરી વિનતિ થઈ એટલે પોતે ઠાણા ૨ રોકાયા અને અધિવેશનને પ્રેરણા આપવા મુંબઈના મધ્યભાગમાં(લાલબાગમાં)પોતે જાહેર પ્રવચનો આપતા હતા ... આ નિમિત્તે સંઘને અનેરો લાભ મળ્યો. પછી વિદાયની ઘડી આવી ત્યારે દીક્ષાર્થી ભાઈશ્રી ચુનીલાલને મુંબઈની ભેટ તરીકે સ્વીકારી ઉગ્ર વિહાર શરૂ કર્યો ... વિહાર કરતાં અનુક્રમે ગ્રામાનુગ્રામ વિચરતાં તેઓ જ્યારે અમદાવાદ પહોંચ્યા ત્યારે ભાઈશ્રી શિવલાલભાઈએ પોતાની વૈરાગ્યદશા દર્શાવતો પત્ર મહારાજશ્રી ઉપર લખ્યો, ઘાટકોપરમાં પ્રવચન દ્વારા પડેલા

સંસ્કારબીજો પણ અંકુરિત થવા લાગ્યા! પોતાની આંતરિક ભાવના પત્રમાં જણાવી અમદાવાદ દર્શનાર્થે આવવા અને હૃદયના ભાવ વ્યકત કરવા આજ્ઞા માગી. તે મુજબ તેઓ અમદાવાદ આવ્યા. પ્રાથમિક વિચારણા કરી અમદાવાદથી પાછા મુંબઈ ગયા. કેટલાંક વ્યવહારિક વળગણથી મુકત થયા. મહારાજશ્રી અમદાવાદથી વિહાર કરી લીંબડી પધાર્યા. ભાઈશ્રી ચુનીલાલ પણ પાદવિહારનો આનંદ માણતા સાથે જ હતા. મહારાજશ્રી લીંબડી પધાર્યા બાદ સંકેત મુજબ ભાઈશ્રી શિવલાલ પણ દીક્ષાના ઉમેદવાર તરીકે મુંબઈથી લીંબડી આવ્યા અને ભાઈશ્રી ચુનીલાલ સાથે અભ્યાસમાં જોડાયા. એ સાલ(સંવત ૧૯૮૩)ના મહારાજશ્રીના ચાતુર્માસ લીંબડીના નક્કી થયા હતા. બન્ને દીક્ષાર્થી ભાઈઓ પરસ્પર પ્રેમ ને સહકારથી સિદ્ધાંતનો અને સંસ્કૃતનો અભ્યાસ કરવા લાગ્યા. ...ભાઈશ્રી ચુનીલાલનો સમય પાકી ગયો હતો એટલે ચાતુર્માસ પૂર્ણ થયે લીંબડી સંઘના ભારે ઉત્સાહ સાથે દીક્ષાની તૈયાર થવા લાગી... અને સંવત ૧૯૮૪ માગસર શુદ ૬ બુધવારે અનેરા વાતાવરણમાં ચુનીલાલભાઈ દીક્ષિત થયા (આ બધી હકીકત પૂજ્ય ગુરુમહારાજના જીવનચરિત્રમાં વિગતથી વર્ણવેલ છે).

* *

## ૨૮. વાંકાનેર : સંવત ૧૯૮૪ : ઈ. સ. ૧૯૨૮

ઠાણા ૫ : મહા. શ્રી સુંદરજી સ્વામી, મહા. શ્રી રાયચંદ્રજી સ્વામી, મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી, મહા. શ્રી હર્ષચંદ્રજી સ્વામી અને નવદીક્ષિત મુનિશ્રી ચુનીલાલજી સ્વામી.

લીંબડીના ચાતુર્માસ પૂર્ણ કરી, દીક્ષાનો પ્રસંગ ઊજવી, ત્યાંથી અનુક્રમે વિહાર કરતાં મોરબી પધાર્યા. વૈરાગી ભાઈશ્રી શિવલાલભાઈ પણ અભ્યાસ કરતા થકા વિહારમાં સાથે જ હતા. દરમિયાન આગામી ચાતુર્માસ (સં. ૧૯૮૪) વાંકાનેરના નક્કી થયા હતા એટલે યથાસમયે ચાતુર્માસ નિમિત્તે વાંકાનેર પધાર્યા. ત્યાં ચાતુર્માસ દરમિયાન વૃદ્ધ મહા. શ્રી રાયચંદ્રજી સ્વામી કાળધર્મ પામ્યા ... ભાઈશ્રી શિવલાલના સ્નેહી-સંબંધીઓ વાંકાનેરમાં હતા એટલે પોતે પુરુષાર્થ કરી, સમજાવી દીક્ષા માટે આજ્ઞા મેળવી. આ ચાતુર્માસમાં પણ શ્રાવિકાશાળા વગેરે અનેક સામાજિક પ્રવૃત્તિ થઈ, ચાતુર્માસ પૂર્ણ થયે મોરબી તરફ વિહાર કર્યો.

* *

## ૨૯. મોરબી : સંવત ૧૯૮૫ : ઈ. સ. ૧૯૨૯

ઠાણા ૪+૧ : ૧. મહા. શ્રી સુંદરજી સ્વામી, ૨. મહા. શ્રી નાનચંદ્રજી

મહારસ્વામી, ૩. મહા શ્રી હર્ષચંદ્રજી સ્વામી, ૪. મહા. શ્રી ચુનીલાલજી સ્વામી અને ૫. નવદીક્ષિત મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી સ્વામી.

વાકાનેરના ચાતુર્માસ પૂર્ણ કરી ઠાણા ૪નો વિહાર શરૂ થયો ... મોરબી નજીક હોવાથી ત્યાંના સંઘની વિનતિ થઈ એટલે મોરબી પધાર્યા. વિહારમાં દીક્ષાર્થી ભાઈ શ્રી શિવલાલ પણ સાથે હતા. દીક્ષા માટે આજ્ઞા થઈ ગઈ હતી એટલે ભારે ધામધૂમપૂર્વક સંવત ૧૯૮૫ના પોષ શુદ ૮ શુક્રવારના રોજ ભાઈશ્રી શિવલાલ-ભાઈનો મોરબીમાં દીક્ષા-મહોત્સવ થયો (આ બધી બિના વિગતથી-વિસ્તારથી જીવન-ચરિત્ર વિભાગમાં આલેખી છે.). ભાઈશ્રી શિવલાલનું 'મુનિ સૌભાગ્યચંદ્રજી' માં રૂપાન્તર થયું. એ સાલના ચાતુર્માસ માટે મોરબીનું નક્કી થયું હતું એટલે થોડો સમય વિહાર કરી ઠાણા ૫ ચાર્તુમાસનિમિત્ત મોરબી પધાર્યા.

* *

### ૩૦. રામાણીઆ - કચ્છ : સંવત ૧૯૮૬ : ઈ. સ. ૧૯૩૦

ઠાણા ૫ ઉપર મુજબ. મોરબી ચાતુર્માસ પૂર્ણ થયા તે દરમિયાન કચ્છ તરફની વિનતિ હોવાથી, ત્યાંથી વિહાર કરી, રણ ઊતરી ઠાણા ૫ વાગડમાં થઈને કચ્છ-કંઠીમાં પધાર્યા. ચાતુર્માસ રામાણીઆ-કચ્છના નક્કી થયા. બન્ને નવદીક્ષિતોના અભ્યાસનો પ્રબંધ કર્યો.

* *

### ૩૧. બિદડા - કચ્છ : સંવત ૧૯૮૭ : ઈ. સ. ૧૯૩૧.

ઠાણા ૫ ઉપર મુજબ. કચ્છમાં બીજા ચાતુર્માસ માટે બિદડા-કચ્છનું નક્કી થયું. મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજને હવે એકાન્તવાસ અને સાધનાની ભાવના હોવાથી આ ચાતુર્માસમાં યોગનિષ્ઠ શ્રી વેલજીભાઈ ઠાકરસીના સંપર્કમાં આવતા ગામ બહાર તેઓનો આશ્રમ હતો તેનો લાભ લેવાનું રાખ્યું. નવદીક્ષિત બન્ને મુનિઓનો અભ્યાસ ચાલુ હતો. એ રીતે ચાતુર્માસ પૂર્ણ થયા. કચ્છીભાઈઓ તે કાળે ખૂબ શ્રાદ્ધાળુ અને ભક્તિવાળા હતા ...

* *

### ૩૨. લીંબડી : સંવત ૧૯૮૮ : ઈ. સ. ૧૯૩૨

ઠાણા ૪ : ૧. મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી. ૨. મહા. શ્રી હર્ષચંદ્રજી સ્વામી, ૩. મહા. શ્રી ચુનીલાલજી સ્વામી તથા ૪. નવદીક્ષિત મુનિ શ્રી સૌભાગ્યચંદ્રજી સ્વામી. બિદડાના ચાતુર્માસ પૂર્ણ થયા તે દરમિયાન અજમેર સાધુ-સંમેલનનું નગારું વાગી રહ્યું

હતું. એટલે તેની પૂર્વતૈયારીરૂપે લીંબડી સંપ્રદાયના સાધુઓનું સંમેલન થવાની જરૂર હતી. તેથી લીંબડીથી વિનતિ થતાં કચ્છમાંથી કાઠિયાવાડ તરફ• વિહાર કર્યો. અનુક્રમે લીંબડી પધાર્યા. સંવત ૧૯૮૮ના વૈશાખ મહિનામાં લીંબડીમાં સંમેલન થયું... તે વખતે મહા. શ્રી સુંદરજી સ્વામી કાળધર્મ પામ્યા એટલે બાકીના ચાર ઠાણાઓના તે સાલમાં લીંબડી મુકામે ચાતુર્માસ થયા.

* *

### ૩૩. આગ્રા : સંવત ૧૯૮૯ : ઈ. સ. ૧૯૩૩

ઠાણા ૪ ઉપર મુજબ. લીંબડી ચાતુર્માસ પૂરા થયા પછી, લીંબડી સંપ્રદાયના પ્રતિનિધિ મુનિરાજોને અજમેર બૃહત સંમેલનમાં જવાનું નક્કી થયું હતું તે મુજબ ઠાણા ૪ લીંબડીથી વિહાર કર્યો ... (આ બધી વિગતો 'જીવન-ચરિત્ર'માં આપી છે.). ટૂંકમાં અજમેર સંમેલન પૂરું થયા પછી લીંબડી સંપ્રદાયના પ્રતિનિધિ મુનિમહારાજો ત્રણ મંડળમાં વહેંચાઈ ગયા. એટલે કે ત્રણેના ચાતુર્માસ એ તરફ નક્કી થયા. મહારાજશ્રી નાનચંદ્રજી મહા. ઠાણા ૪ ના ચાતુર્માસ આગ્રામાં થયા... ત્યાં ચાતુર્માસ કર્યા.

* *

### ૩૪. અમદાવાદ - સંવત ૧૯૯૦ : ઈ. સ. ૧૯૩૪

ઠાણા ૪ ઉપર મુજબ. આગ્રાના ચાતુર્માસ ભવ્યતાથી પૂર્ણ કર્યા. ત્યાર બાદ, ત્યાંથી વિહાર કરી રતલામ, ઈંદોર, ઉજ્જૈન, માંડવગઢ વગેરે ક્ષેત્રોની સ્પર્શના કરી અનુક્રમે અમદાવાદ આવ્યા. અમદાવાદના છ કોટિ સંઘના આગ્રહથી સં. ૧૯૯૦ની સાલના ચાતુર્માસ મહારાજશ્રીની ભાવના અનુસાર મણિબેન કુબેરદાસ પટેલના બંગલામાં કોચરબરોડ, એલિસબ્રિજ કર્યા...આ ચાતુર્માસમાં સામાજિક પ્રવૃત્તિઓ ઉપરાંત મહારાજશ્રીની પ્રેરણાથી 'મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર' અસ્તિત્વમાં આવ્યું ... નવદીક્ષિત મુનિશ્રી સૌભાગ્યચંદ્રજીને પોતાની વિદ્વત્તા પ્રગટ કરવાની ઉત્તમ તક મળી. શ્રી ઉત્તરાધ્યયન, શ્રી દશવૈકાલિક વગેરે સૂત્રોનો તેઓએ ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો, ત્યારથી તેઓ સૌભાગ્યચંદ્રજીને બદલે 'સંતબાલ' તરીકે ઓળખાવા લાગ્યા. આ રીતે સાહિત્યપ્રકાશન શરૂ થયું. પ્રાગપુર--કચ્છના વતની મેઘજીભાઈ અહીંથી વૈરાગ્યભાવે મહારાજશ્રી સાથે જોડાયા હતા. અમદાવાદના ચાતુર્માસ ખૂબ આનંદથી પરિપૂર્ણ થયા.

* *

### ૩૫. ઘાટકોપર : સંવત ૧૯૯૧ : ઈ. સ. ૧૯૩૫

ઠાણા ૪ ઉપર મુજબ. અમદાવાદના ચાતુર્માસ દરમિયાન ઘાટકોપરના સંઘની આગામી ચાતુર્માસ માટે વિનતિ થઈ ચૂકી હતી અને તેનો સ્વીકાર પણ થયો હતો.

એટલે અમદાવાદથી વિહાર કરી સૂરત અને પછી વલસાડ આવ્યા ત્યારે ધરમપુર સ્ટેટમાં રાજકોટના વતની શ્રી ભોગીલાલ જગજીવન મોદી પર્સનલ સેક્રેટરી હતા. વળી મહારાજશ્રી નાનચંદ્રજીની ખ્યાતિ ખૂબ વિસ્તૃત બની હતી. એટલે જયારે શ્રી ભોગીલાલભાઈને ખબર પડી કે મહારાજશ્રી વલસાડ પધાર્યા છે ત્યારે તેઓએ ધરમપુરના મહારાજાને વાકેફ કર્યા. મહારાજાશ્રી વિજયદેવસિંહજી પોતે સંસ્કારી હતા. તેઓની આજ્ઞા થતાં શ્રી ભોગીલાલભાઈ અને બીજા અમલદારો(જે મોટે ભાગે સૌરાષ્ટ્રના વતની હતા)નું એક ડેપ્યુટેશન વલસાડ આવ્યું અને મહારાજા-સાહેબની વતી વિનતિ કરી કે આપ અહીં સુધી પધાર્યા છો તો હવે શેષકાળ પૂરતો અમોને પણ લાભ આપો, વગેરે. વિનતિ–આગ્રહ જોરદાર હતો એટલે એનો સ્વીકાર થયો. ત્યાં ૨૦–૨૫ દિવસ રોકાણા. મહારાજાનો ખૂબ સદ્‌ભાવ થયો. ત્યાંથી જંગલના રસ્તે વિહાર કરી, નાસિક થઈને અનુક્રમે ઘાટકોપર પધાર્યા. ઘાટકોપરમાં બીજા ચાતુર્માસ હતા. વિશાળ ઉપાશ્રય તૈયાર થઈ ગયો હતો. ચાતુર્માસ પૂર્ણ થયા.

* *

## ૩૬. ચીંચપોકલી—મુંબઈ—કાંદાવાડી સંવત ૧૯૯૨ : ઈ. સ. ૧૯૩૬

ઠાણા ૪ ઉપર મુજબ. ઘાટકોપરના ચાતુર્માસ પૂરા થયા પછી મુંબઈના સંઘની બીજા ચાતુર્માસ ચીંચપોકલી કરાવવાની ભાવના થઈ એટલે જોરદાર વિનતિ થતાં મુંબઈમાં રોકાણ થયું. તે વખતે મૂળ મોરબીના વતની શ્રી અમૃતલાલ ખોખાણી ઘાટકોપરમાં રહેતા હતા. તેઓનો મહારાજશ્રી પ્રત્યે ખૂબ જ સદ્‌ભાવ હતો. તેઓ બીમાર હોવાથી દરિયાકાંઠે વરસોવા રહેતા હતા. તેથી પૂ. મહારાજશ્રીનો લાભ લેવા તેઓએ થોડા દિવસ વરસોવા પધારી લાભ આપવા વિનતિ કરી. ઠાણા ૪ ત્યાં પધાર્યા. વરસોવા દરિયાકાંઠે આવેલ હોવાથી હવાફેર કરવાનું મથક હતું. ત્યાં બીજો જૈનેતર વર્ગ શ્રીમંત વર્ગ રહેતો હતો. મહારાજશ્રી ત્યાં પણ રાત્રે પ્રાર્થના-પ્રવચન આપતા એટલે ઘણા માણસો એનો લાભ લેતા. દરમિયાન ચિનાઈ કુટુમ્બના શેઠ માણેકલાલ ચુનીલાલ સહકુટુમ્બ ત્યાં રહેતા હતા. તેઓને પૂ. મહારાજશ્રીના પ્રવચનોની સારી અસર થઈ. ખાસ કરીને શ્રીમતી હીરાલક્ષ્મી મા. ચિનાઈને ખૂબ અસર થઈ. પછી તો આખું કુટુંબ મહારાજશ્રી પ્રત્યે પ્રેમવાળું બન્યું. પછી બીજા પરાંઓમાં ફરતાં ચાતુર્માસનો સમય નજીક આવ્યો અને ચીંચપોકલીમાં ચાતુર્માસ રહ્યા. પર્યુષણના દિવસોમાં કાંદાવાડી જવાનું થયું હતું. એ ચાતુર્માસ પૂર્ણ થયે ત્યાંથી બીજાં પરાંઓમાં સ્પર્શના કરતાં પૂ. મહારાજશ્રી ઠાણા ૪ ઉનાળામાં પાછા વરસોવા પધાર્યા. ત્યાં મુનિશ્રી હર્ષચંદ્રજી તથા મુનિશ્રી સૌભાગ્યચંદ્ર ઠાણા ૨ સકારણ

રોકાયા અને પૂજ્ય મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી તથા મુનિ શ્રી ચુનીલાલજી ઠાણા ૨એ નવા પ્રદેશની સ્પર્શના કરવા માટે વિહાર કર્યો. લોનાવાલા, માથેરાન, અમ્બરનાથ, વગેરે ક્ષેત્રોને સ્પર્શી લગભગ બે મહિના પછી ચારે ઠાણા ભેગા થયા. વિચારભેદના કારણે અહીંથી મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી(સંતબાલજી)એ એકાંતવાસ માટે અલગ વિહાર કર્યો.

* *

### ૩૭. ધરમપુર : સંવત ૧૯૯૩ : ઈ. સ. ૧૯૩૭

ઠાણા ૩ : મુનિશ્રી સૌભાગ્યચંદ્ર છૂટા પડયા પછી ઠાણા ૩ મુંબઈથી વિહાર કરી ગુજરાત તરફ વિહાર કરતા હતા. વિહાર કરતાં કરતાં લગભગ વલસાડ સુધી પહોંચ્યા ત્યારે ધરમપુરના મહારાજા જેણે બે વર્ષ પહેલાં પૂ. મહારાજશ્રીનો સત્સંગ કર્યો હતો અને જેને સદ્ભાવ જાગ્યો હતો તેને ખબર પડવાથી આગામી ચાતુર્માસ ધરમપુર કરાવવાની પોતાના અમલદારો મારફત પૂજ્ય મહારાજશ્રીને આગ્રહભરી વિનતિ કરી. પરિણામે મહારાજાશ્રીના સદ્ભાવથી ખેંચાઈને પૂજ્ય મહારાજશ્રીએ વિનતિ સ્વીકારી. ચાર્તુમાસની બધી વ્યવસ્થા કરવાનું સ્ટેટ તરફથી નક્કી થયું. ત્યાં 'વિયોગ ભવન' નામના બંગલામાં પૂજ્ય મહારાજશ્રી ઠાણા ૩ ચાતુર્માસ-રહ્યા. ચાતુર્માસ દરમિયાન રાજા અને પ્રજા અપૂર્વ લાભ લેતાં હતાં અને આનંદ-ઉત્સવ થયા કરતો હતો એટલે 'વિયોગ ભવન' નું નામ બદલીને 'આનંદ ભવન' રાખવામાં આવ્યું. આ ચાતુર્માસ દરમિયાન અવારનવાર મુંબઈથી અનેક ભક્તો આવતા, તેમ વૈષ્ણવધર્મી ચિનાઈ કુટુમ્બના બેન શ્રીમતી હીરાલક્ષ્મી પણ ત્યાં લાભ લેવા આવ્યા હતા. ચાતુર્માસ આનંદ ને ઉલ્લાસમાં પૂર્ણ થયા.

* *

### ૩૮. કરનાળી-ચાણોદ(નર્મદાકાંઠે): સંવત ૧૯૯૪: ઈ. સ. ૧૯૩૮

ઠાણા ૨ : મહા. શ્રી નાનચંદ્ર મહારાજ તથા મુનિ શ્રી ચુનીલાલ સ્વામી.

ધરમપુરમાં ઠાણા ૩ના ચાતુર્માસ પૂર્ણ થયા બાદ ત્યાંથી ગુજરાત તરફ વિહાર ચાલુ થયો કારણકે સૌરાષ્ટ્રમાં વિચરતા સાધ્વીજીઓ મહા. શ્રી દેવકુંવરબાઈ મહા. શ્રી સમરતબાઈ આદિ ઠાણાઓને મિલનની ખૂબ ઝંખના હતી. તેથી વિહાર કરતા આગળ વધ્યા. તે દરમિયાન રસ્તામાં મુનિશ્રી હર્ષચંદ્રજીનું મન અસ્થિર થવાથી તેઓ છૂટા થયા. એટલે ત્યાંથી બે ઠાણાનો વિહાર ચાલુ થયો. સાથે હતા વૈરાગી ભાઈશ્રી મેઘજીભાઈ...આવા નિમિત્તોથી મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજનું મન કંઈક એકાંત નિવૃત્તિ તરફ વળ્યું હતું. એટલે કોઈ શાન્ત વાતાવરણવાળા

ક્ષેત્રમાં રહેવાની તેઓની ભાવના થઈ. એ વિચાર તેઓના પરમ અનુરાગી વૈદ-રાજશ્રી માણેકલાલભાઈએ જાણ્યો એટલે પૂ. મહારાજશ્રીને અનુકૂળ આવે એવા ક્ષેત્રનો પ્રબંધ કરવાનું તેઓએ વિચાર્યું... વિચારણાને અંત પૂજ્ય મહારાજશ્રીની અનુમતિ મેળવીને તેઓએ આગામી ચાતુર્માસ પવિત્ર નર્મદાકિનારે આવેલ કર-નાળી(ચાણોદ)માં ગાળવાનું નક્કી કર્યું. સૌરાષ્ટ્રમાં પહોંચવાને બદલે એક ચાતુર્માસ આવા શાન્તિના સ્થળે ગાળવાનો નિર્ણય થયો એટલે ઠાણા ૨ તથા ભાઈશ્રી મેઘજીભાઈ કરનાળીમાં ચાતુર્માસ રહ્યા. ખૂબ આનંદ અને શાન્તિથી આ ચાતુર્માસ પૂર્ણ થયા. ચાતુર્માસ દરમિયાન મુંબઈ - સૌરાષ્ટ્ર - ગુજરાતના ઘણાખરા ભકતો ત્યાં લાભ લેવા આવ્યા હતા.

* *

## ૩૯. અમદાવાદ - કોચરબ રોડ : સંવત ૧૯૯૫ : ઈ. સ. ૧૯૩૯

ઠાણા ૨ ઉપર મુજબ. કરનાળીના ચાતુર્માસ પૂર્ણ કરી ઠાણા ૨ તથા વૈરાગી ભાઈશ્રી મેઘજીભાઈ અમદાવાદ તરફ આગળ વધ્યા. આ બાજુ સૌરાષ્ટ્રમાં આ સમાચાર મળતાં સાધ્વી મંડળ ખૂબ ઉલ્લાસમાં આવી ગયું. મહા. શ્રી હરિબાઈ આર્યાજી, મહાસતી, શ્રી હેમકુંવરબાઈ આર્યાજી તથા મહાસતી શ્રી પ્રભાકુંવરબાઈ આર્યાજી ઠાણા ૩ મહારાજશ્રીનું ભાવભર્યું સ્વાગત કરવા સૌરાષ્ટ્રમાંથી વિહાર કરીને આગળ વધ્યાં અને મહારાજશ્રીને ધોળકામાં ભેગા થયાં. ત્યાંથી પૂજ્ય મહારાજશ્રી ઠાણા ૨ તથા સાધ્વીજી ઠાણા ૩ અલગ અલગ વિહાર કરતા અનુક્રમે અમદાવાદ પધાર્યા. ત્રણ આર્યાજી પૈકી મહાસતી શ્રી હરિબાઈ આર્યાજીને પેટમાં તકલીફ હતી એટલે આપરેશન કરાવવાની જરૂર હોવાથી તેઓ પૂ. મહારાજશ્રીની આજ્ઞા લઈ આપરેશન માટે આણંદ પધાર્યા. આપરેશન સફળ થયું. પણ તુરતમાં જ બીજી તકલીફ ઊભી થવાથી હરિબાઈ આર્યાજી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. બે ઠાણા પાછા અમદાવાદ પધાર્યા. દરમિયાન મહારાજશ્રી ઠાણા ૨ ચીનાબાગ વગેરે અમદાવાદના પરાંમાં ફર્યા. અને પછી ચાતુર્માસ માટે કોચરબ રોડ પર મણિબેન પટેલની નવી ચાલમાં ગયા અને આર્યાજી ઠાણા ૨ એલિસબ્રિજ વિસ્તારમાં 'પ્રીતમનગર' માં ચાતુર્માસ રહ્યાં. અમદાવાદ સંઘના પૂર્ણ ભકિતભાવ સાથે અમદાવાદના ચાતુર્માસ સંપૂર્ણ થયા.

* *

## ૪૦. ધોરાજી : સંવત ૧૯૯૩ : ઈ. સ. ૧૯૪૦

ઠાણા ૨ : પૂજ્ય શ્રી નાનચંદ્રજી સ્વામી તથા મહા. શ્રી ચુનીલાલ સ્વામી અમદાવાદના ચાતુર્માસ સંપૂર્ણ થયે વિહાર કરી સૌરાષ્ટ્ર તરફ આગળ વધ્યા અને

મહાસતી ઠાણા ૨ પોતાનાં ગુરુણી પાસે પહોંચી ગયાં. મહારાજશ્રી ઠાણા ૨ વિહાર કરતાં કરતાં વટામણ પધાર્યા ત્યારે પૂ. મહા. શ્રી નાનચંદ્રજી મહારાજની તબિયત બગડી એટલે ડોલીથી વિહાર કરી ધોલેરા પધાર્યા. પૂ. મહારાજશ્રીની તબિયતના સમાચાર સાંભળી સાધ્વીસમુદાય ધોલેરા ભેગો થયો. તે વખતે સાધ્વીજીમાં મહા. શ્રી દેવકુંવરબાઈ આર્યાજી, મહા. શ્રી સમરતબાઈ આર્યાજી, મહા. શ્રી પાર્વતીબાઈ આર્યાજી, મહા. શ્રી હેમકુંવરબાઈ આર્યાજી, મહા. શ્રી. પ્રભાકુંવરબાઈ આર્યાજી, મહા. શ્રી સમજુબાઈ આદિ ઠાણાઓ ધોલેરામાં હતાં. તબિયત સુધરી એટલે આચાર્યાજીના બધા ઠાણાઓ અનુકૂળતા મુજબ વિહાર કરી ગયા. તે સમયે મહા. શ્રી પ્રભાકુંવરબાઈ આર્યાજીને વર્ષીતપ ચાલુ હતું. ધોરાજી સંઘના આગ્રહ અને વિનતિથી તેઓશ્રીનું પારણું ધોરાજીમાં થવાનું હતું. એ પ્રસંગનિમિત્તે ધોરાજી સંઘે પૂજ્ય મહારાજશ્રીને પણ ધોરાજી પધારવા વિનંતિ કરી એટલે એ તરફ વિહાર શરૂ થયો. પણ શ્રી દેવકુંવરબાઈ આર્યાજી, મહા. મોતીબાઈ આર્યાજી તથા મહા. પ્રભાકુંવરબાઈ આર્યાજી આદિ ઠાણા અગાઉથી ધોરાજી પહોંચી ગયાં હતાં. પારણાનો પ્રસંગ ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવાયો. પછી તો શ્રી સંઘની આગ્રહભરી વિનંતિથી પૂજ્ય મહારાજશ્રી ઠાણા ૨ ના ચાતુર્માસ પણ ત્યાં જ થયા. ચાતુર્માસમાં ધર્મઉદ્યોત ખૂબ થયો. સંઘનો ઉત્સાહ અને ભક્તિ અનેરાં હતાં. રાત્રે પ્રાર્થના-પ્રવચનમાં જૈનેતરવર્ગ પણ ખૂબ પ્રભાવિત થઈ લાભ લેતો હતો. એ રીતે ધોરાજીના ચાતુર્માસ પૂર્ણ થયા. છેલ્લી બીમારી પછી પૂજ્ય મહારાજશ્રીના પગે વાનું દર્દ રહ્યા કરતું હતું એટલે વિહારમાં ડોલીનો ઉપયોગ ચાલુ થયો હતો.

*

## ૪૧. જામનગર : સંવત ૧૯૯૭ : ઈ. સ. ૧૯૪૧

ઠાણા ૨ ઉપર મુજબ. ધોરાજીના ચાતુર્માસ પૂર્ણ કરી ત્યાંથી વિહાર શરૂ કર્યો. પૂજ્ય મહારાજશ્રીને પગે વાનું દર્દ હતું. ઘણા ઉપચારો કર્યા હતા. પણ એ દર્દ મટ્યું નહિ. આ વખતે કેટલાક ભક્તો તરફથી સૂચના થઈ કે જામનગરમાં 'સોલેરિયમ'ની અદ્યતન સારવાર છે. જો આનો લાભ લેવાય તો વાને જરૂર ફાયદો થાય એટલે પછી એ તરફ વિહાર શરૂ કર્યો. દરમિયાન જામનગર સંઘે પણ ત્યાં પધારવા માટે આમંત્રણ આપ્યું. અનુક્રમે ગ્રામાનુગ્રામ વિચરતાં મહારાજશ્રી ઠાણા ૨ જામનગર પધાર્યા. સોલેરિયમ જરા દૂર હતું. એટલે શરૂઆતમાં ગામ બહાર લીંબડા લાઈનમાં થોડો સમય રોકાયા અને ત્યાંથી સોલેરિયમ નજીક હોવાથી દરરોજ સારવાર લેવા જવાનું રાખ્યું. દરમિયાન પ્રાર્થના, પ્રવચન વગેરે તો ચાલુ જ હતાં. તેથી જામ-

નગરના શ્રી સંઘની ભાવના વધતાં સારવારને જરા વધુ લંબાવવા શ્રી સંઘે પૂજ્ય મહારાજશ્રીને ચાતુર્માસ માટે વિનતિ કરી. એ વિનતિ સ્વીકારવામાં આવી. એટલે સંઘની મંજૂરીથી શ્રી ઓતમલાલ મોતીચંદના બંગલામાં (શહેર બહાર) ચાતુર્માસ રહ્યા... એકંદર નવ મહિના સારવાર લેવાઈ પણ જોઈએ તેવો ફાયદો થયો નહિ. આ ચાતુર્માસમાં લીંબડીના વતની શ્રી છોટાલાલ હરજીવન સુશીલ જેઓ બહુશ્રુત અને વિદ્વાન હતા, તેઓનો લાભ લેવા ખાસ તેઓને બોલાવેલ. તેમના અનુરાગી પંડિત લાલન પણ આહીં આવ્યા હતા. બન્નેનો મુકામ મહારાજશ્રી પાસે હતો. ઉપરાંત જામનગરના મહારાજા તથા મહારાણી પણ મહારાજશ્રીના સત્સંગનો લાભ લેતાં. જૈનેતર પ્રજા પણ મહારાજશ્રીના ઉન્નત અને ઉદાર વિચારોથી ખૂબ આકર્ષાઈ હતી. ચાતુર્માસ આનંદથી પૂર્ણ કર્યાં.

* *

## ૪૨. ડોળિયા (સાયલા પાસે) : સંવત ૧૯૯૮ : ઈ. સ. ૧૯૪૨

ઠાણા ૨ : પૂજ્ય મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજ તથા મુનિશ્રી ચુનીલાલજી સ્વામી તથા વૈરાગી ભાઈશ્રી મેઘજીભાઈ.

જામનગરના ચાતુર્માસ પૂર્ણ કરી મહારાજશ્રી મોરબી તરફ પધાર્યા. વચ્ચે ધ્રોળ, ટંકારા, મોરબી, વાંકાનેર, થાન વગેરે ક્ષેત્રોની સ્પર્શના કરતા મહારાજશ્રી ઠાણા ૨ આગળ વધી રહ્યા હતા. આમે છેલ્લા કેટલાક વર્ષોથી મહારાજશ્રી શાન્તિ અને નિવૃત્તિને ઝંખતા હતા. ભાઈશ્રી મેઘજીભાઈ વૈરાગી અમદાવાદના ચાતુર્માસથી સાથે જ વિચરતા હતા આથી એકાદ શાન્ત ક્ષેત્રનો વિચાર કરતા મહારાજશ્રીએ ડોળિયા ગામ પસંદ કર્યું. સાયલાથી આઠ માઈલ દૂર પશ્ચિમ તરફ રાજકોટ - સુરેન્દ્રનગરના ધોરી માર્ગ પર ડોળિયા ગામ આવેલ છે. સાયલા સ્ટેટનું એ ગામ હોવાથી ત્યાં ઠાકોરસાહેબનો નદીકાંઠે એક બંગલો છે. વિશાળ કંપાઉન્ડ છે. તે સ્થળ નિવૃત્તિ માટે અને ચાતુર્માસ માટે પસંદ કર્યું. ઠાકોરસાહેબે પણ પ્રસન્નતાથી એ લાભ લેવા માટે વિનતિ કરી. ખૂબ શાન્તિ અને નિવૃત્તિ હતી. ચાતુર્માસ નક્કી થયા અને મહારાજશ્રી ઠાણા ૨ તથા મેઘજીભાઈ ચાતુર્માસ નિમિત્તે ડોળિયા પધાર્યા. પણ કુદરતે કંઈક જુદુ જ નિર્માણ કર્યું હતું. ચાતુર્માસના દિવસો પસાર થવા લાગ્યા. પર્યુષણ પહેલા જ પૂ. મહારાજશ્રી ગંભીર માંદગીમાં પટકાઈ પડયા. માંદગીના સમાચાર સર્વત્ર ફેલાઈ ગયા. પરિણામે તે વખતે જેતપુર(કાઠિ.)માં મહાસતીશ્રી સમરતબાઈ આદિ ઠાણા ચાતુર્માસ બિરાજતાં હતાં. તેઓના દિલમાં ગુરુસેવાની પ્રબળ ઝંખના થવાથી, તેઓએ પોતાનાં શિષ્યા શ્રી હેમકુંવરબાઈ આર્યાજી તથા

શ્રી સમજુબાઈ આર્યાજી ઠાણા ૨ ને તાબડતોબ સંઘની આજ્ઞા મેળવી ડોળિયા પહોંચવા માટે વિહાર કરાવ્યો. અહીં ડોળિયામાં ખરેખર તે વખતે સેવાની જરૂર હતી. ઉગ્ર વિહાર કરી ઠાણા ૨ આવી પહોંચ્યા. ડૉકટરો અને દવા તેમ જ ઉપચારોમાં કંઈ કમી ન હતી, પરંતુ દર્દમાં કંઈ સુધારો ન થયો એટલે ચાતુર્માસ પૂર્ણ થયે ત્યાંથી ચોટીલા જવાનું થયું. પછી ત્યાંથી લીંબડી સંઘની આજ્ઞા થતાં સ્થળાંતર કરી લીંબડી હોસ્પિટલમાં દાખલ થવું પડયું. હોસ્પિટલમાં એકંદર સાતેક મહિના સારવાર કરવાથી ધીમે ધીમે તબિયતમાં સુધારો થયો, અટલે કે વિહાર કરી શકાય તેવું થયું.

અહીં એ નોંધ લેવી જરૂરી છે કે મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી(હાલના સંતબાલજી) પૂજ્ય ગુરુમહારાજથી છૂટા થયાને સાત સાત વર્ષ વીતી ગયાં હતાં, તેમ છતાં પણ તેઓની વચ્ચે પરસ્પર સદ્ભાવ જળવાઈ રહ્યો હતો. એટલે પૂજ્ય ગુરુદેવની માંદગીની જાણ થતાં તેઓ લીંબડી આવ્યા હતા. જોકે આ માંદગી દરમિયાન તેઓના(પૂજ્ય ગુરુદેવના) પટ્ટશિષ્ય મુનિશ્રી ચુનીલાલજી સ્વામી અનન્યભાવે સેવામાં જોડાયેલા હતા. તેમ છતાં પણ મુનિ સૌભાગ્યચંદ્રજી અમુક સમય સુધી લાગણીપૂર્વક હોસ્પિટલમાં રહ્યા હતા.

* *

## ૪૩. લીંબડી : સંવત ૧૯૯૯ : ઈ. સ. ૧૯૪૩

ઠાણા ૨ : પૂજ્ય મહારાજશ્રી નાનચંદ્રજી મહા. તથા મુનિ શ્રી. ચુનીલાલજી સ્વામી. લાંબી અને ગંભીર માંદગીમાંથી તબિયત સુધરતાં, ક્ષેત્રસ્પર્શના માટે વિહાર કરવાનું મન થયું. પરંતુ શ્રી સંઘે ચાતુર્માસ તો લીંબડીમાં જ કરવાનું નક્કી કર્યું અને વિનતિ કરી. એ વિનતિનો સ્વીકાર થયો. ત્યારબાદ ઠાણા ૨ લીંબડીથી વિહાર કરી વિચરવા લાગ્યા. દરમિયાન મહાસતી શ્રી દેવકુંવરબાઈ આર્યાજી તથા વિદુષી મહા. શ્રી પ્રભાકુંવરબાઈ આર્યાજી પાસે થાનના બેન ચંચળબેન વૈરાગ્યભાવે અભ્યાસ કરતાં હતાં તેની આજ્ઞા થઈ જવાથી વૈશાખ વદ ૬ બુધવારે (સંવત-૧૯૯૮) તેમને થાનમાં દીક્ષા આપી. નવદીક્ષિતાબેનનું શુભનામ મહાસતી શ્રી ચંદનબાઈ રાખવામાં આવ્યું. તે વખતે પૂ. મહારાજશ્રીના પરિવારવાળું મોટું સાધ્વીમંડળ પણ ત્યાં હાજર હતું. ત્યારબાદ અનુક્રમે વિહાર કરતાં કરતાં ચાતુર્માસ માટે લીંબડી પધાર્યા.

* *

## ૪૪. ચોટીલા : સંવત ૨૦૦૦ : ઈ. સ. ૧૯૪૪

ઠાણા ૨ : મહા. શ્રી નાનચંદ્રજી મહારાજ તથા મુનિ શ્રી ચુનીલાલજી સ્વામી.

વળી પાછો નિવૃત્તિ અને શાન્તિનો વિચાર મોખરે આવ્યો. પૂજ્ય મહારાજશ્રીની આ ભાવનાની શ્રી ચોટીલાના ભક્તિપ્રધાન સંઘને જાણ થતાં આગેવાન ભાઈઓએ પૂજ્ય મહારાજશ્રીની સેવાનો લાભ લેવા આગામી ચાતુર્માસ માટે વિનતિ કરી. પરિણામે પોતાનો નિવૃત્તિનો હેતુ બરાબર પાર પડશે એમ લાગવાથી તેઓએ વિનતિ સ્વીકારી અને ગામ બહાર થાણામાં શાહ હીરાચંદ ઠાકરસીના મકાનમાં ચાતુર્માસ રહ્યા, અને સાગારી મૌન સ્વીકાર્યું. આ અરસામાં જ ભાઈશ્રી અંબાલાલ પટેલ, જે સંતબાલજી પાસે રહેતા હતા, તે કોઈ કારણસર છૂટા થયેલ તે હવે પછી પૂજ્ય મહારાજશ્રી પાસે સેવાભાવે જોડાયા હતા.

* *

## ૪૫. વાંકાનેર: સંવત ૨૦૦૧: ઈ. સ. ૧૯૪૫

ઠાણા ૨ ઉપર મુજબ; ઉપરાંત વૈરાગી ભાઈશ્રી મેઘજીભાઈ તથા સેવાભાવે જોડાયેલ ભાઈશ્રી અંબાલાલ પણ સાથે હતા. ચોટીલાના ચાતુર્માસ દરમિયાન નિવૃત્તિનો હેતુ ઠીક સર્યો હતો. સાગારી મૌનને લીધે સાધના સારી ચાલી. પછી પણ એવું એકાંત સ્થળ પસંદ કરવાની પૂ. મહારાજશ્રીની અભિલાષા હતી. એટલે એ ઉદ્દેશને લક્ષમાં રાખી અનુક્રમે વિહાર કરતા તેઓ સરાસુંદરી પધાર્યા. ત્યાં થોડા દિવસ રહ્યા. સરા ગામ નજીક હતું. વળી ત્યાંના શ્રાવકો પણ ભક્તિપ્રધાન હતા. તેથી સરામાં લગભગ શેષકાળ પૂરો કર્યો. દરમિયાન લીંબડીના વતની પણ હાલ મુંબઈ વસતા પૂજ્ય મહારાજશ્રીના અનુરાગી શ્રી અમુલખ અમીચંદ દર્શનાર્થે સરામાં આવ્યા હતા. પ્રસંગોપાત્ત વાત નીકળતાં લીંબડીમાં બહેનો માટે એક ઉપાશ્રયની ખાસ જરૂર છે એવું સૂચન થયું તેમ જ પૂજ્યશ્રી દેવચંદ્રજી પુસ્તકાલયને પણ મોટા સ્વરૂપે સાર્વજનિક બનાવવાની જરૂર છે એવી વાતચીત થઈ. શ્રી અમુલખભાઈ સ્વભાવે ઉદાર અને વળી પૂ. મહારાજશ્રી પ્રત્યે ભક્તિભાવવાળા હતા એટલે થોડી વિચારણાને અંતે પૂજ્ય મહારાજશ્રીની એ બન્ને સૂચનાઓને પોતે સ્વીકારી લીધી. પરિણામે થોડા સમયમાં પોતાના માતુશ્રી શિવબાના સ્મરણાર્થે સ્થા. જૈન પૌષધશાળા અને પિતાશ્રીના સ્મરણાર્થે પૂજ્યશ્રી દેવચંદ્રજી પુસ્તકાલયનું ભવ્ય મકાન તૈયાર કરી બન્ને મકાનો શ્રી સંઘને સુપ્રત કર્યાં. દરમિયાન પૂ. મહારાજશ્રી ઠાણા ૨ સરાસુંદરીથી વિહાર કરતાં કરતાં લીંબડી પધાર્યા હતા. ચાલુ સાલના ચાતુર્માસ વાંકાનેરમાં નક્કી થયા હતા એટલે લીંબડીથી વિહાર કરતાં ચાતુર્માસ માટે વાંકાનેર પધાર્યા.

## ૪૬. ધોરાજી : સંવત ૨૦૦૨ : ઈ. સ. ૧૯૪૬

ઠાણા ૨ ઉપર મુજબ. સાથે શ્રી મેઘજીભાઈ વૈરાગી તથા ભાઈશ્રી અંબાલાલ હતા. લગભગ છ વર્ષ પહેલાં ધોરાજીમાં ચાતુર્માસ કર્યા હતા તે વખતના ભકિતભાવ અને જનસમાજનું આકર્ષણ હજુ પણ તેવું જ હતું. એટલે વાંકાનેરના ચાતુર્માસ પૂર્ણ થતાં, ધોરાજી સંઘને ફરીને એવો અનેરો લાભ લેવાની ભાવના થઈ અને પૂ. મહારાજને ચાતુર્માસ માટે વિનતિ કરાઈ. પરિણામે ધોરાજીના ચાતુર્માસ નક્કી થયા એટલે એ તરફનો વિહાર શરૂ કર્યો. ધોરાજીના ચાતુર્માસ ખૂબ ઉલ્લાસપૂર્વક પૂર્ણ થયા.

* *

## ૪૭. મોરબી : સંવત ૨૦૦૩ : ઈ. સ. ૧૯૪૭

ઠાણા ૨ ઉપર મુજબ. ધોરાજીના ચાતુર્માસ પૂર્ણ થયે વિહાર શરૂ થયો. રાજકોટ, વાંકાનેર, થાન, ચોટીલા વગેરે ક્ષેત્રોની સ્પર્શના થઈ. આ વર્ષ દરમિયાન બે દીક્ષાઓ આપી. માગસર વદ ૪ ના રોજ થાન મુકામે છબલબેનને દીક્ષા આપી અને તેનું શુભ નામ હીરાબાઈ આર્યાજી રાખવામાં આવ્યું. બીજી દીક્ષા ચોટીલામાં બેન ચંપાબેનને વૈશાખ શુદ ૫ ના રોજ આપી. હીરાબાઈનાં ગુરુણી મહાસતી-શ્રી પાર્વતીબાઈ આર્યાજી અને ચંપાબાઈનાં ગુરુણી મહાસતી શ્રી પ્રભાકુંવરબાઈ આર્યાજી. દરમિયાન આગામી ચાતુર્માસ માટે શ્રી મોરબી સંઘે વિનતિ કરી હતી તે મુજબ મોરબીમાં ચાતુર્માસ રહ્યા અને આનંદપૂર્વક ચાતુર્માસ સંપૂર્ણ કર્યા.

* *

## ૪૮. જોરાવરનગર : સંવત ૨૦૦૪ : ઈ. સ. ૧૯૪૮

ઠાણા ૨ ઉપર મુજબ. વૈરાગી મેઘજીભાઈ તથા સેવાભાવી ભાઈશ્રી અંબાલાલ છેલ્લાં કેટલાંક વર્ષોથી સાથે જ રહે છે. કેટલાંક વર્ષોથી પૂજ્ય મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજને પગે વાનું દર્દ હોવાથી વિહારમાં ડોલીનું સાધન રાખવું પડે છે. તેથી ભાઈશ્રી અંબાલાલ પણ એ રીતે સેવાભાવે સાથે જ હોય છે...મોરબીના ચાતુર્માસ પૂર્ણ કરી વિહાર શરૂ કર્યો. આ ચાલુ સાલમાં તેરાપંથી સાધુઓ પોતાનું પરિબળ જમાવવા સૌરાષ્ટ્રમાં આવ્યા હતા અને ઝાલાવાડમાં જોરાવરનગર સેન્ટર તેઓએ પસંદ કર્યું હતું. પરિણામે સ્થાનકવાસી સમાજને સુદૃઢ અને સુરક્ષિત રાખવાની જરૂર લાગતાં જોરાવરનગર સંઘે પૂ. મહારાજશ્રીને આગામી ચાતુર્માસ કરવાની આગ્રહભરી વિનતિ કરી. પરિણામે દીર્ઘદષ્ટિથી વિચાર કરીને, ધર્મરક્ષા ખાતર નિવૃત્તિનો ભોગ આપીને મહારાજશ્રીએ જોરાવરનગરના ચાતુર્માસનું સ્વીકાર્યું.

ચાતુર્માસ દરમિયાન ખૂબ જાગૃતિ લાવ્યા અને તેરાપંથીને નિષ્ફળ બનાવ્યા. તે વખતે જોરાવરનગરમાં ઉપાશ્રયની સુવિધા ન હતી. તેથી શ્રી કાનજી ચત્રભુજના બંગલે ચાતુર્માસ કર્યા. સમાજમાં ભકિતભાવ ઠીક જાગ્રત થયો. ચાતુર્માસ પૂર્ણ કર્યા.

* *

## ૪૯. જોરાવરનગર : સંવત ૨૦૦૫ : ઈ. સ. ૧૯૪૯

ઠાણા ૨ ઉપર મુજબ. પહેલા ચાતુર્માસ પૂર્ણ કરી વિહાર શરૂ કર્યો. પણ હવે નિવૃત્તિ લેવાની ભાવના હતી એટલે શાન્તિધામ સાયલામાં પધાર્યા. દરમિયાન તેરાપંથી સાધુઓએ બીજા વર્ષે પણ જોરાવરનગરમાં થાણું નાખ્યું હતું. ગયા વર્ષે જે પુરુષાર્થ કર્યો હતો તેથી જોરાવરનગર સંઘ ખૂબ પ્રભાવિત થયો હતો. સૌરાષ્ટ્રમાં આવા પ્રભાવક પુરુષ પૂજ્ય મહારાજશ્રી એક જ હતા તેથી આ વર્ષે પણ સમાજના શ્રેયની ખાતર જોરાવરનગર સંઘે બીજા ચાતુર્માસ કરવાની વિનતિ કરી. પરિણામે ૭૧ વર્ષની જૈફ ઉમરે પણ એટલો જ ઉત્સાહ ધરાવતા પૂજ્ય મહારાજશ્રીએ ધર્મ-સંસ્કૃતિના રક્ષણ માટે નિવૃત્તિને ગૌણ કરી જોરાવરનગર સંઘની વિનતિ સ્વીકારી જોરાવરનગરમાં ચાતુર્માસ કર્યા. આ વખતે ચંદુલાલ ચુનીલાલના 'વસંતનિવાસ' નામના બંગલામાં ચાતુર્માસ પૂર્ણ કર્યા. તેરાપંથી જમાતનો મજબૂત સામનો કર્યો. પરિણામે તેરાપંથી સાધુઓ ઝાલાવાડનો પ્રદેશ છોડી ગયા. આ ચાતુર્માસમાં સેવાનો લાભ લેવા મહાસતિ શ્રી મોતીબાઈ આર્યાજી, વિદુષી મહાસતી શ્રી પ્રભાકુંવરબાઈ આર્યાજી, મહાસતી શ્રી ચંદનબાઈ, મહાસતી ચંપાબાઈ ઠાણા ૪ ના ચાતુર્માસ પણ જોરાવરનગરમાં થયા હતા.

* *

## ૫૦. સાયલા : સંવત ૨૦૦૭ : ઈ. સ. ૧૯૫૦

ઠાણા ૨ ઉપર મુજબ. જોરાવરનગર ઉપરાઉપરી બે ચાતુર્માસ કર્યા પછી હવે પોતે સ્થિરવાસ રહેવાનું વિચારી રહ્યા હતા. શાન્તિ માટે છેલ્લાં કેટલાંક વર્ષથી પોતે સાયલા(પોતાની જન્મભૂમિ) ક્ષેત્ર પસંદ કર્યું હતું એટલે ત્યાં આવીને રહ્યા, દરમિયાન થાનના વતની માણેકચંદભાઈની સુપુત્રી બેન પ્રભાવતી જે મહાસતીશ્રી હેમકુંવરબાઈ આર્યાજી પાસે વૈરાગ્યભાવે અભ્યાસ કરતાં હતાં તેની આજ્ઞા થઈ જવાથી ચૈત્ર શુદ ૬ શનિવારના રોજ તેને સાયલામાં દીક્ષા આપી અને તેનું શુભ નામ આર્યાજી પુષ્પાબાઈ રાખ્યું. સાયલામાં જ ચાતુર્માસ પૂર્ણ કર્યા.

## ૫૧. ભાવનગર : સંવત ૨૦૦૮ : ઈ. સ. ૧૯૫૧

ઠાણા ૨ + ૨ = કુલ ઠાણા ૪. કવિવર્ય પં. મહારાજશ્રી નાનચંદ્રજી મહા. તથા મુનિશ્રી ચુનીલાલજી સ્વામી અને આર્યાજીના ઠાણા ૨ મહાસતી શ્રી હેમકુંવરબાઈ આર્યાજી, મહાસતીશ્રી પુષ્પાબાઈ આર્યાજી ઠાણા ૨.

સાયલાના ચાતુર્માસ પૂર્ણ કરી ત્યાં જ સ્થિરતાથી રહેવાનું હતું. પરંતુ કુદરતનો સંકેત જુદા પ્રકારનો હતો. એવું બન્યું કે તેરાપંથી સાધુઓનું ઝાલાવાડમાં ફાવ્યું નહિ એટલે એણે દિશા બદલી હવે ગોહિલવાડને લક્ષ બનાવ્યું. એટલે કે ભાવનગર જેવા ક્ષેત્રમાં તેઓએ થાણું નાખ્યું. પરિણામે ભાવનગરનો સ્થાનકવાસી સંઘ જાગ્રત થયો. બે વર્ષ પહેલાં જોરાવરનગરમાં જે પ્રતિકાર થયો હતો તેની હવા તો સર્વત્ર ફેલાઈ ગઈ હતી. એટલે તેરાપંથી સાધુ ભાવનગરમાં તેની જડ નાખે તે પહેલાં કોઈ સમર્થ પુરુષને આપણે ચાતુર્માસ કરાવવા જોઈએ એમ લાગવાથી ભાવનગર સંઘની નજર મહારાજશ્રી પ્રત્યે ઠરી. એક વગદાર પ્રતિનિધિ મંડળ ભાવનગરથી સાયલા આવ્યું, અને જોરદાર વિનતિ કરી કે આ વખતે તો આપે ભાવનગર ચાતુર્માસ કરવા જ પડશે. મહારાજશ્રી નિવૃત્તિ લેવા માગતા હતા, પરંતુ ધર્મરક્ષાનો પ્રશ્ન હતો એટલે એમની વિનતિ સ્વીકારી.- ભાવનગર જેવું મોટું ક્ષેત્ર અને માત્ર બે જ ઠાણા માટે એ ભારે પડે તેવું હતું. એટલે સેવાનિમિત્તે આર્યાજીના ઠાણા ૨ પણ ચાતુર્માસ સાથે રહે એવી ગોઠવણ લીંબડી સંઘની સંમતિથી કરવી પડી. મહાસતી શ્રી હેમકુંવરબાઈ આર્યાજી તથા નવદીક્ષિતા મહા. પુષ્પાબાઈ આર્યાજી ઠાણા ૨ પણ ભાવનગર પધાર્યાં. ચાતુર્માસ નિમિત્તે ગામ બહાર ભકિતબાગમાં રહ્યાં. પર્યુષણના દિવસો પૂરતા ગામના ઉપાશ્રયે રહ્યાં અને આઠે દિવસ ટાઉન હોલમાં વ્યાખ્યાન આપ્યું. મહારાજશ્રીનું નામ બહાર આવતાં તેરાપંથીએ રાહ બદલ્યો. એટલે કે કોઈ તેરાપંથી સાધુ ભાવનગરમાં ફરકયા જ નહિ. ચાતુર્માસ રંગેચંગે પૂર્ણ થયા.

* *

## ૫૨. સાયલા : સવંત ૨૦૦૮ : ઈ. સ. ૧૯૫૨

ઠાણા ૨ : મહારાજશ્રી નાનચંદ્રજી મહા. તથા મુનિશ્રી ચુનીલાલજી સ્વામી.

ભાવનગરના ચાતુર્માસ પૂર્ણ કરી મહારાજશ્રીએ ઝાલાવાડ–લીંબડી તરફથી વિહાર શરૂ કર્યો. ત્યાંથી અનુક્રમે વિહાર કરતાં સાયલા પધાર્યા. અહીંના સંઘની વિનતિ થતાં આગામી ચાતુર્માસ પણ સાયલાના નક્કી થયા. ચાતુર્માસ પણ પૂર્ણ થયા. દરમિયાન કચ્છ–સમાઘોઘાના સોજપાળ ચન્નાના પુત્ર કેશવજી, મહારાજશ્રી પાસે વૈરાગ્યભાવે અભ્યાસ કરતા હતા તે પણ સાથે હતા.

## ૫૩. વાંકાનેર : સંવત ૨૦૦૯ : ઈ. સ. ૧૯૫૩

ઠાણા ૩ : મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજ, મહારાજશ્રી ચુનીલાલ સ્વામી અને નવદીક્ષિત મુનિશ્રી કિશોરચંદ્રજી

સાયલાના ચાતુર્માસ સંપૂર્ણ કરી મહારાજશ્રી ઠાણા ૨એ મોરબી તરફ વિહાર કર્યો. મોરબીમાં મહાસતી શ્રી પાર્વતીબાઈ આર્યાજી, મહાસતી શ્રી હેમકુંવરબાઈ આર્યાજી પાસે મોરબીના વતની પ્રભુદાસ રણછોડ ખોખાણીનાં પુત્રી કુમારિકા બેન હીરાલક્ષ્મી વૈરાગ્યભાવે અભ્યાસ કરતાં હતાં. તેમની આજ્ઞા થવાથી દીક્ષાનો પ્રસંગ હતો. મોરબી સંઘનો ઉત્સાહ અનેરો હતો. ઉપરાંત આ સમયે ભાઈશ્રી કેશવજીને પણ આજ્ઞા મળી જવાથી ચાલુ સાલમાં એ બન્ને ઉમેદવારોની દીક્ષા મોરબીમાં થઈ. બેન હીરાલક્ષ્મીબેનને મહા શુદ ૧૧ ના રોજ દીક્ષા આપવામાં આવી અને તેનું શુભ નામ મહાસતી શ્રી હંસાકુમારી રાખ્યું અને ભાઈશ્રી કેશવજીને ફાગણ વદમાં દીક્ષા આપી અને તેનું નામ મુનિશ્રી કિશોરચંદ્રજી રાખવામાં આવ્યું. આ સાલના ચાતુર્માસ વાંકાનેર નક્કી થયા હતા. થાણા ૩ થી વાંકાનેરમાં ચાતુર્માસ પૂર્ણ થયા.

* *

## ૫૪. સુરેન્દ્રનગર : સંવત ૨૦૧૦ : ઈ. સ. ૧૯૫૪

ઠાણા ૪ : પૂજ્ય સાહેબ શ્રી ધનજી સ્વામી, મહા. શ્રી નાનચંદ્રજી મહારાજ, મહારાજશ્રી ચુનીલાલજી સ્વામી, નવદીક્ષિત મુનિ કિશોરચંદ્રજી સ્વામી.

વાંકાનેરના ચાતુર્માસ પૂર્ણ થયે ઠાણા ૩ વિહાર કરી અનુક્રમે લીંબડી પધાર્યા. દરમિયાન સુરેન્દ્રનગર સંઘની વિનતિ થવાથી સુરેન્દ્રનગરમાં ચાતુર્માસનું નક્કી થયું. આ વખતે પૂજ્ય સાહેબશ્રી ધનજી સ્વામી સાથે હતા એટલે કુલ ઠાણા ૪ ના ચાતુર્માસ થયા. આ ચાતુર્માસમાં સંઘમાં સારી જાગૃતિ આવી, અને ત્રણે સંઘની એકતાનું મંડાણ થયું.

* *

## ૫૫. થાનગઢ : સંવત ૨૦૧૧ : ઈ. સ. ૧૯૫૫

ઠાણા ૪ + ૩ = કુલ ૭ : પૂજ્ય સાહેબશ્રી ધનજી સ્વામી, મહારાજ શ્રી નાનચંદ્રજી સ્વામી આદિ ઠાણા ૪ તથા મહાસતી શ્રી દમયંતીબાઈ આર્યાજી, મહાસતી શ્રી કળાવતીબાઈ આર્યાજી તથા બા. બ્ર. શ્રી વિનોદિનીબાઈ આર્યાજી ઠાણા ૩ અભ્યાસાર્થે સાથે ચાતુર્માસ રહ્યાં.

ચાલુ સાલના ચાતુર્માસ માટે થાનગઢ સંઘની ભાવભરી વિનતિ હોવાથી ઉપર મુજબ ઠાણા ૭ના ચાતુર્માસ થાનગઢમાં થયા. ચાતુર્માસ અંગે તમામ ખર્ચ શ્રી છબીલદાસ ત્રિભોવનભાઈ તરફથી આપવામાં આવેલ.

* *

## ૫૬. અમદાવાદ: સંવત ૨૦૧૨ : ઈ. સ. ૧૯૫૬

ઠાણા ૩ + ૩ = કુલ ૬ : મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજ, મહારાજશ્રી ચુનીલાલજી સ્વામી, મુનિશ્રી કિશોરચંદ્રજી સ્વામી તથા મહાસતી દમયન્તીબાઈ આદિ ઠાણા ૩.

થાનગઢના ચાતુર્માસ આનંદપૂર્વક પૂર્ણ થયા અને વિહાર શરૂ થયો. વૈરાગી ભાઈશ્રી મેઘજીભાઈ તથા સેવાભાવી ભાઈશ્રી અંબાલાલ સાથે જ હતા. દરમિયાન સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન સંઘ અમદાવાદને પોતાના નવા ઉપાશ્રયમાં પ્રથમ ચાતુર્માસ કરાવવાની ઉત્કટ ભાવના થવાથી શ્રી સંઘે પૂજ્ય મહારાજશ્રીને આગ્રહભરી વિનતિ કરી. મહારાજશ્રીએ પણ સંઘનો ઉત્કૃષ્ટ ભાવ જાણી, એ વિનતિનો સ્વીકાર કર્યો. તેથી સૌરાષ્ટ્ર સંઘમાં પણ અનેરો ઉત્સાહ પ્રગટયો. પરિણામે ઉપર જણાવ્યા મુજબ ઠાણા ૩ + ૩ = ૬ ઠાણાના ચાતુર્માસ અમદાવાદમાં થયા. ચાતુર્માસ દરમિયાન મહારાજશ્રીની પ્રેરણાથી સમાજઉપયોગી અનેક પ્રવૃત્તિઓ શરૂ થઈ અને ચાતુર્માસ ખૂબ આનંદપૂર્વક પૂર્ણ થયા. આ ચાલુ સાલમાં થાનગઢના ચાતુર્માસ પૂર્ણ થયા બાદ વિહાર કરી મહારાજશ્રી સાયલા પધાર્યા હતા ત્યારે મહાસતી શ્રી પ્રભાકુંવરબાઈ આર્યાજી પાસે વૈરાગ્યભાવે અભ્યાસ કરતાં મોરબીનિવાસી ચુનીલાલ ભાઈચંદનાં સુપુત્રી બા. બ્ર. બેન લીલમબેનની આજ્ઞા થઈ જવાથી ફાગણ વદ ૧૦ ગુરુવારના રોજ સાયલામાં ધામધૂમપૂર્વક દીક્ષા આપી. નવદીક્ષિતાનું શુભનામ મહાસતીશ્રી સરલાકુમારી આર્યાજી રાખ્યું. ત્યારબાદ આગામી ચાતુર્માસ માટે અમદાવાદ તરફથી વિહાર કર્યો. આ ચાતુર્માસમાં શાસ્ત્રોની વાંચણી કરવા નિમિત્તે મહાસતી શ્રી દમયન્તીબાઈ આદિ ઠાણા ૩ના ચાતુર્માસ સૌરાષ્ટ્ર સંઘની પૌષધશાળામાં થયા હતા. ઉપર મુજબના ત્યાંના ચાતુર્માસ પૂર્ણ થયા.

* *

## ૫૭. ઘાટકોપર : સંવત ૨૦૧૩ : ઈ. સ. ૧૯૫૭

ઠાણા ૨ : મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજ તથા મુનિશ્રી ચુનીલાલ સ્વામી. સાથે વૈરાગી શ્રી મેઘજીભાઈ તથા સેવાભાવી શ્રી અંબાલાલ પણ હતા.

અમદાવાદના ચાતુર્માસ પૂર્ણ કરી અનુક્રમે વિહાર કરતાં પૂજ્ય મહારાજશ્રી ઠાણા ૩ લીંબડી પધાર્યા. દરમિયાન મુંબઈ જેવા ક્ષેત્રમાં કંઈક એવું વાતાવરણ ફરી ગયું હતું કે જેથી મુંબઈના સંઘને કોઈ શક્તિશાળી અને પ્રભાવક મહારાજશ્રીની જરૂર હતી. વિચારણાને અંતે તેઓની દૃષ્ટિ મહારાજશ્રી ઉપર પડી. એટલે સૌથી પહેલા ઘાટકોપર સંઘે લીંબડી એક વગદાર ડેપ્યુટેશન મોકલી, ઘાટકોપરના આગામી ચાતુર્માસ માટે જોરદાર વિનતિ કરી. તે વખતે લીંબડી સંપ્રદાયના શેઠ શ્રી લલ્લુભાઈ નાગરદાસ તથા પૂજ્ય સાહેબશ્રી ધનજી સ્વામીએ બધા સંજોગોને લક્ષમાં રાખી મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજ ઠાણા ૨ ને ઘાટકોપરના આગામી ચાતુર્માસ માટે સંમતિ આપી. ઘાટકોપર સંઘના ડેપ્યુટેશનને ખૂબ સંતોષ થયો. પછી તો લીંબડીથી મહારાજશ્રી નાનચંદ્રજી મહારાજ તથા મુનિશ્રી ચુનીલાલજી સ્વામી ઠાણા ૨એ ઘાટકોપર માટે વિહાર કર્યો. છેલ્લાં કેટલાંક વર્ષથી મહારાજશ્રી પગની તકલીફના કારણે ડોલી વિહાર કરી રહ્યા હતા. એટલે ડોલીના માણસો અને તે સાથે બે ભાઈઓ (મેઘજીભાઈ તથા અંબાલાલભાઈ) પણ હતા. અનુક્રમે ઉગ્ર વિહાર કરતાં કરતાં તેઆશ્રીએ ઉત્સાહી વાતાવરણ વચ્ચે ચાતુર્માસ માટે ઘાટકોપરમાં પ્રવેશ કર્યો. ઘાટકોપરના ચાતુર્માસ પૂર્ણ કર્યા.

* *

## ૫૮. બોરીવલી : સંવત ૨૦૧૪ : ઈ. સ. ૧૯૫૮

ઠાણા ૨ ઉપર મુજબ. ઘાટકોપરના ચાતુર્માસ પૂરા થયા પછી વચ્ચેના ગાળામાં મુંબઈનાં પરાંમાં વિચરવાનું બન્યું. દરમિયાન માટુંગામાં મહારાજશ્રીની આંખે મોતીઆનું ઓપરેશન કરાવ્યું. તે સમયે મુંબઈના ક્ષેત્રમાં જેવા આજે ઉપાશ્રયો અને સંઘોની રચના છે તેવી હતી નહિ એટલે ઘાટકોપરના ચાતુર્માસમાં જુદા જુદા પરાંમાંથી માણસો લાભ લેવા આવતા. બોરીવલીમાં નવો સંઘ થયો હતો. ખાસ કરીને મધ્યમવર્ગી સમાજ ત્યાં રહેતો હતો. તેઓએ પરિશ્રમ લઈને નવો ઉપાશ્રય તૈયાર કર્યો હતો. તેઓને સૌથી પહેલા ચાતુર્માસ મહારાજશ્રીના થાય એવી પ્રબળ ભાવના હતી. એટલે બોરીવલી સંઘે ખૂબ જ ભાવપૂર્વક આગામી ચાતુર્માસ માટે મહારાજશ્રીને વિનતિ કરી. સંઘના કાર્યકર્તાઓ ઉત્સાહી અને જાતમહેનત કરનાર હોવાથી અને વાતાવરણ અનુકૂળ લાગવાથી મહારાજશ્રીએ તેઓની વિનતિ સ્વીકારી ચાતુર્માસ માટે બોરીવલીમાં પ્રવેશ કર્યો. મહારાજશ્રીની માનવતાલક્ષી ઉપદેશધારા માટે બોરીવલી ખૂબ આતુર હતું. પરિણામે જેમ જેમ ચાતુર્માસના દિવસો આગળ વધવા લાગ્યા તેમ તેમ ફંડફાળા સારા થયા. ગૃહઉદ્યોગ

અને બીજી સામાજિક પ્રવૃત્તિઓથી બોરીવલી સંઘ અને ઉપાશ્રય ગાજતો થઈ ગયો એટલું જ નહિ, પણ મહારાજશ્રીની પ્રેરણાથી થોડા સમયમાં જ મધ્યમ વર્ગીય બોરીવલીનો સંઘ ખૂબ સમૃદ્ધ અને દીપતો થઈ ગયો. એ પ્રમાણે ચાતુર્માસ પૂર્ણ થયા.

* *

૫૯. બોરીવલી(કૃષ્ણકુંજ) : સંવત ૨૦૧૫ : ઈ. સ. ૧૯૫૯

ઠાણા ૨ ઉપર મુજબ. બે વર્ષ મુંબઈના ક્ષેત્રમાં વીતી જવાથી સૌરાષ્ટ્રમાં વસતાં સાધ્વીજીઓની દર્શનભાવના તીવ્ર થવા લાગી. વળી સૌરાષ્ટ્ર-ગુજરાતના સંઘોની પણ ઝંખના હતી. એટલે બોરીવલીથી સૌરાષ્ટ્ર તરફ વિહાર કરવાનું નક્કી કર્યું. અનુક્રમે વિહાર શરૂ કર્યો. ભીંવડીથી આગળ વધતાં રસ્તામાં વજ્રેશ્વરીનો પ્રદેશ આવ્યો. મહારાજશ્રીને પગે વાની તકલીફ હોવાથી વજ્રેશ્વરીમાં હવા-પાણીનો પ્રયોગ કરવા મન થયું એટલે લગભગ બે મહિના ત્યાં રોકાયા. તે સમયે વિદુષી મહાસતી શ્રી પ્રભાવકુંવરબાઈ આર્યાજી પાસે જેતપુર(કાઠિ.) તથા ધોરાજીની ત્રણ બેનો વૈરાગ્યભાવે અભ્યાસ કરતાં હતાં. તેઓને દીક્ષા માટે આજ્ઞાઓ મળી જતાં ત્રણે બેનો (બેનશ્રી હંસાકુમારી, બેનશ્રી ઈન્દુકુમારી(જેતપુર) અને શ્રી હસુમતી(ધોરાજી) દીક્ષા લેવા પહેલા મહારાજશ્રીના આશીર્વાદ લેવા વજ્રેશ્વરી આવેલાં. પછી તો વજ્રેશ્વરીના રોકાણ દરમિયાન હવા-પાણી અનુકૂળ ન લાગવાથી મહારાજશ્રીને જીર્ણજવર લાગુ પડયો. ઉપચાર ઘણા કર્યા પણ આરામ ન આવ્યો. તબિયતના આ સમાચાર સૌરાષ્ટ્રમાં પહોંચી ગયા એટલે અનન્ય સેવાભાવી મહાસતીશ્રી હેમકુંવરબાઈ ઠાણા ૩ની ધીરજ ન રહી તેથી ઉગ્ર વિહાર કરીને તેઓ વજ્રેશ્વરી પધાર્યા. બોરીવલી સંઘને તો તાજી ભકિત હતી એટલે જ્યારે મહારાજશ્રીની તબિયતના સમાચાર જાણ્યા કે તુરત સંઘના આગેવાન ભાઈઓ વજ્રેશ્વરી આવ્યા અને આવી પરિસ્થિતિમાં આપ બોરીવલી પાછા પધારો અને અમને સેવાનો લાભ આપો એવી વિનતિ કરી. મહારાજશ્રીને તબિયતના કારણે એ વિનતિ સ્વીકારવી પડી. એટલે કે આટલો લાંબો વિહાર કર્યા પછી પોતે ઠાણા ૨ વિહાર કરીને બોરીવલી પધાર્યા. મહાસતી શ્રી હેમકુંવરબાઈ ઠાણા ૩ પણ બોરીવલી પધાર્યા. ધીમે ધીમે તબિયત સુધારા પર આવી. પરંતુ હવે સૌરાષ્ટ્ર કે ગુજરાત તરફ જઈ શકાય તેવું ન હતું એટલે બોરીવલી સંઘે બીજા ચાતુર્માસ પણ બોરીવલીમાં કરવા જોરદાર વિનતિ કરી. પૂજ્ય મહારાજશ્રી તબિયતના કારણે હવે ચાતુર્માસનો બોજ ઉપાડવા તૈયાર ન હતા તેથી કહ્યું કે ચાતુર્માસનિમિત્તે નહિ પણ નિવૃત્તિના લક્ષે ચાતુર્માસ રહેવાની ભાવના છે. શ્રી સંઘે આનંદ-

પૂર્વક એ દરખાસ્ત સ્વીકારી અને ઉપાશ્રયના બદલે ઘોડબંદર રોડ પર સત્યનારાયણ ભવન પાસે 'કૃષ્ણકુંજ'માં ચાતુર્માસ અંગેની બધી વ્યવસ્થા શ્રી સંઘે કરી. ત્યારે આર્યાજી શ્રી હેમકુંવરબાઈ આદિ ઠાણા ૩ તો આ પ્રદેશમાં (મુંબઈ તરફ) પહેલાં જ પધાર્યાં હતાં. તેઓના ચાતુર્માસ ઘાટકોપરમાં નક્કી થયા. ચાતુર્માસ દરમિયાન સુખ-શાન્તિથી પોતે કૃષ્ણકુંજમાં બિરાજતા હતા. દિવસો પસાર થયે જતા હતા. દરમિયાન એક કાળરાત્રિએ મહારાજશ્રીને સખત હાર્ટએટેક આવ્યો. ખૂબ ચિંતાજનક સ્થિતિ બની ગઈ. મુંબઈ, ઘાટકોપર વગેરે સંઘોમાં ખબર ફેલાઈ જતાં રાતમાં જ નિષ્ણાત ડૉકટરોને બોલાવ્યા. ઉપચાર ચાલુ થયા. બોરીવલી તેમ જ ઘાટકોપર સંઘની સેવા-સુશ્રૂષા સફળ થઈ અને થોડા દિવસોમાં તબિયત સુધરવા લાગી. પરંતુ હવે હાર્ટ નબળું પડી જવાથી ખૂબ આરામ લેવા જેવું હતું. એમ કરતાં બોરીવલીના બીજા ચાતુર્માસ પૂર્ણ થયા અને ઘાટકોપર તરફ વિચરવાનું બન્યું. શિયાળામાં બીજી આંખમાં મોતિયાનું ઓપરેશન ઘાટકોપરમાં કર્યું. એને પણ સારું થઈ ગયું. પરંતુ હાર્ટની પરિસ્થિતિ એવી હતી કે હવે ડોલીથી પણ વિહાર ન થઈ શકે. બીજી બાજુ મુંબઈ જેવા ક્ષેત્રોમાં રહેવાય તો આરામ પણ પૂરતા પ્રમાણમાં ન મળી શકે. આવી નાજુક પરિસ્થિતિમાં લીંબડી સંઘે પછી દીર્ઘદૃષ્ટિ વાપરીને પૂજ્ય મહારાજશ્રીને સ્થળાંતર કરાવવાનો નિર્ણય લીધો. પરિણામે ત્યાંથી પ્રયાણ કર્યું અને લીંબડી પધાર્યા.

* *

### ૬૦. લીંબડી : સંવત ૨૦૧૬ : ઈ. સ. ૧૯૬૦

ઠાણા ૫ : પૂજ્ય સાહેબ શ્રી ધનજી સ્વામી, મહા. શ્રી નાનચંદ્રજી સ્વામી, મહા. શ્રી છોટાલાલજી સ્વામી, મહા. શ્રી ચુનીલાલજી સ્વામી, મુનિશ્રી માધવજીસિંહજી સ્વામી, મુંબઈથી મહારાજ શ્રી નાનચંદ્રજી મહા. ઠાણા ૨ જ્યારે લીંબડી પધાર્યા ત્યારે ત્યાં પૂજ્ય સાહેબ શ્રી ધનજી સ્વામી આદિ ત્રણ ઠાણા બિરાજતા હતા. સદાનંદી મહા. શ્રી છોટાલાલજી સ્વામી ઠાણા ૨ પણ લીંબડીમાં બિરાજતા હતા. મહારાજશ્રીને પૂરો આરામ લેવાની જરૂર હતી એટલે આગામી ચાતુર્માસ લીંબડીમાં જ કરવાની શ્રી સંઘની વિનતિ થઈ. પરિણામે પાંચે ઠાણાના સંવત ૨૦૧૬ના ચાતુર્માસ લીંબડી થયા.

* *

### ૬૧. સાયલા : સંવત ૨૦૧૭ : ઈ. સ. ૧૯૬૧

ઠાણા ૨ : મહારાજશ્રી નાનચંદ્રજી મહા. તથા મહા. શ્રી ચુનીલાલજી સ્વામી.

લીંબડીના ચાતુર્માસ પૂર્ણ થયા બાદ હવે સામાન્ય રીતે આરોગ્ય સારું હતું. એટલે હવે સ્થિરવાસની દૃષ્ટિએ શાન્તિ માટે સાયલામાં રહેવાનું નક્કી કર્યું. તેથી લીંબડીથી સાયલા પધાર્યા. હાર્ટની તકલીફ હોવાથી હવે પૂર્ણ આરામની જરૂર

હતી એટલા માટે પણ સાયલા પસંદ કરવા જેવું હતું. ચાતુર્માસ સિવાય તો અવારનવાર સેવાનિમિત્તે સાધ્વીજીઓનો યોગ થયા કરતો. પરંતુ ચાતુર્માસમાં પણ અભ્યાસ અને સેવાનિમિત્તે સાધ્વીજીના પરિવારમાંથી બેથી ત્રણ ઠાણા દર વર્ષે ચાતુર્માસ સાથે રહે એવી વ્યવસ્થા લીંબડી સંઘ મારફત થઈ ગઈ, તે મુજબ આ ચાતુર્માસમાં વિદુષી મહા. શ્રી પ્રભાકુંવરબાઈ આર્યાનાં શિષ્યા આર્યાજી ચંદનબાઈ, તથા બા. બ્ર. આર્યાજી ઈન્દુમતીબાઈ ઠાણા ૨ ચાતુર્માસ રહ્યાં.

* *

### ૬૨. સાયલા : સંવત ૨૦૧૮ : ઈ. સ. ૧૯૬૨

ઠાણા ૨ ઉપર મુજબ તથા મહાસતી શ્રી ઠાણા ૩. કુલ ઠાણા ૫.

સ્થિરવાસ હોવાથી આ સાલના ચાતુર્માસ સાયલામાં જ થયા અને સેવા અને અભ્યાસ અર્થે મહાસતી શ્રી હેમકુંવરબાઈ આર્યાજી, બા. બ્ર. મહા. શ્રી પુષ્પાબાઈ આર્યાજી તથા બા. બ્ર. મહા. શ્રી હંસાકુમારી આર્યાજી ઠાણા ૩ ચાતુર્માસ સાથે રહ્યાં.

* *

### ૬૩. સાયલા : સંવત ૨૦૧૯ : ઈ. સ. ૧૯૬૩

ઠાણા ૨ ઉપર મુજબ તથા સાધ્વીજી ઠાણા ૩. કુલ ઠાણા ૫.

આ સાલના ચાતુર્માસ પણ અહીં થયા. મહાસતીજીઓ પૈકી આ વખતે મહા. કળાવતીબાઈ આર્યાજી, બા. બ્ર. મહા. શ્રી વિનોદીનીબાઈ આર્યા તથા મહા. શ્રી દિવ્યપ્રભા ઠાણા ૩ ચાતુર્માસ સાથે રહ્યાં. ચાલુ સાલમાં મહા. શ્રી દમયન્તીબાઈ આર્યાજી પાસે વૈરાગ્યભાવે અભ્યાસ કરતાં ગોંડલનિવાસી કુરજીભાઈ ફૂલચંદ દોશીનાં સુપુત્રી બા. બ્ર. બહેન પુષ્પાબહેનની આજ્ઞા થઈ જવાથી ૨૦૧૯ ફાગણ શુદ ૨ સોમવારના રોજ સાયલા મુકામે પૂ. મહારાજશ્રીના વરદ હસ્તે દીક્ષા આપી. તેઓનું શુભ નામ મહાસતી શ્રી પ્રમોદિનીબાઈ રાખવામાં આવ્યું.

* *

### ૬૪. સાયલા : સંવત ૨૦૨૦ : ઈ. સ. ૧૯૬૪

ઠાણા ૨ + ૨. સાધુજી ઠા. ૨ ઉપર મુજબ તથા સાધ્વીજી ઠાણા ૨.

સાધ્વીજીમાં આ વખતે વિદુષી શ્રી મહાસતી પ્રભાકુંવરબાઈ આર્યાજીનાં સુશિષ્યા આર્યાજી ચંદનબાઈ આર્યાજી તથા આર્યાજી સરલાકુમારી ઠાણા ૨ને સેવાનો લાભ મળ્યો.

આ સાલમાં પૂજ્ય ગુરુદેવને ૮૭ વર્ષ પૂરાં થયાં. એટલે કે સંવત ૨૦૨૧ના માગસર શુદ ૧ ના ૮૮ મું વર્ષ બેઠું. દીક્ષાપર્યાયના ૬૪ વર્ષ પૂરાં થયાં હતાં.

ૐ શાંતિ

# શિષ્ય-શિષ્યાઓની અંજલિઓ

# ભાવાંજલિ

મુનિશ્રી ચુનીલાલજી સ્વામી -'ચિત્તમુનિ'

(ઢબ: ઝંડા ઊંચા રહે હમારા)

૧ વિરલ વિભૂતિ એક વિરાજે (૨)
સંત–સમાજ અને દેવ સમાજે. (૨) વિરલ૦

પ્રગટ થયા માનવહિત કાજે (૨)
કાવ્ય-સરિતામાં ગુણ ગાજે (૨)
'સંતશિષ્ય' પડછંદ અવાજે. (૨) વિરલ૦

×

૨ ચેતનવંતા હે ગુરુદેવા (૨)
નિત નિત સ્મરણ કરું તુજ સેવા. (૨) ચેતન૦

જ્ઞાન–કર્મ–ભક્તિ રસદેવા (૨)
અમ અંતર આવો તત્ખેવા (૨)
'સંત-શિષ્ય'ની ખબરું લેવા. (૨) ચેતન૦

×

૩ વાણી અમૃત–રસ ઝરનારી (૨)
દૃષ્ટિપાત છે પાવનકારી. (૨) વાણી૦

સદ્ગુરુ ભાવ સદા સુખકારી (૨)
પ્રેમળજ્યોત છે જયજયકારી (૨)
'સંત-શિષ્ય' જીવન બલિહારી. (૨) વાણી૦
('સંત–શિષ્ય' ગુણની બલિહારી)

૨

(ઢબ : અંતરર્યામી અંતરમાં વિરાજી રહો)

૪ ગુરુ! આંતર-જ્યોત જગાવી દિયો (૨)
પ્રભુ! પાવન પંથ બતાવી દિયો. (૨) ગુરુ૦

આજ તારા ગુણુની જયમાળ ચાલુ થાય છે (૨)
પ્રાણુ સાથે સંતશિષ્યનો ભાવ જાગી જાય છે. (૨) ગુરુ૦

×

૫ માનો માનો કે આજ ગુરુ આવી ગયા (૨)
માનો માનો કે ગુરુજી પધારી ગયા (૨)
મારા ચિત્તમંદિરને ગજાવી ગયા. (૨) માનો૦

શાંતભાવે એકલા પળપળ પ્રતીક્ષા મેં કરી (૨)
'સંત-શિષ્યે' આજ મારા ભાવમાં ભરતી કરી. (૨) માનો૦

૩

(ઢબ : સુધારસે ભરપૂર શ્રી વીતરાગી ...)

૬ દીઠા મેં દેવના દિદાર આજ મારા મનમાં વસેલા.
દીઠા ગુરુદેવના દિદાર આજ મારા મનમાં વસેલા.

મનમાં વસેલા ને હૃદયે રસેલા. —દીઠા૦

'સંત' સ્વરૂપે સાગર વિશાળ છે. (૨)
'શિષ્ય' સ્વભાવે રસાળ——આજ મારા૦
(મનમાં રમેલા ને હૃદયે ગમેલા. —દીઠા૦)

૪

(ઢબ : અબ તો મેરા રામનામ ...)

૭ આજ મારા ભવનમાં છે દેવનો ઉતારો
દેવનો ઉતારો — ગુરુદેવનો ઉતારો. —આજ૦

નજર ભરી નીરખી લીધું, એજ લાલ મારો (૨)
દર્શન વિશુદ્ધ થયે, મટયો છે મૂંઝારો. (૨) —આજ૦

માર્ગ કે કુમાર્ગને સુસ્પષ્ટ દેખનારો (૨)
આજ જ્ઞાનચંદ્રના પ્રકાશનો ઉજારો. (૨) –આજ૦

નિજ સ્વરૂપ રમણતાનો પ્રગટ છે સિતારો
'સંત-શિષ્ય' ચિત્તની પ્રસન્નતા પ્રસારો. (૨) –આજ૦

૫

(ઢબ: રામ છે (૩) રે અંતરઘટમાં એ રામ છે)

૮ થાય છે (૩) રે ગુરુદેવનું સ્મરણ એમ થાય છે.
આવી આવીને સરી જાય છે રે: –ગુરુદેવનું૦

હરતાં ને ફરતાં ઊઠતાં ને બેસતાં (૨)
ઝાંખી નિરંતર થાય છે રે: –ગુરુદેવનું૦ ૧

નેણામાં નેહભર્યો, દિલ દરિયાવ છે (૨)
ભાલે વિશાળતા છવાય છે રે: –ગુરુદેવનું૦ ૨

વાણી મધુરી છે સ્વરે મઢેલી (૨)
હાવભાવથી ચિત્ત ચોરાય છે રે: –ગુરુદેવનું૦ ૩

શ્વેત અંબરમાં કાયા છે શોભતી (૨)
શિર પર વાળ સોહાય છે રે: –ગુરુદેવનું૦ ૪

સુંદર બે કાન છે સરવા સુલક્ષણા (૨)
હૂંફાળા હાથ ફરી જાય છે રે: –ગુરુદેવનું૦ ૫

જ્ઞાન–ધ્યાન–કર્મ અને ભક્તિના યોગમાં (૨)
'સંત-શિષ્ય' ભાવથી ભીંજાય છે રે: –ગુરુદેવનું૦ ૬

નિતનિત એમ ગુણકીર્તન કરવાથી (૨)
'ચિત્ત'માં સમાધિ વર્તાય છે રે: –ગુરુદેવનું૦ ૭

# વિરહાંજલિ

## મુનીશ્રી સંતલાલજી

(રાગ: અપૂર્વ અવસર એવો૦)

દુષ્ટ દૈવ વિકરાળ કાળ ત્હેં શું કર્યું ?
હતું જેહ જિનશાસનનું શુભ રત્ન જો,
ઝૂંટવી લીધું તેહ અચાનક હાથથી,
હવે ન લાધે કરતાં કોટિ પ્રયત્ન જો ॥
—દુષ્ટ દૈવ૦

જેના દિલને દરિયાની ઉપમાં દઉં!
પણ દરિયો માઝા મૂકે કો'ક વાર જો;
જેને હૈયે મૂકી નહિ માઝા કદી,
રહી નયનકાંઠે નિત અમીરસ ધાર જો ॥
—દુષ્ટ દૈવ૦

ચંદ્રકળા પુનમશી મુખની જો કહું,
તો મહામુનિનું વદન અતિ શરમાય જો;
કારણ વદમાં શશીનું તેજ ઘટી જતું,
નાનચંદ્ર મુખ તેજ ઘટે ન જરાય જો ॥
—દુષ્ટ દૈવ૦

સૌરભ નમ્રપણાની રંગ સુકંઠનો,
બુદ્ધિ પુષ્પ ગુલાબ અખંડિત પાસ જો;
અનુભવવૃદ્ધ શરીર પણ વૃદ્ધ ભલે થયું,
મૃત્યુ લગી ઝીલ્યો છે જ્ઞાન-પ્રકાશ જો ॥
—દુષ્ટ દૈવ૦

સ્વ-પર શ્રેયનાં કાર્યો કીધાં હોંસથી,
ધર્મ-દૃષ્ટિનાં વેર્યાં બીજ અપાર જો;
સંપ્રદાયને વિશ્વ વિશાળ સમાજનો,
રંગ લગાડયો રાષ્ટ્રભક્તિરસસાર જો ॥
–દુષ્ટ દૈવ૦

શિષ્યની જોડી દઈ જંગ જીતી ગયા,
બાહ્યાંતર જગ કરવાને શુભ કાર્ય જો;
સંત-વારસો 'ચિત્ત' અને સૌભાગ્યમાં,
નીરખી જનગણ મનમાં ધૈર્ય ભરાય જો ॥
–દુષ્ટ દૈવ૦

વાચા થાકે ગુણ વદી ગુરુ! આપના,
વિરહાશ્રુનો વસુધા વહે ન ભાર જો;
તોય શ્રદ્ધાંજલિરૂપ કાવ્ય ચરણે ધરું,
અમ આત્માનો એ જ નિમિત્ત સુધાર જો;
અમ આત્માનો એ જ નિમિત્ત આધાર જો ॥
–દુષ્ટ દૈવ૦

# વિરહાંજલિ

મહા.શ્રી દમયંતીબાઇ આર્યાજી મહા.શ્રી કલાવતીબાઇ આર્યાજી,
બ્રા. બ્ર. મહા.શ્રી વિનોદીનીબાઇ આદિ સાધ્વીમંડળ

(રાગ: 'વાયુ તારા વીંઝણલાને—')

અનંત સમાધિએ પોઢયા આજે વહાલા જીવન-પ્રાણ,
વત્સલહૃદયી મહાયોગીએ કીધાં પરલોકે પ્રયાણ.
જન્મભૂમિ એની નિર્વાણભૂમિ, ધન્ય સાયલાની સુભાગી ભૂમિ,
ઓગણીસે તેત્રીસ માગસર સુદ એકમે પ્રગટયા પ્રેમાવતાર,
માર્ગદર્શક તારણહાર. ૧

ધન્ય માતાપિતા કુળદીપ જનમ્યા, ધન્ય ગુરુજી શિષ્ય સવાયા;
જૈન શિક્ષા–દીક્ષા પ્રાપ્ત છતાંય, સર્વ ધર્મ સમભાવ,
જ્ઞાનચંદ્ર અપૂર્વ પ્રભાવ. ૨

સ્વયં પ્રકાશિત દીર્ઘ પ્રવાસી, જીવનયાત્રા વર્ષ અઠ્ઠાસી;
કૃષ્ણાનવમી રવિ રજનિએ જ્યોતિ, વિરાટે વિલીન થાય,
સુક્ષ્મ તેજ સર્વત્ર ફેલાય. ૩

જનહૃદયો ઝણઝણી હાલ્યા, વિદ્યુતસ્પર્શી આંચકા વાગ્યા;
અચાનક સ્વર્ગવાસ સાંભળતાં, કોઈ માને ન સાચી વાત,
આ શો મચ્યો ઉત્પાત. ૪

હૈયાનું હીર, અમ આંખોનું નૂર, કયાં જઈ વસ્યું એ સાગરઉર;
દિશાઓ સૂની આંખડી ભીની, સંઘનાં હૈયાં ઘવાય,
એના ઘાવ કદી ના રુઝાય. ૫

માનવ-ધર્મનું મૂર્ત સ્વરૂપ, દિવ્ય પ્રેમનું સાક્ષાત રૂપ;
અભેદભાવે માનવ-હૃદયો, (એણે) સ્નેહે સાંધ્યા એકતાર,
એની કરુણાનો નહિ પાર. ૬

ઋજુ, મૃદુલ ક્ષમાસિંધુ યશસ્વી, વિદ્યા સિદ્ધિ નિધિ બ્રહ્મ વર્ચસ્વી;
દિવ્યદૃષ્ટા નવયુગ-સૃષ્ટા, પૂર્ણ યોગ આરાધતા જાય,
સમર્પણ શિખવાડતા જાય. ૭

અખૂટ નવનવી જ્ઞાન સરવાણી, વિમલમધુર વહેતી વાણી;
અમૃતધારા આકંઠ પીતાં, તૃપ્તિ કદી નવ થાય,
ભવબંધન તૂટી જાય. ૮

કવિવર્યની જીવન - કવિતા, મૃત્યુંજયની ધૈર્ય – સરિતા;
વિચાર–અચારની એકરૂપતા, અનુપમ અખંડ સહાય,
એના ઊંડાણ નહિ મપાય. ૯

ગુણ તમારા કેટલા ગાઉં, અલ્પમતિ કદી પાર ન પામું;
પુનિત પ્રેરક જીવન - પ્રસંગો, યાદ આવે હૈયું વલોવાય,
ખામી કદી નહિ પુરાય. ૧૦

ગુણનિધિ શિષ્ય યુગલ સિંહબાલ, સુપાત્ર ચિત્ત પ્રસન્ન સંતબાલ;
શિષ્યાઓ ભક્તો આબાલ વૃદ્ધના, સાચા સખા જગતાત,
નવજીવનદાત્રી માત. ૧૧

અશ્રુ પુષ્પદાન પ્રવચનની, શ્રદ્ધા કાવ્ય કે સત્કાર્યની;
અંજલિ સુભાવિત અર્પીએ પણ, ઋણમુક્ત ન થવાય,
સૌમાં પ્રેરક તુંહી જણાય....૧૨

કૃપાદૃષ્ટિ અમીવૃષ્ટિ કરજો, સંસારના સર્વ દુઃખો હરજો;
યુગ યુગ અમર રહો ગુરુજી, યશોગાન નિરંતર ગવાય....
જ્ઞાન-ગુરુનું સ્મરણ ન ભુલાય. ૧૩

ભાવના અમારી હે દેવના દેવ! જન્મ જન્મના સ્વામીત્વમેવ;
રાગ–દ્વેષ–અંહકારને ટાળી, 'બાળ' તુંહી સાગરમાં સમાય,
તને સર્વસ્વ અર્પિત થાય. ૧૪

# સંદર્ભસૂચિ

પૃષ્ઠ સંદર્ભ

૯ 'कबीर ग्रंथावली' : ना. प्र. स. काशी : पृ. ३१
૧૦ 'રવીન્દ્રવીણા'
૧૪ 'પ્રાર્થનામંદિર : આવૃત્તિ ૧૬: પૃ. ૧૬૯
૧૮ 'ज्ञानार्णवः' ४ : २ : पृ. ३४
૧૮ 'ज्ञानार्णव : ४ : ४ पृ. ३५
૨૬ 'શ્રીમદ્ રાજચંદ્ર' : પત્રાંક : ૧૯૪/૭૬
૨૭ 'શ્રીમદ્ રાજચંદ્ર' : પત્રાંક : ૪૫૫/૫૭૫
૨૮ 'પ્રાર્થના મંદિર': આ. ૧૬ : પૃ. ૧૬૦
૩૫ 'આત્મસિદ્ધિશાસ્ત્ર' : ૧૭
૩૫ 'આત્મસિદ્ધિશાસ્ત્ર' : ૩૫
૩૬ 'શ્રીમદ્ રાજચંદ્ર' : પત્રાંક : ૪૫૪/૫૭૨
૩૮ 'પ્રાર્થનામંદિર : આ. ૧૬ : પૃ. ૧૫૯-૬૦
૪૨ 'પ્રાર્થનામંદિર': આ. ૧૬ : પૃ. ૮૫
૪૬ 'જાહ્નવી'
૫૦ 'પ્રાર્થનામંદિર' : આ. ૧૬ : પૃ. ૮૪
૫૦ 'શ્રીમદ્ રાજચંદ્ર : પત્રાંક : ૮૧૩/૭૭૩
૫૧ 'શ્રીમદ્ રાજચંદ્ર' : પત્રાંક : ૫૮૧/૭૫૭
૫૧ 'શ્રીમદ્ રાજચંદ્ર' પત્રાંક : ૮૨૨/૧૪
૫૭ 'પ્રાર્થનામંદિર' : ૫૬ ૧૬ : પૃ. ૧૪૪-૪૫
૫૯ 'શ્રીમદ્ રાજચંદ્ર' : 'તત્ત્વવિજ્ઞાન' : પૃ. ૮૯
૫૯ 'પ્રાર્થનામંદિર' : આ. ૧૬ : પૃ. ૧૧૬-૧૭
૬૦ 'પ્રાર્થનામંદિર :' : આ. ૧૬ : પૃ. ૧૧૭.
૬૩ 'પ્રાર્થનામંદિર' : આ. ૧૬ : પૃ. ૮૧-૮૨
૬૪ 'પ્રાર્થનામંદિર' : આ. ૧૬ : પૃ. ૧૫૬
૬૬ 'દે. સા. પુ' પ્રકાશિત ઉપલબ્ધ સાહિત્ય
૬૭ महादेवी वर्मा : 'दीपशिखा'
૬૯ 'આત્મસિદ્ધિશાસ્ત્ર' અને 'શ્રીમદ્ રાજચંદ્ર'

પૃષ્ઠ સંદર્ભ

૧૦૭ 'પ્રાર્થનામંદિર : પૃ. ૨૩૮

૧૦૯ 'પ્રાર્થનામંદિર': પૃ. ૧૨૩

૧૧૦ ઋગ્વેદ

૧૧૫ 'શ્રીમદ્ રાજચંદ્ર': ૭૦૨ : પૃ. ૬૩૯.

૧૧૫ પ્રસ્તુત પુસ્તક-પ્રકરણ: 'નર્મદાના પ્રશાંત પ્રકૃતિતીર્થે'

૧૧૭ 'શ્રીમદ્ રાજચંદ્ર': ૭૦૨ : પૃ. ૬૪૦

૧૨૧ પ્રાર્થનામંદિર : આ. ૧૬ : પૃ. ૨૪ .

૧૨૧ પ્રાર્થનામંદિર : આ. ૧૬ : પૃ. ૧૧૧

૧૨૫ પ્રથમ અધિવેશન અંગેની વિગતવાર કાર્યવાહી મુનિશ્રી ચુનીલાલજી મ. પાસે ઉપલબ્ધ

૧૩૦ 'વાસરિકા' (૧૯૫૬) : લેખકની અંગત ડાયરી

૧૩૧ પ્રાર્થનામંદિર : પૃ. ૧૭૦

૧૩૧ શ્રીમદ્ રાજચંદ્ર : પૃ. ૭૧ : 'અમૂલ્ય તત્ત્વ વિચાર.'

૧૪૧ 'પ્રાર્થનામંદિર' પૃ. ૧૦

૧૪૨ 'પ્રાર્થનામંદિર : પૃ. ૧૭૮

૧૪૩ 'गीतपंचशती' : રવીન્દ્રનાથ ઠાકુર

૧૪૪ શ્રીમદ્ રાજચંદ્ર

૧૪૫ 'પ્રાર્થનામંદિર' પૃ. ૧૪૪

૧૪૫ 'પ્રાર્થનામંદિર : પૃ. ૧૨૩

૧૪૭ 'પ્રાર્થનામંદિર' : પૃ. ૧૨૯

૧૪૮ 'कबीर ग्रंथावली' :

૧૪૯ મીરાંબાઈ

કવિ શ્રી નાનચંદ્રજી મહારાજ સ્મારક ટ્રસ્ટ

ज्ञान-क्रियाभ्यां भक्तिः

श्रद्धा विश्वास

नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते

મુંબઈ